

પરમપવિત્ર તીર્થાધિરાજ **શ્રી શત્રુંજય ગિરિરાજનો** સુંદર પટ.

## * વરસીતપના પારણા ઉપર ઘટાડેલા પુસ્તકના ભાવ *

| | | | |
|---|---|---|---|
| સામાયિક સૂત્ર | .... | ૧૦૦ પાના | રૂા. ૧૨-૦ |
| બે પ્રતિક્રમણ મૂળ | .... | ... | ,, ૩૦-૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ પોકેટ | | .... | ,, ૧૧૫-૦ |
| પંચ પ્રતિક્રમણ વિધિ સહિત | | .... | ,, ૧૩૫-૦ |
| દેવપાલ કથા | .... | .... | ,, ૧૨-૦ |
| રત્નાકર પચ્ચીસી | .... | .... | ,, ૧૨-૦ |
| નેમનાથના શ્લોકો | .... | .... | ,, ૧૨-૦ |
| ચૌદ નિયમની બુક | .... | .... | ,, ૧૦-૦ |
| નૂતન સ્તવનાવલિ | .... | .... | ,, ૧૨-૦ |
| બે પ્રતિક્રમણ વિધિ સહિત | | .... | ,, ૬૦-૦ |
| શત્રુંજય ઉદ્ધાર રાસ | .... | .... | ,, ૧૨-૦ |
| અમરબલિદાન | .... | .... | ,, ૧૨૫-૦ |
| સમકિત સડસઠ બોલની સજ્ઝાય | | .... | ,, ૨૫-૦ |
| સ્નાત્ર પૂજા | .... | ... | ,, ૧૫-૦ |
| સુધારસ સ્તવનાવલિ | .... | .... | ,, ૩૦-૦ |
| નવકારવાળી | .... | .... | ,, ૭-૦ |
| નવસ્મરણ | .... | .... | ,, ૭૫-૦ |
| દર્શન ચોવીશી | .... | .... | ,, ૬૦-૦ |
| સ્થાપનાજી | ... | .... | ,, ૪-૦ |
| શત્રુંજય તીર્થદર્શન | .... | .... | ૧૨૫-૦ |
| નૂતન સ્તવનાવલિ-હિન્દી | | .... | ,, ૩૫-૦ |
| અંતસમયની આરાધના .... | | .... | ,, ૩૦-૦ |
| પચ્ચકખાણના કોઠા | ... | .... | ,, ૭-૦ |
| આત્મભાવના સંગ્રહ | ... | .... | ,, ૧૨-૦ |
| સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો | | | ,, ૭૦-૦ |
| આઠ દ્રષ્ટિની સજ્ઝાય સાર્થ | | ... | ,, ૫૫-૦ |
| નિત્ય સ્વાધ્યાય સ્તોત્રાદિ | | ... | ,, ૨૩૫-૦ |
| સંસ્કૃત ચૈત્યવંદન ચોવિસી | | ... | ,, ૫૫-૦ |
| કર્મગ્રંથ ભાગ ૧ લો ૧ થી ૪ | | .... | ,, ૩૫૦-૦ |
| વિમલ જ્યોત | | .... | ,, ૩૦-૦ |
| જેશલમેરનો ચમત્કાર | | .... | ,, ૧૫-૦ |
| ભક્તિસુધા તરંગિણી | | .... | ,, ૬૦-૦ |
| શત્રુંજય દિગ્દર્શન | | .... | ,, ૧૦૦-૦ |


### સમ્યગ્જ્ઞાનનાં પુસ્તકોની પ્રભાવના કરી વરસીતપના પારણાંના શુભ પ્રસંગને ઉજવો.

* અગાઉથી ઓર્ડર નોંધાવશે તેઓને પોતાના ખર્ચે નામની કાપલી છપાવી ચોડાવી આપીશું.
* અગાઉથી ઓર્ડર નોંધાવનારને રૂા. ૧૫) ડીપોઝીટના ભરવાના રહેશે.
* બહારગામના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન અપાશે.

: લખો :

**સોમચંદ ડી. શાહ**

જીવન નિવાસ સામે,
પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]



# સંપાદકીય

વર્ષ ૯; અંક ૧-૨;
માર્ચ-એપ્રીલ ૧૯૫૨.
ફાગણ-ચૈત્ર; ૨૦૦૮;

**શ્રી** શાસનદેવની કૃપાથી 'કલ્યાણ' માસિક આજે આઠ વર્ષ પૂરાં કરી, નવમા વર્ષમાં પદાર્પણ કરે છે. વીતરાગ શાસનના સનાતન સિદ્ધાંતોના પ્રચાર કાજે 'કલ્યાણ' નો જન્મ થયો હતો. પોતાની શકિત-સામગ્રી મુજબ આઠ વર્ષ દરમ્યાન એણે શકય પ્રગતિ સાધી છે. આમાં તેના શુભેચ્છક પૂ. પાદ આચાર્યાદિ મુનિપુંગવો, આપ્ત મંડળના સભ્યો, લેખક બંધુઓ, ગ્રાહકો તથા વાચકોની મમતાભરી હુંફ પ્રેરણા રૂપ છે.

**ક**લ્યાણ માટે સમસ્ત સંસારના પ્રાણીઓ સઘળીય શકિતઓ ખરચી રહ્યા છે. છતાં આજે આપણે જોઇ શકીએ છીએ કે, જગતનું કે પ્રત્યેક વ્યકિતનું પારમાર્થિક કલ્યાણ અને તેનો માર્ગ વધુ ને વધુ રૂંધાઈ રહયો છે, કારણ એકજ કે, આત્મકલ્યાણ માટેનાં સાધનોની પ્રાપ્તિ સંસારના આત્માઓને મ્હોટે ભાગે થઇ નથી.

**લ્યા**નત વરસાવે તેવાં કાર્યો આજે ડાહી ગણાતી દુનિયા આચરી રહી છે. વિજ્ઞાનનો પણ ભયંકર દુરૂપયોગ જગતમાં ચોમેર થઈ રહયો છે. આ સ્થિતિમાં શ્રી સર્વજ્ઞ ભગવંતના માર્ગનો વધુ ને વધુ પ્રચાર કરી, સંસારને સાચાં સુખનો સંદેશ આપવો રહયો, આજ એક ઉપદેશને અનુરૂપ સમાજ, સાહિત્ય તથા સંસ્કારને પોષક સાહિત્ય 'કલ્યાણે' અત્યાર સુધી આપ્યું છે.

'**ણ**મો અરિહંતાણ' પદનો ઉચ્ચાર કરનાર જૈન માત્રને ઘેર 'કલ્યાણ' પહોંચતું થાય. એ અમારી મનોકામના છે. કારણકે, આજે દેશમાં સત્તાદ્વારા જે રીતે ધર્મ સિદ્ધાંતો, ધર્મની ન્યાયી પરંપરા, પ્રણાલિકા ઇત્યાદિની સ્હામે બળવો ઉભો કરાઈ રહયો છે, ત્યારે તેનો સંગીન પ્રતીકાર કરવાની અનિવાર્ય આવશ્યકતા છે.

**જ**ગતમાં કોઈ પણ રાજયશાસન, ધર્મના કલ્યાણકર સિદ્ધાંતોની સ્હામે કાયદાઓદ્વારા બળવો જગાડનારૂં બનીને પ્રજાનું ભલું કરી શકયું નથી; આ હકીકત વર્તમાનની રાજય-સત્તાએ ખાસ ધ્યાનમાં રાખવાની છે. 'પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૨' નો કાયદો પસાર કરીને તો મુંબઇની સરકારે ખરેખર ધાર્મિક વહિવટોમાં હસ્તક્ષેપ કરી હદવાળી દીધી છે.

**ય**શસ્વી રાજયશાસન ચલાવવા ઈચ્છનારે હંમેશા પ્રજાના ન્યાયી, નૈતિક તથા ધાર્મિક પરંપરાગત અધિકારો સુરક્ષિત રહે, તેની ખાસ કાળજી રાખવી જોઇએ. આજે સત્તા પર આવેલી કોંગ્રેસ સરકારના લક્ષ્યમાં આ હકીકત રહે, એમ આપણે જરૂર ઇચ્છીશું.

**વં**દન તે મહાપુરૂષોને કે જેઓ પોતાના ધાર્મિક સ્વાતંત્ર્યને અખંડ રાખવા માટે પોતાનું સર્વસ્વ ફના કરવા સદા સજ્જ રહ્યા, તે મહાપુરૂષોના માર્ગે ચાલી આપણે પણ શક્તિ મુજબ ધર્મની રક્ષા કાજે પ્રયત્નશીલ રહેવું જોઇએ.

તુચ્છ બાબતોમાં ઝગડતા જૈન સમાજે આજે પોતાનું લક્ષ્ય આ હકીકત પર કેંદ્રિત કરવું જોઇએ કે, 'ધર્મ, સમાજ તથા સિધ્ધાંતોનો પ્રચાર જગતની ચોમેર કેમ વધતો રહે? આપણા જૈન ધર્મમાં માનનાર-સાધર્મિક બંધુઓનો દરેકે દરેક રીતે ઉત્કર્ષ કેમ સધાતો રહે? તેમજ રાજકીય વાતાવરણમાં 'જૈનત્વ'નો અવાજ હમેશાં કેમ સંભળાય?

રક્ષણ કાજે મથતા જૈન સમાજે આજે સત્તાદ્વારા હિંસાની જે વાતો વ્હેતી મૂકાઇ રહી છે, તે માટે પોતાનો અવાજ સત્તાના સ્થાન પર રહેલાઓને પહોંચાડવો જોઇએ. આ બધું જે કાંઇ આપણું કર્તવ્ય છે, તે ટુંકમાં સમાજના વિચારશીલ વર્ગની સમક્ષ અમે રજુ કર્યું છે. અમે પણ 'કલ્યાણ' દ્વારા શકય કરવા પ્રયત્નશીલ રહીશું, એ પણ આ તકે અમે જણાવી દઇએ.

હોહા કરવા, ઠરાવો કે વિરોધ સભાઓ યોજવી એ બધું એક કાલે જૈનશાસનના સનાતન સત્યોના રક્ષણ, પ્રચાર કે વિરોધના પ્રતીકાર માટે આવશ્યક હતું, પણ આજે આના કરતાં સંગીન કાર્ય કરવાની પહેલી જરૂર છે, અમે આ માટે શિષ્ટ, મનનીય, અને સુરૂચિયુક્ત શૈલીયે ધાર્મિક સાહિત્યનો પ્રચાર કરવાની આવશ્યકતા છે, તો જ સમાજ જાગ્રત રહેશે, એનું ધર્માભિમાન ખીલશે, ઉગતી પ્રજાના હૈયામાં ધર્મપ્રત્યેની શ્રધ્ધા પ્રગટશે, અને તો ધર્મસિદ્ધાંતોની રક્ષા ખાતર આપભોગ આપવા એ સદા તત્પર બનશે, આજ એક ધ્યેયને માર્ગે આગળ ધપતા 'કલ્યાણ'ને સહુ કોઈ દરેક રીતે સહકાર આપતા રહો! એજ એક શુભ અભિલાષા. શાસનદેવ! 'કલ્યાણ'ના કલ્યાણકર માર્ગમાં હંમેશા સહાયક રહો!

## આપણી વાત

**શુભેચ્છકોને!** કલ્યાણનો 'કથા-વાર્તા વિશેષાંક' તમારી સમક્ષ મૂકયો છે. વિશષાંકને વધુ સુંદર તથા સમૃધ્ધ કરવા અમે શકય સઘળું કર્યું છે, છતાં માનવ સહજ ક્ષતિઓ કે ઉણપો રહી હશે. તોપણ અમારી શક્તિ મુજબ જે કાંઇ અમે કર્યું છે, તે આજે તમારી સમક્ષ છે. કલ્યાણને હજુ વિશેષ પગભર કરવાની આવશ્યકતા છે. અમારા હજારો શુભેચ્છકો ધારે તો અમને વધુ ને વધુ પગભર કરી શકે તેમ છે.

આજે ચોમેર તંગ વાતાવરણ ફેલાઈ રહ્યું છે. 'કલ્યાણ' દ્વારા જૈન શાસનનો ધર્મ સંદેશ ઘેર-ઘેર ગૂંજતો થાય, તેવી આપ સહુની પ્રબલ ઈચ્છા તો ખરીજ, તો આપ સહુ એકજ કરી શકો અને તે કલ્યાણના શુભેચ્છકો, સભ્યો, ગ્રાહકો તથા વાચકોની સંખ્યા વધુ વધે તે માટે પ્રયત્ન કરી શકો. આટલું તો જરૂર કરશોજ.

આપ અમારા કાર્યમાં દરેક રીતે સહકાર આપવા દ્વારા અમારા પ્રેરક બની રહ્યા છો, તો આપને અમારે એટલું કહેવાનું કે, 'કલ્યાણ'ના સંચાલનમાં આપને જે કાંઇ સલાહ, સૂચના કે માર્ગદર્શન આપવા જેવું જણાય તો અમને અવશ્ય જણાવશો. આપના

અમૂલ્ય માર્ગદર્શનની અમે રાહ જોઇ રહ્યા છીએ.

**લેખકોને !**

'કલ્યાણ' નું લેખકમંડળ વિશાલ છે. વિશેષાંકને લેખન સામગ્રીથી સમૃધ્ધ બનાવવા આપ બધાયે અથાગ પરિશ્રમ સેવ્યો છે. અમે અમારી શકિત મુજબ બની શકયું તે રીતે લેખોને સ્થાન આપ્યું છે. અંકને શોભાવવા માટે આપે જે પરિશ્રમ લીધો છે, તેમજ અમારા પર મમતા રાખીને જે કાળજી પૂર્વક આપ લેખો મોકલાવો છો, તે માટે અમે આપ સર્વના ઋણી છીએ, પણ વિશેષાંકને અંગે સંખ્યા બંધ લેખો, કથાઓ,કાવ્યો, નિબંધો, ટૂંકી વાર્તાઓ, અમને મલ્યાં છે, તેમાંથી શકય હોય તે લેખોને સ્થાન અપાયું છે, સ્થલ સંકોચના કારણે જે લેખકોના લેખોને સ્થાન નથી આપી શકયા, તે માટે અમે નિરૂપાય છીએ.

જે જે લેખો રહી જવા પામ્યા છે, તેમજ જે જે લેખકોની કૃતિઓને સ્થલ સંકોચના કારણે ન્યાય નથી આપી શકયા, ને કૃતિઓને આગામી અંકોમાં શકય હશે તે રીતે સ્થાન આપવા અવશ્ય ઘટતું થશે જ, તેની અમારા માનનીય લેખક બંધુઓ નોંધ લે !

**બાલ જગત માટે;** 'બાલજગત' ને અંગે પુષ્કળ સામગ્રી આવીને અમારા ટેબલ પર પડી છે. બધાયને સ્થાન ન જ આપી શકાય તે દેખીતું છે. છતાં એ વાર્તાઓમાં જે બાલ લેખકોની વાર્તા સારી હશે, તેને અમારા તરફથી પારિતોષિક ઇનામ આપવાની અમે જાહેરાત કરી હતી, તેનું પરિણામ આગામી અંકે અમે જાહેર કરીશું. કારણકે, હજુ કેટલાયે બાલ લેખકોની કથાઓ પ્રસિદ્ધ થઇ શકી નથી.

પ્રાંતે ચિત્રકાર શ્રી શાંતિલાલ દોશી તથા શ્રી પ્રવીણભાઇએ સમયસર સુંદર ડીઝાઇનો દોરી આપીને તેમજ શ્રી પ્રભાત પ્રોસેસ સ્ટુડીઆવાળા શ્રી ગોવીંદભાઇએ બ્લોકો તત્કાલિક બનાવી આપીને અને પ્રેસના મેનેજર શ્રી કાંતિભાઇએ તથા કારીગર બંધુઓએ રાતના ઉજાગરા વેઠીને જે સહકાર આપ્યો છે, એ બદલ અમે સૌના આભારી છીએ.

સોમચંદ શાહ.

---

# અગરબત્તી

શેરડીનો આખો સાંઠો જેમ મીઠા ઈક્ષુરસથી છલોછલ ભરેલો હોતો નથી, એમ માનવ જીવનની બધીય ક્ષણો મીઠી ને મધુર હોતી નથી. સાંઠાની અનેક કાતળીઓમાંથી બે-ચાર કાતળી બહુજ મીઠી મધુરપ ધરાવતી હોય છે, અને એ મધુરપજ એના છેડાની નીરસતા અને ગાંઠાની કઠિનતાને આવરી લે છે. એમ સુખ-દુઃખના ચક્રમાં ભમ્યા કરતા માનવીને જીવનમાં એવી થોડીએક ક્ષણોજ મલી જાય છે, જે એના કટુ અને વિષાદઘેર્યા જીવનને મિષ્ટતાની છાયા અર્પવાને માટે આપી જાય છે.

—શ્રી શાંતિલાલ દોશી.

# નવા વર્ષમાં પ્રવેશ

શ્રી શાંતિલાલ મણીલાલ શાહ
અમદાવાદ.

'**શ્રી** કલ્યાણ માસિક' નવમા વર્ષમાં પદાર્પણ કરે છે, તે ખૂબ આવકારદાયક છે. પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓથી તેને જૈન જનતાનો સારો ચાહ સંપાદન કર્યો છે.આમેય 'કલ્યાણ' કોને ઈષ્ટ ન હોય ? 'પાન સડે ઘોડા અડે, વિદ્યા વિસર જાય. ચૂલા પર રોટી જલે. ઝટ કારણ બતલાય. આ સમસ્યાનો જવાબ ઝટ એકજ વાકયથી આપવો હોય તો કહિ શકાય કે ' ફેરવ્યા વિના.' તેવીજ રીતે ધર્મ, અર્થ, કામ કે મોક્ષ કોઇ પણ પુરુષાર્થના ઉપાસક હોય પણ તે સર્વને શું જોઇએ છે ? એ એકજ શબ્દમાં કહેવું હોય તો કહી શકાય કે, 'કલ્યાણ'. જગત માત્ર કલ્યાણની કામનાવાળું છે. કલ્યાણ એટલે મંગલ, શ્રેય, કલ્યાણ એટલે સુવર્ણ, કલ્યાણ એટલે ઇષ્ટ પ્રાપ્તિ, અને કલ્યાણ એટલે મોક્ષ.

'કલ્યાણ' નવમા વર્ષમાં પ્રવેશ કરે છે, તે **નવ**નો આંક પણ મહા માંગલિક અને કલ્યાણકારી છે. જગતની સર્વ શ્રેષ્ઠ અને પરમતારક વસ્તુઓની સાથે નવનો આંક સંકળાયેલો છે.

શ્રી નમસ્કાર મહામંત્રનાં પદો **નવ** છે, અને શ્રી સિદ્ધચક્ર મહાયંત્રમાં પણ શ્રી અરિહંતાદિ પદો **નવ** જ છે. સમગ્ર જગત જેમાં સમાઇ જાય છે તે જાણવા લાયક તત્ત્વો પણ નવ છે. જીવ-અજીવાદિ **નવ** તત્વને જાણનાર સમગ્ર જગતને જાણે છે.

જગતમાં જેની સમાન કોઈ નથી, એવા શ્રી શત્રુંજય મહાતીર્થની **નવ** ટૂંકો પ્રસિધ્ધ છે, અને સર્વ વ્રતોમાં શિરોમણિ શ્રી બ્રહ્મચર્ય વ્રત પણ **નવ** વાડો સાચવવાથી જ અખંડ રહે છે.

આરાધક આત્માઓની આરાધના પણ **નવ**'ના આંકથી અંકિત હોય છે. નવપદજીની આરાધના તે આયંબિલ તપની **નવ** ઓળીઓ, **નવ** હપ્તે (દર છ મહિને) **નવ-નવ** આયંબિલથી કરવામાં આવે છે, એમ ૯+૯=૮૧ આયંબિલે શ્રી સિધ્ધચક્ર આરાધાય છે. જેના જાપ માત્રથી સર્વ વિઘ્નો ટળી જાય છે, અને ત્રિકાલ ગણવાથી સકલ સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે, એવા **નવ** સ્મરણો શ્રી જૈનશાસનમાં પ્રસિધ્ધ છે. પરમ તારક શ્રી તીર્થંકર દેવોની કેસર, ચંદન, બરાસ આદિથી પૂજા **નવ** અંગે જ કરવામાં આવે છે.

શ્રી શત્રુંજય મહા તીર્થની નવાણું યાત્રાઓ કરનારા ઉત્તમ આત્માઓ ૯૯ યાત્રા થવા ઉપર બીજી **નવ** યાત્રાઓ કરીનેજ **નવાણું** કર્યાનો સંતોષ અનુભવે છે. સર્વ સાધનની પરાકાષ્ટા સમાન સમતાભાવ પ્રાપ્ત કરવાને સ્વીકારાતું સર્વ સામાયિક પણ તિવિહં તિવિહેણં 'ના પાઠથી **નવ** ભાગેજ સ્વીકારાય છે.

**નવ** ભવની પ્રીતિવાળા નેમ-રાજુલ **નવમે** ભવે સિધ્ધિ પદને પામ્યા. શ્રી શ્રીપાલ અને મયણાસુંદરી નવપદની આરાધનાથી નવમે ભવે મોક્ષ સુખ પામ્યા, શ્રી જ્ઞાનવિમલ સૂરિજી એ પણ ગાયું કે,

'ઇમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે,

**નવમે** ભવ શિવ જાવે,' વગેરે દુન્યવી ઋધ્ધિઓમાં પણ **નવ** નિધાન સર્વોત્કૃષ્ટ છે, જેને નવનિધિ પ્રાપ્ત થયા તેને દુનિયાની કોઇ સુખ સાહ્યબી બાકી રહેતી નથી, વિહરમાન શ્રી તીર્થંકર દેવોની અપૂર્વ ભકિત કરવાને ઇંદ્રાદિક દેવતાઓ **નવ** સુવર્ણ કમલની હારમાળા વિકુર્વે છે, જેના ઉપર શ્રી તીર્થંકર દેવો ચાલે છે.

ઉત્તમ પુરૂષો પણ પ્રાયઃ કરીને **નવ-નવ** થાય છે. શ્રી વસુદેવો, પ્રતિવાસુદેવો કે બલદેવો એક ઉત્સર્પિણી કાળમાં **નવની** સંખ્યામાંજ ઉત્પન્ન થાય છે, જો કે શ્રી તીર્થંકરો ૨૪ થાય છે, અને ચક્રવર્તીઓ ૧૨ થાય છે, પણ બન્ને મલીને તો **નવની** ચાર ગુણી સંખ્યાજ પૂરી કરે છે, અને સર્વ મળીને **નવની** સાત ગુણી સંખ્યાજ થાય છે એટલે ત્રેસઠ ઉત્તમ મહાપુરૂષો **त्रिषष्टि शलाकापुरुषः** કહેવાય છે. વળી જેએ વ્રત, પચ્ચક્ખાણ કે ચારિત્રને આરાધ્યા વિના કેવલ મહા શુધ્ધ શિયલ (બ્રહ્મચર્ય) ને આરાધવાથીજ મોક્ષ પદને પામે છે તે શ્રી નારદો પણ **નવજ** ઉત્પન્ન થાય છે,

**નવ**ના આંકની બીજી એક સ્વાભાવિક આશ્ચર્યકારકતા છે. **નવ** સંખ્યાને એટલે નવને તમે ગમે તેટલાએ ગુણો, અને જે જવાબ (ગુણાકાર) આવે તેના આંકડાઓનો સરવાળો કરો તો **નવજ થશે**, જેમકે ૯×૨=૧૮ એટલે એકને આઠ=**નવ**, ૯×૩=૨૭, એટલે બેને સાત **નવ**, આ રીતે સર્વ સંખ્યાથી ગુણી જુઓ, ખાત્રી થશે. ફક્ત એટલું વિશેષ કે વધારે સંખ્યાથી ગુણો અને જવાબ અનેક આંકડાઓમાં આવે તો તેમાંથી જેટલા નવડા (૯) હોય તે કાઢી નાંખશો એટલે બાકીનાનો સરવાળો **નવજ** થશે અગર કાંઇ નહિ રહે, જેમકે ૨૧×૯=૧૮૯ તેમાંથી છેલ્લો નવડો કાઢી નાખતાં બાકીના એકને આઠ **નવ** થયા.

આ રીતે **નવ**નો આંક નિશ્ચલ છે, જેને **નવ** આંકડા શીખી લીધા, તેને કોઇ આંક અપૂર્વ નથી, ફકત યોજનાજ સમજવાની બાકી રહે છે.

**આવા** અપૂર્વ મહિમાથી યુકત અંકને જેની વય પ્રાપ્ત કરે છે, તે જરૂર સર્વ સિદ્ધિ અને નવ કલ્યાણનો અધિકારી બને છે. નાનો બાલક પણ આઠ વર્ષ પસાર કરી **નવ**મા વર્ષે ઉત્તમ કોટીના ચારિત્ર પરિણામ પામવાને અધિકારી બની શકે છે.

આરીતે કલ્યાણ માસિક પણ **નવ**મા વર્ષમાં અધિક અધિક વૃધ્ધિ અને સફળતા પ્રાપ્ત કરી સર્વના પરમ કલ્યાણનું કારણ બનો ! એજ એક શુભેચ્છા.

## હક્કની મારા મારી.

હકક માટે બાળકો, સ્ત્રીઓ, શિક્ષકો વેપારીઓ, અમલદારો, મજુરો, આગેવાનો વગેરે દરેકે દરેક વર્ગો જુદા જુદા અવાજ રજુ કર્યા કરે છે.

આમ હકકની પરંપરા પાછળ જાણે આજે આપણે અટવાઈ ચુકયા છીએ અને અસંતોષનાં અગ્નિકણો વડે ઘેરાયેલા છીએ !

ભારતીય જનતાનો એક જ મંત્ર હતો કે, કોઈ પણ સ્થિતિ સામે સંતોષપૂર્વક જીવી જાણવું અને મારી જાણવું !

— જયહિન્દ

# અભિનંદન

શ્રી મણીલાલ વી. શાહ
એડવોકેટ — વડોદરા.

**કલ્યાણ**ના નવમા "નવલ પ્રભાતે" **મંગલિક** શ્રી જૈન શાસનની વધુ સેવા કરવા 'કલ્યાણ'ને શાસનદેવે મંગલ માંગલ્ય બલ અર્પે !

**કલ્યાણ**ના "નવલ પ્રભાતે" **મધ્યમ વર્ગના** જૈન બંધુઓનાં માર્ગ દર્શન માટે ખાસ પ્રયત્નશીલ થઈ, શ્રી જૈનજગતનું અહોનિશ કલ્યાણ થાવ.

**કલ્યાણ** "નવલ પ્રભાતે" **દરરોજનું** પત્ર બની હજારો-લાખોની સંખ્યામાં પ્રસિધ્ધિ પામી, પામર અને જડવાદના હાલના ધર્મહીન જગતમાં ભાન ભૂલેલા આત્મમંદિરમાં આત્મબલ પ્રગટાવવા, 'કલ્યાણ' અમર રહો.

**કલ્યાણ** આધુનિક આશા-તૃષ્ણા અને સંતાપોથી ભરેલા જગતને કંઇક રચનાત્મક સંગીન કાર્યક્રમની ખાસ જોગવાઇ કરી, નવલ પ્રભાતે" એક વધુ ડગ આગળ ભરે.

**કલ્યાણ**ના નવલ (નવમા) યશસ્વી પ્રભાતે, જૈન કોમનું એક આદર્શ સંગઠ્ઠન થઈ, જગતભરમાં શ્રી જૈનધર્મનો વિજયડંકો વગાડવા જૈન માત્ર કટીબધ્ધ થાવ.

**કલ્યાણ** ના "નવલ પ્રભાતે" શ્રી ચતુર્વિધ સંઘનાં ઘોર દુઃખ, દારિદ્ર, અ-કલ્યાણ, જીવન અંધકાર ઈત્યાદિ શ્રી **પંચ પરમેષ્ઠિ** પ્રતાપે, છેદી, "કલ્યાણ"માં તેજસ્વી ધર્મકિરણોથી આત્મતેજ આગળ બઢાવી શ્રી જૈનશાસન દેવ-દેવી સદાય મંગલ બનાવે; તેમજ ધર્મ આરાધનાને દયામય બનાવી, શ્રી વીતરાગ ભગવંતનો પવિત્ર ઝંડો **जैन धर्म है हमारा** નો દિગ્‌વિજયી બની, **જગડુશાહો, ભામાશાહો, વસ્તુપાળ તેજપાળો** પેદા કરી, શ્રી જૈનશાસન પરમ કલ્યાણવંતુ વર્તો.

**કલ્યાણ**ના નવલ પ્રભાતે "પ્રાતઃ સ્મરણીય **ગૌતમસ્વામિજી** આપણા **કલ્યાણ** માટે પરમ માંગલિક થાઓ.

**શ્રી** "નવલ પ્રભાતે "કલ્યાણ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોથી લખાવવા સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરે.

**શ્રી** "નવલ પ્રભાતે" જૈન જગત સેવા-ધારી નાયકની ભેટ મેલવે. **દ્રષ્ટાંત-૫૦૦ પાંચસો સુભટ-એક પલંગ** જેવું હાલ વર્તે છે. રાજયદ્વારે, વહેપાર ઉદ્યોગે, હાલમાં જૈનોનું કોઈ રણીધણી છે ખરૂં ? સવેળા જાગ્રત થાઓ.

**પ્રાંતે** 'કલ્યાણ'ના નવલ પ્રભાતે 'કલ્યાણ'ને **અભિનંદન** પાઠવું છું.

## સુ વા સ

પૈસાદારના બગીચાના ફુલો...જેમાં રૂપજ હોય છે, સુગંધ હોતી નથી...તેને લોકો ખૂબ વખાણે છે, પરંતુ વનમાં કેટલાય ફુલો રૂપ અને સૌરભ વેરતાં હોય છે, કોઇ એની સંભાળ પણ રાખતું નથી, તેઓ સ્વયં ખીલે છે, અને સ્વયં ખરી પડે છે, અને વાયુ સાથે રમે છે. સંસારમાં સત્યની આ દશા છે. — **શ્રી શાંતિલાલ દોશી.**

# એક આની........પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ

**આ**જે ભણેલા ગણાતા—માનવોના જીવન નૈતિક દૃષ્ટિએ કેટ-કેટલા અધઃપતનની ગર્તામાં ધકેલાઈ રહ્યાં છે, એ હકીકત લેખક મુનિશ્રી પોતાની વિહાર ચર્ચામાં બનેલા એકાદ નામકડા પ્રસંગની આસપાસ ગૂંથીને અહિં રજુ કરે છે. મુનિરાજશ્રી વિદ્વાન વક્તા છે. સફેદ કપડામાં રહેલા માનવી જીવનમાં જે રીતે છેતરવાનો ધંધો લઇ બેઠા છે, તેની સ્હામે આ કથા કટાક્ષ વેરી જાય છે.

**એ** દિવસે અમે ચાલી-ચાલીને થાકી ગયા હતા, થાક ખૂબ લાગ્યો હતો. રેલના પાટાની બાજુમાં ચાલ્યા જતાં સાંજ પડી ગઇ હતી. ગામ હજુ દેખાતું ન હતું, એટલામાં એક સ્ટેશન દેખાણું. ત્યાંના સ્ટેશન-માસ્તર ઘણા જ ભલા અને જિજ્ઞાસુ હતા. એમની સાથે અમારે જરાક વાતચિત થઇ એટલે એમણે જ કહ્યું: "ત્યારે આજની રાત આપ અહીં જ મુકામ કરોને, બહુ આનંદ આવશે. હું પણ અહીં એકલો જ છું. મારી બદલી અહિં હમણાં જ થઇ છે." આ જંગલમાં મારા જેવા એકલાને માટે આપનો સમાગમ એ તો ભાગ્યોદયનું પ્રતિક ગણાય." અમે થાક્યા હતા અને એમની સદ્‌ભાવના હતી એટલે એમની વિનંતિનો સ્વીકાર અમે કરી લીધો. ગાડી આવવાની તૈયારી હતી એટલે હું પણ ત્યાંની હીલચાલ જોતો રૂમમાં બેઠો હતો.

ધરતીને ધણધણાવતી ગાડી ગોઠજ સ્ટેશનના પ્લેટફોર્મમાં આવીને ઉભી રહી.

એ દિવસ ઉનાળાનો હતો. સાંજ નમી ગઇ હતી. દિવસના તાપથી તપેલી ધરતી હજુ ધખતી હતી. ઉની ઉની વરાળ હજુ ભોંમાંથી નીકળતી હતી. અંધારૂ ધીમે ધીમે જામતું જતું હતું. પ્રવાસીઓના શરીરમાંથી પરસેવો ઝરતો હતો. બકરાંની જેમ પૂરાયેલા પ્રવાસીઓ કીડાની જેમ ટળવળી રહ્યા હતા. કેટલાક તો તરસના માર્યા "પાણી....પાણી" પોકારી રહ્યા હતા.

ગાડીને આવે એક પળ પણ પૂરી ન થઈ તે પહેલાં તો પાણીની ટહેલ નાખતાં ત્રણ-ચાર ફેરીઆ દોડા-દોડ કરવા લાગ્યા. એમાં એક છોકરો પણ હતો, એ અત્યાર સુધી મારી બાજુમાં જ બેઠો બેઠો વાતો કરી રહ્યો હતો. એ બાજુના ગામડામાંથી પાણીની ડોલ ભરીને આવ્યો હતો અને પોતાની દરિદ્રકથા મને સંભળાવી રહ્યો હતો; પણ જ્યાં ગાડી આવી કે એ વાત અધૂરી મૂકીને ડોલ લઇને દોડયો અને બધાની ભેગો એ પણ ટહેલ નાંખવા લાગ્યો:—'લો, ઠંડા પાણી...."

પ્રવાસીઓનાં મોં પર આશાભેર નજર નાખતો એ ગાડીના આ છેડાથી પેલા છેડા સુધી દોડાદોડ કરી રહ્યો હતો. સૌ પોતાનું પાણી જલ્દી વેચી પૈસો મેળવવાની હરીફાઈમાં ઉતર્યા હતા. આજે માણસો પણ પોતાનું પાણી વેચીને પૈસો જ મેળવી રહ્યા છે ને !

બે-ત્રણ ઠેકાણે પ્રવાસીઓને ઠંડુ પાણી પાઈ એણે બે-ત્રણ પૈસા મેળવ્યા, અને એ ત્રણ પૈસાએ તો એના મોં પર આનંદની સુરખી આવી હતી, પણ એના આનંદના કટોરા છલકાવવા માટે એને હજુ એક પૈસાની જરૂર હતી—માત્ર એક જ પૈસાની. એક પૈસો મળી જાય તો એને એક આની પૂરી થાય ! અને એની એક આની એટલે તમારા સો રૂપિયા કરતાં પણ કંઇક અધિક! વસ્તુની કિંમત તો હૃદયની ભાવના પરજ છે ને !

ગાડી ઉપડવાની તૈયારીમાં હતી ત્યાં એક સજ્જનની હાક સાંભળી "અય પાણીવાળા !"

સફેદ વસ્ત્ર, ઓળેલાવાળ અને રીમલેસ ચશ્માથી શોભતી એ આકૃતિવાળા સજ્જન તરફ એ ફેરીઓ હર્ષભેર દોડી ગયો, અને પ્રવાસીના પ્લાસ્ટીના ગ્લાસમાં ભાવનાના પ્રવાહ સાથે પાણી રેડવા લાગ્યો. પ્રવાસીએ એક ગ્લાસ પાણી પીધું અને એક ગ્લાસ ભરી ભવિષ્ય માટે રાખી લીધું. ગાડી ઉપડવાના સમયે છોકરાના હાથમાં એક આની મૂકતાં એણે કહ્યું : 'અલ્યા ! લે આ એક આની, બે પૈસા પાછા આપ; બધા તો એક પૈસોજ આપે છે પણ હું તો તને બે પૈસા આપું છે !'

આછા અજવાળામાં, સાભાર એણે એક આની લીધી અને બે પૈસા પાછા આપ્યા. એનું નાનું હૈયું આ કોલેજીઅન પ્રવાસીની ઉદારતાથી નાચી ઉઠયું અને એનાં નયનો કૃતજ્ઞતાની દૃષ્ટિથી, ગાડી ઉપડી ત્યાં સુધી એ પ્રવાસીને જોઈ રહ્યું. ગાડી ગયા પછી એ નાચતો-કુદતો સ્ટેશન પર ટમ ટમ બળતા દીવા પાસે આવ્યો અને આનન્દભર્યા નયને મળેલા પૈસાને નિરખવા લાગ્યો. આનન્દથી ઘેલો બનેલો એ પેલી આનીને ચુંબન કરવા *જતો હતો પણ આની નયન નજીક આવતાં* થંભી ગયો.

ખંજરના ઘા જેવો એણે આંચકો ખાધો, એનો આનન્દ ઓગળી ગયો. મોંપરથી લોહી ઊડી જવા લાગ્યું, બે પળ પૂતળાની જેમ અવાક્ બની એ આની સામે જોઇજ રહ્યો.

એના મોંનો ભાવ અણધાર્યો બદલાયેલો જોઇ મેં પૂછયું 'કેમ ભાઈ! શું વિચારમાં ?

પોતાની ફાટેલી ટોપી માથા પર સરખી ગોઠવતાં એણે કહ્યું: "મહારાજ ! શું કહું આપને આ ઇસ્ત્રીટાઇટ ધોળાં લૂગડાંવાળાઓની વાત ? મારૂં પાણી મફતમાં પી ગયા એ તો ઠીક, પણ સાથે સાથ એક પૈસામાં પણ ન ખપે એવી સાવ ખોટી એક આની આપી ગયો અને બે પૈસા લેતો ગયો."

એના દર્દભરેલા આ શબ્દો મારા હૃદયમાં ભાલાની જેમ ભોંકાઇ ગયા ! ગોડજથી એક માઇલ દૂર એના ગામે એને જવાનું હતું એટલે એ પોતાના ગામ ભણી નિરાશ ડગલાં ભરવા લાગ્યો.

એ રીતે મેં અને સ્ટેશનમાસ્તરે આ જ વાત પર કલાકેક સુધી વિચારણા કરી. માનવીનું નૈતિકદૃષ્ટિએ કેટલું પતન થયું છે ! માણસ ચોખ્ખાઇ રાખે, સારો દેખાવવાનો પ્રયત્ન કરે, બહારની ટાપ-ટીપ કરે; ભણતરનો અભિમાન કરે; પણ શું ભણતરનો આ જ અર્થ કે એ અભણોને યુક્તિપૂર્વક છેતર્યા કરે !

હાય રે ! જીવનને સુધારવા માટેજ જે *જ્ઞાન મેળવ્યું તેજ જ્ઞાન જો આજે જીવનને* બગાડતું હોય તો હવે કોની આગળ રૂદન કરવું ?

---

## [ ઉત્તર મેળવી લ્યો ]

૧ પ્રકૃતિ, ૨ પ્રતિજ્ઞા, ૩ સંપ્રતિ, ૪ પ્રગતિ, ૫ પ્રભૃતિ,
૬ પ્રતિમા, ૭ પ્રણુતિ, ૮ પ્રશાંતિ, ૯ પ્રતિભા, ૧૦ પ્રતીતિ,
૧૧ પ્રશ્રુતિ, ૧૨ પ્રસૂતિ, ૧૩ પ્રતિષ્ઠા, ૧૪ પ્રખ્યાતિ, ૧૫ પ્રસ્થિતિ,

# બુદ્દલો — શ્રી કિશોરકાંત દલસુખલાલ ગાંધી.

એકજ બાપ મનસુખલાલના બંને દીકરા પણ કુદરતે એવી કરામત કરી હતી કે, બંને વચ્ચે કયાંય મેળજ મળતો નહિ.

કયાં કાન્તિલાલ અને કયાં જયંતિલાલ ? મનસુખલાલ મરી ગયા ત્યારે સારી મિલ્કત મૂકી ગયા હતા, તે બધી મિલ્કતનો કબજો કાંતિએ લઇ લીધો. ગામના લોકોએ જયંતિના ઘણા કાન ભંભેર્યા અને મિલ્કતનો અડધો ભાગ લઈ લેવા કહ્યું, પણ જયંતિ કહેતો, 'મોટાભાઇ જે કરતા હશે તે બધું યોગ્યજ કરતા હશે' કાન્તિલાલમાં કુદરતે ભારોભાર લુચ્ચાઇ તથા શઠતા ભરી હતી, ત્યારે જયંતિને તો બંને ગુણો સામે દુશ્મનાવટ હતી, કાન્તિની સ્ત્રી હિરા તથા તેમના સંતાનોમાં પણ આ બધા ગુણો ઉતરી આવ્યા હતા.

કાન્તિલાલ બધી મિલ્કત લઇને મુંબઈ રહેતો હતો. જયંતિ પણ તેમને ત્યાં જ રહેતો, ઘરનું દરેક કામકાજ કરતો અને બે ટંક મહામુશીબતે ભાભી પાસેથી ખાવાનું મેળવતો અને રાત્રે એક નાની ઓરડીમાં પડયો રહેતો. નાનોભાઈ આ રીતે નોકરની જેમ જીવન ગુજારતો ત્યારે મોટાભાઇ મુંબઇના સટાબજારમાં પોતાની પેઢીના ગાદી–તકીયા ઉપર બેસીને ટેલીફોનથી સોના–ચાંદીના ભાવ સાંભળતો. જયંતિની તેની ભાભી હીરા વાતે–વાતે ભૂલ કાઢતી, અને તેના ઉપર ધિક્કાર વર્ષાવતી. નોકરો તથા મોટાભાઇના છોકરાઓ પણ જયંતિની ઠઠ્ઠા-મશ્કરી કરતાં તથા તેના ઉપર હુકમો છોડતા પણ જયંતિની શાંતિ તથા સહનશીલતા અજબ હતાં. તેને ધાર્યું હોત તો કોર્ટે ચઢીને બાપની મિલ્કતનો અડધો ભાગ મેળવી શકત, પણ તેમાં તેને વડીલની મર્યાદાનો ભંગ થતો હોય તેવું લાગતું. તેથી તે કદી એવો વિચાર પણ કરતો નહિ, અને ખૂબજ શાંતિ જાળવતો કારણ કે, તે સમજતો હતો કે, "**આપણી દુઃખ સહન કરવાની શક્તિ ઉપર જીવનની જિતનો આધાર છે. તેના કરતાં આપણી શાંતિ જાળવવાની શક્તિ ઉપર જીતનો વધારે આધાર છે.**

આ રીતે શાંતિથી અને સંતોષથી જીવન ગુજારતા–ગુજારતા બે વર્ષ વહી ગયાં. જયંતિની શાંતિ તથા સહનશીલતાથી તેની ભાભી હીરા તથા ઘરના નોકરો તથા છોકરાઓ કંટાળી ગયાં હતાં કારણ કે. ગમે તેટલી ગાળો દેવા છતાં, મશ્કરી કરવા છતાં, મારપીટ કરવાં છતાં તેઓ જયંતિ ઉપર કાંઇ પણ અસર કરી શકયાં ન હોતાં, પણ દૈવયોગે એકવાર જયંતિને સવારમાં કાન્તિના ઓરડામાં જવાનું થયું, અને કાન્તિએ ઉઠીને પહેલું જયંતિનું મોઢું જોયું, તેથી વ્હેમ આવ્યો કે, આજનો આખો દિવસ ખૂબ ખરાબ જશે. કારણ કે. હીરાએ પહેલેથીજ આ ભૂંસું કાન્તિના મગજમાં ભરાવી દીધું હતું, અને વ્હેમ હતો, તેથી તે દિવસે બન્યું પણ એવું, એકાએક ચાંદીના ભાવ બેસી ગયા અને કાન્તિભાઇને સારી એવી ખોટ ભોગવવી પડી, તેથી તે પેઢીયેથી સીધો ઘેર આવ્યો અને જયંતિને કહ્યું, અત્યારે ને અત્યારે આપણા ગામ ચાલ્યો જા અને ત્યાં જ રહેજે. જયંતિએ થોડા પૈસાની માગણી કરી, કાન્તિએ એક હજાર રૂપિયા આપ્યા અને એક દસ્તાવેજમાં સહી કરાવી લીધી [ આ દસ્તાવેજ બધા મઝિયારાની સરખી વહેંચણી થઈ ગઇ છે તેનો હતો,) મોટાભાઇ તથા ભાભીને આટલુંજ જોઇતું હતું.

જયંતિ એક હજાર રૂપિયા લઇને પોતાના ગામ માણેકપુર આવ્યો અને તેના વૃદ્ધ કાકા તથા કાકી ભેગો રહેવા લાગ્યો.જેઓ સાવ નિર્ધન તથા ધન કમાવાને સાવ અશક્તિમાન હતાં. ફુલચંદ કાકા તથા સમુકાકીને છોકરાં હતાં નહિ અને અણીને વખતે જયંતિ આવ્યો, તેથી ખૂબ રાજી થયાં અને પ્રભુનો ઉપકાર માનવા લાગ્યાં. જયંતિએ ગામમાં સાધારણ દુકાન શરૂ કરી, અને નીતિથી વેપાર શરૂ કર્યો ને વૃધ્ધ કાકા–કાકીની ખૂબ સેવા કરવા લાગ્યો અને તે બંને વૃદ્ધોના અંતરના આશીર્વાદ મેળવ્યા.

આમ દસેક વર્ષ વીતી ગયાં.

જયંતિએ સારી એવી મૂડી નીતિથી ભેગી કરી હતી, એક સાધારણ મકાન પણ બંધાવ્યું હતું. નીતિથી વેપાર કરતો એટલે આખા ગામમાં તેનો વેપાર પણ સારો ચાલતો. ફુલચંદ કાકાએ એક ખાનદાન કુટુંબની કન્યા સાથે જયંતિના વિવાહ કરી નાખ્યા હતા. તેની સ્ત્રી શારદા પણ સેવાભાવી તથા પતિવ્રતા સ્ત્રી હતી, જયંતિને એક પુત્રી તથા બે પુત્રો હતા. “માબાપમાં જો સારા ગુણો હોયતો તે આપોઆપ બાળકમાં ઉતરી આવે છે. ગુલાબના ફુલમાં કોઇ બહારથી સુગંધ નાખવા જેવું નથી પણ છોડજ તે સુગંધ સીંચે છે.” આ પ્રમાણે જયંતિના ત્રણેય સંતાનોમાં પણ માબાપના સદ્‌ગુણો જેવાકે, સેવાભાવ. સહનશીલતા,નમ્રતા, વિનય અને અખૂટ શાંતિ વગેરે, આપોઆપ ઉતરી આવ્યા હતાં અને આખું કુટુંબ ખૂબ શાંતિમાં અને સુખમાં રહેતું હતું.

આ બાજુ થોડા વર્ષ બાદ મોટાભાઇને સટ્ટામાં મોટી ખોટ આવી અને બંગલો, મોટર, ઘરેણાં, વાડીવજીફા વગેરે વેચવું પડ્યું, આ રીતે મુંબઇના જીવનમાં હવે તેઓ દરરોજ દરરોજ ઘસાવા લાગ્યાં, અને તેમના પુત્રી, પુત્રો તેમજ પત્ની હિરા હેરાન થવા લાગ્યાં, કારણ કે બધાં મોજશોખનાં સાધનો ચાલ્યા ગયાં હતાં. હીરા બ્હેનને જાતેજ કામ કરવું પડતું. કોઇ દિવસ હાથે કામ કરેલું નહિ તેથી જરાય ફાવતું નહિ. છોકરાઓને ચાલીને નિશાળે જવું ફાવતું નહિ, હાથે ધોયેલા કપડાં પણ ફાવતાં નહિ, જે ખિસ્સામાં પાંચથી દસ રૂપિયા રહેતા તે સાવ ખાલી રહે તે છોકરાઓને કઇ રીતે ગમે ! આ રીતે આખા કુટુંબમાં અશાંતિ અને કકળાટ વ્યાપી ગયો. દેશમાં ન્હાના ભાઇ જયંતિની સ્થિતિ બે– પૈસે પહોંચતી છે, એ સમાચાર મોટાભાઇ કાંતિને મળતા રહેતા, પોતાના જીવનથી કંટાળીને તેણે છેવટે જયંતિ પર પત્ર લખ્યો, તેમાં જણાવ્યું હતું કે,

ચી. ભાઇ જયંતિ !

‘તને આજે કેટલાં વર્ષો બાદ કાગળ લખું છું, તે પણ મારા સ્વાર્થ ખાતરજ. તને કાગળ લખવાની બે માસથી ઇચ્છા હતી, પણ હિંમત કરી શકતો નહિ, આજે બધી હિંમત ભેગી કરીને આ કાગળ લખું છું, તને નહિ ખબર હોય કે, આજે મેં મારી અને તારી બધી મિલ્કત સટ્ટામાં ખલાસ કરી નાખી છે, અને આજે ઘણીજ ખરાબ હાલતમાં છું, તે પણ મારા દગાના હિસાબેજ. તું અહીંથી દેશમાં ગયો ત્યારે મેં તને ફક્ત એક હજાર રૂપિયા આપીને એક દસ્તાવેજમાં સહી કરાવી લીધી હતી, તે દસ્તાવેજ. આપણા બાપાની મિલ્કત આપણાં બંને વચ્ચે સરખી રીતે વહેંચી દેવામાં આવી છે,

તેનો હતો પણ મારો દગો મનેજ નડ્યો છે, કુદરતે મને મારા કર્મોનીજ શિક્ષા કરી છે, આપણી બધી મિલકત ચાલી ગઈ છે, હું જાણું છું કે, તું અહીં હતો ત્યારે મેં તારે માટે કાંઇ પણ સારૂં કર્યું નથી, ઊલટું મેં તથા તારી ભાભીએ તથા ઘરનાં માણસોએ તને સતાવવામાં બાકી રાખી નથી, પણ શું કરૂં ભાઇ ? હવે તો તારાં ચરણો મારા આંસુડાથી જ્યારે ધોવાશે, ત્યારેજ આ બધું પાપ ઓછું થશે, અત્યારે મારે થોડા પૈસાની ખાસ જરૂર છે, જો ઉપકાર કરીને મોકલીશ તો હમેશનો ઋણી થઇને રહીશ.

લી૦ તારા કહેવાતા મોટાભાઇ:

આ પત્ર વાંચીને તરત જ જયંતિ મુંબઇ આવ્યો અને મોટાભાઇ તથા ભાભીને પોતાને ત્યાં આવવાની વિનંતિ કરી. મોટાભાઇ તથા હિરાભાભી રડી પડ્યાં, કારણ કે તેમણે કદી જયંતિનું સારૂં કર્યું નહોતું, તેમજ ઇચ્છયું નહોતું અને બધી મિલકત પચાવી પાડી હતી તેથી તેઓ ખૂબ પસ્તાયા. તેઓ શું મોઢું લઇને નાના ભાઇને ત્યાં આવે ? પણ નાના ભાઇએ ખૂબ આગ્રહ કર્યો અને કહ્યું "મારૂં ઘર એ તમારૂં જ ઘર છે. ત્યાં બધાં આવો અને સુખેથી રહેજો. મને ઘણું યે મળ્યું છે, અને જે મળશે તે સાથે બેસીને સુખેથી ખાઇશું. તમારે દુઃખી થવાની જરૂર નથી. દરેકનો ટાઇમ હમેશાં સરખો જતો નથી" પછી મોટાભાઈ તથા ભાભી તથા તેમના છોકરાંઓને લઇને જયંતિ દેશમાં આવ્યો. અને બધાંય સુખેથી રહેવાં લાગ્યાં.

**તમારા કરતાં બીજાને જે વસ્તની વધારે જરૂર છે, ને તે તેને આપો તેમાં સાચી ઉદારતા નથી. પણ બીજા કરતાં તમારે જે વસ્તુની વધારે જરૂર છે, તે બીજાને આપો તેમાંજ સાચી ઉદારતા છે.**

# પણ આપણે જીત્યા તો ?

હમણાંની એક વાત છે. ઈજરાઇલના અર્થશાસ્ત્રિએ દેશને આર્થિક ચિન્તામાંથી મુક્ત કરવા માટે અનેક યોજનાઓ ઉપસ્થિત કરી પણ એકેય પૂર્ણ ન જણાઇ, અન્તે એક મહાશયે આનંદિત થતાં કહ્યું–

'દુઃખથી છુટવાનો એક રસ્તો છે, કે અમેરિકા સાથે યુદ્ધ કરવું. યુદ્ધમાં અમેરિકા આપણને જીતી લેશે, પછી આપણી બધી ચિન્તાનો ભાર એમના માથે આવી પડશે અને આપણો છુટકારો થશે.'

બધા કાન દઇને સાંભળી રહ્યા હતા. આ પ્રસ્તાવમાં એમને દુઃખના ઘોર અંધકારમાં આશાનું એક કિરણ દેખાયું. એટલામાં બીજા એક મહાશય બોલી ઉઠયા.

'પણ યુદ્ધમાં કયાંક આપણો વિજય થયો તો ? ખબર છે અમેરિકાનો પણ ભાર આપણે માથે આવી પડશે.'

**જોગંદર.**

# નાસ્તિકવાદનો તોફાની પવન.

શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા. એમ૦ એ૦

આર્યાવર્તની આ ભૂમિમાં આસ્તિક અને નાસ્તિક એ પ્રકારનાં દર્શનો–વાદો અસ્તિત્વ ધરાવતા આવ્યા છે. સામાન્યતઃ આત્મા–પુણ્ય–પાપ, સ્વર્ગ–નરક આદિમાં શ્રદ્ધા ધરાવતાં દર્શનો આસ્તિક ગણાય છે, જ્યારે તે વસ્તુઓમાં ન માનનાર એક વર્ગ નાસ્તિક તરીકે ગણાતો આવ્યો છે. જો કે આસ્તિક ગણાતા દર્શનોમાં પણ ઉંડે ઉતરતા તે તે દર્શનોની આસ્તિકતા કયાં જઇ અટકે છે, એ વિચારણીય પ્રશ્ન છે, પરંતુ પ્રસ્તુતમાં તો આપણે આજે એક વિલક્ષણ કોટિનો વર્ગ સમાજમાં ઉભો થયો છે અને ઉભો થયે જાય છે, તેને અંગેજ વિચારણા કરવી છે.

આ એક વર્ગ એવા પ્રકારનો છે, કે જે સમાજમાં ઇશ્વરપ્રાર્થના–ગરીબોની સેવામાં રહેલ પુણ્ય–પ્રાપ્તિ આદિની સુફીયાણી વાતો એક બાજુ કરે છે, જ્યારે બીજી બાજુએ એમની સઘળીએ મોટા ભાગની પ્રવૃત્તિ અને ધ્યેય સમાજના મોટા ભાગને દેવ–ગુરૂ–ધર્મ પ્રત્યેની ભક્તિથી ખસેડી શ્રધ્ધાથી ઉભગાવી દે છે, એટલુંજ નહિ પણ એની ધીમી અને મીઠી અસર એ થઇ છે અને થાય છે કે ખરી રીતે આત્મા જેવી સાચી વસ્તુના અસ્તિત્વમાં પણ સમાજની માન્યતા રહી છે કે કેમ? રહેશે કે કેમ? એ પ્રશ્ન ઉઠે છે, અને જરા ઉંડી વિચારણા કરીએ તો જરૂર એમજ લાગશે કે આત્માના અસ્તિત્વમાં કે અવશ્ય આવનાર મરણમાં અને ત્યાર પછીના જન્મમાં જાણે એ વર્ગ માનતો જ નથી.

કારણ કે તે વર્ગનું સંપૂર્ણ લક્ષ્ય ઐહિક આબાદિની પ્રાપ્તિમાંજ કેન્દ્રિત થએલું છે. આપણે પૈસે–ટકે, સત્તાયે અને શારીરિકબળે કેમ આબાદ બનીએ! આ માત્ર એકજ તેમનું જીવન ધ્યેય બનેલું છે, કે જે ધ્યેય પૂર્વના પુણ્યોદય વિના કદિએ ફળીભૂત થાય એમ નથી, એવી આર્યાવર્તના શ્રદ્ધાળુવર્ગની સજ્જડ એકધારી માન્યતા છે, મતલબ કે, આ વર્ગ આ રીતે પુણ્ય અને પાપમાં પણ માનતો નથી, એમ ચોક્કસ થાય છે. ફેર માત્ર એટલો કે જુનવાણી નાસ્તિકવર્ગ ઉઘાડે છોગે પોતાની નાસ્તિકતા જાહેર કરતો અને એથી શ્રદ્ધાળુ આસ્તિકવર્ગ તેમને સારી રીતે પીછાની શકતો અને એ ચેપી રોગથી સ્વ-પરને બચાવી શકતો, જ્યારે આધુનિક છુપા નાસ્તિકવર્ગે તો ગજબ કર્યો છે, ભદ્રિક શ્રદ્ધાળુવર્ગમાં પણ એમનો પગદંડો જામતો જાય છે અને એનું કાતિલ ઝેર પરોક્ષ–અપરોક્ષ રીતે સમાજમાં પ્રસરતું જાય છે જો કે આ છુપા નાસ્તિકવર્ગમાં પણ કેટલોક ભાગ તથાપ્રકારના પરિચય અને વાતાવરણને લઇને પોતાની અજ્ઞદશાને લઇને કોઇક પરોક્ષ હથોડાના હાથારૂપ બની ગયો છે, પરંતુ એ પરિસ્થિતિના કારણો અત્રે ચર્ચવાં નથી. આ કાતિલ ઝેર પ્રસારવાની ખૂબી એવી છે, કે ભદ્રિક જનતા મૂંઝાયા વિના રહેજ નહિ. **शरीरम् खलु धर्म साधनम्** સૂત્રનો ઉપયોગ કરીને ધર્મને નામે શરીરને પુષ્ટ બનાવવાની વાત ભદ્રિક માણસોને ગળે ઝટ ઉતારી દે, પછી એ પુષ્ટિની પાછળ ભક્ષ્યાભક્ષ્ય–પેયાપેય–વિરાધના વગેરેની વાતો બાજુએ મૂકી દેવાય **पढमं ज्ञानम्** સૂત્ર આગળ કરી જ્ઞાનની પરબો ખૂલ્લી મૂકવાનો પોકાર જોરશોરથી થાય, ભદ્રિક જનતા સાચા તારક જ્ઞાન અને

# ખીસ્સું ...........શ્રી દુષ્યંત પંડ્યા.

**કપડાં પહેરીને ફરનારા પ્રત્યેક ગૃહસ્થના જીવનમાં 'ખીસ્સું' જે મહત્વનો ભાગ ભજવે છે તેની આસપાસના વિષયને, અનુલક્ષી લેખક, અહિં મર્મ-સ્પર્શી વિચારણા રજુ કરે છે.**

આકાશ તૂટી પડ્યું ને સસલાની સાથે જંગલનાં બીજાં પ્રાણીઓ નાઠાં હતાં તે રીતે લોકલ ચાલુ થઇ ત્યારે કેટલાક સદ્‌ગૃહસ્થો ડબ્બાની બીજી બાજુ દોડ્યા, આબરૂ કરતાં જાનની પરવા ઓછી કરનારા કેટલાક જેંટલમેનો ડબ્બાની બહાર પગથીપર લટક્યા. અમારા ડબ્બામાં ટિકીટ તપાસનાર આવ્યો હતો. આખી

---

આત્મઘાતક કોરા અક્ષર જ્ઞાનનો વિવેક કરી શકે નહિ, અને પછી દેવ-ગુરૂ-ધર્મને હમ્બગ કહેનારો દેવાલયોને દવાખાનામાં-ઉપાશ્રયોને નિશાળોમાં, સાધ્વીઓને નર્સોમાં ફેરવવાની હિમાયત કરનારો વર્ગ પ્રાય પેદા થાય અને શ્રદ્ધાળુ સમાજને તે કડવા ઘુંટડા ગળે ઉતારે જ છુટકો.

આ છુપી નાસ્તિકતા સામે સમાજના, શાસનના સાચા સંરક્ષક પૂ. આચાર્ય પુંગવોએ, પૂ. સાધુ મહાત્માઓએ અને શ્રધ્ધાળુ ઉપાસકોએ વખતો વખત લાલાબત્તી ધરી છે, અને ધરે પણ છે, પણ સમાજના કમનસિબે કહો કે પડતા કાળના પ્રભાવે-કહો ગમે તેમ હો પણ એ અત્યંત જરૂરી લાલબત્તી ધરવામાં પણ મતભેદ ઉભા રહ્યા એટલુંજ નહિં પણ વિરોધી પ્રવૃત્તિરૂપમાં સામનો થયો અને થાય છે. હવે તો કોઇ ઉદયકાળ જાગે, કોઇક યુગપ્રભાવક સુવર્ણ પ્રભાતે ઝળહળે અને સમાજ શરીરને કોરી ખાનાર આ છુપી નાસ્તિકતા વિલય પામે એજ એક અભ્યર્થના શાસનદેવને કરવાપૂર્વક આપણે આપણા કર્તવ્યમાર્ગમાં સુસ્થિત અને પ્રગતિમાન બનીએ, એજ એક અભિલાષા.

દુનિયાએ પોતાના સિવાયની આખી દુનિયાને કરેલા અન્યાયોનો બદલો જાણે એને એકલાને જ લેવાનો હોય એવો ભાવ એના ચહેરા ઉપર હતો. એના દરેક દુશ્મનના દિલ સોંસરી નીકળી જાય એવી ભાલા જેવા વાળવાળી એની મૂછ હતી પણ એ નીકળ્યો ભલો ને મિષ્ટાનથી પરિતૃપ્ત થયેલાઓની પગંતમાંથી પીરસનારા 'લાડું, જલેબી' બોલતો-બોલતો જલદીથી પસાર થઇ જાય એ રીતે આ પણ 'પાસ, ટિકીટ બોલતો-બોલતો અમારી આગળના ખાનામાં બધાંને ફરી વળ્યો.

'મિસ્ટર, ટિકીટ' કરતો મારી પાસે આવીને ઉભો-ઉભો નહિ, ઉભો રહ્યો જાણે ઓરફ્યુસે પાછળ જોયાથી થંભી ગયેલી યુરિડિસ.

મારો પાસ કાઢવા મેં ગજવામાં હાથ નાંખ્યો. અર્જુનના શરની માફક મારો હાથ ખિસ્સા સોંસરો બહાર નીકળ્યો ને મારૂં પાકીટ પાછળ સતી' થયું હોય એમ લાગ્યું. ગ્રામોફોનની તૂટલી રેકોર્ડના અવાજ જેવો/મારો અવાજ થઇ ગયો. કુતરાની પૂછડીની માફક પોતાના મૂળ સ્વભાવ પર આવી જઈને એ ટિકીટ તપાસનારે મને બીજે સ્ટેશને નીચે ઉતાર્યો. ખિસ્સું જ કપાયું હતું, હું કંઇ જ આપી શકું એમ નથી, એની ખાતરી થવાથી મહામુશ્કેલીએ એણે મને જવા દીધો. બીજો ટિકીટ તપાસનાર મને હેરાન ન કરે એ માટે ટિકીટ લઇને ગાડીમાં બેસવા માટે મારે એની પાસેથી આઠ આના ઉધાર માગવા પડયા.

મારા ખીસ્સાપર નભતા અનેકની જમાતમાં આજે થયેલા એકના આ વધારાએ મને વિચાર કરતો કરી મૂકયો. પ્રથમ તો મને એ ખિસ્સાકાતરુ માટે માન થયું. ડબ્બામાંના આટલા અસંખ્ય માણસોમાંથી એણે મને પસંદ કર્યો, એ અભિમાનનો વિષય નથી શું? આજે પાંચમી તારીખ હતી ને મને દર પાંચમી તારીખે પગાર મળે છે, એ વાતની ખબર એણે શી રીતે મેળવી હશે? વાડીમાંના મૂળા જેવો પાસ પણ તાજેજ હતો, ત્રણ દિવસ પહેલાં જ કઢાવેલો. ગાંધીજીનો ટુવાલ ગુમાઇ ગયો ત્યારે એ ટુવાલ જેટલો

વખત ચાલત એટલો વખત ટુવાલ વગર ચલાવવાનું ગાંધીજીએ નક્કી કર્યું હતું. એ રીતે ગાંધીજીને અનુસરીને, ત્રણ મહિના લગી–બે મહિના ને સત્તાવીસ દિવસ લગી-હું પણ પાસ વગર જ શા માટે ન ચાલવું? એવું મનમાં વિચાર તો હતો, ત્યાં યાદ આવ્યું કે ગાંધીજીને એમના અનુયાયીઓએ ખિસ્સામાં મૂકી દીધાં છે, મેં પાસ ગુમાવ્યો છે એ સત્ય પણ મારું ખિસ્સું કપાયું ને મારાં પાસ-પાકીટ ગુમાયાં એની સાથે જ ગુમ થઈ ગયું છે, એ વાતનું મને ભાન થયું. પછી તો ઘડીબંધ કરીને કબાટમાં મૂકેલા કપડાંના જેવાં, બીજા ખિસ્સામાં એમ ને એમ પડી રહેલાં મોદી, દાક્તર, દુધવાળો વગેરેનાં બિલો યાદ આવ્યાં. પોતાની મિલ્કતના ટ્રસ્ટી બનીને રહેવાનો ગાંધીજીએ પૈસાદારોને દીધેલો બોધ, હું પૈસાદાર નથી તે છતાંય, મારે ગળે તો ક્યારનોયે ઊતરી ગયો હતો. હું કમાઉં છું તે મારા લેણિયાતો માટેજ, એટલે મન વાળ્યું કે કંઇ નહિ. ઉધરાણીદારોને કહી દેશું, આ વખતે ટ્રસ્ટનાં નાણાં મળે એમ નથી,' ને મારી નજર મારા એ કપાયેલા ખિસ્સા તરફ ગઈ–એપેન્ડિસાઇટિસનું ઓપરેશન કરતી વખતે દાક્તર આ રીતે જ ચીરતા હશે.

સ્ત્રીને ખિસ્સું કપાવાનું દુ:ખજ નથી. બાહ્ય-દ્રષ્ટિએ જોતાં એમ લાગવા સંભવ છે, કે સ્ત્રી સંઘરો કરવામાં નથી માનતી. શું સાડી-પોલકામાં, શું ફરાકમાં કે શું પંજાબી સલવારમાં ખીસ્સાને અવકાશ જ ઓછો છે! પોલકામાં જે હોય છે તેને ખિસ્સીજ કહેવાય, અંદર તપખીરની ડાબલી કે મંદિરમાં મૂકવાના પાઇ–પઇસાથી વધારે રાખી જ ન શકાય–જો કે કમ્મરે ઝુલતો ઝુડો અને મોંમાં ઝુલતી જીભ, ઘરમાનાં તિજોરી, કબાટ, પટારા અને એમાં સંઘરાએલા મૂલ્યવાન પદાર્થોની જાહેરાત કરી નાંખે, કેટલાંક ફરાકોમાં ખિસ્સું હોતુંજ નથી–કેમ જાણે એ પહેરનારીઓ અપરિગ્રહી સાધુ ન હોય, પછી ભલે એ સ્ત્રીઓ સાધુના કમંડલ જેવી પર્સ સાથે રાખે ને કોઇ દિવસ કોઇ પુરૂષ સ્ત્રીની આ પર્સમાં નજર નાંખી શકયો છે ખરો? એ પર્સમાં નજર નાખવા કરતાં વિસુવિયસમાં નજર નાખવામાં ઓછું જોખમ છે, ને કદાચ તમે સદ્દભાગી નીવડયા તો? તો અર્જુનની માફક તમારાથી પણ બોલી જવાશે. 'દિશો ન જાને ન લભે ચ શર્મ, નહિ પ્રજાના મિ...તવ પ્રવૃત્તિમ્:'

પુરૂષ એ રીતે છુપાવવામાં માનતો જ નથી. એ છુપાવે છે પણ તે ચોરોથી–જો કે કોઇકવાર ઘેર એના ખિસ્સાની જડતી લેવાય છે, ત્યારે એની ચોરી પકડાઇ જાય છે. અર્ધો ડઝન ખિસ્સાંઓ વગર પુરૂષને ચાલવાનુંજ નથી. તપખીરની, સિગારેટની કે પાનની ડબ્બી, લોકલનો પાસ, મોદીનો આંકડો, સ્ટોરમાંથી ખરીદવાની ચીજોની યાદી, બાબાની દવાનું બિલ ને બેબી માટે દાક્તરે લખી આપેલી પેટન્ટ દવાનો કાગળ, મિસિસનાં સમાં કરાવવાનાં એરિંગનું પડીકું, છોડાવવાની વી. પી. જેવી બે–ત્રણ કંકોત્રીઓ પૂરા અઠવાડીયાથી ખિસ્સાને ટપાલની પેટી માની ખિસ્સામાં જ પડી રહેલો સાહેબે નાખવા આપેલો એમનો અંગત કાગળ, બચુડી માટેની ચોકલેટ, ખૂબજ અગત્યના ઓફિસના થોડા કાગળો, રૂમાલ ને પઈસાનું પાકીટ. ઓછામાં ઓછું આટલુ તો દરેક પુરૂષને પોતાની સાથે ફેરવવાનુ હોય છેજ. ત્યાં ખિસ્સા વગર કેમ ચાલે? હજી આ યાદીમાં ડાયરી, ઇન્ડીપેન, ચશ્માનું ઘરૂં ને બાટલી–માણસોએ પીવાની દવાની, જાનવરો બનાવી મૂકે એવી દવાની નહિ–તો ગણાવ્યાં નથી.

આટલું બધું સાચવવાનું હોય ત્યારે ગફલત થઇ જાય કે ડાબે હાથે મૂકેલી કોઇક ચીજ કોઇકવાર ન જડે એ કંઈ બહુ અસ્વાભાવિક ન કહેવાય. મારા એક મિત્રની દશ રૂપિઆની નોટ અમે રેસ્ટોરાંમાં ગયા હોઇએ ત્યારેજ કયાંક ગોટે ચડી જતી. જમીનનાં પડો ખોદતાં ભૂસ્તરશાસ્ત્રીની માફક એ કાગળોના પડ ઉપર પડ ઉખેળ્યા કરે, પણ દ્રૌપદીનો દેહ દુશાસનને હાથ નહોતો આવ્યો તે રીતે એમની દશની નોટ એમને હાથ આવેજ નહિ. અમે એમને ઓળખીએ છીએ ત્યારથી તો એ નથી આવી. નોટ પણ આખરે તો હેમ્લેટે ચંચલ કહેલી નારીજાતિ જ છે ને?

નારીનું સ્થાન નરના ખિસ્સાના ફોટોગ્રાફમાં અને નરનું નારીના ખિસ્સામાં છે, ત્યારે બાળકના ખિસ્સામાં કોનું સ્થાન છે? આપણા જીવનમાં જે

વસ્તુનું સ્થાન ન હોય એને સંઘરનાર સંગ્રહસ્થાનનું કામ બાળકનું ગજવું કરે છે. બાળક વિશ્વને ઓળખવા મથનાર વિજ્ઞાની છે, એમ એના ગજવામાંની પ્રયોગશાળામાં શોભે તેવી, શીશીઓ, કસનળીઓ બુચના કટકા વગેરે જેવી વસ્તુઓપરથી કહી શકાય છે. 'સમલોગસ્ટારમ કાંચન' માનનાર તત્ત્વજ્ઞાનીની અદાથી એના ગજવામાં એણે માટી, જાતજાતના પથરો, અને સાચી નહિ તો બનાવટી ધાતુના ટુકડા મળે છે. અનેકવિધ રંગ અને આકારના ઇતર પદાર્થો, બાળક વિશ્વના સૌંદર્યનો ભોક્તા છે એમ બતાવી આપે છે. મારા સાત વરસના છોકરાના ગજવામાં મેં એક વખત હાથ ઘાલ્યો હતો-એની રજા વગર, એટલે એ ગુનો હતો-તો જેના વડે લખી શકાય તેવી પેન એક પણ નહિ, પણ 'એકોહમ બહુસ્યામ'ની માફક દિવાળીના સરપ બનાવવા માટે આવતા સફેદ ટુકડા જેવડી એકવીસ પેનો; જેને હું પંદર દિવસથી શોધતો હતો તે મારી તપખીરની ડાબલી, અંદર પાણી ને પોતા સહિત ત્યાં હતી; કાટ ખાઇ ગયેલી ગ્રામોફોનની છ પીનો, સાત-આઠ જેટલી 'જરી એક' વપરાઇ ગયેલી દિવાસળીઓથી ભરેલું ને બીજું લોકલ, બસ અને ટ્રામની જુની ટિકીટોથી ભરેલું, એવાં બે સિગારેટનાં ખોખાં, જુદાજુદા રંગના કાચના અગ્યાર ટુકડા, ત્રણ બુચ; તારીખિયાની જુની ચાર-પાંચ તારીખો, ત્રણ-ચાર પીંછાઓ.

આમાંથી એક પણ વસ્તુ એના ઉપયોગની ન હતી. ઉપયોગની હતી એ એણે ભાંગી નાંખી હતી, પણ બાળકનું ખિસ્સું કંઇ પુરૂષના ખિસ્સા જેવું ઓફીસનું કબાટ નથી કે માત્ર ઉપયોગની વસ્તુઓજ સંઘરે, કોઇ કલાપ્રેમી તવંગરના દિવાનખાનામાં ઉપયોગી વસ્તુ કેટલી છે? બાળકનું ગજવું એવા દિવાન ખાના જેવું છે. નવાઈ એકજ વાતની લાગે છે, કે બાળક એના આવડા ખિસ્સામાં આટલું બધું ભરી શકતો હશે શી રીતે? એનું ખિસ્સું તો સાગરપેટું છે. તમને ચાવી ના જડતી હોય, પેનનું ઢાંકણું ખોવાઇ ગયું હોય કે અક્કલ ગુમાઇ ગઇ હોય તો તમારે બાળકના, તમારા જ બાળકના, પારકા બાળકના ખિસ્સામાં એમ કરવું એ ઘણીવાર નાગણ છંછેડવા જેવું છે-ખિસ્સામાં તપાસ કરી જોવી-ધ્યાન માત્ર એટલું જ રાખવાનું કે અંદરથી કોઇ જુની બ્લેડ બાળકનો પક્ષ લઇને આપણને ઘાયલ ન કરી નાખે?

ખિસ્સામાંથી વસ્તુ ગુમાઇ જવાના કે ખોવાઇ જવાના આવા પ્રસંગો તો જાણે અવારનવાર બનતા જ રહે છે, પણ કોઇકવાર ખિસ્સામાં આપણે નહિ ધારેલી વસ્તુ આવી પડે છે પણ ખરી.

એકવાર દાદરથી મુંબઇ જતી ટ્રામમાં પરેલથી-મેડીકલ કોલેજના બે વિદ્યાર્થીઓ બેઠા. એમની આગળને બાંકડે ઝુલતા વાઘા જેવા કોટ પહેરેલા બે વોરા સદ્‌ગૃહસ્થો બેઠા હતા. બંને વાતોમાં મશ્ગુલ હતા એ તકનો લાભ લઇને એક ભાવિ દાક્તરે એક ઝુલતા કોટના ખિસ્સામાં કંઇક સેરવી દીધું.

રાણીબાગ આગળ એક ટિકીટ તપાસનાર આવ્યો. ફરતો ફરતો એ પેલા બે વોરા સદ્‌ગૃહસ્થો પાસે આવી ચડયો. એટલે ટિકીટ બતાવવા એકે પોતાના ગજવામાં હાથ નાંખ્યો.

'ના લુકમાનજી નળબજાર આગલ' એ પ્રમાણે આગળ વાત કરવાને બદલે, અરે લુકમાનજી આ શું? એમ બોલી એ ઊભા થઇ ગયા, જાણે વીજળીનો આંચકો લાગ્યો.

'પન છે શું, રેમટુલા?'

'અરે લુકમાનજી, સાલુ આ નાક' ગજવામાંથી બહાર કાઢતાં એ બોલ્યા. ગજવામાં આવું કાંસી? અરે લુકમાનજી જુવો ટો, મારૂં નાક ટો બરાબર છે ને?'

પોતાનું નાક સજ્જડ પકડીને ઊભેલા લુકમાનજી બોલી ઊઠયા, 'પન જુવોને રેમટુલા, મારૂં તો છે ને?'

અને બંને મુલ્લાંજીઓ પોતપોતાનાં નાકને સંભાળવા-પંપાળવા મંડી પડયા, જાણે કે નાક એમને હમણાં જ ઊગ્યાં હોય ને!

ને નાક વગરનાં માણસોની દુનિયામાં માણસ વગરનું આ નાક જોઇને ટિકીટ અને આબરુ બધાંના ખીસ્સામાં એમને એમ રહી ગઇ.

['ચેતન' ના સૌજન્યથી]

# ઉદારતાનો ઝરો............શ્રી મનવંતરાય મણિલાલ

**માનવ જીવનમાં ઉદારતા એ અમૂલ્ય સદ્ગુણ છે, જીવનને અજવાળનારી સંપત્તિ છે. રાજાભોજની ઉદારતાને સ્પર્શતો પ્રસંગ લેખક અહિં રજૂ કરે છે. લેખકને આવા આવા પ્રસંગ ચિત્રો રજૂ કરવાનો શોખ છે. લેખકની કલમ સરળ રીતે આવા શબ્દ-ચિત્રોને ન્યાય આપે છે.** સં૦

'મહારાજ ! આ રસ્તે જતાં આપણે એક નદી ઓળંગવી પડશે,' અંગરક્ષકે મહારાજા ભોજને કહ્યું,

'જે બાજુ આપણે જઇએ છીએ તે બાજુ ?' રાજાએ પૂછયું.

'હા નાથ !'

'નદી પાર કરી શકાય તેમ છે કે નહિ ?' ભોજે શંકા કરી.

'સ્વામી, મને બરાબર ખ્યાલ તો નથી પરંતુ કદાચ...'

'ઠીક, ચાલો. જોયું જાશે' મહારાજા ભોજ અંગરક્ષકને અધવચ્ચ જ અટકાવતાં બોલી ઊઠયા.

ઉજ્જયિની નગરીના અધિપતિ મહારાજાધિરાજ ભોજ અત્યારે શિકાર માટે નિકળ્યા હતા, સાથે એક અંગરક્ષક હતો, તેમના માર્ગમાં એક નદી આવતી હતી, પરંતુ તે પાર કરી શકાય તેમ છે કે કેમ, તે વાતથી ઉભય અજ્ઞાત હતા. છતાં પણ ક્રીડારસમાં પરવશ બનેલા રાજા આગળ વધ્યા.

'મહારાજ ! સામેથી કોઇ કઠિયારો ચાલ્યો આવતો જણાય છે'. અંગરક્ષક સામેથી આવતા એક કઠિયારાને જોઇને બોલી ઊઠયો.

'હા, બરાબર છે, તેને માથે કાષ્ટની ભારી છે.' ભોજ બોલ્યા.

'હા નાથ, આપણે જે દિશામાં જવું છે તે બાજુથી જ તે ચાલ્યો આવે છે.'

'ઠીક છે, આપણે તેને નદી સંબંધી પૂછી જોઈશું.' ભોજે ઉત્તર આપ્યો અને બન્ને આગળ વધ્યા.

'નમસ્તે ભાઇ.' મહારાજા ભોજ બોલ્યા

સામેથી આવતો કઠિયારો કોઇ ઊંડા વિચારમાં ગરકાવ હતો, અને તે વિચારની જ ધૂનમાં સામેથી અશ્વ પર આરૂઢ થઇ આવતા મહારાજાને તેણે જોયા ન હતા. પોતાને આવતા વિચારોની પરંપરામાં તેણે સામેથી ચાલ્યા આવતા અવંતિનાથની પણ દરકાર ન કરી, અને આથી જ જ્યારે મહારાજાએ નમસ્તે કહ્યું, ત્યારે તેની વિચારમાળા તૂટી, અને ચોંકીને બાઘાની માફક મહારાજા સામે જોઇ રહ્યો, અને તત્ક્ષણે શો જવાબ આપવો, તેની ગૂંચમાં પડી જતાં સહસા બોલી ઊઠયો.

'નમસ્તે, મહારાજ નમસ્તે, શું આપ ?' હજી હમણાં જ વિચારમાળામાંથી જાગૃત થતો હોવાથી તેના બોલવામાં સંકલના કે ઢંગધડો ન હતાં.

'હા, આ સુંદર પ્રભાતમાં શિકાર ખેલવા નિકળ્યા છીએ.' બિચારા કઠિયારાએ પોતાને યોગ્ય વિધિથી નમન કર્યું કે નહિ, તે પ્રત્યે બેદરકાર રહી મહારાજા વિનમ્રભાવથી બોલ્યા.

'કેવો છે ભાઇ !' મહારાજાએ આગળ ચલાવ્યું.

'બ્રાહ્મણ છું બાપજી ?' કઠિયારાએ જવાબ દીધો.

'બ્રાહ્મણ !' ભોજ અને અંગરક્ષકે એક સાથે આશ્ચર્ય સહિત બોલી ઊઠયા.

'હા નાથ, દ્વિજ છું. મારા ખભે રહેલી જનોઇ પણ તેની સાબિતિ આપે છે, વળી મારા કપાળમાં...' કઠિયારાએ પોતે બ્રાહ્મણ છે' તેમ સાબિતિ કરવા માંડયું.

'બ્રાહ્મણ...અને .....કઠિયારાનો ધંધો !' રાજા નવાઇ પામ્યા,

'હા નાથ, ઘણા વખતથી લાકડા કાપું છું'. બ્રાહ્મણ બોલ્યો.

'હે બ્રાહ્મણ ! આવી તારી દશા શાથી ?'

'મારા બાપ, સમગ્ર મલકમાં કાંઇ આપ જેવા બધા જ વસતા હશે મારા નાથ,' જાણે કે બ્રાહ્મણ પોતાના મૂળ સ્વરૂપમાં આવતો હોય તેમ બોલ્યો.

'એટલે ?' રાજાની પ્રશ્નોત્તરી ચાલુ રહી.

'એટલે તો મહારાજ, આ પરિણામ આપ નીરખી રહ્યા છો,'

'ઠીક, રસ્તે આવતાં તેં નદી પસાર કરી ?' અંગરક્ષકે વળી પોતાનો માર્ગ સરળ કરવા વચ્ચે જ ઝંપલાવ્યું.

'હા બાપ, એ નદી ઓળંગીને જ ચાલ્યો આવું છું.'

'કેટલીક ઊંડી છે ?'

'નથી બહુ ઊંડી. બહુ-બહુ તો ઢીંચણ સુધી પાણી પહોંચશે.' બ્રાહ્મણે જવાબ આપ્યો, અંગરક્ષકને લાગ્યું કે પોતાનું કાર્ય પૂરું થયું.

'ઠીક ત્યારે, તો તો આપણે નદી પસાર કરી શકીશું.' અંગરક્ષકે ભોજને કહ્યું.

'હા ચાલો જઇએ, પણ મારા'જ ?' ભોજ બ્રાહ્મણ પ્રતિ ફર્યા.

'ફરમાવો નાથ ! ફરમાવો !!' બ્રાહ્મણની વાચાળતા પ્રગટતી હતી.

'જાવ, નગરમાં જઈને કોશાધ્યક્ષ પાસે મારા નામથી એકલક્ષ સુવર્ણ માગજે, અને સુખી થજે.' મહારાજાના હૃદયમાંથી કારૂણ્યનો પાતાળકુવો ફાટી નિકળ્યો, અને તેના પરિણામ રૂપ બ્રાહ્મણનું દારિદ્ર જાણે કે તેને સો ગજના નમસ્કાર કરતું હતું.

'જીવતા રહો, મારા બાપ, આભના સૂરજ-ચંદર લગી આપનો પ્રભાવ પહોંચ્યો અને પૃથ્વીપતિ થઇને સુખઋદ્ધિ ચિરકાળ ભોગવો.' એ બ્રાહ્મણે આશીર્વાદ આપ્યો. મહારાજા અને અંગરક્ષક પોતાના માર્ગે પડયા.

૨

'મને એકલાખ સુવર્ણ દ્રવ્ય આપો.' બ્રાહ્મણ કઠીયારાએ કોશાધ્યક્ષ પાસે માગણી કરી.

'શાના ભાઇ ?' કોશાધ્યક્ષે પૂછ્યું,

'રસ્તે ચાલતાં મને મહારાજ મળ્યા'તા' બ્રાહ્મણે કહેવા માંડયું.

'તે ?'

'તે સાંભળો તો ખરા મારા બાપ, તે મને પૂછ્યું કે તમારી આવી દશા કેમ થઇ ગઇ ? અને મેં મારી ગરીબાઇ રડી દેખાડી, પછી મહારાજે મને નદી કેટલી ઊંડી છે તે પૃચ્છયું, અને મેં જવાબ દઇને તેનો રસ્તો દેખાડયો. પછી મહારાજને દયા આવવાથી અહિં મોકલ્યો.' બ્રાહ્મણે બોલી નાખ્યું. સાથે સાથે પોતે મહારાજ પર કરેલો 'ઉપકાર' પણ કહી નાંખ્યો.

'એ...એમ ?' કોશાધ્યક્ષ બોલ્યો.

'હા, મારા બાપ, સાવ સાચી વાત છે.' બ્રાહ્મણે પ્રત્યુત્તર વાળ્યો.

'હા...હા...હા...' કોશાધ્યક્ષ હસ્યો.

'કેમ બાપ, કેમ હસવું આવ્યું'. બ્રાહ્મણ મૂંઝાયો.

'અરે ! મહાબ્રાહ્મણ !!'

'કેમ ભા, કેમ વિચારમાં પડી ગયા ?'

'લાખ દ્રવ્ય લેવા જેવું તમારૂં મોં તો દેખાતું નથી.' કોશાધ્યક્ષ ફરી હસ્યો.

'પણ મહારાજે કહ્યું છે ને ?'

'મહારાજ તે કાંઇ લાખ દ્રવ્ય આપવાની વાત કરતા હશે ?' કોશાધ્યક્ષ બોલ્યો.

'ત્યારે શું હું બ્રાહ્મણ થઇને જુઠું બોલું છું ? બ્રાહ્મણ સહજ ચીડાયો.

'જે હોય તે, પણ લાખ દ્રવ્યની વાતમાં કાંઇ તથ્ય નથી.' કોશાધ્યક્ષ જવાબ દઇને રાજ્યમંત્રી સાથે વાતચીતમાં પડયો. કોશાધ્યક્ષના છેલ્લા શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા ને બ્રાહ્મણ તો મુઠીઓ વાળીને દોડયો.

૩

'બ્રાહ્મણની વાત તો સાચી લાગે છે મહારાજ, નદી ખાસ ઊંડી નથી.' અંગરક્ષકે ભોજને કહ્યું. બંને નદીના કિનારા સુધી આવી ગયા હતા, અને એક ઘટાદાર વૃક્ષની નીચે ઉભા હતા, અને સરિતાનો રમ્યપટ જોઇ રહ્યા હતા.

'ચાલો મહારાજ, સામે પાર જઇએ' અંગરક્ષક બોલ્યો.

'પરંતુ આપણે એમ કરીએ કે આજે બપોરનો વિસામો આ ઘટાદાર વૃક્ષની નીચે જ લઇએ, પછી આગળ જઇશું' મહારાજે જવાબ આપ્યો.

'જેવી આપની ઇચ્છા.'

'અહાહા ! કેટલું સુંદર છે આ રમણીય સ્થળ !' મહારાજા ખુશી થયા.

'હા નાથ આ સરિતા તીર ! આ નિર્મળ નદીનું વ્હેણ ! કેટલું આલ્હાદક !' અંગરક્ષકની કલ્પનાના

ઝરણાં વહેવા લાગ્યાં. કુદરતી સૌન્દર્યનું પાન કરતા બંને વૃક્ષ નીચે બેઠા. ત્યાં તો 'મહારાજ...મહારાજ પ્રભુ...પ્રભુ...' પાછળથી પોકાર સંભળાયો. મહારાજ અને અંગરક્ષક બંને ચમકયા. બંનેએ પાછળ દ્રષ્ટિપાત કર્યો. દુર-સદુર પેલો બ્રાહ્મણુ કઠિયારો દોડતો તેમના પ્રતિ આવી રહ્યો હતો, એક હાથે પ્રસ્વેદ લૂછતો-લૂછતો.

'મહારાજ...મહારાજ.' બ્રાહ્મણુ નજીક આવી જતાં બોલ્યો.

'કેમ ભાઇ, શાને પાછળ આવવું પડયું?' મહારાજે પૂછયું.

'પ્રભુ, હું તો ગયો આપના કોશાધ્યક્ષ પાસે, પણ તેણે મને લાખ દ્રવ્ય ન આપ્યું.' બ્રાહ્મણે કોશાધ્યક્ષ વિરૂદ્ધ ફરિયાદ કરી.

'ન આપ્યું?'

'ના નાથ, ચોખ્ખી ના કહી.

'શું કહ્યું?' મહારાજાની આતુરતા વધી.

'બાપજી, એ તો કહે છે કે લક્ષ દ્રવ્ય લેવા જેવું તારૂં મોં નથી.'

'હા...હા...હા...' મહારાજા હસ્યા 'પછી તમારે મારી પાછળ આવવું પડયું કેમ?

'હા નાથ, આપ તો સર્વત્ર સુવર્ણની વૃષ્ટિ વરસાવો છો, પરંતુ અભાગ્યરૂપી છત્રથી ઢંકાયેલા મારા પર તેનાં બિંદુ માત્ર પણ પડતાં નથી.' બ્રાહ્મણે અતિ ખિન્નતા સાથે કહ્યું.

'મા'રાજ! ઘણું કષ્ટ પડયું આપને, જાવ ફરી વખત કોશાધ્યક્ષને મારા નામથી કહેજો, કે બે લાખ દ્રવ્ય આપે.'

'શું કહ્યું નાથ!'

'સાચું કહુ છું. તમને નાહક ~~કષ્ટ પડયું તો~~ બે લાખ દ્રવ્ય માંગજો, જરૂર આપશે.' મહારાજાએ ખાત્રી આપી,

'બે લાખ?' બ્રાહ્મણુથી સહજ બોલાયું.

'હા પૂરા બે લાખ. જાવ થાઓ સુખી.'

'પ...અ...ણુ પ્રભુ...'

'જરૂર આપશે. મારા નામથી કહેજો ને! વિશ્વાસ રાખો.' મહારાજે વિશ્વાસ દીધો, અને ફરી પાછો પોતાના માર્ગે પડયો.

૪

'પણુ હું સાચું કહું છું કે, મહારાજે પોતે મને નદીના કિનારે વૃક્ષની છાયા તળે કહ્યું છે.' બ્રાહ્મણે કોશાધ્યક્ષ પાસે ફરી દલિલ કરવા માંડી.

'પહેલી વખતે એક લાખ, બીજી વખતે બે લાખ અને હવે ત્રીજી વખત ત્રણુ લાખ!!!' હા...હા...હા કોશાધ્યક્ષ પુષ્કળ હસ્યો.

'મશ્કરી શાના કરો છો ભાઇ! હું બ્રાહ્મણુ મરતાં સુધી પણુ જુઠ્ઠું ન બોલું' બ્રાહ્મણુ તો શ્વાસ લેવા પણુ ઝંપતો નથી.

'પણુ મા'રાજ, એમ તે કાંઇ લાખો દ્રવ્યો મળતાં હશે?' અને મહારાજ પણુ એવી અયોગ્ય બક્ષીસ કરતા હશે?' કોશાધ્યક્ષે ફરી પાછી નાણાં ન દેવાની જાહેરાત કરી. બ્રાહ્મણુ ખરેખર મુંઝાયો. અરે ભગવાન! હડહડતો કળિયુગ આવી ગયો છે, બ્રાહ્મણુ જેવા બ્રાહ્મણુ પર પણુ લોકોને વિશ્વાસ નથી, બ્રાહ્મણુ ફરી મહારાજા ભોજ પાસે જવા નીકળ્યો.

ફરી પાછો એ જ સ્થળે પહોંચી ગયો. મહારાજાને પોતાની વિતકકથા કહી સંભળાવી. ઘણી વિનંતિઓ કરી મહારાજને પણુ સહેજ નવાઇ લાગી, ફરી મહારાજે તેને જઇને ત્રણુ લાખ દ્રવ્ય માંગવા કહ્યું, બ્રાહ્મણુ ચમકયો કાંઇક હર્ષિત થયો, પણુ વળી પાછું કોશાધ્યક્ષનું નઠાર ભણતું મુખડું નજરે સમક્ષ તરવર્યું પરંતુ ભોજ રાજાએ તેને ફરી વખત જઇને માંગણી કરવા સમજાવ્યો. કાંઇક હર્ષ અને શંકા સાથે લોભથી વશ થયેલો બ્રાહ્મણુ ફરી પાછો કોશાધ્યક્ષ પાસે દોડયો. ત્રણુ લાખની માગણી કરી હવે તો કોશાધ્યક્ષે અટહાસ્ય કર્યું અને બ્રાહ્મણુને તિરસ્કારી કાઢયો. હડધૂત થયેલો બ્રાહ્મણુ વળી પાછો મહારાજ પાસે દોડયો. સહસ્ત્રરશ્મિ આકાશે ચડયા હતા. બ્રાહ્મણુ તો નદીના કાંઠે વૃક્ષ પાસે પહોચ્યો. મહારાજાને ત્યાં ન જોયા, જરૂર નદી પસાર કરીને મૃગયા કરવા ગયા હશે, તેમ માનીને નદી પસાર કરી મહારાજ, મહારાજ, પ્રભુ! પ્રભુ! બૂમો નાંખતો મહારાજા પાસે પહોચ્યો.

'નાથ, બિચારો આ બ્રાહ્મણુ, ખૂબજ હેરાન થયો'. અંગરક્ષકે ભોજને કહ્યું.

'હા, બિચારાને નાહકના ત્રણુ આંટા થયા' મહારાજ સ્મિત સહ બોલ્યા.

'પણ પ્રભુ એમ કાંઇ કોશાધ્યક્ષ એક પાઇ પણ આપે ?'

'અરે ! આમાં તો મારા નિમકહલાલ કોશાધ્યક્ષની પણ પરીક્ષા થઇ ચૂકી' ભોજે બ્રાહ્મણને ત્રણ ફેરા ખવરાવ્યાનો ભેદ ખુલ્લો કર્યો.

'હા, પ્રભુ, એ બરાબર !' અંગરક્ષક ભોજની વાત સમજી શક્યો.

'આ બ્રાહ્મણ તો આવી પહોંચ્યો' બ્રાહ્મણને જોઇને રાજા બોલ્યો.

'કેમ ભાઇ કેમ થયું ?' ભોજે પૂછયું.

'શું કહું મારા નાથ ! એ પાપીષ્ટો તો મારી વાતને હસી કાઢે છે, પ્રભુ. એકનો મોટો ઉધમ ને બીજાનું નિર્લજ્જપણું ! કહો બાપ, કોની સ્તુતિ કરું ?

'હરકત નહિ ભાઇ, આ વખતે તો તારી સાથે આ મારા અંગરક્ષકને મોકલું છું, તે તને મારા કહેવા પ્રમાણે ત્રણ લાખ દ્રવ્ય અને દશ હાથીઓ અપાવશે'.

'ઘણું જીવો મારા નાથ, આપ જેવા રત્નો આ ધરાતલ પર બહુ અલ્પ પાકતા હશે' બ્રાહ્મણે ફરી આશીર્વાદ આપવા શરૂ કર્યા.

×

અંગરક્ષકે જઇને બ્રાહ્મણને બહુમાનપૂર્વક ત્રણ લાખ દ્રવ્ય અને દશ હાથીઓ અપાવ્યા. દરેકે દરેક ધર્મ પત્રોમાં લખાયું કે,

ઢીંચણ સુધી પાણી કહેનાર બ્રાહ્મણને શ્રી ભોજ રાજાએ ત્રણ લાખ દ્રવ્ય અને દશ મદોન્મત્ત હાથીઓ અપાવ્યા છે"

અહાહા ! આવો હતો આપણો ભૂતકાળ !

**જો આ અંક આપને ગમે તો જેઓ 'કલ્યાણ' માસિકના ગ્રાહક ન બન્યા હોય તેઓને વહેલાસર ગ્રાહક બનવા ભલામણ કરો, અને એ રીતે 'કલ્યાણ' ને સહકાર આપો !**

## આ પણ કમાલ !

એક ગલીમાં ચાર મોચીની દુકાન હતી, ચારેમાં આપસઆપસમાં સારી સ્પર્ધા ચાલતી હતી.

એકવાર એક મોચીએ પોતાના સાઇનબોર્ડ નીચે લખાવ્યું કે, 'શહેરનો સૌથી કુશળ મોચી' એ જોઇને બીજે દિવસે બીજા મોચીએ પોતાના સાઇનબોર્ડ ઉપર નીચે લખાવ્યું કે, 'હિન્દુસ્તાનનો સર્વોચ્ચ મોચી.' આ વાંચીને ત્રીજા દુકાનદારને પણ ચટપટી લાગી. એને લાગ્યું કે આ બેયથી વધે એવું કોઇ વિશેષણ મારે પણ લગાડવું જોઇએ. અત્યંત વિચારણાને અન્તે એણે નક્કી કરીને એણે લખાવ્યું, કે 'વિશ્વનો મહાન મોચી' આ જોઇને ચોથો તો મોંમાં આંગળી જ નાંખી ગયો. એને લાગ્યું કે હવે પોતાના માટે કોઇ એવું વિશેષણ બાકી ન રહ્યું, કે જે વિશેષણ આ ત્રણે વિશેષણોથી ઊંચુ હોય !

આખરે એણે એક વિશેષણ એવું શોધી કાઢયું કે, જે આમ લાગવામાં સૌથી નાનું લાગે, પણ વાસ્તવિક રીતે એ વિશેષણ પૂર્વના ત્રણે વિશેષણોથી ચઢે એવું હતું. એ વાંચીને પૂર્વના ત્રણે જણ છોભીલા પડી ગયા.

એ વિશેષણ હતું : 'આ ગલીનો સર્વશ્રેષ્ઠ મોચી.'

— ગાંગેય

# કલિયુગનો પ્રભાવ............શ્રી એન. બી. શાહ

સુંદર પ્રકારના આચાર-વિચારોને જીવનમાં જીવવા માટે કાલ પણ નિમિત્ત છે. વર્તમાન કાળ કલિયુગના નામે ઓળખાય છે. આ કાલમાં કેટ-કેટલી વિષમતાઓ રહેલી છે ? તે વસ્તુ, પાંડવોના પિતાના પ્રસંગદ્વારા અહિં લેખકે મૂકી છે. આવી આવી જુની વાતોને તેમજ બોધક પ્રસંગોને સરળ ભાષામાં રજૂ કરવાનો લેખકને રસ છે. 'કલ્યાણ' માટે તેઓ નિયમિત લખે છે.

પાંચ પાંડવોના પિતા સ્વર્ગવાસ થયા પછી દેવ થયા હતા. તે દેવે જ્ઞાનનો ઉપયોગ એક વખત મૂકયો, ત્યારે શું જોયું ?

પાંચે પાંડવોને સંસારના ભોગ વિલાસમાં રચ્યા-પચ્યા, રાજ્યની લાલસામાં મૂંઝાયેલા, અને આત્મ કલ્યાણની જેઓને કાંઈ પડી નથી, એવી દશામાં જોયા.

પાંડવોના પિતા (દેવે) એ પોતાના પુત્રોના ઉધ્ધાર માટે કાંઇક કરી છૂટવાનો નિર્ણય કર્યો, અને તે એક વેપારીનું રૂપ વિકુર્વી હસ્તિનાપુરમાં આવ્યા.

આ વેપારી પાસે સ્વરૂપવાન અને તેજીલા પાંચ અશ્વો હતા, અને તે વેચવા માટે બજારમાં ભમતો-ભમતો જયાં પાંચે પાંડવો પોતાની રાજસભામાં બેઠા હતા, ત્યાં આવી પહોંચ્યો.

સ્વરૂપવાન ઘોડાઓ લેવાની પાંડવોને ઇચ્છા થઇ, તેથી પાંડવોએ તે વેપારીને એ ઘોડાઓનું મૂલ્ય પૂછયું. જવાબમાં તે વેપારીએ પાંચે પાંડવોને કહ્યું કે, 'પહેલાં તમે દરેક જણ એક એક ઘોડા ઉપર બેસીને હું જે દિશામાં ફરવા જવાનું કહું ત્યાં થોડુંક ફરી આવો, અને જે કાંઈ આશ્ચર્ય લાયક જોવાનું મળે તેનો સર્વ વૃત્તાંત મને જણાવો, પછી ઘોડાઓની કિંમત વિષે તમને ખુલાશો કરવામાં આવશે.

તે વેપારીના કહ્યા મુજબ પહેલ વહેલા યુધિષ્ઠીર ઘોડા ઉપર બેસીને પૂર્વ દિશા તરફ ફરવા ગયા. થોડેક દૂર જતાં તેમણે જંગલમાં એક અદ્દભુત મહેલ જોયો. દેવભુવન જેવો આ મહેલ જોતાંજ ઘોડાને એક વૃક્ષ સાથે બાંધીને તે અંદર ગયા.

મહેલને જોતાં-જોતાં છેવટે તે મહેલના ત્રીજા માળે આવી ચડયા, ત્યાં એક સુવર્ણમય સિંહાસન ઉપર એક કાગડાને બેઠેલો જોયો અને સિંહ તેને ચામર વિંઝી રહ્યો હતો. આ અદ્દભુત દ્રશ્ય જોઇ ધર્મરાજાને ભારે આશ્ચર્ય થયું અને તેઓ ત્યાંથી પાછા ફરીને પેલા વહેપારી પાસે આવ્યા, અને જે બનાવ જોયો હતો તે કહ્યો. પશ્ચિમ દિશામાં ફરવા ગએલા ભીમે કહ્યુંકે, મેં જંગલમાં એક હરણીયું જોયુ, તેના ત્રણ પગને કોઇએ બાણથી વિંધી નાંખ્યા હતા, છતાંય તે એક પગ વડે ઉભું હતું, તે જોઇ મને ઘણું આશ્ચર્ય થયું છે. ભીમસેને આ પ્રમાણે પોતાની હકીકત જણાવ્યા પછી ઉત્તર દિશામાંથી આવેલા અર્જુને કહ્યું કે, મેં જંગલમાં એક પાડો જોયો તે પાડાને પાંચ મહોઢાં હતાં અને પાંચે મુખ વડે તે ઘાસ ચરી રહ્યો હતો, છતાંય તે જાણે ભૂખ્યોજ જણાતો હતો. પાંચ-પાંચ મોઢેથી પુષ્કળ ઉગી નીકળેલું ઘાસ ખાવા છતાંય તેના પેટના દેખાવ ઉપરથી જાણે તે બિચારો ભૂખ્યો ડાંસ જેવો મને તો જણાયો, આ પ્રમાણે અર્જુને ખુલાસો કર્યો. ત્યારબાદ દક્ષિણ દિશામાં ફરવા ગએલ સહદેવે વ્હેપારીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે, મેં જે આશ્ચર્ય જોયું

તે વળી આનાથી પણ અધિક છે. જુઓ, સાંભળો દક્ષિણ દિશામાં થોડેક દૂર જંગલમાં ગયો ત્યાંતો મેં એક તરત વિયાયેલી ગાય જોઇ, પરંતુ આશ્ચર્યકારી તો એ છે કે, એ ગાય તેના વાછરડાને ખાઈ જવાને તરાપ મારી રહી હતી. મને વિચાર થયો કે ગાયને પોતાના બચ્ચા ઉપર અસીમ પ્યાર હોય છે, તેના બદલે આ ગાય તેના બચ્ચાનેજ કેમ ખાઇ જવાને ઇચ્છી રહી છે? આ બનાવ જોયા પછી ભારે આશ્ચર્ય સાથે હું ત્યાંથી પાછો ફર્યો.

છેવટે પેલા વહેપારીએ નકુળને પૂછયું કે, તમે શું આશ્ચર્યકારક જોઇને આવ્યા? જવાબમાં નકુળે કહ્યું કે, હું આપના કહ્યા મુજબ ઈશાન ખુણામાં ફરવા ગયો ત્યાં થોડેક દૂર જતાં મેં એક પહાડ જોયો, તે પહાડ ઉપરથી એક પાણીનું ઝરણું વહી રહ્યું હતું અને તેમાંનું પાણી ઝીલવા માટે પાસેનાજ એક આશ્રમના રૂષીએ ત્રણ વાસણ ઉપરાઉપરી ગોઠવીને મુકયાં હતાં. (પહેલું ભરાય કે પછી બીજું અને ત્રીજું ભરી લેવાની ઈચ્છાએ) આશ્ચર્યની વાત તો એ છે કે, પાણી ઉપરના અને નિચેના વાસણમાં એક ધારૂં પડવા લાગ્યું અને થોડી વારમાંજ ઉપરનું અને નિચેનું વાસણ પાણીથી ભરાઈ ગયું, જયારે વચલું વાસણ તદ્દન ખાલીજ હતું, એક છાંટો પણ પાણી તેમાં પડેલું ન હતું, આ અદ્દભૂત આશ્ચર્યકારી બનાવ મારા જોવામાં આવ્યો છે. પાંચે પાંડવોના આશ્ચર્યકારી બનાવો જોયાનો ખુલાસો તે વહેપારીએ સાંભળ્યા પછી તે વ્હેપારી (દેવે) એ પાંચે પાંડવોને તે તે આશ્ચર્યો વિષે રહસ્ય સ્ફોટ (ખુલાસો) કરતાં જણાવ્યું કે, ભાઇઓ! હું તમારો પિતા છું, જૈન ધર્મના આરાધનથી સ્વર્ગલોકમાં દેવ થયો છું.

તમને સંસારના ભોગ વિલાસોમાં આસક્ત થએલા જોઈને પ્રતિબોધ કરવા માટે, સાચું ભાન જગાવવા માટે મારે અહિં સોદાગર (વ્હેપારી) રૂપે આવવું પડયું છે. હવે હું તમને જે કહું તે એક ચિત્તે સાંભળો! પાંચે પાંડવોએ વ્હેપારી રૂપે આવેલા પોતાના પૂજ્ય પિતાજી દેવને હાથ જોડીને નમન કર્યું અને ત્યારપછી વિનયપૂર્વક પોતાના પિતા જે કહેવા લાગ્યા તે દત્તચિત્તે સાંભળ્યું.

તે (દેવ) બોલ્યા, હે પુત્રો સાંભળો, યુધિષ્ઠીરે જે એક મહેલ જોયો અને તેમાં સોનાના સિંહાસન ઉપર કાગડો બેઠો હતો અને સિંહ તેને ચામર વિંઝતો હતો તે ઉપરથી તમારે સમજવાનું કે, હવે પછીનો કાળ ઘણોજ ખરાબ આવશે, હલકા કુળની વ્યકિતની સેવા, ઉચ્ચ કુળના આત્માઓને કરવી પડશે, અર્થાત રાજા જેવી હુકમત ચલાવનાર વ્યકિતઓ હલકા કુળની થશે અને ગુણવાન ઉચ્ચ કુલમાં ઉત્પન્ન થએલાઓને પણ તેવાઓની સેવા બજાવવી પડશે. ભીમે જે પ્રકારનું હરણ જોયું છે, તે ઉપરથી ધર્મ જે વીતરાગ ભગવંતે ચાર પ્રકારનો દાન, શિલ, તપ અને ભાવરૂપે કહેલો છે, તેમાંથી શીલ, તપ અને ભાવનો ધીમેધીમે નાશ થશે અર્થાત્ કોઈક પુન્યશાલી વ્યકિતજ એ ત્રણ પ્રકારથી વિભૂષિત હશે, બાકી એકલો દાનધર્મ રહેશે તે પણ કરનારા ઘણા ખરાતો યશ-કીર્તિના મોહથીજ.

હવે અર્જુને જે પ્રકારનો પાડો જોયો છે, તે ઉપરથી તમારે સમજી લેવાનું કે રાજાઓ ખાઉધરા થશે, પ્રજાઓ ઉપર અનેક જાતના કરવેરાઓ (ટેકસ) નાંખી પ્રજાને ચૂસનારા બનશે, છતાંય તેઓની તિજોરીઓ ખાલીજ રહેશે.

સહદેવજીએ જે પ્રકારની ગાય જોઇ તે ઉપરથી સમજવાનું કે મા-બાપ પણ પોતાની પુત્રીઓને (સંતતિને) ધનની લાલસાએ વેચનારાં બનશે.

અને નકુળજીએ જે પહાડ ઉપરથી આશ્ચર્યકારી ઝરણાંનો બનાવ જોયો તે ઉપરથી સમજવાનું કે, જેમ પહેલા વાસણમાં ભરાયેલું પાણી વચલા વાસણમાં નહિ પડતાં નીચેના ત્રીજા વાસણમાં પડતું તે એમ સૂચવે છે કે, હવે પછીના માણસો એટલા ટુંકા મનના પેદા થશે કે, તેઓ પોતાના નજીકનાં સગાંઓને મદદ નહિ કરે પરંતુ પારકાંઓ (માની લીધેલા સ્નેહીઓ, મિત્રો, વિગેરે) ને મદદ કરનારાં બનશે.

માટે હે પુત્રો ! આગળ આવનાર આવા કલિયુગમાં તમે જો સંસારમાં સ્વડતા હશો તો ભારે દુઃખી થશો, માટે પ્રમાદ છોડીને ભોગ વિલાસોની આસક્તિને ત્યજી દઇને, કલ્પવૃક્ષ સમાન જૈનધર્મનું સુંદર આરાધન કરી લો, કે જેથી જે ધર્મના આરાધનથી હું દેવભવ પામ્યો તેમ તમે પણ સદ્દગતિના ગામી બની શકો, આવી રીતે પોતાના પુત્રોને વૈરાગ્ય પમાડી તે દેવ (વ્હેપારી) અદ્દશ્ય થઇ ગયો. પાંડવોએ ત્યારપછી કહેવાય છે કે, રાજ્ય વૈભવોના વિલાસોને જેમ સાપ કાંચળી ઉતારીને ત્યજી દે તેમ ત્યજી દીધા અને પરમ ભાગવતિ સંયમ દેવીના શરણે ગયા (દીક્ષા લીધી) અને શુધ્ધ રીતે સંયમનું આરાધન કરીને સિદ્ધક્ષેત્ર શ્રી શત્રુંજય તીર્થપર વીશક્રોડ મુનિઓની સાથે મુક્તિ પદને વર્યા.

## પચાસ ટકા ડાહ્યા !

એકવાર જ્યોર્જ બર્નાર્ડશોએ પોતાના એક ભાષણમાં કહ્યું કે,—

'સેંકડે પચાસ ટકા અમેરિકન મૂર્ખ છે' એના ઉપર અમેરિકનોએ સખ્ત વિરોધ ઉઠાવ્યો, ત્યારે બર્નાર્ડશોએ કહ્યું–

મારી ભૂલ થઇ ગઇ છે. હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું, અને કહું છું કે, સેંકડે પચાસ ટકા અમેરિકન સમજુ છે.

– કપીલ

## પરદેશના ગ્રાહક બંધુઓને !

પરદેશમાં ગ્રાહકોનું વી. પી. થી લવાજમ વસુલ થતું નથી. એટલે લવાજમ પુરૂં થયાની ચીઠ્ઠી મળેથી મનીઓર્ડર, પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઇ પણ ઠેકાણે લવાજમ ભરી શકાશે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી દામોદરદાસ આશકરણ પોસ્ટ બોકસ નંબર ૬૪૯ | દારેસલામ |
| ૨ | શ્રી મેઘજી ખીમજી ગુઢકા પોસ્ટ બોકસ નંબર ૧૧૨૮ | કીસુમુ |
| ૩ | શ્રી રતિલાલ ઓતમચંદ સંઘવી પોસ્ટ બોકસ નંબર ૪૪૮ | ઝંગબાર |
| ૪ | શ્રી શ્વેતાંબર જૈન સંઘ પોસ્ટ બોકસ નંબર ૭૧૧ | મોમ્બાસા |
| ૫ | શ્રી તારાચંદ ટી. દલાલ પો. બો. નં. ૨૦૭૦ | નૈરોબી |

# ઝીણા છતાં સુંદર અને સ્વચ્છ હસ્તાક્ષરની કલાકૃતિ



પોષ્ટ કાર્ડની એકજ બાજુ પર પૂ. પં. શ્રી વીરવિજયજી કૃત
અંતરાય કર્મની આઠ પૂજાઓ લખાએલી છે.

# મનની પવિત્રતા..........ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ

'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' એમ કહેવાય છે. ખરેખર મનને જિતનાર જગતને જીતી જાય છે, આ માટે મનની પવિત્રતાની ખાસ આવશ્યક્તા છે. લેખકે અહિં પોતાની ગંભીર શૈલીમાં આ વસ્તુ રજુ કરી છે. જૈન સમાજના વિચારશીલ લેખકોમાં ડૉ. વલ્લભદાસભાઇનો સમાવેશ થાય છે. 'કલ્યાણ' માટે નિયમીત તેઓ લેખો મોકલીને માસિકને પૂર્ણ સહકાર આપી રહ્યા છે.

**સદ્**વિચારો વડે, અસદ્‌વિચારોને ઉપશશમાવી દઇ, શુભસંકલ્પબળથી, અશુભ સંકલ્પવિકલ્પને હઠાવી દઈ મનની મલીનતા દૂર કરી, અનુક્રમે શુદ્ધ સ્વરૂપી પરમાત્મામાં મનને પરોવી દઇ, દ્રઢ અભ્યાસથી તેના મનની એકતાને–સ્થિરતાને જે સાધે છે, તેમજ સર્વજ્ઞ વીતરાગે કથેલો આપ્ત આગમોનો આશ્રય લઇ, સત્ય તત્ત્વનું શોધન કરી, ક્રોધ માન-માયા-લોભ-ભય-હાસ્યને દૂર કરી પ્રાણાંત કષ્ટથી પણ નહીં ડરતાં અચળ સિદ્ધાંતને વળગી રહી, સહુ કોઇને પ્રિય, પથ્ય અને તથ્ય વચન વડેજ સંતોષી, વચનના નિગ્રહવડે જે મૌનીંદ્ર માર્ગને અનુસરે છે, અર્થાત્ જેવું મનમાં વર્તે છે, એવુંજ વચન દ્વારા વદે છે અને એવુંજ લક્ષપૂર્વક, કાયાથી પ્રવર્તાવે છે, એમ જેના ત્રણે યોગ અવિરૂદ્ધપણે પ્રવર્તે છે, તેવા અવિરૂદ્ધ વર્તનથી જેમને સર્વાંગે સ્થિરતા વ્યાપી છે, એવા યોગી પુરૂષની શાંતિ તેજ ખરી શાંતિ છે.

ગમે તેટલી ક્રિયા કરવામાં આવે, ગમે તેટલું જ્ઞાન ભણવામાં આવે, અને ગમે તેટલી તપશ્ચર્યા કરવામાં આવે અને ગમે તેટલી યોગસાધના કરવામાં આવે પણ જ્યાંસુધી મનની અસ્થિરતા હોય, ચિત્ત આકુળ–વ્યાકુળ હોય, માનસિક ક્ષોભ હોય, ત્યાંસુધી સાધ્ય પ્રાપ્ત થઈ શકતું નથી, એ ખાસ લક્ષ્યમાં રાખવાનું છે. જ્ઞાનનો, તપનો, અથવા ક્રિયાનો આશય મન પર અંકુશ લાવવાનો હોવો જોઇએ. મનની અવ્યવસ્થિત સ્થિતિથી પ્રાણીના કાર્યો કાંઈપણ ફળ આપી શકતાં નથી, એ **શુધ્ધ દ્રષ્ટિની** અપેક્ષાએ યથાતથ્ય છે. એ સબંધમાં સામાન્ય રીતે આપણા વિચારો બહુ અચોકસ રહે છે. સામાન્ય પ્રકૃતિ બાહ્ય દેખાવ ઉપર બહુ મત બાંધી દે છે, પણ વસ્તુતઃ એ ન થવું જોઇએ. અમુક પ્રાણીના સંબંધમાં મત બાંધતાં પહેલાં તે પ્રાણીનું મન કેટલું અંકુશમાં આવ્યું છે, તે પર બહુજ વિચાર કરવાની જરૂર છે.

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું,
એ વાત નહી ખોટી;
એ કહે સાધ્યું તે નહી માનું,
એકહી વાત છે મોટી.
— આનંદઘનજી.

ગમે તેવા કાર્ય કરવામાં ઉદ્યુક્ત થયેલા જીવને મન કેવી રીતે ફેરવી નાંખે છે, તેનો અનુભવ વિચાર કરવાથી તુરત સમજી શકાય તેમ છે. મનજ મોક્ષ અને બંધનું કારણ શાસ્ત્રકારોએ કહ્યું, અને ક્રિયા ન કહી, એનું રહસ્ય સમજવા જેવું છે.

મનથી બંધન, મનથી મોક્ષ છે.
હૈડે દેખ વિચાર,
જેણે નયણે નીરખે બ્હેનડી,
તેણે નયણે નિજ નાર [સજ્ઝાય]

મનની પવિત્રતા જાળવી રાખવા ઇન્દ્રિયોને કાબુમાં રાખવી જરૂરની છે. ઇન્દ્રિયોને કાબુમાં રાખતાં પણ મન ચકડોળે ચડે છે, પણ એથી હતાશ થવાનું નથી. ઇન્દ્રિયોના સહકાર વગર મન ચકડોળે ચડી-ચડીને ક્યાં

સુધી ચઢવાનું હતું. દોડી–દોડીને કયાં સુધી દોડી શકવાનું હતું ? ઈન્દ્રિયો સહકાર નહી આપે તો મન દોડી–દોડીને આખરે એની મેળે શાંત પડી જશે, માટે પ્રથમતો મનને સુધારવાની ખાસ જરૂર છે, પણ એ કાર્યક્રમ બહુ વિશાલ છે, માટે ઈન્દ્રિયનિગ્રહ સારૂ મનના પૂર્ણ સંયમન સુધી વાટ જોવાની નથી. મનનું પૂર્ણ સંયમન સિધ્ધ થાય પછી તો ઈન્દ્રિયનિગ્રહનો પ્રશ્ન જ રહેતો નથી. મનના સંયમન માટે તો ઈન્દ્રિય સંયમન છે, મનનું શોધન થતું રહેશે પણ ઈન્દ્રિયોને તો પહેલેથી જ કાબુમાં લેવાની જરૂર છે. મનનું ચાંચલ્ય હજુ મટતું નથી, માટે ઈન્દ્રિયોને નિયમનમાં રાખવી નકામી છે, એમ સમજવું અને એમ સમજી ઈન્દ્રિયોને અનિયન્ત્રિત મૂકી દેવી, એ કેવલ મૂર્ખતા છે, અને એ મૂર્ખતા હાનિકારક છે. યાદ રાખવું જોઈએ કે, ઈન્દ્રિયના સહયોગે મનનું ચાંચલ્ય બહુ વધી પડે છે, જયારે ઈન્દ્રિયો તરફથી ટેકો ન મળતાં તેની ચપલતાનું પ્રમાણ બહુ ઓછું થતું જાય છે, અભ્યાસ કે મન સાધનના વ્યવસાય દરમ્યાન ઇન્દ્રિયનિગ્રહ ઉપર સંપૂર્ણ સાવધાની રાખવાની જરૂર છે.

ખરાબ સંયોગોથી સારા માણસનું પણ ચિત્ત મલીન બની જાય છે, માટે ઈન્દ્રિયો ઉપર કાબુ મેળવવાના ઉમેદવારે સંયોગો તરફ ખૂબ ખ્યાલ રાખવાની જરૂર છે. સારા સંયોગોમાં રહી ચિત્તની વૃત્તિઓને પ્રશસ્ત રાખવી એ જિતેન્દ્રિય થવાનો પ્રથમ શિક્ષાપાઠ છે. ધ્યાનમાં રાખવાની વાત એ છે, કે મનમાં મલીન વિચારો ઉપજવા દેવા ન જોઈએ, મેલા અને ગંદા વિચારો તીવ્રતાનું રૂપ ધારણ કરી નખ્ખોદ વાળે છે, વિષય ચિંતનમાં રમતું મન વિષયોમાં આસકત બને છે. માણસનો ખરો દુશ્મન કટ્ટામાં કટ્ટો દુશ્મન એના અધમ વિચારો છે, અને જે જિતે છે તે વિજેતા છે.

"મનો વિજેતા જગતો વિજેતા"

ફણસ કાપવું હોય તો પ્રથમ હાથ તેલવાળા કરીને કાપવું જોઇએ, નહિતો તેનો ચીકણોરસ હાથને ચોંટી જાય છે, તેમ ઇશ્વર પ્રેમ રૂપી તેલ હાથે ચોળ્યા પછીજ સંસારના કાર્યમાં હાથ ઘાલવો, એ પ્રેમ અને ભક્તિ મેળવવા માટે એકાંતવાસની જરૂર છે. માખણ બનાવવું હોય તો પ્રથમ દુધનું દહીં કરવા સારૂ તેને એકાંતમાં સ્થિર મૂકી રાખવું જોઇએ. હલાવ–હલાવ કરીયે તો દહીં કે માખણ કશું પણ ન બને, દહીં થયા પછીજ તેને એકાંતમાં જઇને ખૂબ વલોવવું જોઇએ, તો જ માખણ થાય.

મનવડે એકાંતમાં ઇશ્વરનું ચિંતન કર્યાથી જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ મળે છે, પણ એ મનને સંસારમાં રાખી મૂકવાથી તે નીચ અને મલીન થઇ જાય છે. સંસારમાં તો માત્ર કામિની અને કાંચનનુંજ ચિંતન થાય છે.

સંસાર એ જળ બરાબર છે અને મન એ દુધ બરોબર છે, જો દુધને જળમાં ભેળવી દઇએ તો દુધ અને જળ સેળભેળ થઇને એકરૂપ બની જશે, પછી તે પાણીમાંથી છુટું પડે શકશે નહિ, પણ દુધનું દહીં બનાવી તેમાંથી માંખણ કાઢી તેને જળમાં રાખ્યું હોય તો તેને કશી હરકત થશે નહિ, તેમ પ્રથમ એકાંતમાં સાધન–ભજન કરીને જ્ઞાનભકિત રૂપી માખણ મેળવવું જોઇએ, પછી તે માખણને સંસાર રૂપી જળમાં રાખીશું તો પણ તે જળ સાથે મળી ન જતાં ઉપરજ તર્યા કરશે.

ખૂબ વ્યાકુળતાપૂર્વક પ્રભુજીને માટે આક્રંદ કરીયે ત્યારે તેનું દર્શન થાય. સ્ત્રી-પુરૂષોને માટે લોકો ઘડો ભરીને આંસુ પાડે છે, પૈસા માટે તો એટલાં આંસુ પાડે છે, કે તે આંસુમાં પોતે તણાઈ જાય, પણ ભગવાનને માટે કોણ આંસુ પાડે છે? ત્રણ ગણું આકર્ષણ થાય ત્યારેજ પ્રભુ દર્શન આપે છે, વિષયિનું વિષયભોગ તરફ,માતાનું સંતાન પ્રત્યે અને સતીઓનું પતિ તરફ એ ત્રણેના એક સામટા બળ જેટલું પ્રભુ પ્રેમનું બળ થાય ત્યારે તેના દર્શનનો આનંદ મળે.

એ બધું મનને લઈનેજ છે, મનજ મુકત થાય છે અને મનજ બંધાએલું છે, મન જે રંગમાં રંગાય તે રંગમાં તમે રંગાયા કહેવાઓ. ધોબીએ ધોયેલા ધોળા કપડા જેવું મન છે. લાલ રંગમાં બોળો એટલે લાલ થશે, ભુરા રંગમાં બોળશો તો ભુરૂં દેખાશે. જે રંગે રંગશો તેવું તે દેખાશે, મનને લીધેજ બધું છે. એક બાજુએ સ્ત્રી અને એક તરફ છોકરાં છે, મન એક છે તો પણ સ્ત્રી તરફ આપણે એક પ્રકારનો ભાવ રહે છે અને છોકરાં તરફ બીજાજ પ્રકારનો ભાવ રહે છે, મનથીજ બંધન અને મનથી મુકિત છે.

ભગવાનનું નામ સ્મરણ કરવાથી મનુષ્યનાં દેહ અને મન શુદ્ધ થાય છે.

# કલ્યાણ સાચે સાચ છે.

: હરિગીત છંદ :

દેખાય છે આ દેશમાં, જે જે બનાવો અવનવા,
પેખાય ત્યાં કારણ જડે છે, માત્ર પશ્ચિમની હવા,
આઝાદી ને આબાદીની, તહીં છાપ મોટી પાપ એ,
અટવાઇને બરબાદ થઇ, લોકો સહે સંતાપને. ૧
ઇચ્છો અગર હિત જગતનું, ને આત્મના કલ્યાણને,
આ રાહ અવળાને તજો, હરદમ કરે એ હાણ જે;
આર્યત્વને વળગી રહો, શિર સંતજન-આજ્ઞા ધરો,
મન તન વચન ધન ભોગથી, પણ સંસ્કૃતિ રક્ષણ કરો. ૨
જ્યાં ધર્મને 'હમ્બગ' કહે, ત્યાં અર્થ તસ મનમાં ધરો,
'હમ્બગ' સ્વયં મુખથી વદે, તોયે ન એને પરહરો!
એવા બગો ઉજળા ઠગોની, વાણી મીઠી વિષ ભરી,
કલ્યાણને ઇચ્છો યદી, જ્ઞાની વચન લ્યો આદરી. ૩
હિંસા અહિંસા જુઠ સત્યે, આજ વ્યાખ્યા છે જુદી,
સેવાજનોની વિશ્વશાંતિ, છાપ એ વળગે ઉડી;
છળ શબ્દનો કેવળ રહ્યો, પણ વસ્તુ ભીતરમાં કુડી,
સર્વજ્ઞનાં વચનો ખરેખર, સર્વ-કલ્યાણે મૂડી. ૪

શ્રી ભીખાભાઈ છગનલાલ શાહ

# સંતતિ નિયમન અંગે

આજે આપણા રાજ્યકર્તાઓ વસ્તી ન વધાવા દેવાનો આપણને ઉપદેશ આપે છે, પરંતુ આપણે તેમને એમ કહેવું જોઈએ કે, વસ્તી ઓછી કરવાની બાબતમાં પ્રવચનો કરવા માટે અમે તમને સત્તાપર બેસાડયા નથી, જેટલા માણસો દેશમાં હોય તે બધાને અન્ન, વસ્ત્ર દેવાની જવાબદારી તમારી છે.

શું તમે એમ સમજો છો, કે પૃથ્વી પર નિર્માણ થનાર લોકોનો પૃથ્વીને ભાર લાગે છે ? જો ભાર લાગશે તો પૃથ્વી તેની યોજના પણ કરી લેશે. શું ધરતીકંપ નથી થતા ? પણ પૃથ્વીને સંખ્યાનો ભાર લાગતો નથી, પાપનો ભાર લાગે છે, તેથી પાપ ઓછું કેમ થાય, એનો વિચાર આપણે કરવો જોઇએ. (સંતતિનિયમનનાં કૃત્રિમ ઉપાયો યોજવાથી અનીતિ અને પાપ વધે છે,) પુણ્યથી પેદા થનારો પ્રાણી પુણ્યાત્મા હોય છે, તેમનો ભાર પૃથ્વીને લાગતો નથી. કુદરતની યોજના એવી સુંદર છે, કે એક મોઢું વધવાની સાથે બે હાથ પણ પેદા થાય છે. ભારતની વસ્તી છત્રીસ કરોડ થઇ ગઇ. છત્રીસ કરોડ મોઢાં ખાનારા પેદા થઇ ગયાં એ માટે રોતા બેસશો કે બહોંતેર કરોડ હાથ કામ કરવા માટે ઉત્પન્ન થઇ ગયા, તે માટે આનંદ મનાવશો ? એને બદલે બે મોઢાં અને એક હાથ એવી યોજના હોત તો શી આપત્તિ માથા પર આવી પડત, એની કલ્પના કરશો તો આજની સ્થિતિ માટે દુઃખ નહિં થાય, તેથી વસ્તી વધારાથી ડરો નહિ. મારા ઘરનાં માણસોને પેટપુર ખવડાવવા જેટલી બુદ્ધિ મારામાં હોવી જોઇએ. આજે વસ્તી પાપને કારણે (અનૈતિક જીવન) અનહદ વધી રહી છે, તે પાપનો નાશ કરો તો વસ્તી વધારાનો ડર તમને લાગશે નહિ.

કેટલાક લોકો સંયમથી સંતતિનિયમન કરો એમ પ્રતિપાદન કરે છે, પણ તે ઠીક નથી. સંયમની પોતાની સ્વતંત્ર કિંમત છે, સંતતિ ઓછી કરવા માટે સંયમનો ઉપયોગ ન કરો, વળી સંતાન ઝાઝાં કે થોડાં હોવા પર સયંમનો આધાર નથી. સાલમાં એક વાર સ્ત્રી-પુરૂષ સંબંધ થઇ જવાથી પણ પ્રજોત્પત્તિ થઇ શકે છે, તેથી એવી વ્યકિતને અસંયમી સમજવાનું કારણ નથી. એ દ્રષ્ટીથી એકાદ વીસ-પચીસ બાળકોનો બાપ પણ બે બાળકોના બાપથી વધારે સંયમી હોઇ શકે છે. સયંમથી આનંદ મળે છે, તે માટે સંયમી થવાનું લોકોને કહેવું જોઇએ. તે માટે ભૌતિક નફો-નુકસાન ન શીખવાડો, સંતતિ નિષ્ઠ બનો. સંતતિને દેવ-સમાન માનો, ત્યારે આ સવાલનો તમો આપોઆપ ઉકેલ કરી શકશો.

હરિજન બન્ધુ. — શ્રી વિનોબાભાવે.

# અ ❀ મી ❀ ઝ ❀ ર ❀ ણાં

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

**વાંચનાર કે સાંભળનારના હૈયાને સીધી અસર કરનારાં ટુંકાં વાક્યો એ થોડા શબ્દોમાં ઘણું કહી જાય છે. પૂ. આચાર્યદેવશ્રીનાં વ્યાખ્યાનોમાંથી વીણી-વીણીને જે શબ્દ મૌકિતકો એકત્ર કરાયાં છે, તે અહિં પહેલ-વહેલાં જ પ્રસિદ્ધ થાય છે. ભાવનગરનાં જાહેર પ્રવચનોમાં સંગ્રહાએલાં આ ઝરણાં ભાવનગરના એક ધર્મ-શ્રદ્ધાળુ સદ્‌ગૃહસ્થ તરફથી અમને પ્રસિદ્ધિ અર્થે મલ્યાં છે. જે માસિકમાં પ્રગટ થયા કરેછે. પૂ. આચાર્યશ્રીની વ્યાખ્યાન શક્તિ તથા અસાધારણ વિદ્વત્તા માટે અમારે વાંચકવર્ગને કહેવાપણું રહેતું નથી.**

૪૪ આજે દેવ-ગુરૂ અને શાસ્ત્રનું જેટલું અપમાન થાય છે, તેટલું અપમાન કોઇ પાઘડીવાળાનું થાય તો જીંદગી પણ જોખમમાં આવે.

૪૫ શાસ્ત્રને ખોટું કહેનાર પણ જરા કોઇ વેપારીના ચોપડાને ખોટો કહે તો ખબર પડે.

૪૬ જે તારક છે એવા દેવ-ગુરૂને શાસ્ત્ર સામે ચેડાં કાઢવા, જરાએ વાણીપર અંકુશ નહિ રાખવો. શાસ્ત્ર કહે છે કે આવું માનવજીવન એ માનવ-રૂપે પશુ જીવનથી વધુ ભયંકર છે.

૪૭ મોહની પાછળ હૈયા વગરના બનેલાઓને ભાન નથી કે, આયુષ્ય ક્ષણભંગુર છે. પાપધ્વનીથીજ ભરેલા કાનને અંત વખતે નવકાર પણ અસર નહિ કરે, માટે જીવનની છેલ્લી ઘડી પહેલાં સમજો.

૪૮ અર્થ-કામમાં જોડનારા ઉપકારી નથી. બીમારને કુપથ્ય ભાવે છે, તેમ સંસારના રોગથી પીડાતા આત્માઓને અર્થ-કામ મજાનાં લાગે છે.

૪૯ અર્થ-કામને કહેનારા મીઠા લાગશે પણ એમાં લપટાયેલાનું ભવિષ્ય એકાન્ત દુ:ખમય છે.

૫૦ પથ્ય પાળવાનું કહેનાર વૈદ્ય ગુન્હેગાર નથી જ.

૫૧ સાધર્મી દયાપાત્ર નથી પણ પૂજ્ય છે. એને ગરીબ ન માનો, એનું અપમાન ન કરો, એને હાથ જોડો, ચરણો ધોઇ પાણી પીઓ.

૫૨ સાધર્મીની ઉપેક્ષા એ ભગવાન શ્રી મહાવીર-દેવની ઉપેક્ષા છે. સાધર્મીનો તિરસ્કાર એ એક રીતે ભગવાન શ્રી મહાવીરદેવનો તિરસ્કાર છે, અને સાધર્મીની સેવાનો ત્યાગ છે.

૫૩ સાત ક્ષેત્ર તારક છે. ૧ જિનમૂર્તિ, ૨ જિનમંદિર, ૩ જિનાગમ આ ત્રણને માને, સેવે, પૂજે, આરાધે તે ૪ સાધુ. ૫ સાધ્વી, ૬ શ્રાવક, ૭ શ્રાવિકા. પ્રથમના ત્રણને ન માને, ન સેવે, ન પૂજે, ન આરાધે તે ન સાધુ, ન સાધ્વી, ન શ્રાવક, ન શ્રાવિકા.

૫૪ તમારો કોઇ સાચો સાથી, સાચો મિત્ર, અગર સાચો સ્નેહિ હોય તો તે સાધર્મી છે.

૫૬ પચીશ માણસના ઘરમાં એક સાધર્મી હોય તો બધાને ઠેકાણે લાવી શકે.

૫૬ અધર્મીના ઘોંઘાટથી ધર્મીએ કદીપણ ગભરાવું નહિ.

૫૭ અધર્મીની સામે મજબુત બનો, વિરોધી સામે સ્થિર બનો તો જરૂર તમે શોભશો.

૫૮ પત્થરના ઢગલામાં એક હીરો ઝળકે છે. શ્રીમંતની તથા કંગાલનો તમામની આંખો ત્યાં ખેંચાય છે. જેમ પત્થરમાં રહેલો પણ પોતાની જાતને પ્રકાશિત રાખી શકે છે, તેમ અધર્મીની સાથે રહેવાનો પ્રસંગ આવે અને પોતાની જાતને જેવીને તેવી રાખી શકે તે જૈન.

૫૯ મનુષ્ય જીવન પામ્યા વિના હજી સુધી કોઇ પણ આત્મા અનંત સુખનો ભાગીદાર થયો નથી, થતો નથી ને થવાનો પણ નથી.

૬૦ ધર્મ અને દુનિયા આ બે પ્રતિપક્ષી વસ્તુઓ છે, એ બેનો મેળ નથી, કારણ કે એક આત્માને લાભદાયી છે ને બીજી તેવી નથી.

૬૧ સાચો ચિકિત્સક કેવળ બહારના વ્યાધિ ઉપર ધ્યાન નહિ આપતાં નિદાન તપાસે.

૬૨ જ્ઞાનીઓએ નિદાન તપાસીને જે માર્ગ બતાવ્યો તે દુનીયા અંગીકાર કરે તો, મશીનગનોની, જેલના પાંજરાઓની, પકડનારની અને રક્ષણ કરનારની જરૂર કદિ નહિ પડે. મનુષ્યો જો મનુષ્ય બની જાય.

મનુષ્યપણુંને ભૂલી ન જાય, શું કરવા યોગ્ય છે, તેનો નિર્ણય કરી વર્તવા માંડે તો બધી વસ્તુ નાબુદ બની જાય.

૬૩ સામાની પાસે જો તમારે ગુણુ જોઇ તો હોય તો પ્રથમ તમે ગુણવાન બનો !

૬૪ બાળકમાં પોતાનું હિતાહિત જોવાની તાકાત નથી, માટે હિતાહિત જોવાની તાકાતવાળા વડિલની આજ્ઞા માનવી જોઇએ.

૬૫ મા-બાપ તેજ કે જે દિકરાને ખોટી આજ્ઞા કરેજ નહિ.

૬૬ અર્થ-કામની લાલશા એ એક ભયંકર વસ્તુ છે. એ લાલશાના યોગેતો આજે એવા વકતા નીકલ્યા છે, એકેક વેણુ બોલે ને સામાંના કાળજામાં હોળી સળગે.

૬૭ દુનિયાના પદાર્થોની આશક્તિ રૂપી અગ્નિ સળગી રહેલ છે, તેને વૈરાગ્ય રૂપી જળથી શાંત કરો !

૬૮ વૈરાગ્ય ભાવવાળા આત્માનો સંસાર પણ દુઃખ રૂપ નીવડતો નથી.

૬૯ જગતમાં મશીનગનોને જીવતા રાખનારા સંસારરસીકોજ છે.

૭૦ કાળો આદમી ધોળામાં ખપવાનો દંભ કરે, ત્યાં ન જોઇતી ઉપાધિઓ ઉભી થાય,

૭૧ શ્રી મહાવીર દેવના શ્રી જિનેશ્વર દેવના શાસનમાં કોઇનો પક્ષપાત નથી.

૭૨ કર્મસત્તા આગળ કોઇનું ચાલ્યું નથી, અને ચાલવાનું નથી.

૭૩ અશુભકર્મબંધ અશુભસંયોગો ઉભા કરે, શુભકર્મબંધ શુભ સંયોગો ઉભા કરે, એ બેઉને આપણે આધીન ન થઇએ તો ધર્મ થઇ શકે,

૭૪ સાચાને સાચું આ તરીકે સ્વીકારતાં શીખો, એ સ્વીકાર્યા વિના શ્રેય નથી,

૭૫ જે શુભાશુભના ઉદયને આધીન ન બને તેજ ધર્મ આરાધી શકે.

૭૬ શ્રી જિનેશ્વરદેવના શાસનમાં શ્રાવક અને શ્રાવિકા એ છઠ્ઠું ને સાત્તમું પુણ્ય ક્ષેત્ર છે.

૭૭ શ્રી જિશ્વરદેવની આજ્ઞામાં રહેલ એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા એ સંઘ છે.

૭૮ જ્ઞાની માને છે, કે સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારના સ્વરૂપને સમજનાર છે.

૭૯ ધર્મના અંતરાય કરનારી માતા તે સાચી માતા નથી, તેવા પિતા તે સાચા પિતા નથી, અને તેવા સ્નેહી તે સાચા સ્નેહી નથી.

૮૦ માબાપની ધર્મઘાતક આજ્ઞાને માનનાર દીકરો તે ખરી રીતે તો માબાપનો પણ ઘાતક છે.

૮૧ પિતાની એટલે કે વડીલની આજ્ઞાને માનવી, એવી જિનેશ્વર દેવની આજ્ઞા છે, પણ જે હિતકારિણી હોય તેજ.

૮૨ શાસ્ત્રનો રાગી તે છે કે જે સાચી સાધુતાનો પૂજારી હોય.

૮૩ દુનિયા એટલે આધિ, વ્યાધિ, અને ઉપાધિ, જ્યાં એ ત્રણ નહિ ત્યાં શાંતિ, આધિ એટલે મનની પીડા, વ્યાધિ એટલે શરીરની પીડા, એ બંનેની માતા તે ઉપાધિ.

૮૪ સત્યના કહેનારે કંઇએ અસત્યોનું ઉન્મૂલન કરવું પડશે, અસત્યને અસત્ય તરીકે ઓળખાવવું એ કાંઇ નિંદા નથી.

૮૫ જગતમાં દુશ્મનો કરતાં પણ ખરેખર ભકતોથી બહુ સાવચેત રહેવા જેવું છે.

૮૬ ત્રણ પૈસાનો આદમી પણ હજારોનું નિકંદન વાળવામાં નબળો નથી. હિંસા, જુઠું, અનાચાર આ બધામાં કોઇ નબળો નથી, એમાંતો તે નબળા હોય કે જેઓ આત્મકલ્યાણના અર્થી હોય.

૮૭ જેટલી જેટલી આત્મામાં યોગ્યતા તેટલી તેટલી પ્રાપ્તિ.

૮૮ દુનિયાની સારામાં સારી વ્યકિતમાં પણ દુર્જન ચાંદા પાડયા વિના રહે એ બનેજ નહિ.

૮૯ ખરાબ વાસના અને ખરાબ વાતાવરણે સારૂં એટલું પણ ઉંધુ દેખાય.

૯૦ રૂપૈયાપ્રત્યે પ્રેમ હોય તો પાઇ પ્રત્યે પ્રેમ થાય અને સોનૈયા પ્રત્યે પ્રેમ હોય તોજ રૂપીઆ પ્રત્યે પ્રેમ થાય.

૯૧ જો મૂળ વસ્તુની કિંમત ન હોય તો આજુ-બાજુની વસ્તુ પર પ્રેમ થવાનો નથી.

૯૨ સૌથી પહેલો ગુણ તે છે, કે ધર્મને જાણવાની ઈચ્છા થાય.

૯૩ જ્યાં સુધી સંસારના સઘળા સંયોગો મારે માટે હિતકર છે, એવો ઝાંખોઝાંખો પણ ખ્યાલ હોય ત્યાં સુધી ધર્મની સાચી જીજ્ઞાસા થતી નથી.

૯૪ જેમ ભસવું અને લોટ ફાકવો એ બે નહિ બને, તેમ સંસારને મોક્ષ બેયને સારા માનવા તે ન બને.

૯૫ એક ત્યાગી થાય, તેની પૂંઠે કેટલાક ત્યાગનો રસ લેતા થાય, કેટલાક થોડું પણ તજતા થાય બહુ રંગીલા, મોજશોખીલા પણ વિચારતા થાય કે આખી જીંદગી મોજમજામાં તો નજ કાઢવી.

૯૬ શ્રી મહાવીરદેવની આજ્ઞા વિરૂદ્ધ જતી વાતનો આગ્રહ કરનાર સાધુ તે સાધુપણાને લાયક નથી, શ્રાવક તે શ્રાવકપણાને લાયક નથી, શ્રાવિકા તે શ્રાવિકાપણાને લાયક નથી.

૯૭ હું તો ઢોલ પીટીને કહું છું કે, માબાપની આજ્ઞા ન માનવી એવું કહે તે શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાનો વિરાધક છે. પણ શરત એટલી છે કે તે માબાપ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો વિરોધ કરનાર ન હોવા જોઈએ.

૯૮ ઉત્તમ દિકરાની ફરજ તો એ છે, કે ઉપકારી માતાપિતાને ધર્મમાં જોડી તેમને સદ્દગતિનાં ભાજન બનાવવાં.

૯૯ કોઈ ખોટી પ્રશંસા કરે તો તેમને કહી દેવું કે, ખોટી પ્રશંસા કરી અમારા આત્માનું નિકંદન ન બનાવો.

૧૦૦ સાધર્મિક ભક્તિમાં હૃદયની ભક્તિ જોઈએ. દયા કે અનુકંપા નહિ.

૧૦૧ શાસ્ત્ર કહે છે કે, સંસારમાં રહેવું ને સ્વતંત્રતાની વાતો કરવી એના જેવી મુરખાઈની બીજી કોઈ હદ નથી.

---

**વિદ્યાર્થી** :–[સાહેબને] મારા દાખલામાં શી ભૂલ છે ?

**સાહેબ** :–તારા દાખલામાં એક રૂપીઆની ઘટ આવે છે.

**વિદ્યાર્થી** [ખીસામાંથી રૂપીઓ કાઢી] લ્યો સાહેબ, એક રૂપીઓ ને દાખલો ખરો આપો.

**બાપા** :–(દીકરાને) નવિન બજારમાંથી શેર દુધ લેતો આવ.

**નવિન** :–બાપા, પૈસા આપો.

**બાપા** :–પૈસા લઈને તો બધાય દુધ લાવે પણ તું પૈસા વિના લેતો આવ. ત્યારે ખરો. (નવીન જાય છે અને થોડી વારમાં પાછો આવે છે.)

**નવિન** :–(ખાલી કળશ્યો તેના પિતાને દઈને) લ્યો બાપા દુધ પીઓ.

**બાપા** :–આમાં દુધ ક્યાં છે ?

**નવિન** :–દુધ હોય તો બધા પીએ પણ આમાં દુધ નથી તે પીઓ ત્યારે ખરા !

**કીરીટ** :–આજ ચાર દિવસથી હું દુધભર છું.

**પ્રફુલ** :–એમાં શું વાઘ માર્યો ? મારી નાની બેન છ માસથી દુધ ભર છે.

**ગપ્પીદાસ** :–મારો દાદો દોઢ લાખ રૂપીઆ મૂકીને મરી ગયો.

**છોકરો** :–અહો એમાં તે શું ? મારો દાદો મરી ગયો ત્યારે આખી દુનિયા મૂકતો ગયો છે.

સં. **શ્રી શાંતિલાલ દોશી**

# મહર્ષિ કૂરગંડૂ........શ્રી ભદ્રભાનુ

**તપના મદથી કૂરગંડૂ મુનિ તપ ન કરી શકયા, છતાં તપસ્વી મહાત્માઓ પ્રત્યેનો તેમનો સદ્ભાવ કોઇ અપૂર્વ હતો. તેઓનું સમર્પણ ખરેખર અદ્ભૂત હતું, આ કથા એ હકીકત કહી જાય છે લેખકની શૈલી તથા ભાષા અલંકારિક છે. છતાં કથાની સરળતા અકબંધ જળવાઇ રહી છે. તપસ્વી મહાપુરુષો પ્રત્યેનો આદરભાવ કૂરગંડૂ મહર્ષિને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે. કેવો એ તપધર્મ પ્રત્યેનો પ્રેમ !**

સંસારને શણગારવો એટલે આત્મ-પ્રકૃતિનું વિકૃતિમાં પરિણમન. લલિતાંગકુમારનું સંસાર નંદનવન મહેકતું હતું, વિવિધ જાતના કુસુમોથી-ને કુમાર, તેમાં જીવનને ધન્ય માનતો. તે નંદનવનને ખીલવી રહ્યો હતો. તુરમણીની અખુટસંપત્તિ તેના ચરણોમાં લોટતી હતી યૌવનનો થનગનાટ તેનામાં ઝબુકા લઇ રહ્યો હતો, અલૌકિક આ માનવ જીવનને તે લૌકિક પ્રવૃત્તિમાં લૌકિક બનાવી રહ્યો હતો.

આનો પૂરાતન યુગની ખાનદાની ! યૌવનનો ઉન્માદ તેને ભાન ભૂલાવી નહોતો શકતો, ભલે સંસારી છતાં આત્મત્વના મૂળ-ભૂત સત્યતત્ત્વોને અપનાવવા તે હરહંમેશ તત્પર રહેતો. આજની ભૌતિક-વિદ્યાના પનારે પડેલા યુગને આત્મત્વના જતનની કયાં પડી છે ? ભયંકર અશાંતિના વાદળ સર્જાઇ રહ્યાં છે, હૃદયમાં અજંપો ને અવિશ્વાસની જડ ઘડાઇ રહી છે, સંસાર બિહામણો બનતો જાય છે, છતાં તેને રળિયામણો માની રહેલી આજની પ્રજા શાને આર્યત્વની ખુમારી ભૂલી જાય છે ? જાગવાની જરૂર છે, મોહ ને અજ્ઞાનનાં ઘેન ઉતારવાં પડશે, સ્વાર્થ ને આશાઓને જતી કરવી પડશે, આત્માના સત્ય સનાતન સ્વરૂપને પ્રગટ કરવા ભવ્ય પુરુષાર્થના પ્રસ્થાન પ્રારંભવાં પડશે.

ગરબની પુણ્ય પ્રકૃતિમાં ઉછરેલા યુવરા-જમાં ઉચ્ચ ખાનદાનીની ગુણશ્રેણિઓ ડોકાઇ રહી હતી, જૈનત્વની ખુમારી તે રાજકુળોમાં અવતરતા બાળકને ગળથુથીમાંજ અપાતી હતી. જીવનની સત્વશીલતાને આત્માનું પોષણ શું એમનેએમ થતાં હશે ? ન્યોચ્છાવરીના પાઠ હૃદય પટપર અંકિત એમનેએમ થતા હશે ? જ્યાં સુધી સંસારની કારમી નાગચૂડ આ કેવળ આનંદ સ્વરૂપ આત્મા પર છે ત્યાં સુધી ભવ્ય આત્માઓ આત્મ સૌન્દર્યના શૃંગારથી વિમુખ બને છે. તુરમણીના ઉદ્યાનમાં આચાર્ય ભગ-વંતની પ્રેરણા-વાણીની વિરાગમય વાક્ય શ્રેણિઓ વહેવા માંડી.

જ્યાં સુધી કલંકિત કર્મસત્તાની આત્મા પર છાપ ત્યાં સુધી તેની સંસારની રખડપટ્ટી ચાલુ. વિવેકીઓએ માટેજ માનવ જીવનની સફળતા ભૂત સંયમરત્નને મેળવી મુક્તિની સાધનામાં એકાકાર બનવાનું છે. આચાર્ય દેવની ધર્મદેશનાએ લલિતાંગની જીવન મંઝીલની દિશા ફેરવી નાંખી. વિવેકી રાજકુમાર સંસારની ગુલામીમાંથી મુક્ત બનવા તલપાપડ બની બેઠો. સંસારે મારી સાથે આજ સુધી દગો ખેલ્યો ! એ દગાબાજ સંસારને મારે હવે એક ક્ષણ પણ મારો શા માટે માનવો ? વહેલીતકે તેને લાત મારી મારા જીવનના સત્ય તત્ત્વોની ખીલવણી કરવા આ જીવન જિનને સમર્પિત કરી દઉં ! અહો ! કર્તવ્ય દિશાનું ભાન થતાં માનવ કેવો કર્ત-શીલ બને છે ! લલિતાંગની સંસાર તરફ લાલ આંખ ઘુમી રહી.

'પ્રભુ !' સંવેગીકુમાર મહામુનિના ચર-ણોમાં ઝુકયો.

" પ્રભુ, ખરેખર, ભયંકર સંસાર શિકારિના શિકાર બનતાં મને ચેતાવી મૂકયો, નહિતર તે શિકારીના સકંજામાંથી કયાં મુક્તિની આશા રાખવી ! "

" કુમાર, માનવ જીવન વિષય-કષાયના તોફાનમાં તો ફના નથી થતું ને ! યુવાની અનંત સંસારવર્ધક વિષયની પુષ્ટિમાંતો બરબાદ નથી થતું ને ?

" પ્રભુ ! " લલીતાંગના ગળે ડૂચો ભરાયો.

" ભોગ અને વિલાસમય જીવન આજ-દિન સુધી હતું. ' યૌવનનો કાળ એટલે વિષય-વાસનાના સુખોના આસ્વાદો લેવાનો અણમોલ સમય છે ' એમજ માની માનવ જીવનને બરબાદીના ખડકો સાથે અફાળી રહ્યો હતો. " વિરાગ બનેલો લલિતાંગકુમાર ગત જીવનને ધિક્કારતો પ્રાયઃશ્ચિતના પિયુષમાં પખાળી રહ્યો.

૨

**આજે** લલિતાંગ રાજવૈભવના વિલાસી જીવનથી હટી સાધુ જીવનની ત્યાગમય પગદંડીએ આવી ઉભો. સમગ્ર વૈભવી જીવનને સંકેલી માયા ને મમતાના તીવ્ર પાશોને છેદી, દેવાધિદેવ શ્રી જિનેશ્વર પરમાત્માઓએ આદરેલા ને પ્રરૂપેલા એવા એ સંયમ જીવનને તે દીપાવી રહ્યો.

હતી તેને પણ ઉમંગો ભરી કોડીલી અંગનાઓ, વિલાસની સંપૂર્ણ સામગ્રી ને યુવાની સાથે રૂપ ને સ્વાતંત્ર્ય પૂર્ણપણે વિકસેલાં, પરંતુ, નહિ ! એતો સર્વ આત્માના વિનાશક કાતીલ શસ્ત્રો છે ! પુણ્યપ્રકૃતિની બરબાદીથી મળેલી ઋધ્ધિ-સિધ્ધિ આત્માના ઘરની નથી. જડના ખેલ જડને સોંપીદે ! તારે શુધ્ધ આત્માને કંઇ લાગે વળગે નહિ. લલિતાંગ મુનિ ગુરૂની નિશ્રામાં જગતના કલ્યાણ અર્થે ને સ્વાત્માની ઉચ્ચ પરિણુતિને માટે પૃથ્વીપર વિચરવા લાગ્યા, પરંતુ હાય ! કર્મની ક્રૂર સત્તા કોના પર નથી સ્થપાઇ ? પૃથ્વી પરનો એકે એક જીવ તેની કારમી ગુલામી ઉઠાવી રહ્યો છે. લલિતાંગ મુનિ પણ ક્ષુધા વેદનિય નામના કર્મનો વિપાક ભોગવતા, દરરોજ એક ઘડો કૂર ( ચોખા ) નો લાવી તેને નિરસ ભાવે વાપરતા ને તે લલિતાંગ મુનિમાંથી **કૂરગડુ મુનિ** બન્યા.

ઉપશમ રસથી ભરપૂર તે પ્રશાંત મુનિ રત્નમાને નિંદવામાં કંઇ કચાશ નહોતા રાખતા. વર્ષના ૩૬૫ દિવસ લાગલગાટ આરોગતા જોઇ કદાચ કોઇને સામાન્યતઃ ઘૃણા આવે પણ સુશીલ પુરુષો કરૂણાભરી દૃષ્ટિથી વિચારે, મુનિ કર્મના ભારથી કચડાય છે !

૩

**વર્ષા**કાળ આવી લાગ્યો. અષાઢી મેઘનાં આગમાન થઇ ચૂકયાં. મુનિ પણ નગરના ઉદ્યાનમાં ચાતુર્માસ માટે આવી ગયા. ચોમાસાના ચાર મહિના એટલે ! અનાદિની સંજ્ઞાઓને તોડવાનો, લેશ્યાઓને કચરવાનો અને મોહ અને અજ્ઞાનને હટાવાનો સુઅવસર ! પરંતુ કૂરગડુ મુનિ આવા કલ્યાણ દિવસોમાં પણ ક્ષુધા વેદનિયના ઉદયથી બચ્યા નહિ, ધર્મ અનુષ્ઠાનોમાં દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા. ત્યાંતો પર્યુષણા મહા પર્વનાં આગમન પણ થઈ ગયાં. ઉપાશ્રયો અને મંદિરો શાસનની પ્રભાવનાનાં કેન્દ્રો બની ગયાં. બજાર, શેરી અને જાહેર રસ્તાઓ પણ જાણે આ મહા પર્વનાં પ્રેમ-ભીનાં સ્વાગત ન કરતાં હોય ! તેમ ધ્વજા-પતાકાને તોરણોથી શણગારાઇ ગયા, અપૂર્વ ભકિત રંગમાં માનવ સમુહ ઉલટાતો હતો, દિવસો પર દિવસો વીત્યા ને ત્યાં તો સંવત્સરીનો મહાપર્વ દિવસ આવી લાગ્યો.

જીવનને પ્રાયશ્ચિતના જળમાં પ્રક્ષાલન કરી લૌકિકતા હટાવી અલૌકિકતાથી શણગારી, મોક્ષનગરની મહેમાનગીરીએ ન જવાનું હોય, તેમ પ્રત્યેક શ્રાવક હર્ષભેર ને ઉલ્લાસભેર સંવત્સરીને શોભાવે છે.

અહો! પ્રાયશ્ચિતના અગાધ સમુદ્રમાં નાહીને જીવ કેવો નિર્મળ હૃદયનો અને સુકોમળતાથી સર્વાંગ સુંદર દીસે છે! જુગ જુનાં કર્મબંધનો સામે સ્વાતંત્ર્ય જંગ ખેલવાની અણમોલ તક કેવી તે આ પુણ્યદિને માનવ મેળવે છે! આવા આ કલ્યાણ દિવસે પણ આ ઋષિ રોજના કાર્યક્રમ મુજબ સવારમાં ઉઠતાંજ ક્ષુધાવેદનીયથી પીડાતા ગોચરીએ નિકળ્યા.

નિરસ ને શુષ્ક, નિર્દોષ અને નિર્વિકારી આહાર! ફક્ત પેટને પૂરવા માટે, કર્મના કરને ભરવા પૂરતુંજ તેનું હૈયું આત્માની કંગાલિયત પર ઝુરવા માંડયું. અરેરે! આ પવિત્ર દિવસે પણ મારા માટે આત્મસાધનની એક પ્રવૃત્તિ નહિ? ભવ્ય જિનશાસનની પ્રાપ્તિ પછી પણ કર્મસત્તા તેનો ક્રૂર સ્વભાવ છોડવા તૈયાર નહિ? ઋષિના હૈડે આત્મનિંદાનો દાવાગ્નિ પ્રગટયો.

ગોચરી લાવીને વિધિસહિત પ્રણામ કરી ગુરુદેવને બતાવી ગોચરી લેતાં કંઇ પણ તેના બેંતાલીસ દોષમાંથી એક પણ દોષ સેવાઇ તો નથી ગયોને, તેને યાદ કરી ગુરુદેવ સમક્ષ નિવેદિત કરી આ મુનિ તેમના સહાધ્યાયી મહામુનિઓની ભક્તિ કરવાની ઇચ્છાથી દરેકને નિમંત્રે છે, 'પધારો થોડોક આ કંગાલ મુનિને લાભ આપો.' તેના ગળગળા ને આત્મનિંદાથી ભરપુર સ્વરો કોના હ્રદયને ન ભીંજવે? લાભ! આજે લાભ લેવો છે? લે. લેતા તો નથી, પણ લાભ આપીએ છીએ, ને તે માસખમણના તપસ્વીઓ મુનિના લુકખા-સુકકા કૂરમાં થુંકવાની કુંડીની રાખ ફેંકી.

અહો! કેવા પરોપકારી! કેવી અમીદષ્ટિ કે મારો લાભ લીધા વિના, ઉપરથી તેમના પવિત્ર મુખના અમૃત બિંદુઓનું દાન કર્યું! અનંત કાળના દીર્ઘ કાળમાં આજનો દિન ધન્ય ધન્ય બન્યો! ભારોભાર આત્મગુણોની શ્રેણીએ ચઢતાં-ચઢતાં કૂરના કવળે કવળે આત્માની મલિનતામાં પ્રકાશનાં કિરણો આછાં આછાં પથરાયાં. આત્માની અનંત અજ્ઞાનતામાં અનંત જ્ઞાનના દિપકો પ્રગટ્યા. મોહમુઢતાથી ઘેરાયેલો સચ્ચિદાનંઘન પ્રફુલ્લપણે તેના દિવ્ય સ્વરૂપમાં ઝગમગી રહ્યો. આત્મઘાતક આંતર શત્રુઓનાં જુથ ગભરાયાં, નાશભાગ શરૂ કરી. રાગ અને દ્વેષ મોહ અને અજ્ઞાન, આશાઓ અને સ્વાર્થાન્ધતા, કૃપણતા ને તુષ્ણા, અસહિષ્ણુતા અને ઉચ્છૃંખલતા જેવા કુટિલ દુર્ગુણો હવે આ મુનિને સતાવી શકે એમ નથી. અનાદિની કર્મપ્રકૃતિને હટાવી, કાળનાં ચક્રો મીટાવી અનંત આનંદનાં ચક્રો ગતિમાન થઇ ચૂકયાં.

દેવની દુંદુભિ વાગી, દૈવી નૃત્યો સર્જાયાં. વિયત દેવવિમાનોથી છવાયું સહસ્ત્ર કમળ રચાયું. મુનિને કેવળજ્ઞાન પ્રગટયું. મુલાયમ સુવર્ણ કમળ પર મુનિ આરૂઢ થયા.

કુરગડુ કેવળી વર્ષો સુધી આ ભારતવર્ષ પર વિચરી અનેક આત્માઓનાં કલ્યાણ કરી, અનંતને અમાપ સંસાર અને કાળનો અંત લાવી અનંત જીવોના ધ્યેયભૂત પરમ શાશ્વત સિદ્ધિપદમાં પહોંચી ગયા.

# શ્રી સૂરદત્ત શેઠ...........શ્રીકૃષ્ણપ્રસાદ ભટ્ટ

**ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામીના જન્મ કલ્યાણકથી પવિત્ર પોષ દશમીની આરાધનાના પ્રભાવને આ કથા કહી જાય છે. શ્રધ્ધાપૂર્વક આરાધના કરનારની આપત્તિઓ વિખેરાઇ જાય છે, સંપત્તિઓ આવી વસે છે. લેખક જૈનેતર હોવા છતાં મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મ. દ્વારા સંપાદિત થતી 'શિશુબોધ સોપાન ગ્રંથાવલી' ને અંગે, તેઓના પરિચયમાં આવતાં તેઓની પ્રેરણાથી લેખકે આ કથા લખીને અમને માસિકમાં પ્રસિધ્ધ કરવા મોકલી છે.**

સૂરદત્ત સુરેન્દ્રપુરનો નગરશેઠ હતો, લક્ષ્મી તો પગમાં અટવાતી. લોકો તેને 'શેઠ' શબ્દથી સંબોધતા અને શેઠ વ્યોમવિહાર કરતા. પુણ્યોદયે શીલવતી નામની પતીવ્રતા સ્ત્રી તેમને મળી હતી અને તેથી સુખમાં કાંઇજ ઉણપ રહી નથી, તેમ શેઠ માનતા.

પરંતુ શેઠની એ એક ભ્રમણાજ હતી. માનવે જ્યાં સુધી ધર્મસંચય કર્યો નથી, ત્યાં સુધી તેના જીવનના સરવૈયામાં ખોટજ. ખોટ સિવાય અન્ય કાંઇ હોતું જ નથી, પણ સૂરદત્તને ધર્મસંચય કરવા સમય ન હતો, તેને ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ વીતરાગ અને સર્વજ્ઞ બની માનવના મોક્ષ માટે પ્રવર્તાવેલા ધર્મને જાણવા જીજ્ઞાસા ન હતી, તે ધ્રુવડ દ્રષ્ટિ હતો. તે સાંસારિક ભાવનાઓમાં એટલો તો મુગ્ધ થયો હતો કે તેને પરભવનું ભાથું બાંધવા પણ વિચાર સરખોય આવતો નહિ. તે તો તેનો સમય ઐહિક સુખો ભોગવવામાં ગાળતો.

તેણે અઢીસો વહાણ કરિયાણાનાં ભરી પોતાના માણસો સાથે રત્નદ્વિપ તરફ મોકલ્યાં. સફર કરતાં વહાણો રત્નદ્વિપે આવી પહોંચ્યાં.

વહાણમાં રહેલા માણસોએ બજારની રૂખ જોઇ પોતાનો માલ વેચવા માંડયો. બુઝાતો દીપક બૂઝાતાં પહેલાં પૂર્ણરીતે પ્રકાશે તેમ સૂરદત્તના ભાગ્યે છેલ્લો ચમકારો બતાવ્યો. માલ વેચાતાં સારો એવો નફો થયો.

માલનુ વેચણ થયા પછી વધુ નફાની આશાએ નવો માલ ખરીધો, પણ માનવની આશાઓ કયારે ફળે છે? જો માનવનુ ધાર્યું થતું હોત તો માનવ જગતમાં પોતાનાં આપ્તજનો સિવાય અન્ય કોઇને રહેવા દે કે કેમ, તે એક પ્રશ્નજ છે.

માલ ભરેલાં વહાણો મુસાફરી માટે તૈયાર થયાં. આગળ વધ્યાં, તે સાથેજ સૂરદત્તના નશીબે કયાંકથી તોફાની પવન આવ્યો સમુદ્ર તોફાને ચઢયો. વહાણોને ગળવા મોટા મોજાં ઉછળવા લાગ્યાં. ત્યારે...ત્યારે વહાણમાં રહેલા સૂરદત્તના માણસો પોતાના ઇષ્ટને બચાવવા પ્રાર્થના કરવા લાગ્યા. પણ...પણ...જયાં ભાગ્યજ રૂઠયું હોય ત્યાં...વહાણમાનાં માણસો અત્યારે જીવન અને મૃત્યુ વચ્ચેનો જંગ ખેલી રહ્યાં હતાં. તેમનાં વહાણો ઘડીકમાં ડુબતાં તો ઘડીકમાં આગળ વધતાં તેઓને જણાતાં.



ભીલ લોકો શેઠનાં માલના ગાડા લૂંટવા કરી વળ્યા છે,

વહાણો તો જવાની દિશા છોડી અન્ય દિશાએ જવા લાગ્યાં. ખલાસીઓના અનેક પ્રયાસો છતાં વહાણો યોગ્ય દિશાએ ન વળ્યાં, તેથી તેમની આશા નિરાશામાં પલટાઇ ગઇ. સૂરદત્તના અશુભોદયે વહાણોને અવળે માર્ગે દોર્યાં. એટલુંજ નહિ પણ તેના બહાર ગામથી આવી રહેલા માલથી ભરેલાં પાંચસો ગાડાં ભીલોની દ્રષ્ટિએ ચઢયાં એટલે ભીલ સરદાર આગળ આવ્યો અને બોલ્યો :

"ગાડાને રોકો અને તેમાં જે કાંઈ હોય તે અમને આપી દો."

પણ સૂરદત્તના વફાદાર માણસો એમ ગાડાનો કબજો સોંપે તેમ ન હતા. પરિણામે ઉભયપક્ષો વચ્ચે ધીંગાણું શરૂ થયું. ભીલોએ ગાડા સાથેના માણસોને બાપનાબાપ પોકરાવ્યા. સારી રીતે મારમારી નસાડયા. બિચારા જીવ બચાવવા મુઠીઓવાળી નાઠા.

કર્મનો ખેલ આટલેથી પૂરો થવાનો ન હોય તેમ ઘરમાં દાટેલા અગિયારક્રોડ સોનૈયા સાપ, વીંછી અને કોલસાના રૂપમાં પરિવર્તન પામ્યા. આ સાથેજ સૂરદત્તે ઊંડી હાય નાંખી, કપાળ કુટી નાંખ્યું. તે પોકે પોકે રડયો.

અશુભોદયે પોતાનું સામ્રાજ્ય વિસ્તાર્યું. ડાહ્યો ગણાતો સૂરદત્ત મૂર્ખમાં ખપવા લાગ્યો. સાચેજ સર્વ ગુણો કાંચનના આશ્રયેજ રહેલા છે.

જે સૂરદત્તશેઠને ત્યાં અનેકોનો અવરજવર હતો, તેને ત્યાં આજ કાળો કાગડોય ફરકતો ન હતો. કારણ ગઈ કાલનો નગરશેઠ સૂરદત્ત આજ ભિખારી થઇ ગયો હતો. અને તેથી સૂરદત્ત મનમાં મુંઝાતો જેમતેમ દિવસો વ્યતિત કરતો તેવામાં... ...

સુરેન્દ્રપુરમાં શ્રી દેવેન્દ્રસૂરિજીની પધરામણી થઇ. નગરાધિપને આ વધામણી પહોંચાડવામાં આવી નરેશે વધામણી લાવનારને ઉપહાર આપ્યો, પછી પોતાનાં સ્વજન અને નગરલોકો સાથે તે સૂરિજીને વંદન કરવા નીકળ્યો. સદ્‌બુદ્ધિએ સૂરદત્તને પ્રેરણા કરી તેથી તે સૂર્યોદય થતાં તારાઓ પોતાનાં મોઢાં સંતાડે તેમ નગરજનોથી મોઢું સંતાડતો તેમનાથી દુર પાછળ-પાછળ ચાલવા લાગ્યો.

આવેલા બધાં સૂરિજીને વાંદી યોગ્ય સ્થાને બેઠાં એટલે તેમણે દેશના આપતાં કહ્યું.

"હે ભવ્યજીવો ! અસાર સંસારમાં જો સાર હોય તો તે ધર્મજ. માનવ સર્વે કાંઇ ધર્મથી પ્રાપ્ત કરી શકે છે, અને એ ધર્મમાં પણ વિવેક મહત્વનો છે, વિવેકવિના માનવ નિસ્તેજ જણાય છે. ધર્મ અને વિવેક વિનાનો માનવ, માનવ નહિ પણ પશુજ છે, માટે પ્રત્યેક જીવે ધર્મ-વિવેક સમજી તેનું પાલન કરવું પરંતુ જો જીવ ધર્મને સમજે નહિ અને યથેચ્છ રીતે વર્તે તો તેનાં કર્મ પ્રમાણે અનેક યોનિમાં દુઃખ ભોગવતો તે ભ્રમણ કર્યાજ કરવાનો."

દેશના પૂર્ણ થતાં સહુકોઇ પોતપોતાનાં સ્થાને ગયા ત્યારે સૂરદત્ત ધીમાં પગલાં ભરતો સૂરિજી પાસે આવી ચરણોમાં પડયો. સૂરિજીએ ધર્મલાભ આપ્યો.

સૂરદત્તે સૂરિજીને પૂછ્યું, મારા કર્મે મને ભિખારી બનાવ્યો છે, પણ તે ભિખારીપણાનું દુઃખ આપના ઉપદેશથી દૂર થઇ ગયું છે, છતાં સુકૃત્ય કરવા કાંઈક ધનની આવશ્યકતા હોય છે, તો આપ મને એવું કોઇ વ્રત બતાવો જેને લઇ હું ધર્મ આચારતો આવશ્યક ધન પ્રાપ્ત કરી શકું અને સદ્‌માર્ગે વાપરી શકું."

બાળકની વાત સાંભળી બાપ હસે, તેમ હસતાં સૂરિજીએ કહ્યું;

"હે જીવ ! તું પોષ વદિ દશમીનું વ્રત કર ! એ વ્રત કરવાથી મનવાંછિત પ્રાપ્ત થાય છે."

'મહારાજ સાહેબ, એ વ્રત મારે કેવી રીતે કરવુ ?' સૂરદત્તે પૂછ્યું. એ દિવસે ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથાર્હતે નમઃ'ના બે હજાર જપ કરવા વળી પોષવદ નોમ, દશમ અને અગિયારસે એકાસણું કરવું. આ દિવસો દરમિયાન ભૂમિ પર સૂવું, બ્રહ્મચર્ય પાળવું, બે વખત આવશ્યક પ્રતિક્રમણ કરવાં, ત્રણ વખત દેવવંદન કરવાં, જિનાલયમાં સ્નાત્રમહોત્સવ કરવો, તેમાંય શ્રી પાર્શ્વનાથ પ્રભુના જિનાલયમાં સત્તરભેદી પૂજા અથવા અષ્ટ પ્રકારી પૂજા વિધિપૂર્વક કરવી. સારી સારી ભાવનાઓ ભાવથી ભાવવી તે ઉપરાંત ગુરુ મહારાજને વંદન કરવું, તેમની પાસેથી શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચરિત્ર સાંભળવું. ગુરૂને પોતાને ત્યાં બોલાવી પ્રતિલાભવા. દ્વાદશીને દિવસે-પારણાને દિવસે શક્તિ અનુસાર સ્વામીવાત્સલ્ય કરવું. આ પોષ વદ દશમીનું વ્રત દશ વર્ષ સુધી કરવું."

"શું પોષવદ દશમી..."

"હા, પોષવદ દશમીએ શ્રી પાર્શ્વનાથ પ્રભુનો જન્મ કલ્યાણક દિવસ, માનવને મનવાંચ્છિત ફળ આપનાર"

ધીકતી ધરાને વર્ષા જેમ શાંત કરે તેમ સૂરદત્તના હૃદયને સૂરિજીના શબ્દોએ શાંત કર્યું, અને તેણે જૈનધર્મ અંગીકાર કર્યો ને મન સાથે તે વ્રત કરવા નિર્ણય કર્યો.

વ્રત કરે દશ મહિના થઇ ગયા, એ વ્રતના પ્રભાવે કાલકૂટ દ્વીપ તરફ ચાલ્યાં ગયેલાં વહાણો પાછાં આવ્યાં, કિનારે વહાણો આવતાંના સમાચાર સાંભળી તે તો પાગલની જેમ તેના સેવકની સામે તાકી રહયો. આ સમાચાર સૂરદત્તને પહોંચાડવામાં આવ્યા અને રડતા અવાજે બોલ્યો;

“ભાઇ દુઃખીની મશ્કરી શું કરો છો ?”



“ના શેઠ, આ મશ્કરી નથી. સાચીજ વાત છે.”

“હા. હા નાથ. એ વાત સાચીજ છે.” વચ્ચેજ શીલવતી બોલી. “જૈનધર્મના પ્રભાવે પોષ વદ દશમીના વ્રતે આપણું ભાગ્ય ફેરવી નાંખ્યું છે.”

શ્રી પાર્શ્વનાથ, શ્રી પાર્શ્વનાથ.” સૂરદત્ત બોલ્યો, તેની ભારે આંખોમાં આંસુ હતાં.

શીલવતીએ સમાચાર લાવનારનો યોગ્ય સત્કાર કરી રવાના કર્યો, તે પળે તેણે સૂરદત્તને કહ્યું;

“આપણે જ્યાં ધન દાટયું હતુ, ત્યાં ભોં ખોદી મશીબનો ચમત્કાર તો જોઇએ.”

“હા ચાલો !”

પતિ-પત્ની જ્યાં ધન દાટેલું હતું; ત્યાં આવી ખોદવા લાગ્યાં, ખોદતાં તેમની દૃષ્ટિએ પૂર્વની જેમ સોનૈયા પડ્યા.

“સાચેજ નાથ તમે કરેલું વ્રત ફળ્યું, જૈનધર્મની આરાધનાના પ્રભાવે આપણાં દુઃખના દહાડા ચાલ્યા ગયા.” હૃદયનો આનંદ વ્યક્ત કરતાં શીલવતીએ કહ્યું.

‘ખરેખર મહાન પુરૂષોના ચરણે જતાં દુઃખ દૂર થયા વિના રહેતાં નથી.” સૂરદત્તે કહયું.

શ્રી દેવેન્દ્રસૂરિજીના સમાગમમાં આવતાં “રંક” સૂરદત્ત ફરીથી શેઠ બની ગયો.

હવે એ સૂરદત્ત ઉદાર, પ્રાણી માત્રપર દયાવાળો, સાચો જૈન બની ગયો છે. તેના પ્રત્યેક શ્વાસમાં જૈન ધર્મનો વિજય નાદ સંભળાય છે.

---

# જરા બુદ્ધિને કસો તો !

[નીચે **પ્ર ને તિ** બે અક્ષર આઘા પાછા ગોઠવ્યા છે. તેમાં આરંભમાં, વચમાં તથા અંતમાં એક એક ખાનું ખાલી રાખ્યું છે, તે તમારે સામે લખેલા અર્થના આધારે માત્ર પાંચ મિનિટમાં જ પૂરવાનું છે, ચાલો, ત્યારે ઝટ કરો]

૧ **પ્ર—તિ.** સ્વભાવ.
૨ **પ્રતિ—.** પચ્ચક્ખાણ, નિયમ.
૩ **—પ્રતિ.** હમણાં, એક સમ્રાટ
૪ **પ્ર—તિ.** ઉન્નતિ.
૫ **પ્ર—તિ.** ઇત્યાદિ.
૬ **પ્રતિ—.** મૂર્તિ.
૭ **પ્ર—તિ.** પ્રણામ
૮ **પ્ર—તિ.** પૂર્ણશાન્તિ.
૯ **પ્રતિ—.** તેજ, કાન્તિ.
૧૦ **પ્ર—તિ.** વિશ્વાસ, ખાત્રી.
૧૧ **પ્ર—તિ.** કોઈ કાર્ય માટે કરાતી પ્રતિજ્ઞા
૧૨ **પ્ર—તિ.** જન્મ, ઉત્પત્તિ,
૧૩ **પ્રતિ—.** મોભો. આબરૂ.
૧૪ **પ્ર—તિ.** પ્રસિદ્ધિ.
૧૫ **પ્ર—તિ.** યાત્રા, અભિયાન.

( ઉત્તર અન્યત્ર વાંચો.) —વિશ્વચન્દ્ર

# દેહને દાપું



શ્રી જયભિક્ખુ

**શ**રીર એ આત્માનું ઘર છે; છતાં આજે ઘરના મોહે આત્માને મૂઝવ્યો છે, એટલે દેહની ખાતર માનવ જીવનમાં કેટ-કેટલી નબળાઇઓ પ્રવેશવા પામી છે, તે લેખક અહિં એમની લાક્ષણિક શૈલીયે રજૂ કરે છે. લેખક સુપ્રસિધ્ધ વાર્તા લેખક છે. વાર્તાના સંખ્યાબંધ પુસ્તકો તેઓએ લખ્યાં છે. 'આપણી નીતિ કથાઓ'માંથી આ કથા અત્રે રજૂ કરી છે, લેખકની 'જૈનધર્મની પ્રાણી કથાઓ, અને નીતિકથાઓ' ખરી વાંચવા જેવી છે.

**અ**ગતરાઈ કસબાનું ગામ હતું. જીવણરામ મુખ્ય હતા. એમની નામના અડખે-પડખેના ગામોમાં ખૂબ હતી. એમણે પોતાની એકની એક દીકરીનાં લગન લીધાં. ઝાઝેરી જાન તેડાવી, જાન આવી એટલે જમણ વગર ચાલે? એમણે ભારે જમણ દીધાં.

જમણ તે કેવાં? દૂર-દૂરના રસોઇયા રાંધવા આવ્યા. ઘી-તેલની જાણે નદીઓ વહી. ખાંડ અને ગોળના તો પહાડ ખડકાયા. શાક અને ચટણી માટે તો લીલુડી વાડીઓ ઉજ્જડ થઈ.

બત્રીસાં શાક ને છત્રીસાં ભોજન! મીઠાઇ એવી કે, જોઇને પેટમાં શેરડા પડે! શાક-દાળ એવાં સ્વદિષ્ટ કે આંગળાં કરડી ખાવાનું મન થાય. જીવણરામે જીવ પણ ભારે દાખવ્યો. આખું ગામ ધુમાડા બંધ જમાડયું.

ગામે પણ દાબી-દાબીને ખાધું. એક ટંકમાં ચાર ટંકનું ખાધું, પણ પા શેરનું પેટ તો બિચારૂં જેટલો ભાર ઉપાડતું હોય એટલું જ ઉપાડેને! કેટલાકને ઝાડા-ઉલટી થવા લાગ્યાં. ગામ એવું જુનવાણી કે વૈદનું નામ-નિશાન ન મળે!

પણ જીવણરામનો જીવ ભારે ઉદાર! એમણે તાબડતોબ બહારગામથી સારો વૈદ તેડાવ્યો. વૈદ આવીને પેટમાં દુઃખતુ બંધ થવાની ફાકીઓ આપી. ઝાડા-ઉલટી રોકવાની દવા આપી. વૈદ તો ભારે હોંશીઆર નિકળ્યો, એણે ભૂખ વધુ લાગે એવી ગોળીઓ પણ આપી. લોકોને ઝટ સારૂં થઈ ગયું. ભૂખ પણ લાગવા માંડી, પણ જેમ સારૂં થયું તેમ સારૂં ખાવાની હોંશ અને હિંમત વધી,



લોકો કહે 'યાર ખાઓને! કંઇ થશે તો આપણા વૈદરાજ છેને! પહેલાં લોકોને માંદા પડવામાં શરમ લાગતી. હવે તો વૈદરાજની ગોળીઓ ખાવી એ તો મોટાઈની નિશાની મનાવા લાગી, સાથે-સાથે ફેશન પણ ગણાવા લાગી.

જાન તો થોડે દહાડે વિદાય થઈ, પણ લોકોને ખાવાનો ચસકો લાગી ગયો. ઘેર-ઘેર ભાત-ભાતનાં ભોજન અને જાત-જાતની

વાનીઓ થવા લાગી. પહેલાં લોકો 'દેહને ભાડું આપ્યા વિના કાંઇ છુટકો છે ભાઇ!' એમ કહીને ખાતા, તે હવે કહેતા કે, ભાઈ! જમવા-રમવા માટે તો આ જીંદગી છે. દુનિયામાં મહેનત પેટ માટે કરીએ છીએને!

રસોઈમાં અન્ન કરતાં આથણાં વધી ગયાં. રોટલો અને શાકમાં જયાં ભોજન પુરૂં થતું ત્યાં બે શાક, જુદી-જુદી જાતની દાળ, રાઇતાં, ચટણી, કચુમ્બરની કડાકૂટ વધી ગઈ, વાનીઓ વધી તેમ ખોરાક ઘટયો, ખાવાની તો બે રોટલી પણ આ બધા ચટાકા વગર ગળે ન ઉતરે! રણમાં સરીતા સુકાઇ જાય તેમ મોંનુ અમી જાણે સાવ શોષાઇ ગયું.

પેલા વૈદરાજને પણ આ ગામ ગમી ગયું. પહેલા જયાં એક પણ દરદી ન હતો મળતો, ત્યાં આજે રોજરોજ અપચાના, કબજીયાતના, ઝાડા-ઉલટીના, માથાના, ચકરીના, ગોળાના દરદીઓની લંગાર ને લંગાર આવવા લાગી, પૈસાની ટંકશાળ પડવા માંડી, આ જોઇને બીજા બે, ચાર વૈદ પણ એ ગામમાં આવીને ધામા નાખીને પડયા.



આજ સુધી લોકો એકવાર શૌચ જતા, એમને ત્યાં કહેવત હતી કે, 'એકવાર યોગી, બે વાર ભોગી, અને ત્રણ વાર રોગી.' પણ થોડા વખતથી અપચો એવો થયેલો, કે દશ વાર જાય તોય પેટ સારૂ થાય નહિ. ઝાડા એવા થાય કે, વીશ-વીશ વાર જવું પડે, એ વેળા ગામની પાદર સુધી પહોંચવું એ પણ ભારે પડે. લોકોએ ઘર આંગણે જાજરૂ કર્યાં, એ ગંદકી ટાળવા શહેરસુધરાઇ સ્થાપી લોકોને હવે રાત વરત જવું પડે તો તેની આપદા ટળી, વળી સુધારાવાળામાં ખપ્યા એ નફામાં.

ગામમાં આથી બીજું સુખ વેપારીઓને થયું. તેઓએ ખાધા-ખોરાકીના ભાવ ઠીકઠીક વધારી મૂકયા. એક જણ વળી ભારે હોંશીઆર નીકળ્યો. એક સારા રસોયાને બોલાવી લાવીને તૈયાર રસોઇ વેચવાની દુકાન કાઢી. આવી ખાધા-ખોરાકીની તૈયાર રસોઇની દુકાન નવીજ હતી. પહેલા માણસ ઘરમાં બેસીને ખાતો, બહાર ખાવામાં શરમ અનુભવતો-ફરતાં, ફરતાં ખવાય જ કેમ? એઠા મોઢે બહાર જવાય કેમ? ખાવાનું સ્થળ પણ પવિત્ર જોઈએ, ખાવાનું પાત્ર પણ સ્વચ્છ જોઇએ, ખાતી વખતે શાંતિ અને એકાંત જોઇએ. અન્ન એ દેવતા છે, માટે સારાં વસ્ત્રો પહેરી, અતિથિને આપી એઠું ન છાંડતાં જમવું, એમ તેઓ માનતા પણ હવે એજ કહેતા, અરે છટ, ખાવું થોડું તેમાં આ શા ચોખલીયા વેડા.

જીભના શોખીનોએ જુનવાણી વિચારો ફગાવી દીધા. નવરા પડયા કે દુકાનોમાં ચટાપો કરવા જઇ પહોંચે, ખાતાં-ખાતાં કહે, યાર! હજાર મહેનત કરીએ પણ ઘરની વાનીઓમાં આ સ્વાદ નથી આવતો. પુરૂષો તો આવ્યા પણ ધીરે ધીરે રસોઇઘરની દેવીઓ જેવી સ્ત્રીઓ પણ આવવા લાગી, એ પણ એ વાનીઓને વખાણવા લાગી. સ્ત્રી ને પુરૂષ આવ્યા તો બાળકો કાઇ બાકી રહે!

આવા શોખીન ગામમાં માલ—સામાન લાવવા-લઇ જવા માટે મોટર-ખટારા આવવા લાગ્યા, પછી તો સુંદર મોટરો આવી, ખુબ ખાનારા માણસોને ચાલવાને ભારે આળસ, ભરે પેટે ચાલવું કઠીન લાગે, મોટરોનો ખુબ ઉપયોગ થવા લાગ્યો, પગ નકામા થયા, પેટ વધવા લાગ્યાં, અપચો, બાદી ને વાયુ, ગોળાના દરદ તો ઘર-ઘરમાં ફેલાઇ ગયાં.



ખાવાનું ખૂબ અને ચાલવાનું નહિ, એટલે માણસોના શરીરની ફાંદ વધવા લગી. પેટમાં વાયુ થવા લાગ્યાં, કોઇ વાર વાયુ કાળજે ચઢી જાય, એ વેળા માણસ બેભાન થઇ જાય, એના શ્વાસોશ્વાસ પણ પુરા ન ચાલે, જીવ ગયો કે જશે, એમ આકળવિકળ થાય, મોટરો દોડે અને બહાર ગામથી મોટા-મોટા દાકતરો આવે.

પણ દાકતરથી માણસ બચતા હોય તો કોઇ મરે જ નહિ. માણસ જીવે તો દાકતરનો જે-જેકાર થાય, મરે તો મરનારના નસીબનો દોષ નીકળે.

આ પછી થોડા દહાડે એક નવો રોગ દેખાયો, લોકોના દાંત ખૂબ ગળ્યું ખાવાથી ને પેટમાં બાદી રહેવાથી બગડવા લાગ્યા. જીવણુરામના પિતાશ્રી સો વરસે મરેલા, પણ દાંતની બત્રીસી અખંડ રહેલી. જીવણુરામના દાંત પણ કાંકરા ચાવે એવા, પણ એમના દિકરાને નાનપણમાંથી લોહી નીકળવા માડયું. શહેરમાં એક સારા દાકતરને બતાવ્યું, એણે પહેલાં દવા કરી અને પછી કહ્યું. 'હવે દાંત કાઢી નાંખવા પડશે, એમાં પરૂ થયું છે'.

શું જુવાનીમાં દાંત કાઢી નાંખવા ?



એ વહેમ જુના વખતમાં ગયા. આજે તો લોકો ફેશનની ખાતર પણ દાંત કઢાવે છે.

બિચારા જુવાનને દાંત કઢાવતા ધોળે દહાડે તારા દેખાયા, પછી નવી બત્રીસી બનાવી તેનાથી ચાવવાનું ફાવતાં દિવસો ગયા, પણ પછી તો ભારે રૂપાળા લાગ્યા.

જુવાનીયાઓના પેટ બગડેલાં ને મોંમાં પાન-સોપારી ચોવીસે કલાક ચાલુ એટલે ધીરે ધીરે દાંત બગડતા ચાલ્યા. દાંતના દાકતરે પોતાની દુકાનજ ત્યાં ખોલી, અને એક બે દાકતરોને કમાણી થઇ એટલે પાંચ-સાત આવી બેઠા. જુના દાંત કાઢીને નવા લ્યો. ધમધોકાર વેપાર ચાલ્યો.

૨

એક દહાડો જીવણરામનો બાર વર્ષનો વિશ્વાસુ ગુમાસ્તો માથે રાત લઇને નાઠો. જીવણરામ ભલો માણસ હતો. એને ખબર હતી કે, ગુમાસ્તો કરકસરીઓ હતો, પછી આમ બન્યું કેમ ? ત્યાં તો હોટલવાળો આવ્યો એ કહે 'સાહેબ ! મારૂં નામું બાકી છે, રોજ ચટાકો કરવા આવતો'.

પાનવાળો આવ્યો એ કહે, 'રોજ ચાર વાર પાન ખાતો ને સીગારેટના ટેસડા કરતો, પાન વિના ખાધું હેઠે ન ઉતરતું ને મારી સીગારેટ વિના તો એને ઝાડોજ ન થતો.

કંદોઇ આવ્યો એ કહે, 'રોજ રાતે એક પડીઓ મીઠાઇનો ને એક ફરસાણનો તો ખરેજ. એ કહેતો કે, ખાધું એટલું મારા બાપનું ! પછી કોઈ સાથે બંધાવવાનું નથી.

કાછીયો આવ્યો એ કહે, 'સાહેબ! તમારા મુનીમ સાહેબને બે શાક, કોથમરી, મરચ્ચા, આદુ, ફુદીનો તો રોજ જોઇએ, પત્તરવેલીઆ માટે અડવીનાં પાનનો ખાસ ઓર્ડર ! જે ભાવે મળે એ ભાવે પુરાં પાડવાનાં મારૂં ખાતું ઠીકઠીક મોટું કર્યું છે.

ત્યાં તો કણીયો આવ્યો એ કહે, પહેલાં તો મુનિમ મણ બાજરી, પાંચ શેર દાળ, અને બશેર મીઠું લઇ જતો પણ હમણાંથી તો ભારેમાં ભારે ઘઉં, બાસમતી ચોકખા ને મશાલા-કસાલાનો સુમાર નહિ. પહેલાં તો ભાઇ સાહેબ વાર પરબે ગોળ ખાતા, હવે ખાંડ, સાકર વગર ઘા કરતા નહોતા !

ત્યાં વૈદ આવ્યો એ કહે, 'રોજ સવાર સાંજ ખાધું પચવાની ફાકી લેવા આવતો. હમણાં-હમણાં ગેસ ચડતો. તે ભારેમાં ભારે દવા લઇ જતો.

હજી આ હૈયા હોળી ચાલતી હતી. ત્યાં માણસ ખબર લાવ્યો કે, 'મુખીના ચિરંજીવી પુત્રને વાયુ હૃદય પર ને માથા પર ચઢી ગયો છે, છ વૈદ-દાકતર ભેગા કર્યા છે, પણ હજી સુવાણ આવી નથી.

જીવણરામ દોડતા ઘેર ગયા, પણ ઘેર પહોંચે તે પહેલાં દીકરાનો દેહ પડી ગયો. જુવાન જોધ તાજોજ પરણાવેલો ! ઘરમાં આણું વળીને આવેલી બાળ ગભરૂ પુત્રવધૂ ! આખા ગામમાં કાળો ોકાસો પડી ગયો શું કળિ-કાળ આવ્યો છે. હવે તો અકાળ મરણ થવા લાગ્યાં, જુવાન જોધ ફાટી પડવા લાગ્યા, અને એમાંય ગજા સંપત્તવાળાને ત્યાંજ કાળો કેર ! લાડી, વાડી ને ગાડીવાળાને ત્યાંજ અકાળ મરણ. આ પૂર્વ જન્મનાં પાપ નહિ તો બીજું શું ?

ગામમાં એક મહીનો શોક રહ્યો, કેટલાય લીધે લગ્ને નિવાહ અટકયા, ઢોલ નિશાન કેવા ? રમણ-જમણ કેવાં, જીવણરામતો જીવતા મરેલા જેવા થઇ ગયા.

---

## કેરી પકવવાની રીત.

પિતા—પૂછી-પૂછીને તેં મારું માથું પકવી નાખ્યું.

પુત્ર—હેં, પિતાજી પૂછવાથી માથું પાકી જાય ખરૂં ?

પિતા—( ચીડાઇને ) હા.

પુત્ર—તો પછી આ વખતે કેરી ગાળામાં કેરીને ઘાસમાં નાંખવાને બદલે આપણે પૂછી પૂછીનેજ પકવી નાંખીયે તો કેમ ?

નાનોપુત્ર—(તાળી પાડીને) તો તો બહુ સારું. આપણે પૂછીએ ને કેરી પાકી જાય તો તો રસ ખાવાની બહુ મજા પડે.

જ૦

# સંસાર............શ્રી રમણિકલાલ પી. દોશી

**અ**નેક વિષમતાઓ સંસારમાં ચોમેર ભરી પડેલી છે. તેને સમભાવપૂર્વક ; સહવાની તાકતજ સંસારને શાંતિમય બનાવી મૂકે છે. આ વસ્તુ લેખકે અહિં રજુ કરી છે. લેખકને લખવાનો શોખ છે. 'કલ્યાણ' પ્રત્યે તેમને લાગણી છે, આ રીતે લેખન-વ્યવસાય તેઓ ચાલુ રાખે એમ આપણે ઈચ્છીશું.

## : પાત્ર પરિચય :

**કીલાચંદ**-શેઠ, **વિમલા**-શેઠાણી **ગિરધર**-તેમનો પ્રથમ પુત્ર. **રમેશ**-બીજો પુત્ર. **મુકેશ**-ત્રીજો પુત્ર, **ગુલાબ**-ગીરધરની પત્ની, **માલતી** રમેશની પત્ની, **ચંપા**-મુકેશની પત્ની, **મંછા**-ગુલાબની પુત્રી, **દિલીપ**-રમેશનો પૂત્ર.

[સૂર્યપુર નગરમાં આવેલી ધનજી પોળમાં કીલાચંદ શેઠ પોતાના બંગલામાં બેઠેલા છે, એટલામાં તેમનાં પત્ની વિમલા તેમની પાસે આવે છે.]

**વિમલા :**-સાંભળો છો કે? ઘરનું કામકાજ પતાવીને બાજુના પડોશીઓને મળવા ગએલી ત્યાં પડોશીઓ આપણા ગીરધર માટે કહેવા લાગ્યા કે, ગીરધરતો ત્રીસ વરસનો થયો છતાં તેમના માબાપની આંખ ઉઘડતી નથી. ભલે, ગીરધર ત્રીસ વરસનો અને ગામડામાં રહીને ગમાર જેવો હોય પરંતુ બીચારા રમેશે શું ગુન્હો કર્યો છે, કે તેને પણ ૨૫ વર્ષ થવા છતાં તેનું સગપણ કયાંઇ કરતા નથી, તે તો કોલેજમાં ભણે છે અને હુંશીયાર છે.

**કીલાચંદ:**-તને શું ખબર પડે. ઇ તો પાડોશી કીધા કરે, શું મારા ખ્યાલમાં નહી હોય? ગીરધર માટે ગઇ કાલેજ મારા એક વેપારી મિત્ર મગનલાલ તેમની પુત્રી ગુલાબ માટે પૂછવા આવેલ, પરંતુ તે જરા અભણ છે અને જરા ચીડીયા સ્વભાવની છે. એટલે મારૂં મન માનતું નથી.

**વિમળા:**-આપણો ગીરધર કયાં ભણેલો છે. ઈ...તો આપણે ઘરે આવશે એટલે એની મેળે બધું સમજતી થઇ જશે. કોઇના શીખવાડેથી થોડુંક આવડે છે. રે'તાં રે'તાં શીખી જવાશે. હું પણ થોડું જ શીખીને આવેલી?

**કીલાચંદ:**-ઠીક ત્યારે! પણ જમાનો બદલાઇ ગયો છે તે તો તું જાણે છે ને? આપણે ગીરધરને બોલાવીને તેમને કન્યા સંબંધમાં વાત કરીએ, પછી આપણે આગળ વાત વધારીએ તો ઠીક.

**વિમલા:**-તમે પણ ઠીક લાગો છો. ત્રીસ વરસે આપણે ત્યાં મગનલાલ શેઠ પૂછવા આવ્યા તેમાં વળી ચોળાચોળ શી કરવી, અને ગીરધર પણ આવા કામમાં શું જાણે. ખાનદાન માણસો છે, તો કરો કંકુના, સારા કામમાં ઢીલ શી?

[પડદો પડે છે]

### પ્રવેશ ૨ જો

[કીલાચંદ શેઠ, વિમળા શેઠાણી અને ગીરધર બંગલામાં બેસીને રમેશના વેવિશાળની વાતચીત કરે છે અને ગીરધરના પત્ની એક પુત્રીને જન્મ આપે છે.]

**કીલાચંદ**-આજે આપણો રમેશ ઇન્ટરપાસ થયાના સમાચાર તારથી આવેલ છે. રમેશને માટે શ્રીમંત અને ખાનદાન માણસો વેવિશાળ માટે આવે છે, હું તો જવાબ દઈ દઇને થાકયો અને ઘણા માણસોને નીરાશ કરવા પડયા છે. બીપીનચંદ્ર બેરીસ્ટરની પુત્રી માલતી હાલમાં જ મેટ્રીક પાસ થઇ છે, તેમના પૂજ્ય પિતાશ્રીએ મને રમેશ માટે વાતચીત કરેલ છે, તો તારૂં ધ્યાન શું પડે છે?

**વિમલા**-મોટા ઘરની છોકરી આપણે નથી જોઇતી. ઘમંડે અને ટાપટીપવાળી છોકરી આપણા ઘરનું શું કામ કરી શકે? ભણેલી હોય તો શું થઇ ગયું. આપણેતો ઘરનું કામકાજ કરી શકે તેવી છોકરી જોઈએ. ભલે! ગુલાબ ગામડાની રહી પણ ઘરનું કામ કેવું કરે છે?

**ગીરધર**-તો આપણે આ બાબતમાં રમેશને પુછી જોઇએ અને માલતીને જોયા પછી જો તેનું ધ્યાન પડતું હોય તો આપણે વિચાર કરીએ.

આપણે ગામડાવાળાને તો જેવું હોય તેવું ચાલે પરંતુ આજના કોલેજમાં ભણતા છોકરાને છોકરી દેખાડીને પછીજ આગળ વાત ચલાવવામાં મઝા. વેવિશાળનાં કામ છે એટલે બધો વિચાર કરવો જોઇએ

[ ત્રણે સમ્મત થાય છે-રમેશને બોલાવે છે ]

**કીલાચંદ**-રમેશ, તું આજ્ઞાંકિત પૂત્ર છે, છતાં જમાનાને અનુસરીને અમારે તને પૂછવું જોઇએ કે તારી કોલેજમાં ભણતી બીપીનચંદ્રની પુત્રી માલતી વિષે તારો શું અભિપ્રાય છે ?

**રમેશ**-પીતાશ્રી, મને એમાં શું પૂછયું ? [મુખ ઉપર હાસ્ય છવાઇ જાય છે. ]

**કીલાચંદ**-કંઇ નહી, તું તારે જા હવે. ફક્ત તારો વિચાર જાણી લેવા બોલાવ્યો હતો.

**ગીરધર**-બાપા, એમ ઉતાવળા થાવ માં ! આજે આપણી સ્થિતિ સારી છે, કાલે વખત મોળો આવે ત્યારે આવા મોટાઘરની છોકરી સાચવવી ભારે પડે, બીજા છોકરા સાથે જેમતેમ વાતચીત કરવી, લાજ-મર્યાદા છોડી દેવી, આવી પૈસાદારની ભણેલી છોકરી-ઓને ટેવ હોય છે, આના કરતાં ગામડાની છોકરી સારી.

**કીલાચંદ**-જમાના પ્રમાણે ગામડાની છોકરી આપણા-રમેશ જેવા ભણેલા-ગણેલા છોકરાને ન ગમે, કારણ કે એટલું ભણ્યો-ગણ્યો તો એમને લાયક પાત્ર ગોતવું જોઇએ. વળી આપણો વખત ખરાબ આવે ત્યારે પેસાદારને ધરે સંબંધ બાંધવાથી સારે-મોળે વખતે કામ લાગે અને આવા મોટા ધરે સંબંધ બાંધવાથી આપણી પાંચ જગ્યાએ વાત થાય.

**વિમળા**-( ગીરધરને ) તારા બાપુજી કહે તે મને બરાબર ગળે ઉતર્યું. આપણે રમેશને અને માલતીને મળાવી દઇએ અને એકબીજા અંદરો અંદર સમજી લે એટલે પાછળથી કોઇને કહેવાપણું ન રહે.

**કીલાચંદ**-( વિમળાને ) તને પણ જમાનાની અસર થઇ ખરી. હવે આપણે ધરડુંપાન કહેવાઇએ આપણે તો લીલીવાડીઓ જોઇને જઇએ એટલે ઘણું.

**ગીરધર**-જે કરો તે વિચારીને કરજો, જેથી પસ્તાવું ન પડે. [ પડદો પડે છે ]

## પ્રવેશ ૩ જો

[ રમેશ શુટ અને ટાઇ લગાવીને બીપીનચંદ્રના દીવાનખાનામાં જાય છે. ]

**બીપીનચંદ્ર**-પધારો મહાશય, મઝામાં છો ને ?

**રમેશ**-આપની કૃપાથી દરેક કુશળ છે !

( બીપીનચંદ્રનાં પત્ની રમેશને ધારી ધારીને નિહાળે છે. બીપીનચંદ્ર રસોડામાં આવીને માલતીને પાણીનો ગ્લાસ લઇને રમેશને મળવા જવાનું કહે છે. માલતી શરમાય છે, છતાં પાણીનો ગ્લાસ લાવીને રમેશ સમક્ષ ઉભી રહે છે. )

**માલતી**-હું તો વિચાર કરતી હતી કે પહેલાં તમે બોલશો ?

**રમેશ**-હું પણ વિચારમાં હતો. ( બંને હસે છે, પાછુ મૌન )

**માલતી**-બાપુજીએ મારૂં સગપણ આપની સાથે કરવાનો વિચાર કરેલ છે, તેમાં આપનો શું અભિપ્રાય છે ?

**રમેશ**-થોડાક ટાઇમ પહેલાં જ્યારે કોલેજમાં તમારો-તારો પરિચય થયેલ ત્યારથી કોણ જાણે મને તમારામાં-તારામાં જે પ્રેમની ભાવનાઓ મેં જોઇ અને કુદરતી રીતેજ મારૂં હૃદય તારા-તમારા તરફ આકર્ષાણું.

**માલતી**:-હવે જાવ જાવ, તમે અત્યારથીજ મને કલ્પનાના તરંગે ચઢાવો છો, પણ આપણે લગ્નમાં પરિણમશું ત્યારે ખાત્રી થશે, કે તમારા વિચારો 'આકાશ કુસુમવત જેવા હતા કે વાસ્તવિક હતા ? ઠીક ! હું જઇશ.

[કીલાચંદ શેઠના બંગલામાં ગીરધર અને ગુલાબ વાતચીત કરે છે]

**ગીરધર** ; ગુલાબ, આપણે ત્યાં ચુંદડી ઓઢ-નાર પુત્રીનો જન્મ થયો.

**ગુલાબ** :-તમે માતાની મમતા શું જાણો ? આપણે ત્યાં તો લક્ષ્મીનો વાસ થયો છે. માતાને મન દીકરી એટલે પગની લાકડી, માતાને સાચો પ્રેમ દીકરી ઉપર વધારે હોય છે. મારી મંચ્છા તો મંચ્છાજ છે.

**ગીરધર** :-રમેશનું સગપણ પેલા પૈસાદાર શેઠ બીપીનચંદ્રની દીકરી માલતી સાથે થાય છે, તેમાં તારૂં શું ધ્યાન પડે છે ?

**ગુલાબ**:-મેં મારી સાસુ પાસેથી આ વાત સાંભળી છે, પણ તમે કંઇ નહિ બોલતા, એ બન્ને જેમ કરવું હોય તેમ કરે, અને રમેશનું જેમ ધ્યાન પડતું હોય તેમ કરવા દેજો.

**ગીરધર**:—આ શું બોલે છે? રમેશ એ આપણો ભાઇ નથી? ઇ તો હજી છોકરૂં છે, તેને શું ખબર પડે? આ બધું તો આપણેજ કરવું જોઇએને! વળી બાપ તો ઘરડા થયા એટલે બધું તો અત્યારે આપણાજ ઉપર રહ્યુંને?

**ગુલાબ**– તમને ઠીક લાગે તેમ કરો. પણ તમારે ધ્યાન રાખજો. તમે બાળ-બચ્ચાવાળા એટલે બધો વિચાર કરીને કામ લેવાનું છે, મોટા ઘરની દીકરી આપણે ઘેર આવે, એને જેવું તેવું ન ચાલે વળી તમે જ ગઇ કાલે કહેતા હતા કે હમણાં ધંધાની સરખાઇ નથી અને રમેશની કોલેજની ફીનો ખરચો પણ માથે પડે છે, તો પછી રમેશ ઉપર અત્યારથીજ અંકુશ રાખજો.

**ગીરધર** :- એ તો બધું ઘીને ધાડવે ઘી પડી રહેશે. એના નસીબે વળી એથીય સારૂં થઈ જશે.

[પડદો પડે છે.]

### (પ્રવેશ ૪ થો)

[ રમેશ અને માલતી લગ્નગ્રંથીથી જોડાય છે થોડાક દિવસો આનંદથી પસાર થાય છે, ગુલાબ અને માલતી વચ્ચે મંચ્છા માટે ઝઘડો થાય છે. મંચ્છા બિમાર પડે છે. ]

**માલતી**:- ભાભીજી, તમે તમારાની સંભાળ ન રાખો તેથી છોકરા ઉપર પણ કેવી અસર થાય, અને કેવા સંસ્કાર પડે. તમે તમારા શરીરને સાફ નથી કરતા, તેથી શરીરની સુવાળારા વધાવાને બદલે ચામડી વધારે ગંદી થતી જાય છે. મંચ્છાને પણ નવરાવી-ધોવરાવીને સ્વચ્છ રાખતા હોતો કંઈ પણ રોગ શાનો આવે?

**ગુલાબ**–અમારે ત્યાં આજે કંઇ નવું થોડું છે. છોકરા છે, ચાલ્યા કરે, એ તો એની મેળે મોટા થઈ જશે.

**માલતી**–આ તમારી માન્યતાજ ખોટી છે. મા-બાપના સંસ્કાર પામેલાં બાળકો જ્યાં જાય ત્યાં તેની સુવાસ મઘમઘાવી દે. મંચ્છા તો પરાઈ લક્ષ્મી કહેવાય, અત્યારથીજ બાલ માનસ ઉપર તમારી આવી રહેણી-કરણીની અસર થાય તો ભવિષ્યમાં તેમનેજ સહન કરવાનું રહે છે.

**ગુલાબ**–તમે તો મોટીમોટી વાતો કરો છો, પણ તમને ચુલો ફુંકતા, દળણું દળતા, પાણી ભરતા તો આવડતું નથી. શાક અને દાળ પણ ચોપડીમાં વાંચીવાંચીને બનાવો છો તે પણ તમને કયાં તમારી માએ શીખવાડયું છે?

**માલતી**–(ગુસ્સે થઇને) ભાભીજી, મેં તો મંચ્છાના હિત માટે તમને શીખામણ આપી તેમાં મને કેટલા મેણાં માર્યા? અને મારા પુજ્ય માતુશ્રીને ઉદ્દેશીને શા માટે જેમ ફાવે તેમ બોલો છો? આવી રીતે મનપસંદ બોલવું તે તમારી લાયકાત નથી, તમારી માનવતા નથી.

**ગુલાબ**–નાને પેટ મોટી વાત. આજે તમારા જેઠને કહેવા દે! રમેશભાઇને તમેજ બોલતા બંધ કરી દીધા. બીચારા તમારા જેઠ આટ-આટલી મહેનત કરે છે ત્યારે માંડ પુરૂ થાય છે, અને મારા દીયરને ઇસ્ત્રી ટાઇટ કપડાં, હોટલોમાં મોડી રાત સુધી ફરવું, આ બધું જોઇએ છે, આપણને એમ કે એક બીજાને મનદુઃખ થાય તેવું કોણ બોલે?

[ માલતી રમેશને કહે છે, ગુલાબ પણ ગીરધરને ફરીયાદ કરે છે, ગીરધર વિચારશીલ માણસ છે, નાનાભાઇને બોલાવીને શીખામણ આપે છે, દેરાણી-જેઠાણીના ઝઘડાની વાત સાસુ-સસરાના સાંભળવામાં આવે છે, બન્નેને બહુજ દુઃખ થાય છે. ]

**કીલાચંદ**: [વિમળાને]–ગુલાબ તો પહેલેથીજ ઈર્ષ્યાળુ છે પણ માલતી તો ભણેલી-ગણેલી છે, તેને તો સમજવું જોઇએને?

**વિમળા**:–ગુલાબ હજી વાળી વળે પણ માલ-તીને કંઇ કહેવાય છે? રમેશને સાવ બદલી નાખ્યો, આખો દિવસ તેની પાછળજ દિવાનો થઇને ફરે છે.

(રમેશ આવે છે.)

**કીલાચંદ**: [રમેશને]ગઇ કાલે શું હતું? દેરાણી-જેઠાણીને શા માટે લડવું પડયું? ઝઘડો કરવામાં શું ફાયદો? તારે તારી ભાભીને સમજાવવી જોઇએ અને વહુને પણ સમજાવવી જોઇએને!

**રમેશઃ**–પિતાજી ! મારી પત્ની બીલ્કુલ નિર્દોષ છે, તેનો કંઇ વાંક હોય અને હું કહું તો તો ઠીક, પણ વિના વાંકે ઠપકો આપવો એનો અર્થ શો છે ? ભાભી તેની સાથે સમજણપૂર્વક કામ લે તો ઝઘડાનો પ્રશ્ન ક્યાંથી ઉપસ્થિત થાય.

[ ગીરધરને બોલાવે છે, ગીરધર આવે છે. ]

**કીલાચંદ**:–બેટા ગીરધર, તું બે વેણ જરા ગુલાબને કહેતો રહે, નજીવા કંકાસથી એક-બીજાને દુઃખ થાય અને બે જગ્યાએ આપણી વાતો થાય, તેમાં ખાનદાની શી ?

**ગીરધર**:–સારૂં બાપા. (પડદો પડે છે)

## પ્રવેશ ૫ મો

[ કીલાચંદના પત્ની સ્વર્ગવાસી થાય છે, તેમના ત્રીજા પુત્ર મુકેશને તેમનીજ જ્ઞાતિના એક ખાનદાન અને મધ્યમવર્ગના કુટુંબના સોમચંદ નામના એક વણિકની પુત્રી ચંપાની સાથે લગ્ન થાય છે, માલતી એક પુત્રને જન્મ આપે છે, જેનું નામ દિલીપ રાખવામાં આવે છે, ચંપા બહુજ સરળ દિલની છે, માલતી સાથેનો સહવાસ તેમને ખૂબ ગમે છે, તેની સાથે રહેવામાં જમાનાને અનુકૂળ બની રહેવાશે તેવી માન્યતા ધરાવે છે. ગુલાબ અને માલતીનો કંકાસ ધીરે ધીરે વધતો જાય છે, માલતીની બેગમાંથી સોનાનો હાર ગુમ થાય છે. ]

**માલતી** [ચંપાને] તમે મારો હાર જોયો છે ?

**ચંપાઃ**–ભાભી, મેં જોયેલ નથી, પરંતુ મોટી ભાભીને ગઇ કાલે રાત્રે તમારી બેગ નજીક કંઇક સંતાડતાં જોયેલ હતા, તમે મારૂં નામ ન લેતાં, હું વાંકમાં આવી જઇશ.

**માલતીઃ**–ઘણા દિવસથી તે મારી પાછળ પડેલ છે, આજે હું બરાબર કરીશ.

[રમેશ આવે છે, ચંપા જાય છે]

**માલતીઃ**–જોયાને તમારી ભાભીનાં પરાક્રમો, ગઇ કાલે રાત્રે મારી બેગમાંથી સોનાનો હાર ઉપાડી ગયા, તેની તમને ખબર છે ?

**રમેશઃ**–એમ ઉતાવળા થઇને આરોપ ન મૂકીએ, ભાભીને પૂછી જોયા પછી ખબર પડે, પણ તેં તારી આખી બેગ જોઇ અથવા તો બીજે ક્યાંઇ મૂકાઇ ગયો હોય તેનો તને ખ્યાલ છે ?

**માલતીઃ**–તમને હજી પણ તમારી ભાભી વહાલી લાગે છે, રાત્રે ચંપાવહુએ તેમની આંખે ચોરી કરતાં જોયેલ છે, મારી વાત તો તમે શાના સાચી માનો ? હું તો તમને હજારવાર કહીને થાકી કે આ ઘરમાં રહેવામાં મઝા નથી, પણ તમને શું વાંધો ? આખો દિવસ ઘરમાં કામકાજ કરવા છતાં ક્યાંયે શાંતિ છે ? શું આપણે આ રીતે જીવવાને લાયક છીએ ?

**રમેશઃ**–મારૂં મગજ કંઇ કામ કરતું નથી, માલતી ? ખરેખર હું તને ખુશી નથી કરી શક્યો, આજેજ મોટાભાઇને કહી દઉં છું, આવા રોજના ઝઘડા શા કામના ?

**માલતીઃ**–ના, ના, એવું શું કામ કરવું જોઇએ, સમજાવવાનો પ્રયાસ કરશો તો તો સૌ સુખી થશે પણ સમજવાનો પ્રયાસ કયાં કરશો છે ?

[ માલતી જાય છે, અને ગીરધર મુકેશ આવે છે ]

**રમેશઃ**–મોટાભાઇ, આ જીવનથી હવે બીલકુલ કંટાળી ગયો છું. ભૂલ ગમે તેની હોય પણ મારે એક મીનીટે આ ઘરમાં હવે રહેવું નથી. ગઇકાલે માલતીનો હાર મારી ભાભીએ બેગમાંથી ચોરી લીધો તે ચંપાએ જોયું ત્યારે ખબર પડી. ખરેખર ! મારી ભાભીથી તો હવે તોબા થઇ ગયો છું.

**ગીરધર**–ભાઈ, તારી વાત સાવ સાચી છે. મારે રોજનું થયું. હું પણ સમજાવીને થાકયો. પણ માને નહીં તેનું શું થાય ?

**મુકેશ**–મોટાભાઇ ચંપા પણ મને એમજ કહેતી હતી કે ભાભી તો રાક્ષસ છે રાક્ષસ, કોણ જાણે પૂર્વમાં શું પાપ કર્યાં હશે, તે આવી નાગણ આપણે પલ્લે આવી ?

( પડદો પડે છે )

## પ્રવેશ ૬ ઠો

( રમેશ, મુકેશ, માલતી અને ચંપા સાથે રહે છે, અને ગીરધરથી જુદા થાય છે, બીજી બાજુ ગીરધરના બાપ વૃધ્ધાવસ્થાને લઇને નરમ-ગરમ રહ્યા કરે છે અને ગીરધરની સાથે રહે છે. ગીરધરને રમેશ અને મુકેશને ઘરે પાછા લઇ આવવાનું કહે છે. પિતાશ્રીની તબીયત સારી નથી, એટલે રમેશને અને મુકેશને બોલાવે છે, બંને ભાઇઓ આવે છે )

**કીલાચંદ**-( રમેશ અને મુકેશને ) બેટાઓ, મારે ઘરડેઘડપણ જુદા ચુલા જોવાનો વખત આવ્યો. હમેશાં એક બીજા સંપથી રહેશો તો સુખી થશો. ગીરધરે બીચારે આખી જીંદગી વૈતરા કરીને તમને લાઇને ચઢાવ્યા. આજે ગીરધરને પણ સરખાઇ રહેતી નથી. કાલે સવારે તેનું પણ પ્રાણુપંખેરૂ ઉડી જશે ત્યારે ગુલાબ અને મંચ્છાનું કોણુ ? તેનો વિચાર કર્યો છે ? કાલે ગીરધરની વહુ ગુલાબ ખુબજ રડી. તેને તેની ભૂલનો પસ્તાવો યાદ આવ્યો અને ગીરધરને તમને પાછા બોલાવવા કહ્યું છે, તેથી મેં તમને બોલાવ્યા છે. બેટાઓ જાવ અને આ ઘરમાં ફરી વસવાટ કરો અને સંપથી દરેક જણુ રહો. હું તો હ...વે...લાં.. બુ...જી...વ...વા...નો......ન...થી

**રમેશ**-બાપુજી, અમને અમારી એ ભૂલ સમજાણી છે. યુવાનીના ઘમંડે અમે અમારી ફરજ ચુકયા. આજે મોટાભાઇની આ દશા જોઇને અમને ઘણોજ પસ્તાવો થાય છે, મોટા ભાભીની સ્થિતિ જોઇને અમને ઘણુંજ લાગી આવે છે. અમે ત્રણે અંદરો–અંદર સમજીને ગમેતેમ ચલાવશું, પણુ સાથે રહેશું. મોટાભાઇની છત્રછાયા નીચે રહીને અમે અમારૂં જીવન પસાર કરશું. તમે કોઇ જાતની ચિંતા રાખશો નહી.

(ગીરધરની આંખમાં હેતનાં આંસુ આવે છે)

**કીલાચંદ**-બેટાઓ ! તમારૂં.. કલ્યાણુ.. થાઓ અને સુખેથી રહો...ગીરધરે પોતાનો ... સ્વાર્થ ... મૂકીને...આત્મસમર્પણુ...કર્યું... તેવોજ પાઠ તમે <u>તમારા...બચ્ચાઓને</u>.. શીખવતા...રહેજો ... હવે... સંપીને...રહેજો...

( કીલાચંદ શેઠ મૃત્યુ પામે છે )

[ દરેક ભાઇઓ ભેગા થાય છે. માલતી અને ચંપા ગુલાબ ભાભીને પગે લાગે છે. ગુલાબને સાચી વસ્તુનું ભાન થાય છે. જમાનાને અનુરૂપ ન બની તેમાં કેટલું સહન કરવું પડયું તે સમજાય છે. માલતી પાસેથી આધુનિક દુનિયાનું જ્ઞાન લે છે અને તે પ્રમાણે તે આચરણુ કરે છે અને દરેક કુટુંબીજનો આનંદથી રહે છે. દિલીપ અને મંછાના લગ્ન સારી જગાએ ઘણીજ ધામધુમથી પતાવે છે. ]

( પડદો પડે છે )

ખરેખર સમતા.. ત્યાં.. સંપ...ત્યાં...શાંતિ

## તું તારૂંજ તપાસ !!!

અરે ! અધમ ! અભિમાનથી, પર નવ દોષ પ્રકાશ;<br>
વિચારીને વિવેકથી, તું તારૂંજ તપાસ. ૧<br>
મનુષ્ય જન્મ મુરખ ! જશે, ટાલ કરમનો ત્રાસ;<br>
પછી પરને પ્રતિબોધ કર, તું તારૂંજ તપાસ. ૨<br>
પામર પ્રાણી ! પ્રથમ કર, વીર વચન વિશ્વાસ;<br>
ન કરે તે નરકે જશે, તું તારૂંજ તપાસ. ૩<br>
ગુણુ અવગુણુ છે કેટલા, તુજ માંહે તેહ વિચાર;<br>
બોલ્ય બોલ બીજા પછી, તું તારૂંજ તપાસ. ૪<br>
પર નિંદાથી તું નફ્ફટ ! પામીશ નરકાવાસ;<br>
ઢાંકી ગુણુ અવગુણુ લહી, તું તારૂંજ તપાસ. ૫<br>
જ્ઞાન દીપક મનમંદિરે, કર પ્રકટી ઉજાશ;<br>
અંધારામાં આથડે, તું તારૂંજ તપાસ. ૬<br>
પર અવગુણુ ઉચરીશ નહિં, કહે., છે કેશવદાસ;<br>
કરશો તે ભરશો સહી, તું તારૂંજ તપાસ. ૭

શ્રી દેવચંદ કરશનજી-રાધનપુર

# ઈર્ષ્યાનો આતશ........ પૂ. પંન્યાસ શ્રી કનકવિજયજી ગણિવર

વર્ષ ૮ : ના અંક ૧૧ થી આગળ—

ઈર્ષ્યાએ ભયંકર ઝેર છે. એનાથી ભરેલો માનવ, બીજાનું ખરાબ કરવા છતાં અંતે પોતે ખૂવાર થાય છે. લલિતાંગનો તેજોદ્વેષ કરવામાં સજ્જનને હાથનાં કર્યાં હૈયે વાગે છે. એ વસ્તુ આ સંવાદ આપણને કહી જાય છે. લેખક મહારાજશ્રીની લેખન શૈલીથી 'કલ્યાણ' ના વાચકો સુપરિચીત છે. તેઓ સરળ, સ્વચ્છ શૈલીમાં સારૂં લખી શકે છે. માસિકના ઉત્કર્ષમાં તેઓશ્રી સારો રસ ધરાવે છે.

## પ્રવેશ ૪ થો.

(નાનું ગામડું, ચોરાપર ગામના મહાજનના માણસો બેઠા–બેઠા ગપાટા મારી રહ્યા છે. શામળ શેઠ, રાઘવ શેઠ, શિવલાલ બેઠા છે. સજ્જન અને કુમાર ત્યાં મહાજન પાસે આવે છે)

**શામળ શેઠ** : (આંખે ભાળી શકતા નથી, તે હાથની છાજલી કરીને) કોણ છે ! ઇ બધા ?

**સજ્જન** : જયજય, શેઠ ! કેમ મજામાં છોને ?

**રાઘવલાલ** : (બન્નેને) કેમ ભાઈઓ, અજાણ્યા લાગો છો ? કેમ આવવું થયું ! કંઇ કામ હોય તો ખુશીથી કહેજો.

**સજ્જન** : એ તો અમે પરદેશી મુસાફરો છીએ, રસ્તામાં અમારે બન્નેને વાદવિવાદ થયો એટલે અમે તમારી પાસે ન્યાય લેવા આવ્યા છીએ.

**શિવલાલ** : આવો, બેસો, જે નીયાય જોઇતો હોય તે અમારા (શામળ શેઠને) આ શેઠ આપશે, ભગવાનના ઘરના માણસ છે. હો, તમ–તમારે જે કહેવું હોય તે અહિં કયો !

**સજ્જન** : (શામળ શેઠને) શેઠ, અમારો સાચો ન્યાય કરજો ! આ જગતમાં આજે ધર્મનો જય છે, કે અધર્મનો ? જે હોય તે કહેજો; આ (લલિતાંગ) અમારો મિત્ર માનતો નથી.

**શામળ શેઠ** :—ભાઇઓ ! ખરી વાતમાં ખાર શો ? મેં આ દુનિયામાં ઘણા અનુભવો કર્યા, આ માથાના કાળા મટીને ધોળા થયા. આજે તો ભાઇ, ધર્મીનું કોઇ નથી, જયાં ત્યાં અધર્મની બોલબાલા છે, જે છે તે મેં તમને કહી દીધું.

**રાઘવ શેઠ** :—હા, ભાઇ, અમારા ગામનું ગહ્રડું માણસ એ છે, જે કહે છે. એ ખરૂં છે ? આજે પાપી માણસો ફાવી જાય છે, અને સાચા માણસો મરે છે.

**સજ્જન** : (લલિતાંગને) કેમ રાજકુમાર ! હવે તો સ્હમજાય છે ને ? જગતમાં જય ધર્મનો નહિ અધર્મનોજ છે, માટે તમારી શરત પ્રમાણે બધું સોંપી દો !

**લલિતાંગ**–ભાઈ સજ્જન ! તને હું અત્યાર સુધી સજ્જન નામ જેવો ગુણીયલ માનતો હતો. આજે મારો એ ભ્રમ ભાંગી ગયો. બાકી દુનિયા આજે ગમે તે કહે પણ ધર્મ એજ ખરો છે. લે મને આ બધા વસ્ત્ર–અલંકારોની કાંઇ જરૂર નથી, ધર્મની ટેક ખાતર બધું ફના કરવા હું તૈયાર છું,

(લલિતાંગ પોતાનાં વસ્ત્રો–અલંકારો તથા બધું કાઢીને આપે છે. સામાન્ય સેવકનો વેષ પહેરીને આગળ ચાલે છે.)

**સજ્જન** : કેમ કુમાર ! હવે તો બધું સ્હામજાય છેને, કે સાચું શું છે ! દુનિયાના ડાહ્યા માણસો જે કહે છે, તેના પર પણ હજુ શ્રદ્ધા નથી આવતી !

**લલિતાંગ** ;–ભાઈ સજ્જન ! તારી આ બધી વાતો પાણીને વલોવવા જેવી છે, મારી ધર્મ પ્રત્યેની શ્રદ્ધાને એથી સ્હેજ પણ આંચ નથી આવવાની, એ તારે નિશ્ચિતપણે જાણી લેવું.

**સજ્જન** : ઠીક કુમાર ! હજુ તમને શ્રદ્ધા ન થતી હોય તો આપણે આગળ કોઇને પૂછી જોઇશું, બોલો, છે કબુલ ?

**લલિતાંગ** :–ભાઇ ધર્મ એજ સત્ય છે, એને માટે કાંઇ પૂછવાનું હોયજ નહિ, હાથના કંકણને આરસીની જરૂર ન હોય.

**સજ્જન** :–ઠીક પણ કુમારશ્રી કદાચ તમારૂં ખોટું ઠરે તો ?

**લલિતાંગ**:–સજ્જન ધર્મ કદિ કાલે ખોટો થાયજ

નહિ. ધર્મની ખાતર અમારી બે આંખો, માથું કે મારૂં શરીર સોંપવા તૈયાર છું.

**સજ્જન :**– ઠીક ત્યારે, તમે હારો તો તમારે તમારી આ બે આંખો કાઢી આપવી.

**લલિતાંગ:**–કબૂલ, કબૂલ! શૂરા મુખસેં જે કહે, કદિ ન ફોગટ હોય.

(રસ્તામાં એક ગામ આવે છે, ગામના ચોરા પર બે જણા બેઠા છે, એક જશકરણ શેઠ ને બીજા છે આશા શેઠ. સજ્જન તથા કુમાર ત્યાં આવે છે)

**સજ્જન:**–કેમ શેઠજી? મજામાં છો ને?

**જશકરણ:**–કોણ છે અલ્યા! કેમ ભાઇ! કયે ગામેથી આવો છો?

**સજ્જન**–એ શેઠજી! અમે દૂર-દૂરથી આવીએ છીએ. પરદેશી મુસાફરો છીએ.

**આશાશેઠ:**–હા, બાપ આવો બેસો. કાંઈ કામ-કાજ હોય તો તમ-તમારે સુખેથી કહેજો!

**સજ્જન:**–કામ તો ખાસ કાંઇ નથી, પણ અમારો ન્યાય તમારી પાસે કરાવવો છે, (લલિતાંગ) આ મારો મિત્ર મારી સાથે છે. અમારે વાદવિવાદ થયો છે, માટે ન્યાય કરો! શેઠજી! સાચું કહેજો, જગતમાં ધર્મનો જય છે કે અધર્મનો?

**જશકરણ:**–ભાઇઓ, એમાં પૂછવાનું શું હોય, આજ કાલ તો જ્યાં જૂઓ ત્યાં અધર્મ મહાલે છે, અને ધર્મને તો કોઇ પૂછતું એ નથી.

(સજ્જન અને લલિતાંગ ત્યાંથી નીકળે છે)

**સજ્જન:**–કેમ કુમાર! હવે સાચું સ્હમજાય છે-ને! તમારી વાત ખોટી છે, છતાં તમને આટલો બધો દુરાગ્રહ કેમ છે?

**લલિતાંગ:**–ભાઈ! મારી ધર્મશ્રદ્ધા નિશ્ચળ છે, એને ફેરવવાની કોઇની તાકાત નથી.

**સજ્જન:**–(કાંઇક કડક બનીને) તો કુમાર પ્રતિજ્ઞા પ્રમાણે તમારી આંખો કાઢી આપો.

**લલિતાંગ**–(હાથમાં છૂરી લઇને) લે ભાઇ! લે તું બધું લઇ શરીર પણ મારો ધર્મ અને મારી ટેક લેવાની તાકાત કોઇમાં નથી. (બોલીને આંખો કાઢી આપે છે, આંધળો બનીને ખાડામાં પટકાય છે)

(તે વેળા આકાશમાંથી ફુલની વૃષ્ટિ થાય છે)

## પ્રવેશ ૫ મો.

(ચંપાનગરીનો રાજમહેલ, લલિતાંગકુમાર ત્યાં રાજાનો જમાઇ બન્યો છે, વનની વનસ્પતિને આંજવાથી આંખો નવી આવી છે, ત્યાંની રાજકુમારીની આંખો સારી કરી પરણ્યો છે, અર્ધું રાજ્ય પણ તેના ભાગમાં આવ્યું છે.)

(ચંપાના રાજાનો મંત્રી, લલિતાંગ રાજકુમાર)

**મંત્રી:**–રાજકુમાર! આપ ખરેખર ભાગ્યશાલી છો, ચંપાનગરનું રાજ્ય અને રાજકુમારીનું પાણી-ગ્રહણ, આ બધી ભાગ્યની લીલા છે.

**લલીતાંગ**–મંત્રીશ્વર! સંસારમાં પ્રત્યેક આત્માના જીવનમાં આ પુણ્ય-પાપના યોગેજ ભાગ્ય અવનવી બાજી ખેલે છે.

(એટલામાં રાજ-રસ્તાપરથી એક ચીંથરેહાલ ભિક્ષુક ચાલ્યો જાય છે, પેટનો ખાડો ઊંડો ઉતરી ગયો છે, મોંઢાપર માંખીઓ બણબણી રહી છે, લલિતાંગની નજર તે તરફ જાય છે, તે ભિખારીને ઓળખી કાઢે છે. પોતાના સેવકને બોલાવી ભિક્ષુકને ઉપર બોલાવે છે, પેલો ભિખારી લલિતાંગ પાસે આવે છે.)

**લલિતાંગ**– (ભિક્ષુકને) કેમ? અલ્યા કાંઈ ઓળખાણ પડે છે કે?

**ભિખારી**–હે બાપજી, તમને કોણ નથી ઓળખતું ધોળે દિવસે સૂરજદાદાની ઓળખ આપવાની હોય કે બાપા!

**લલિતાંગ**–નહિ, હું એ બધું તને નથી પૂછતો, હું એ પૂછું છું કે, તું લલિતાંગ રાજકુમારને ઓળખે છે ખરો કે?

[સાંભળતાંજ ભિખારીની બંને આંખોમાંથી દડ-દડ આંસુઓ વહી જાય છે.]

**ભિખારી**–હા, બાપજી હા, લલિતાંગ રાજકુમાર મારા પરમોપકારી છે, એ તો દેવ જેવા મોટા માણસ છે, હું તો પાપી નાલાયક છું, એમના માથાપર મેં પાપીએ દુઃખના ઝાડ ઉગાડવામાં કાંઇ બાકી રાખ્યું નથી? એટલેજ મારૂં પાપ આજે પીંપળે ચડીને પોકારે છે. (બોલતાં-બોલતાં ભિખારીની આંખોમાંથી ચોધાર આંસુઓ વહી જાય છે.)

**લલિતાંગ**-ભાઇ સજ્જન ! બનવાકાળ હતું તે બધું બની ગયું; હવે એ ગઇ ગુજરી ભૂલી જાવ; (સજ્જનને આશ્વાસન આપીને લલિતાંગ સારાં વસ્ત્રો, નવું મકાન તેને માટે સગવડ કરી આપે છે.)

**સજ્જન**-(મનમાં મ્હોટેથી) વાહ, મારો બેટો લલિતાંગ જબરો નીકળ્યો. મેં એની આંખો કાઢી નાંખી તોયે એણે તો અહિં આવીને જમાવ્યું, પણ હું એ એના માથાનો છું, એને પણ ખબર પાડી દઉં, હું સજ્જન છું. મને લાગ મળે એટલીજ વાર છે.

(એટલામાં રાજાનો દુત સજ્જનને બોલાવવા આવે છે)

**રાજસેવક**-સજ્જનસિંહજી ! આપને રાજા સાહેબ ખાસ બોલાવે છે.

(લાગ મલ્યો માની મનમાં ફૂલાતો સજ્જન રાજ દરબારમાં દાખલ થાય છે. ચંપાનગરીના રાજા જિતશત્રુ સભામાં બેઠા છે. મંત્રીશ્વર પડખે છે.)

**સજ્જન**-જય હો. રાજાધિરાજ જિતશત્રુ મહારાજનો ! કેમ મહારાજા ! આપે મને યાદ કર્યો ?

**મહારાજા**-હા, સજ્જનકુમાર ! તમારી પાસેથી મારે કાંઇક જાણવું છે, વારૂ લલિતાંગ કુમારને અને તમારે કાંઇ સંબંધ ખરો ?

**સજ્જન**-(મોકો મલ્યો છે, માનીને દાવકે મોઢે) મહારાજ ! એ વાત જવાદો, જુની વાતોના પોપડાઓ ઉખેડવામાં માલ નથી.

**મંત્રીશ્વર**-ના, ના. સજ્જનસિંહજી, એમ નહિ જે હોય તે બેધડકપણે કહી દો, જેથી અમને સમજણ પડે.

**સજ્જન**-તો મહારાજા ! આપનો આગ્રહ છે એટલે મારે ન છુટકે, બધું કહેવું પડે છે.

**રાજન**-લલિતાંગ ! એ રાજકુમાર નથી, પણ મારો નોકર છે, અમારા ગામના શેઠની દાસીનો પુત્ર છે. અમે બંને પરદેશ નીકળેલા, રસ્તામાં દગો કરીને મને એને જંગલમાં રખડતો મૂકયો. બાદ હું અહિં આવ્યો. એની પોલ બહાર પડી ન જાય, માટે આજે એ મને આ રીતે સાચવે છે.

**મહારાજા**-(સાંભળીને દુ:ખી બનીને) હેં, એણે મારી દીકરીનો ભવ બગાડયો, મારૂં કુળ બોળ્યું, અરર ! આશું થવા બેઠું છે. હવે તો મારે એ જમાઇ નજ જોઇએ

(સજ્જન પોતાની માયાજાળ આબાદ પથરાએલી જોઇ ત્યાંથી નીકળે છે.)

**મંત્રીશ્વર**,-મહારાજા ! આમ ઉતાવળા ન થાઓ, જે અવસરે જે ઉચિત હશે તે બધું થશે, ઉતાવળે આંબા ન પાકે.

**મહારાજા**.-મંત્રી ! મારે એ જમાઈ નજ જોઈએ એવા નીચકુલના માણસને મારી દીકરી આપી હવે જીંદગી સુધી મારે લોકાપવાદ નથી સાંભળવો.

(મંત્રી રજા લે છે. રાજા પોતાના સેવકો પાસે લલિતાંગને મારવાને મારાઓ રોકે છે)

(સાંજના સમયે; લલિતાંગ પોતાના આવાસમાં બેઠો છે, પાસે સજ્જન છે, એટલામાં રાજદૂત લલિતાંગ કુમારને બોલાવવા આવે છે.)

**રાજદુત**-કુમાર સાહેબ ! મહારાજા આપને મળવા માટે બોલાવે છે.

(લલિતાંગ વિચાર કરે છે, અત્યારે ગમે તેવું કામ હોય તોયે રાજદરબારમાં સાંજના સમયે જવું ઠીક નથી.)

**સજ્જન**-કુમાર તમે ત્યારે બેસો. હુંજ તમારા તરફથી રાજાને મલી આવું.

(મનમાં મહાલતો સજ્જન ત્યાંથી વિદાય થાય છે. લલિતાંગનું કાસળ કાઢવાની દુષ્ટ વૃત્તિમાં રમતો સજ્જન જ્યાં રાજદ્વારમાં પ્રવેશ કરે છે, એટલામાં એના માથાપર ચોમેરથી રાજાએ લલિતાંગને મારવા રાખેલા મારાઓની તલવારો ઝીંકાય છે.)

**મારાઓ**-ઠીક, હરામી લાગમાં આવી ગયો. બસ, પૂરોજ કરી નાંખો.

(સજ્જન ત્યાં ઢળી પડે છે, હાથનાં કર્યાં સજ્જનને હૈયે વાગે છે આમ મલિન હ્રદયનો સજ્જન ઇર્ષ્યાના આતશમાં પોતેજ સળગી મરે છે.)

## છ ગાઉની પ્રદક્ષિણામાં આવતાં સુંદર દશ્યો.

**શ્રી શત્રુંજય ગિરિરાજ**



ઉલખાજોડનો અખંડ ઝરો



ભાઠવા ઉપરની દેહરી



શ્રી ચંદન તલાવડી



ભાડ તળાવ



શ્રી ગિરિરાજ (ભાઠવો)



શ્રી સિદ્ધવડ

શ્રી શાંતિચંદ હિરાચંદ ઝવેરીના સૌજન્યથી.

# શ્રી શત્રુંજય ગિરિરાજ



શ્રી નવટૂંકનું દૃશ્ય



સૂરજ કુંડનું દૃશ્ય



શ્રી મોતીશા શેઠની ટૂંક



શ્રી ઘેટીની પાગ



શ્રી રોહીશાળા જિનમંદિર



શ્રી મૂળનાયકજીની ટૂંક

શ્રી શાંતિચંદ્ર હિરાચંદ ઝવેરીના સૌજન્યથી

## સુદ્રઢ શરીરના ચહાનારાઓને

આજકાલ જેને જુઓ તે કંઇ ને કંઇ રોગથી પીડાતા નજરે પડશે, પછી ભલેને એ રોગી બાળક હોય, સ્ત્રી હોય કે પુરૂષ હોય એનાં કારણોનો ઉંડો અભ્યાસ કરનારા નિષ્ણાતોએ એક મને કબુલ્યું છે કે, દરેક રૂતુમાં ચોક્કસ પુરક અને શક્તિદાયક ખોરાકનું સેવન કરવું જોઇએ, તેમ કરવા તરફ જે લોકો બેદરકારી બતાવે છે તેઓ અકાળે વૃદ્ધાવસ્થાને નોતરે છે, એટલું જ નહી પરંતુ પોતાની બીમારી પાછળ વરસે હજારો રૂપીયાની નાહક બરબાદી કરે છે, મુંબઈની લોકપ્રિય ઔષધીઓ બનાવનારા મેસર્સ "ચરક ભંડાર" મુંબઈ નં. ૭ તરફથી લોકોની પુરક અને શક્તિવર્ધક જરૂરીયાતો પૂરી પાડવા માટે એક ચાટણ જે "ચરક" નો "ચ્યવનપ્રાશ" અષ્ટવર્ગના નામે ઓળખાય છે.

આ ચાટણ માત્ર શક્તિવર્ધક છે એટલું જ નહીં પરંતુ વાત, પીત્ત અને કફના રોગમાં હીતકર છે. ક્ષય, ઉરઃક્ષત શોષ, હૃદયરોગ, કાસ, શ્વાસ, તરસ, વાત, રક્ત, આંખોનો રોગ, મુત્ર રોગ, વીર્યના દોષ, વિગેરે રોગો માટે પણ આ ચાટણ ઉત્તમ છે, વળી બાળકો, સગર્ભા સ્ત્રી અને ધાતુક્ષીણ બધાને માટે એક સરખું ઉપયોગી છે. વિદ્યાર્થીઓ, વકીલો લેખકો અને મગજનું કામ કરનારાઓની યાદશક્તિને વધારે છે. આ પ્રયોગ વધુ નહીં પણ ત્રણેક માસ નિયમિત કરવામાં આવે તો આખું વરસ તંદુરસ્તી ટકાવી રાખવામાં જરૂર મદદ કરશે. બળ, વીર્ય, બુદ્ધિ, સ્મૃતિ અને કાંતિને વધારનાર આ ચાટણનું દરેકે શક્તિ મુજબ સેવન કરવું જોઇએ. આવા સર્વોત્તમ ચાટણની કિંમત કાંઇ વધુ નથી. દરેક જાણીતા દવાવાળાને ત્યાં વેચાય છે. બહારગામવાળાઓએ 'ચરક ભંડાર' મુંબઈ નં. ૭ વડી ઓફીસે ઓર્ડર મોકલવો. સચિત્ર સૂચિપત્ર મફત મેળવવા પણ ત્યાં જ લખવું. આ 'ચરક' ભંડારની શાખાઓ અને મફત સલાહકેન્દ્રો મુંબઇમાં ૪૯, હ્યુજીસ રોડ. ચોપાટી અને પાયધુની પાસે, ધનજી સ્ટ્રીટ, નવનિધાન ભુવનમાં. નવસારીમાં, લક્ષ્મી નિવાસ, સયાજી રોડ. સુરતમાં, કોટસફીલરોડ જરીવાલા મેન્શનમાં. અમદાવાદમાં, રીલીફરોડ, પાદશાહ પોળ સામે, તેમજ સરસપુર શણગાર શેરીના નાકે છે. અને આખા હિંદમાં ડીસ્ટ્રીબ્યુટર્સ, એજન્ટો અને સ્ટોકિસ્ટો છે.

# પાટણથી જેસલમેર....શ્રી જયસુખલાલ ચી. શાહ.

ગૂજરાત પાટણથી જેસલમેર બાજુના વિહારની ઉડતીનોંધ, ભાઇ જયસુખ પર આવેલા પત્રપરથી તેમણે લખીને અમારા પર મોકલી છે. ભાઇ જયસુખ શાહની સંકલના સુંદર હોવાથી તે અહિં રજુ કરેલ છે, તે વાંચકોને રસપ્રદ બનશે એવી આશા છે. સં૦

**ભાઇ જયસુખ !**

અમે તા. ૩-૧૨-૪૯મીએ અમારો વિહાર શરૂ કર્યો. અમે પાટણ મૂકી ચારૂપ થઇ મેત્રાણા આવ્યા. મેત્રાણાથી બીજે દિવસે વિહાર કરી મેતા ગયા. મેતાની નદી કાંઠે એક પથ્થર ઉપર લેખ હતો, પણ તે બરાબર વંચાતો નથી. ત્યાંના લોકોનાં કહેવા પ્રમાણે મામા-ભાણેજ સામસામા લડી મરી ગયા હતા, તેઓના છે, નદીને એક કાંઠે મામાનો અને બીજે કાંઠે ભાણેજનો એમ બે લેખ છે. અમે તે બન્ને લેખ-પથ્થરો જોયા.

બીજે દિવસે આગળ વિહાર કરી અમે ૧૨ માઇલ દૂર આવેલા પાલણપુર આવ્યા, પાલણપુરથી તા. ૧૭-૧૨-૪૯ના રોજ વિહાર કરી ચિત્રામણી આવ્યા. અહિંથી અરવલીના પહાડોની શરૂઆત થાય છે. બન્ને બાજુ પર પહાડોની લાંબી કતાર અને તેની વચ્ચેથી જતી રેલ્વે સડક પર વિહાર કરી શ્રી અમીરગઢ થઇ અલીગઢ આવ્યા, અલીગઢથી આબુરોડ બાર માઇલ થાય છે. વચ્ચે ચંદ્રાવતીનાં ખંડેરો જોવા લાયક આવે છે ચંદ્રાવતી નદીમાં જે મંદિરોના આરસના ઢેર પડયા છે, તે જોઇ મને ખૂબ લાગી આવ્યું, એક વખત ચંદ્રાવતીમાં બધાં થઇ ૩૫૦ મંદિરો હતાં.

ચંદ્રાવતીથી વિહાર કરી આબુરોડ આવ્યા, આબુરોડ (ખરેડી)માં એક જૈન ધર્મશાળા છે, તેમાં અમે ઉતર્યા. જેસલમેર જલદી પહોંચવાનું હોવાથી અમે માઉન્ટ આબુ પર ચડી ન શકયા, છતાં દુરદુરથી પણ તેનાં દર્શન કરવાના પ્રયત્નને ન ચૂકયા. ચંદ્રાવતીથી અમે ૧૬ માઇલનો વિહાર કરી સરૂપગંજ આવ્યા, રસ્તાની બન્ને બાજુ પર પર્વતોની કતાર અને વચ્ચેથી જતા રસ્તા પર આવતી સુગંધીત કેસુડાની સુવાસે અમારા આ સોળ માઇલના વિહારમાં ઉત્સાહ પ્રેર્યો. સરૂપગંજમાં જૈન છાત્રાલય છે, તેમાં અમે ઉતર્યા. થાકને લીધે મને તાવ આવી ગયો, પણ વિહાર તો ચાલુજ રાખ્યો.

બીજે દિવસે ફરી વિહાર કરી ૧૨ માઇલ દૂર આવેલા પીંડવાડા આવ્યા, અહિંનું જૈનમંદિર ઘણુંજ રમણિય છે, તેમાં ધાતુની બે ઉપસ્થિત [ઉભા] પ્રતિમાજી છે, તેનાં દર્શન તો દરેક જૈને કરવાં જોઇએ, પીંડવાડામાં રાતવાસો કરી બીજે દિવસે અમે નાણા આવ્યા, નાણામાં બે કાઉસ્સગીયા છે. [જે હાલમાં ખંડિત દશામાં છે] તેને મેં પાટણ લાવવાની મારી શુભભાવનાને ત્યાંના લાગતા-વળગતાઓને કરી છે. જો તેઓની સંમતિ હશે તો જેસલમેરથી પાછા ફરતાં તેની વ્યવસ્થા કરી લેશું, નાણાથી અમે વિસલપુર-ફાલના થઇ લઠારા આવ્યા. અત્રે અમોએ શ્રી ....................ને હાર્દિક વંદન કર્યાં. લઠારાથી બીજે દિવસે વિહાર કરી વરકાણા આવ્યા, વરકાણામાં પણ આચાર્યશ્રીનાં દર્શનનો લાભ મળ્યો, વરકાણામાં વરકાણા પાર્શ્વનાથ. જૈન છાત્રાલય છે, તેની વ્યવસ્થા ઘણી જ સુંદર છે અને તેમાં મેટ્રિક સુધીનો અભ્યાસ શીખવવામાં આવે છે.

વરકાણાથી ફરી વિહાર કરી અમે પાલી આવ્યા, પાલીમાં નવલખા પાર્શ્વનાથજીનું બાવન જિનાલય છે, અને તેને ફરતી ધર્મ-શાળા છે, આ ગામમાં ઘણા ઝઘડા છે, તેથી અમે ચાર દિવસ તેઓના ઝઘડા પતાવવા રહ્યા, પણ પથ્થર પર પાણી. પાલીથી આગળ ચાલીએ એટલે મારવાડની શરૂઆત થાય છે. તા. ૨-૧-૫૦ના રોજ અમે પાલીથી ખારલા આવ્યા, ખારલામાં એકે જૈનનું ઘર નથી, ખારલાથી બીજે દિવસે કાકાણી થઈ મોગરા આવ્યા, મોગરામાં આહાર-પાણી કરી ફરી વિહાર શરૂ કર્યો અને સાંજે છ વાગે અમે જોધપુર આવ્યા.

જોધપુર એક જોવાલાયક શહેર છે, અત્રે આઠ [૮] જૈન મંદિરો છે અને તે દરેક એક-બીજાથી ચડિયાતાં છે, આશ્ચર્યની વાત તો એ છે, કે અહિં દરેક મકાન લાલ પથ્થ-રનાં જ બનેલાં છે, ઈંટોનું તો નામ-નિશાન જ ન મળે. જોધપુરના મહારાજાનો બંગલો એક ટેકરી પર આવેલો છે, દૂરથી જોતાં તે ઘણોજ સુંદર લાગે છે, જોધપુરના દહેરાસરોનાં દર્શન કરી અમે જોધપુરથી આગળ વિહાર શરૂ કર્યો. જોધપુરમાં એરોડ્રામ ત્રણ છે, અહિંયાં લાલ પથ્થરોનો ભંડાર હોવાથી તે મોંઘા પડતાં નથી, જોધપુરથી અમે મંડોર આવ્યા, મંડોર પહેલાં રાજધાનીનું શહેર હતું, મંડોરમાં એક બહુ જ સુંદર બગીચો છે, તેમાં લગભગ હિંદુઓના દરેક દેવની પ્રતિમા છે, તથા મંડોરમાં થઇ ગયેલા શૂર-વીર રાજાઓની પાષાણની ઘોડેસ્વારી મૂર્તિઓ છે, તે દરેક મૂર્તિઓ નાના-નાના મંદિરોમાં છે. સૌથી મોટું મંદિર મહારાજા અજીત-સિંહજીનું છે, અને તે પણ કેવળ લાલ પથ્થરમાંથી જ બનાવેલું છે, જોધપુરથી અમે છ માઇલ વિહાર કરી માણેકલાવ નામના જંગલમાં આવ્યા, ત્યાં સ્ટેશનના નાનકડા રૂમમાં અમે ચાર સાધુઓએ રાતવાસો કર્યો, બીજે દિવસે બાર માઇલ વિહાર કરી તીવરી આવ્યા, તીવરીમાં જૈનોનાં સાત ઘર છે અને બે દહેરાસર છે, તેમાંનું મોટું દહેરાસર જમીનમાંથી નીકળ્યું છે એમ કહેવાય છે, તીવરીમાં ધાડો બહુ પડે છે, તેથી ગામ ઉજ્જડ જેવું થઈ ગયું છે, બે દિવસ પહેલાં જ નજીકના ગામમાં ધાડ પાડી, ધાડપાડુઓ બે માણસોનાં ખૂન કરી ૪૦ હજારનો માલ લુંટી ગયા હતા.

તીવરીમાંથી બીજે દિવસે ફરી આગળ વિહાર શરૂ કર્યો. રેતીના ઢગલા અને ઠેર ઠેર પડેલા કાંટામાંથી માર્ગ કરવો અમારે માટે અકારો થઈ પડયો. જેમતેમ કરી સાંજે ચાર વાગે અત્રે ઓસિયા તીર્થ આવી પહોંચ્યા. ઓસિયામાં શ્રી મહાવીર સ્વામીનું દેરાસર છે, તેમાં વેળુની મૂર્તિ છે. આ મૂર્તિને સોનેરી લેપ કરેલ હોવાથી દેખાવમાં ઘણીજ સુંદર લાગે છે. અહિં ઓસવાલોની કુળદેવીનું પણ મોટું મંદિર છે. મંદિર ઘણું જુનું અને વિશાળ છે. દેવી પાસે પહોંચતાં સુધી ૧૨૫ પગથિઆ ચડવા પડે છે. મંદિરની આસપાસ કેટલાક ખંડેરો પડયાં છે. ઓસવાલો મૂળ અહિંના રજપૂતો જ છે. પહેલાંના વખતમાં એક જૈનાચાર્યના ઉપદેશથી સવાકરોડ રજપૂતો જૈનો બન્યા હતા, અને તેજ આજના ઓશવાલો, પણ હાલ અહિં એકે જૈનનું ઘર નથી. ઓસિયામાં એક છાત્રાલય છે, તેથી યાત્રાળુ-ઓને ઉતરવાની તથા ભોજનની અગવડ પડતી નથી. આ છાત્રાલયમાં ૧૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

ઓસિયાથી તા. ૧૩-૧-૫૦ ના રોજ બપોરે વિહાર કરી અમે નવ માઇલ ભીમકોટા ગયા. અત્રે ઠંડી સખત પડે છે. રાતવાસો ત્યાં કરી બીજે દિવસે સવારે ફરી વિહાર કરી અમે સમરાઉ આવ્યા. સમરાઉમાં આહાર-પાણી કરી બપોરે છ માઈલ ઢેલા આવ્યા. ઢેલાથી લોહાવટ-છીલો થઈ ફલોધી આવ્યા. છીલોમાં એક કુવો છે, તેમાં ૨૫૦ હાથ-પાણી ઉંડુ છે. પાણી કાઢવા બળદની બે જોડી રાખવી પડે છે. કોશ ખેંચવા વારાફરતી બે જોડી જોડવામાં આવે છે અને જયારે પાણી બહાર આવે ત્યારે થાળી વગાડવામાં આવે છે, જે સાંભળી બળદને ઉભા રખાય. ફલોધીમાં આઠ મંદિરો છે. અહિં માવઠું થયું એટલે અમારે આઠ દિવસ રોકાવું પડયું. ફલોધીથી તા. ૨૫-૧-૫૦ના રોજ વિહાર કરી બીઠડી થઇ આઠ માઈલ પોકારણ આવ્યા. આજે ૨૬મી જાન્યુઆરીનો દિવસ હતો, તેથી અહિંની પ્રજા ૨૬મી જાન્યુઆરીનો દિવસ ઉજવી રહી હતી. અમે નદીની રેતમાં બેસી તેઓની બધી રમતો જોઇ. પોકરણથી જેસલમેર ૭૦ માઇલ અને ફલોધીથી ૧૦૦ માઇલ થાય છે. આ છેલ્લી મજલ છ દિવસમાં પુરી કરી. તા. ૨-૨-૫૦ ના દિવસે અત્રે જેસલમેર સુખરૂપ પહોંચી ગયા. આમ પાટણથી જેસલમેરનો વિહાર અમે મહિનામાં પૂરો કર્યો.

બસ, હવે આટલેથી બંધ કરૂં છું. બીજું વધુ ફરી કોઈવાર લખીશ. તારા ભાઇઓને ધર્મલાભ કહેજે.





બ્લોકો કયાં કરાવશો ?

લાઈન, હાફટોન, ટ્રાયકલર, થ્રીકલર બ્લોકો માટે નીચેના સીરનામે પૂછાવો ?

સુંદર, સફાઈદાર, સુઘડ અને સંતોષજનક કામ કરી આપવું એ અમારો મુદ્રાલેખ છે.

રીલીફરોડ, કૃષ્ણ સીનેમા પાસે
અમદાવાદ.

# સુમિત્રકુમાર............... શ્રી ચંદ્ર

'કલ્યાણ'ના છઠ્ઠા વર્ષના અંકોમાં આ વાર્તાના છ હપ્તાઓ લખાયા બાદ એક હપ્તા માટે આ વાર્તા અધૂરી રહી જવા પામી હતી, કથા-વાર્તા વિશેષાંક માટે આ અધુરી રહેલી વાર્તાને એના ટૂંકસાર સાથે રજૂ કરવી, એ વાર્તાના લેખકને યોગ્ય લાગ્યું છે. સં૦

### આગળના હપ્તાઓનો ટુંક સાર

ચંપાપુરી નગરીના રાજા ધવળવાહનને પ્રીતિમતિ નામે અણુમાનીતી રાણી હતી, ભાગ્યયોગે તેની કુક્ષીએ સુમિત્ર નામના પુત્રનો જન્મ થયો, રાજાને બીજી અનેક રાણીઓથી સંગ્રામ આદિ ૨૨ પુત્રો પણ થયા હતા.

અણુમાનીતી રાણીના પુત્ર પ્રત્યે રાજાને પ્રેમ, લાગણી, સ્નેહભાવ, મમત્વ કે સદ્ભાવ જેવું કશું ન હતું. સુમિત્રકુમારને પૂર્વભવના કર્મોદયથી અનેક પ્રકારની આપત્તિઓ આવી નડવાની હોવાથી તેની માતાએ પુત્રના સંરક્ષણ કાજે કોઇ સિદ્ધપુરૂષ પાસે રક્ષા-વિધાન કરાવ્યું. હતું.

સુમિત્રકુમાર યોગ્ય ઉંમરનો થતાં પોતાના સુર, શ્રીધર, સુત્રામ અને સાગર નામના ચાર મિત્રો સાથે શહેરમાં ફરવા નિકળતો સુમિત્રકુમારનાં રૂપ, તેજ, લાવણ્ય અને કાંતિને જોવા માટે શહેરની યુવાન સ્ત્રીઓ પોતાનું ઘરકામ છોડી બહાર દોડી આવતી, એ વખતનો લાગ જોઇ ગઠીયાઓ ઘરમાંથી તફડંચી કરવા લાગ્યા.

નગરના મહાજને રાજા પાસે ફરીયાદ કરી કે, 'આપનો પુત્ર સુમિત્રકુમાર શહેરમાં ફરવા નીકળે છે ત્યારે અમારા ઘરોમાં ચોરી થવા પામે છે, માટે ઘટતો બંદોબસ્ત થવો જોઇએ.'

રાજાએ અણુમાનીતા પુત્રને એકાએક હુકમ કર્યો કે, 'તારે શહેરની હદ છોડીને ચાલ્યા જવું.'

પોતાના ચારે મિત્રો સાથે સુમિત્રકુમાર પોતાની માતાનાં આશીર્વચનો લઇ નત મસ્તકે જન્મભૂમિ અને જનનીને પગે લાગી શહેર છોડી ચાલી નીકળ્યો.

રસ્તામાં જુદા જુદા સ્થળોએ વિદ્યાસાધકો મળવાથી પોતાના ચારે મિત્રોને જુદી જુદી ચમત્કારી વિદ્યાઓ શીખવા માટે મૂકી સુમિત્રકુમાર પોતે એકલો અટુલો કોઇ નિર્જન-ઉજ્જડ એવા શહેરમાં આવી પહોંચ્યો.

શહેરના સુંદર એવા રાજમહેલને જોઇને પગથીયાં ચઢયો. ઓરડામાં જતાં હીંડોળાખાટ પર બેઠેલી એક બિલાડીને તેમજ ખાટ ઉપર લટકતી બે તુંબડીઓને જોઇ, એક તુંબડીને હાથમાં લઇ બિલાડીની આંખોમાં આંજન આંજતાં ભારે આશ્ચર્ય સાથે રાજકન્યા પ્રગટ થઇ. રાજકન્યા ખુબસુરત અને તેજનો અંબાર હતી.

રાજકન્યાએ પોતાનો સઘળો વૃત્તાંત સુમિત્રકુમારને કહી સંભળાવ્યો. ત્યાં એક ક્રૂર રાક્ષસ રહેતો હતો એણે શહેરને ઉજ્જડ બનાવી શહેરનો કબ્જો લીધો હતો અને રાજકન્યાને પોતાની કરવા માટેની પેરવી હતી.

રાક્ષસની બહારથી આવવાની તૈયારી હતી ત્યારે સુમિત્રકુમાર એક બાજુ ખુણામાં ઉઘાડી તલવારે છુપાઈ રહ્યો.

રાક્ષસ આકાશમાર્ગે બહારથી આવી પોતાના ઈષ્ટ-દેવની પ્રાર્થના કરવા બેઠો, ત્યાં સુમિત્રકુમારે પાછળથી તલવારથી તેનું શિર ઉડાવી દીધું.

ત્યારબાદ રાજકન્યા પ્રિયંગુમંજરી સાથે સુમિત્ર-કુમારે પાણિગ્રહણ કરી કેટલોક કાળ વ્યતીત કર્યો.

૨

એકદા બંને જણ નદીમાં જળક્રીડા કરવાને માટે ગયા. નદીના કાંઠે મૂકેલો રાણીનો કંચુક પાણીના વેગમાં તણાઇ ગયો. કંચુક અતિ મૂલ્યવાન અને મનોહર હતો એ કંચુક તણાતો-તણાતો દુર ગયો અને કોઇએક માણસના હાથમાં આવતાં વિજયનગરના મહારાજા મકરધ્વજને સોંપ્યો.

મકરધ્વજ રાજા મૂલ્યવાન કંચુકને જોઇ કામાંધ બન્યો અને જાહેર કર્યું કે, આ કંચુકને ધારણ કરનાર સ્ત્રી રત્નને શોધી આપશે તેને ઇચ્છિત અપાશે.

ગણિકાએ આ બીડું ઝડપ્યું.

આ બાજુ સુમિત્રકુમાર અને પ્રિયંગુમંજરી નદીમાંથી બહાર આવી જુએ છે તો કંચુક જોવામાં ન આવ્યો. ઘણી શોધખોળ કરી પણ વ્યર્થ ગઈ. બંને જણ પોતાના મહેલે પાછાં ફર્યાં.

ગણિકા સ્ત્રીરત્નની શોધમાં નિકળી છે. ઘણી જગ્યાએ શોધ કરે છે, પત્તો લાગતો નથી. ઉદ્યાન બાજુ આવે છે, ત્યાં પ્રિયંગુમંજરી અને સુમિત્રકુમારને જુએ છે. ગણિકાને અનુમાન નક્કી કર્યું કે, આજ સ્ત્રીરત્ન હોવું જોઇએ. ગણિકાને ઓળખ થયા પછી સુમિત્રકુમારના રક્ષાવિધાનનો નાશ કર્યો અને સુમિત્રકુમારને મૂર્છિત કર્યો. જાણે મરી ગયા જેવી સ્થિતિ કરી અને પ્રિયંગુમંજરીને હાથ કરી.

ગણિકાએ કહ્યું કે, તને મેળવવા માટેજ આ બધો પ્રપંચ રમાયો હતો. પ્રિયંગુમંજરીનો બીજો કોઇ ઉપાય નહિ હોવાથી પોતાના પતિના શબને બાજુએ સુરક્ષિત સ્થળે મૂકી, ગણિકાની સાથે વિજયનગર ભણી ચાલવું શરૂ કર્યું.

વિજયનગરની નજીક આવી પહોંચતાં ગણિકાએ મકરધ્વજ રાજાને ખબર મોકલાવ્યા કે, 'હું આપના ઇચ્છિત કાર્યને કરી પાછી ફરી છું.'

આ સમાચાર મળતાં રાજા સત્કાર-સન્માનના અનેક સાધનો લઈ સામે ગયો.

મોહાંધ મકરધ્વજ રાજાએ પ્રિયંગુમંજરીને કહ્યું કે, 'હે સુભગા ! હાથી ઉપર આરૂઢ થાઓ.'

પ્રિયંગુમંજરી રાજાના મલિન હૃદયને કળી ગઇ હતી, પોતાનો કોઇ ઉપાય કારગત નિવડે એમ ન હતો, એથી રાણીએ કહ્યું કે, 'પતિના કલ્યાણ કાજે એક મહિનો દાન દેવાની વૃત્તિ છે, પછી આપ કહેશો તેમ કરીશું.'

રાજાએ ગામની બહાર દાન દેવાની બધી સગવડતા ઉભી કરી દીધી. રાણી હરરોજ દાન દઇ રહી છે. એવામાં કાળક્રમે કરી સુમિત્રકુમારના ચારે મિત્રો પદાનુચારીણી વિદ્યાથી પોતાના મિત્રને શોધતા-શોધતા ત્યાં આવી ચડયા.

પ્રિયંગુમંજરી ચારે મિત્રોને ઓળખી જાય છે. પોતાની સઘળી હકીકત કહી જણાવી, અને પછી જલ્દી પોતાના પતિના દેહ પાસે પહોંચી જવા તેને જણાવ્યું.

રાજાપણ મહિનો પુરો થતાં ત્યાં આવી ચઢયો. રાણીએ કહ્યું કે, 'હું આવવા તૈયાર છું પણ ગામમાં ચાર સુલક્ષણા કુમારીકાઓને તેડાવો. રાજાએ હુકમ કર્યો. રૂપવાન ચાર કન્યાઓને બોલાવી પછી સગરે મિત્ર આકાશગામીની વિદ્યા જાણતો હતો, એટલે ચાર કન્યા, ગણિકા, ચારમિત્રો અને પ્રિયંગુમંજરી રથમાં બેઠા પછી રથ આકાશમાર્ગે ચાલવા લાગ્યો. આ જોઇ રાજા મોં'વકાસી જોઇ રહ્યો અને ગણિકાને અધવચ્ચે જઈ આકાશમાંથી પડતી મૂકી, ગણિકાનાં હાડકાં રંગાઇ ગયાં.

પ્રિયંગુમંજરી વગેરે સુમિત્રકુમારના દેહ પાસે આવી પહોંચ્યાં સુત્રામમિત્રે પોતાની સંજીવની વિદ્યાથી સુમિત્રકુમારને મૂર્છામુક્ત કર્યો. ફરી પાછા બધા એકઠાં થયા અને એક બીજાએ પોતપોતાની કથની કહેવી શરૂ કરી.

જે રૂપવાન ચાર કન્યાઓ સાથે આવી છે. તેની સાથે ચારે મિત્રોને પાણિગ્રહણ કરવાનો સુમિત્રકુમારે આગ્રહ કર્યો, દરેકે એકેક કન્યા સાથે પાણિગ્રહણ કર્યું અને સુમિત્રકુમારને ઉજ્જડ એવા શહેરનો રાજ્યસ્વામી બનાવ્યો, રાક્ષસના ભયથી નાશી છુટેલા નગરજનો પાછાં ફરી નગરમાં વસવા લાગ્યાં.

દિન-પ્રતિદિન કાળ જતો ગયો તેમ સુમિત્રકુમાર અનેક દેશોનો સ્વામી બન્યો અને અનેક રાજકુમારીઓની સાથે પાણિગ્રહણ કર્યું, પ્રિયંગુમંજરીને બધી રાણીઓમાં પટરાણી બનાવી.

હવે રાજવહીવટ સુખપૂર્વક ચાલે છે.

૩

આ બાજુ ધવળવાહન રાજાના મૃત્યુબાદ શત્રુઓએ રાજ્ય પડાવી લીધું અને સુમિત્રકુમારના બાવીસે બંધુઓ બેહાલ સ્થિતિમાં ત્યાં આવી ચડ્યા. મંત્રી, કુમારરાજાની પાસે લઇ જાય છે, સુમિત્રકુમાર પોતાના બંધુઓને ઓળખી લે છે. પણ પોતાના ભાઇઓ સુમિત્રકુમારને ઓળખતા નથી.

સુમિત્રકુમાર પોતાના રાજસિંહાસન ઉપરથી ઉઠી ભાઇઓના પગે પડયો અને કહ્યું કે, 'હું પણ તમારો ત્રેવીસમો ભાઈ છું.'

બાવીસે બંધુઓએ પોતાની સઘળી હકીકત જણાવી, શત્રુઓએ પડાવી લીધેલું ચંપાપુરીનું રાજ્ય સુમિત્રકુમારે વિજય મેળવી પાછું અપાવ્યું અને ૨૨ બંધુઓને રાજકારભાર સોંપી પોતાની માતા પ્રીતિમતિને પગે પડયો અને માતાના અંતરનાં આશીર્વચનો મેળવ્યાં.

ત્યાં કેટલોક કાળ વ્યતિત કરી પોતાની માતા સાથે પોતાના રાજ્યમાં પાછો ફર્યો.

પ્રીતમતિએ મહેલમાં પગ મૂકતાં દરેક રાણીઓ નમ્રતા અને વિનયપૂર્વક પગે પડી. સુમિત્રકુમારની આ રાજસાહ્યબી અને સુખ જોઇ માતાનું અંતર ખુશી થયું.

એકદા ઉદ્યાનમાં શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજ પધાર્યા, આ સમાચાર મળતાં રાજા, રાણીઓ, રાજસેવકો અને પરિચારિકાઓ વગેરે ગુરૂ મહારાજને વંદન કરવા ગયા, વંદન કરી સૌ પોત–પોતાના યથાસ્થાને બેઠા પછી ગુરૂદેવે અસંતોષના માઠા ફળ ઉપર એક સુંદર કથાનક કહ્યું, આ સાંભળી સુમિત્રકુમારે પૂછયું, [અહીંથી અધુરી રહેલી વાર્તા આગળ વધે છે.]

૪

' ગુરૂદેવ ! જાણી જોઇને હિંસા કરનારની શી દશા ? '

' ખરાબ દશા. '

' તો ઉગરવાનો કયો ઉપાય ? '

' બાર પ્રકારના તપના આચરણથી આત્માની સાથે રહેલાં કર્મનો નાશ કરી શકાય છે. '

'ગુરૂદેવ ! પરભવ સુધારવા સંયમ લેવાની મારી ઇચ્છા છે.'

' તારી ઇચ્છા સારી છે પણ હજુ પૂર્વ ભવના દાન–પુણ્યનાં ફળ ભોગવવાં બાકી છે. '

' પણ ગુરૂદેવ ! પુણ્યનાં ફળ ભોગવવા પાછળ માઠાં ફળો રહેલાં છે એનું શું ? '

' રાજન ! તે વાત સત્ય છે પણ કેટલાંક કર્મ એવાં હોય છે. કે ભોગવેજ છૂટકો થાય. '

' ત્યારે હું સંયમ કયારે લઇ શકીશ ? '

' જ્ઞાની ગુરૂએ કહ્યું કે, 'એક લાખ વર્ષ પછી કેવળી ગુરૂ પાસે તારી અવશ્ય દીક્ષા થશે ત્યાં સુધી તું શ્રાવક ધર્મનું સુંદર રીતે આરાધન કર ! '

' હમણાં સંયમ લેવાનો કાળ પરિપકવ ન થયો હોય તો સમ્યકત્વ સહિત બાર વ્રત રૂપી શ્રાવક ધર્મ અંગીકાર કરાવો ! '

ગુરૂદેવે સુમિત્રકુમાર અને પ્રિયંગુમંજરીને શ્રાવક ધર્મ આપ્યો અને શ્રાવક ધર્મને અંગીકાર કરી બન્ને જણ ગુરૂને નમી નગરમાં પ્રવેશ કર્યો.

સુમિત્રકુમારે લક્ષ્મીની અસારતાને જાણી તેનો સદવ્યય કરવા હજારો મનોહર મંદિરો બંધાવ્યાં, લાખો પ્રતિમાજીઓ ભરાવી દર વર્ષે તીર્થયાત્રાદિ મહોત્સવો કરવા લાગ્યા, દરરોજ ઋધ્ધિપૂર્વક મહાસ્નાત્રપૂજા ભણાવવી શરૂ કરી, સાધર્મિકોને દેવાથી મુક્ત કર્યા, સવાર-સાંજ પાપના પ્રાયશ્ચિત માટે પ્રતિક્રમણ કરવું શરૂ કર્યું, ત્રણે કાળ જિનેશ્વરદેવને વંદન–દર્શન, અને પૂજન કરવાની શરૂઆત કીધી. દર વર્ષે ક્રોડ સાધર્મિબન્ધુઓને ભોજન કરાવે છે, જમાડીને રત્નકંબળ, રત્નોનાં આભૂષણો કે દિવ્ય વસ્ત્રોની ભેટ ધરે છે. પર્વ દિવસે ઉપવાસ, પૌષધાદિ કરે છે, રાજ્યમાંથી માર અને 'મારી' શબ્દને દૂર કરાવેછે.

પુણ્ય પ્રભાવથી સુમિત્રકુમારને પ્રિયંગુમંજરી વગેરે નવ હજાર રાણીઓ, પાંચસો મંત્રીઓ, હાથી, ઘોડા, રથ વીશ–વીશ લાખ હતા, ચાલીસ ક્રોડ ગામ હતાં, બત્રીસ હજાર નગરો હતાં, આ રીતે રાજાની અનેક પ્રકારની રાજયઋદ્ધિ અને સંપદા વૃદ્ધિને પામ્યાં.

૫

એક વખત પ્રિયંગુમંજરીને પાછલા પહોરે રૂપવાળા ઇન્દ્ર જોયાનું સ્વપ્ન આવ્યું. સવારમાં ઉઠીને પોતાના સ્વામિનાથને હકીકત જણાવે છે.

સ્વમિનાથે જણાવ્યું કે, 'સ્વપ્નના ફળ રૂપે પુત્રરત્ન પ્રાપ્ત થશે.

કાળે કરી રાણીને પુત્ર જન્મ થયો. મહોત્સવાદિ કરી અનેકોને દાન આપી બારમા દિવસે સ્વપ્નાનુસાર પુત્રનું ઇન્દ્રદત્ત એવું નામ પાડયું.

આઠ વર્ષનો થતાં ઇન્દ્રદત્ત અનેક પ્રકારની ક્રિડાઓ કરે છે. ત્યારપછી કલાચાર્ય પાસેથી અનેક પ્રકારની શુભકળાઓ શીખ્યો.

યુવાન વય થતાં માતા-પિતાએ પાંચસો રાજ-કન્યાઓ પરણાવી.

એક સમયે સુમિત્રકુમાર રાજસભામાં બેઠા છે, વન-પાલકે આવી સમાચાર આપ્યા કે ઉદ્યાનમાં મહામુની-શ્વર શ્રી યશોભદ્રસૂરિજી પધાર્યા છે. તરતજ હાથી ઉપર આરૂઢ થઈ ગુરૂમહાજને સમીપ ગયા, અને યથા વિધિ વંદન કરી ગુરૂ સન્મુખ આસન લીધું.

ગુરૂદેવે મનુજભવના દુર્લભપણાની હકીકત વર્ણવી આ સાંભળી સુમિત્રકુમારે પૂછ્યું.

'ગુરૂદેવ! કયું પુણ્ય કરવાથી આ સામ્રાજ્ય મળ્યું છે અને કયું પાપ કર્યું હોવાથી ગણિકાએ અમને દુઃખ આપ્યું હતું ?'

'રાજન ! સાંભળ. સુગ્રામ નામના ગામમાં ક્ષેમસાર અને તેની પત્ની ક્ષેમશ્રી રહેતાં હતાં તેને સોમ. સોહડ, લક્ષ્મણ અને ભીમ નામે ચાર મિત્રો હતા.

પાંચે મિત્રો ખેતીનો ધંધો કરતા હતા.

એક વખત ક્ષેમશ્રીનું કહ્યું ચાકરડીએ ન કર્યું. તે વાત પોતાના ધણીને જણાવી. ક્ષેમસારે ચાકરડીને શિક્ષા કરવા માટે એક અંધારા ઓરડામાં પુરી દીધી. ઓરડામાં મૂચ્છિત અવસ્થામાં પડી રહી, રગે-રગે ક્રોધ વ્યાપી ગયો. ક્ષેમસારને વળી દયા આવતાં તેને બહાર કાઢી.

વળી એક વખત કોઇ માસક્ષમણના પારણા માટે આવેલા મુનિરાજને જોયા. વિશદ્ધ પરિણતિથી મુનિ-રાજને પારણું કરાવ્યું અને પાંચ દિવ્ય પ્રગટ થયાં.

પોતાના ચારે મિત્રોએ પારણું કરાવ્યાની અનુમોદના કરી. કાળક્રમે કરી ક્ષેમસાર. ક્ષેમશ્રી અને તેના ચાર મિત્રોએ સુપાત્રદાનની અનુમોદના કરી હોવાથી શુભધ્યાને મરણ પામી દેવલોકમાં ગયા.

ત્યાં અનેક પ્રકારનું સુખ ભોગવી. હે રાજન ! તું સુમિત્ર નામે કુમાર થયો. ક્ષેમશ્રીનો જીવ પ્રિયંગુમંજરી. અને પરભવના ચાર મિત્રો તે સુર વગેરે આ ચાર મિત્રો છે. દાન-પુણ્યથી આ બધી સંપત્તિ, સુખ અને સાહ્યબી મળ્યાં છે. માટે ધર્મ એ પરમ મંગળ છે.

દાસી હતી તે મરીને તમને દુઃખ આપનાર ગણિકા બની, પૂર્વભવમાં તમે તેને અંધારા ઓરડામાં પુરી રાખી હતી તેનું વેર આભવમાં તેણે લીધું.

આ મુજબ વૃત્તાંત કેવળજ્ઞાની ગુરૂમહારાજ પાસેથી સાંભળતાં સુમિત્રરાજાને પૂર્વભવ યાદ આવતાં જાતિ-સ્મરણ જ્ઞાન થયું અને પૂર્વે અનુભવેલી હકીકત યથાસ્થિત જણાઇ,

સંસારનાં વિપાક કટુ સુખોને દુઃખરૂપ જાણી; તેનાથી નિર્વેદ પામી સુમિત્રકુમારે અને પ્રિયંગુમંજ-રીએ તથા સુર વગેરે ચારે મિત્રોએ સંસારસમુદ્રમાં પ્રવહણ સમાન ભાગવતી પ્રવ્રજ્યાને અંગીકાર કરી. રાજ્યનો ભાર પોતાના પુત્ર ઇન્દ્રદત્તને સોંપ્યો. ઇન્દ્ર-દત્ત પણ કુશળતાપૂર્વક રાજવહીવટ ચલાવે છે, અને ધર્મમાં પણ રત બને છે.

કાળે કરી સુર વિગેરે ચારે મિત્રો સંયમનું આરાધન કરી દેવલોકમાં ગયા અને સુમિત્રકુમાર અને પ્રિયંગુ-મંજરીએ ઉગ્ર તપ-તપતાં કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું. દેવોએ મહોત્સવ કર્યો, દેવરચિત કમળ પર બેસી ભવ્યજીવોને બોધ આપ્યો અને અંતે નિર્વાણ પદને પામ્યા.

આ રીતે સુંદર પ્રકારે ધર્મારાધનાદ્વારા સર્વ જીવો માનવભવને સફલ કરો !

---

## ક, રડે છે

રમણ—અહીં તો મચ્છર બહુ કરડે છે.

પ્રવીણ—હેં...., શું કહ્યું ? ક, રડે છે ?

રમણ—હા, ક, રડે છે.

પ્રવીણ—શું કામ રડે છે ?

રમણ—કળિકાળના નામમાં ભાઇ સાહેબને પહેલા નંબર મળ્યો છે એટલે.

× × ×

# ※ વાર્તાના પ્રકાર અને તેનો વિવેક ※

**પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ધુરંધરવિજયજી ગણિવર**

વાર્તાપ્રત્યે દરેકને સામાન્ય રીતે રૂચિહોય છે, પણ તેમાં વિવેક હોવો અનિવાર્ય છે, આ હકીકત લેખમાં સ્પષ્ટતાથી રજુ થઇ છે. લેખક પંન્યાસજી મહારાજ, સમર્થ વિદ્વાન તથા વિચારક અને ચિંતનશીલ છે. 'કલ્યાણ' ના કથા-વાર્તા અંક માટે તેઓશ્રીએ કાળજી પૂર્વક લેખ તૈયાર કરીને મોકલ્યો છે. લેખ, વાર્તાપ્રિય સમાજને માટે મનનીય અને માર્ગદર્શક છે.- સં૦

**સાહિત્યસૃષ્ટિમાંથી** જો વાર્તા સાહિત્યને બાદ કરવામાં આવે તો શું રહે ? એ વિચારના અનુસંધાનમાં કહી શકાય કે અત્યારના આ દેખાતા જગતમાંથી માનવોને બાદ કરતાં જે રહે તે રહે. બાળથી માંડીને મરણોન્મુખ થયેલા વૃદ્ધ સુધી દરેકને વાર્તા એક સરખી પ્રિય છે. વાર્તા કોઇને કરવી ગમે છે, તો કોઈને સાંભળવી ગમે છે. સંખ્યાબળમાં વાર્તાનો વર્ગ સૌથી મોખરે રહેતો આવ્યો છે ને છે. વિવિધ પ્રકારની વાર્તાઓ પોતાને ઉપયોગી થાય તે માટે, તેના પ્રકારો મુખ્ય કેટલા છે અને તે કેવા છે, એ સમજવું આવશ્યક છે. વાર્તાના મુખ્ય પ્રકાર ત્રણ પાડી શકાય (૧) સદ્દભૂતવાર્તા, (૨) અસદ્દભૂતવાર્તા, ને (૩) મિશ્રવાર્તા. આ ત્રણે પ્રકારની વાર્તામાં પણ દરેકના ત્રણ ત્રણ પ્રકાર છે. જીવન અને આત્માને હિતકર, અહિતકર અને સામાન્ય એ પ્રમાણે ૩÷૩-૯ પ્રકારમાં વિશ્વનું વાર્તા-સાહિત્ય સર્વ સમાઈ જાય છે, તેનું આછું દિગ્દર્શન આ પ્રમાણે છે-

## (૧) સદ્દભૂત હિતકર વાર્તા :

જે વાર્તા કહેવાની હોય તે વાર્તા વિશ્વમાં બની હોય તે સદ્દભૂત છે. અસદ્દભૂત વાર્તાની રજુઆત એવી રીતે કરવામાં આવી હોય કે, સાંભળનારને તેમાંથી સ્વોન્નતિની અનેક પ્રેરણાઓ પ્રાપ્ત થાય. વાર્તાની સદ્દભૂતતા અંગે બે વિકલ્પ પડે છે, એકતો વાર્તા વાસ્તવિક રીતે સદ્દભૂત હોય, છતાં તેને બીજાઓ અનેક કારણસર સદ્દભુત ન માનતા હોય, બીજું વાર્તા વાસ્તવિક રીતે અસદ્દભૂત હોય છતાં તેને તેના માનનારાઓ સદ્દભૂત માનતા હોય અને મનાવતા હોય જો વાર્તા કોઇને કોઈ હિતકર પ્રેરણા આપ-નારી હોય ને તે વાર્તાને તેનો અનુયાયી વર્ગ સદ્દભૂત માનીને ચાલતો હોય તો તે વર્ગને તેની અસદ્દભુતતા ઠસાવવા માટે પ્રયત્ન કરવો એ હિતકર નથી. અને એ રીતમાંથી બીજા પણ અનેક વિચિત્ર ફણગા ફુટે છે, કે જેનાં ફળ લાભદાયક નથી હોતાં, જ્યારે બીજી બાજુ કેટલીક વાસ્તવિક વાતોને પણ અસદ્દભૂત તરીકે ગણાવવાના વ્યર્થ પ્રયત્નો કેટલાક કરે તો એવા પ્રયત્નો પાછળ તેમને શું લાભ છે ? એ ન સમજાય એવી વાત છે.

સદ્દભૂત હિતકર વાર્તા એ સર્વ પ્રથમ કોટિની છે, તેને જેટલી શક્તિ હોય તેટલી અલંકૃત કરવી તેમાં સ્વ-પરને એકન્દર લાભ છે.

## (૨) સદ્દભૂત-અહિતકર વાર્તા.

વાત બનેલી હોય, સાચી હોય પણ તે કોઈને કહેવાથી-સંભળાવવાથી કોઈ પ્રકારનો લાભ તો ન થતો હોય પણ ઉલટો ગેર-લાભ થતો હોય તે સદ્દભૂત અહિતકર વાર્તા છે. કેટલાક સત્યના ખોટા આગ્રહી આત્મ-ઓ આવી વાતો કહે ને કરે તો પણ ઉચિત

નથી. એવી વાતો સાચી હોય તો પણ જતી કરવા જેવી છે.

### (૩) સદ્‌ભૂત-સામાન્ય વાર્તા.

આ વાર્તાનો પ્રકાર વિશ્વમાં રોજબરોજ બનતા બનાવોને આશ્રયીને છે. માણસ ખાય છે, પીવે છે, ઉંઘે છે, જાગે છે વગેરે સદ્‌ભૂત છે, પણ તે સર્વ વાર્તાથી નથી તો વિશિષ્ટ લાભ કે નથી વિશિષ્ટ ગેરલાભ, આ સામાન્ય કોટિની સદ્‌ભૂત વાર્તાથી સમય વ્યય સિવાય અન્ય કોઇ ફળ મળતું નથી, એટલે તેવી વાર્તાઓને ત્યાજ્ય કહેવી કે ન કહેવી એ પ્રશ્ન બાજુએ રાખીએ તો પણ ઉપાદેય તો નથી, એ નિર્ણિત છે.

### (૪) અસદ્‌ભૂત-હિતકર વાર્તા.

જે વાત બની ન હોય પણ ઉપજાવી કાઢી હોય તે અસદ્‌ભૂત કહેવાય છે. બીજી રીતે કદાચ બની હોય પણ તે કોઇ પ્રમાણથી પૂરવાર ન કરી શકાતી હોય તેને પણ અસદ્‌ભૂત વાર્તાનો પ્રકાર કહી શકાય, અને જો એમ ન હોયતો ગમે તેવી કોઇ પણ કાલ્પનિક વાત આ અપાર વિશ્વમાં કોઇ પણ કાળે ન બની હોય એમ ન કહી શકાય. અમુક હિતકર વિષયોને પુષ્ટ કરવા માટે કાલ્પનિક પાત્રો દ્વારા તેના લાભ વર્ણવવા તે અસદ્‌ભૂત હિતકર વાર્તા છે, આ વાર્તા લાભદાયક હોવાથી ઉપાદેય છે.

### (૫) અસદ્‌ભૂત અહિતકર વાર્તા

ઉપર પ્રમાણે વાર્તાનો આ પ્રકાર છે. ફકત આમાં પાત્રની હકીકત એવી હોય છે, કે જેથી સાંભળનાર કે વાંચનારને લાભ નથી મળતો, કેવળ મલિન વૃત્તિઓના ઉશ્કેરાટ વધે છે, ને તેથી ઘણાંજ અહિતોને તે અનુભવે છે. આવી વાતોનું પ્રમાણ પણ ઘણું છે. પોતાનું હિત ચાહનારે આવી વાર્તાઓથી વેગળું રહેવું એ અતિ આવશ્યક છે.

### (૬) અસદ્‌ભૂત-સામાન્ય વાર્તા

કાલ્પનિક પાત્રોની વાર્તા હોય પણ તે એવી યોજાઇ હોય કે નતો તેથી કોઈ વિશિષ્ઠ પ્રેરણા મળતી હોય કે નતો કોઇ ગેરલાભ થતો હોય, આવી વાતો લાભદાયક નથી, પણ એક બીજી રીતે ત્યાજય પણ છે, કારણ કે અસદ્‌ભૂત વાતો પણ વાચકને થોડો સમય સદ્‌ભૂતપણાનું ભાન કરાવે છે. અસદ્‌ભૂતને સદ્‌ભૂત સમજવું એ અનિષ્ટ છે.

### (૭) મિશ્ર હિતકર વાર્તા.

આ વાર્તાઓમાં આવતાં પાત્રો જો કે સદ્‌ભૂત હોય પણ તેમાં વર્ણવાયેલી હકીકતો બધી તે પ્રમાણે બની હોય એમ નહિં. રજુ કરનારે હકીકતો કેટલીક પોતાની કલ્પનાથી બહેલાવી હોય. કોઇ હકીકત જે રૂપે બની હોય છે, ત્યારબાદ કાળ અને દેશમાં વહેવા સાથે તેમાં અનેક મિશ્રણો થતાં જાય છે, એ દેખીતી વાત છે, એવાં મિશ્રણોવાળી વાર્તાઓ હિતકર હોય તો તે ઉપાદેય છે. એટલુંજ નહિં પણ તે મિશ્રણ થયેલી છે. એવું પણ એ અંગે વ્યકત કરવાની સામાન્ય આશ્રયીને જરૂર નથી. એમ કરવાથી તેના હિત કરવાના સામર્થ્યને ધકકો લાગે છે ને તેથી કોઈ ફાયદો નથી.

### (૮) મિશ્ર-અહિતકર વાર્તા.

ઉપર પ્રમાણેનો આ પ્રકાર છે. ફક્ત આ પ્રકારમાં મિશ્રણો એવાં થયાં હોય કે, જેથી વાર્તા

કોઈનું હિત સાધી શકતી નથી, પણ અહિત કરે છે, આવી વાર્તાઓ ત્યાજ્ય છે.

### (૯) મિશ્ર સામાન્ય વાર્તા.

પ્રથમ જે પ્રકારની સામાન્ય વાર્તાઓ જણાવી છે, તેવું આનું સ્વરૂપ છે, આમાં સદ્ભુત પાત્રોમાં અસદ્ભુત હકીકતોનું મિશ્રણ એવા પ્રકારનું થયેલું હોય છે, કે જે મિશ્રણથી લાભ કે અલાભ કાંઇ વિશિષ્ટ થતાં નથી. આ વાર્તાનો પ્રકાર પણ ઉપાદેયતો નથી, આત્મકથા, પ્રાણિકથા, રૂપકકથા, વિગેરે વાર્તાના જુદાજુદા પ્રકારો ઉપર જણાવેલ પ્રકારોમાં આવી જાય છે.

વાર્તાના યોજકે અને તેના વાંચકે આ પ્રકારોને ધ્યાનમાં રાખીને પોતાના લાભાલાભનો વિચાર કરી, હિતકર વાર્તામાં પ્રવૃત્તિ કરવી એજ શ્રેયસ્કર છે.

# પરિવર્તન................શ્રી અમૃતલાલ છ. શાહ.

**જીવનમાં કોઇક સુભગપળે બે શબ્દો–બોધવચનો કાનપર પડે છે, આત્મા અંદરથી જાગી ઉઠે છે. અને કર્તવ્ય માર્ગે ડગ ભરે છે, એ વસ્તુ લેખક પોતાના શબ્દોમાં અહિં કહે છે. લેખક અવાર–નવાર ‘કલ્યાણ’માં પોતાના લખાણો મોકલે છે, તેઓની શૈલી સરળ અને સુવાચ્ય છે.**

મુંબઇના એક સુંદર પરામાં, કોઇ વિદ્વાન મુનિમહારાજ ચાતુર્માસ હતા, તેમનું જ્ઞાન અને વિદ્વતા ભરી વાણીએ, માત્ર જૈનોપરજ નહિ, પરંતુ ઇતર જૈનો અને શહેરના ઉચ્ચ અધિકારીઓ પર પણ જાદુ કર્યું હતું.

આજે રવિવાર હતો. ‘જીવનમાં ધર્મનું સ્થાન’ એ વિષય પર મુનિમહારાજનું જાહેર વ્યાખ્યાન ગોઠવાયું હતું. રજાનો દિવસ હોવાથી હંમેશ કરતાં શ્રોતાજનોની હાજરી આજે સવિશેષ હતી. શહેરના એક શ્રીમંત, અને પ્રતિષ્ઠિત આગેવાન શ્રી શાંતિલાલ શેઠે પણ સંઘના અન્ય આગેવાનો અને આવેલા ઉચ્ચ અધિકારીઓની સાથે પહેલી હરોળની બેઠકમાં સ્થાન લીધું હતું.

સમય થતાં મુનિમહારાજે તેમનું પ્રવચન શરૂ કર્યું. શરૂઆતમાં, ‘જીવન અને ધર્મ એટલે શું?’ એ વિષય પર શ્રોતાજનોને વિસ્તૃત માહિતિ આપી અને કહ્યું, “ધર્મવિનાનુ જીવન, એ જીવન નથી, એના કરતાં તો મૃત્યુ ઉત્તમ છે.” વધુમાં તેમણે, મનુષ્યના જીવનમાં ધર્મની જરૂરીઆત શા માટે છે? એ સંબંધી સાંભળનારાઓને દાખલા–દલીલો સાથે સમજણ આપી અને અંતમાં કહ્યું ‘જે ઘરમાં ધર્મ ન થઇ શકે, એ ઘર તમારૂં નથી, જે શરીરની આખરે રાખ થવાની છે તેનાપર મોહ શા માટે? દેહરૂપી પાંજરામાં પુરાઇ રહેલો આત્મા મુક્તિ માટે ઝંખી રહ્યો છે, આજે હજારો નહી પરંતુ લાખો વર્ષો નહિ પણ અસંખ્યાતા કાલની મહેનત પછી મનુષ્ય જીવન મળ્યું છે અને કીનારે આવેલું નાવ શા માટે ડુબાડો છો? માટે હજુ પણ સમજીને વૈરાગ્યપૂર્વક ઘરની બહાર નીકળો, નહીંતર તમે જેને તમારો સમજો છો તેઓજ તમને આખરે બાંધીને બહાર કાઢશે.”

વ્યાખ્યાન પુરૂં થયું અને સહુકોઇ મુનિરાજની તેજસ્વી બુદ્ધિ અને વિશાળ જ્ઞાનની પ્રશંસા કરતાં એ મહાન ત્યાગીને વંદન કરી વિખરાયા. શાંતિલાલ શેઠ પણ ઘેર જવા માટે હજુ હમણાંજ વસાવેલી નવી ‘સ્ટુડ બેકર’ કારમાં બેઠા. માર્ગમાં મુનિરાજના અંતિમ શબ્દો શેઠના કાનમાં પડઘા પાડી રહ્યા હતા, અને ‘સરલા સદન’ નામના તેમના ભવ્ય બંગલાના કમ્પાઉન્ડમાં જઈ તેમની ગાડી ઉભી રહી. શોફરે તુરતજ બારણું ખોલ્યું અને શેઠ મોટરની બહાર નીકળ્યા અને ભાંગેલા પગે, આરસના પગથીયાં ચઢવા લાગ્યા. ઘરમાં દાખલ થતાંજ નોકરે શેઠનો ખેસ અને પાઘડી લીધી, અને સહુથી ઉંચી કોલીટીની ગરમ ગેબરડીનનો કોટ પણ સરલાબ્હેને શેઠના હાથમાંથી લઇ કબાટમાં ટીંગાવી દીધો, અને શાંતિલાલ શેઠ સોફાઉપર બેઠા કે તરતજ તેમના બે સુપુત્રો અશોક અને શ્રેણિકે આજના વર્તમાનપત્રો શેઠની સમક્ષ મુકયાં અને ટેલીફોનની ઘંટડી વાગી. શેઠે ટેલીફોન પર વાતચિત પુરી કર્યા પછી દુષ્કાળ રાહત ફંડ માટે

મળવા આવેલ ગૃહસ્થોને શેઠે મુલાકાત આપી અને ફંડમાં રૂા ૨૫૦૧ ભર્યા અને થોડી વાર પછી તેઓ જમવા માટે રસોડામાં ગયા.

કંઇ પણ બોલ્યા વગર બિલકુલ શાંતિથી શેઠને આજે જમતા જોઈ સરલા બ્હેનને નવાઇ થઇ. તેમના દશ વરસના પરણેતરમાં આજે પ્રથમ જ બનાવ હતો, કે જયારે શાંતિલાલ શેઠે જમતી વખતે, તેમની પત્ની સાથે હસીને વાતો કરી ન હોય! અને તેથી સરલા બ્હેનના મનમાં અજાયબી સાથે થોડીક ચિંતા પણ ઉત્પન્ન થઇ. પરંતુ અત્યારે તેઓ કશું બોલ્યાં નહિ. શેઠ પણ જેમ અને જેટલું પીરસ્યું તેટલું જમીને તેમના શયનગૃહમાં જઇને સૂઇ ગયા, આજના વ્યાખ્યાનમાં મુનિમહારાજનાં મુખે સાંભળેલા અંતિમ શબ્દોએ શેઠનાં હૃદય પર ઉંડી અસર કરી હતી, અને તેમનું મન કોઇ વિચાર પ્રવાહમાં તણાતું હતું.

શાંતિલાલ શેઠ, વેપારીક્ષેત્રમાં કુનેહ અને આપબળથી આગળ વધ્યા હતા, અને છેલ્લા વિશ્વયુધ્ધ પછી તો તેઓ અઢળક સંપત્તિના માલિક બન્યા હતા. પરંતુ. તેઓ માત્ર કમાઇ જ જાણતા હતા તેટલું જ નહિ, પરોપકારાર્થે પણ તેમણે તેમના હાથ ખુલ્લા રાખ્યા હતા તે ઉપરાંત દેરાસરો અને ઉપાશ્રયોના જીર્ણોદ્ધાર પાછળ તેમણે લાખો રૂપિયા ખરચ્યા હતા, વળી નીરાધાર વિધવાઓ અને બાળકો માટે પણ તેઓએ તેમની પ્રથમ પત્નીના નામથી એક આશ્રમ ખોલ્યું હતું, અને આમ તેઓ કુનેહબાજ વેપારી, આગેવાન, નાગરિક, ઉદાર દાનેશ્વરી અને સાચા ધર્મ પ્રેમી તરીકે સુવિખ્યાત હતા.

અશોક અને શ્રેણિક, એ શાંતિલાલ શેઠની પ્રથમ પત્નીના પુત્રો હતા. 'બાપ તેવા બેટા' એ કહેવત અનુસાર તેઓ પણ તેમના પિતાની જેમ ખાનદાન, તેજસ્વી અને સંસ્કારી હતા. પ્રથમ પત્નીનું અવસાન થયા પછી શાંતિલાલ શેઠને ફરીથી લગ્ન કરવાની ઇચ્છા ન હોતી, પરંતુ ઘરની દેખરેખ, બે બાળકોની માવજત અને સગાં-સબંધીઓના દબાણથી શાંતિલાલ શેઠે સરલાબ્હેન સાથે લગ્ન કર્યાં.

શાંતિલાલ શેઠ ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાસિત હતા જયારે તેમનાં પત્ની સરલા બ્હેન પણ સુશીક્ષિત હોવા છતાં સંસ્કાર સંપન્ન હતા. ધર્મ પ્રત્યે તો સરલાબ્હેનને પણ ભાવના હતી પરંતુ શાંતિલાલ શેઠ ભાવના કરતાં કર્તવ્યને હમેશાં ઉંચુ સ્થાન આપતા અને આમ છતાં પણ વિચારોના ઘર્ષણ વગર શાંતિલાલ શેઠનો ઘરસંસાર સુખ અને શાંતિથી ચાલતો.

સરલાબ્હેનના જીવનમાં માત્ર હવે એકજ આશા બાકી રહી હતી, કે ખોળાનો ખુંદનાર એક પુત્ર ઘર આંગણે રમતો જોઉં અને જીવનમાં આશાનું અજવાળું કરે, પરંતુ પરણ્યે દશ દશ વરસ થયા છતાં તેમની આશા અધુરીજ રહી હતી.

વ્યાખ્યાન સાંભળીને આવ્યાં પછી, કદિ નહી અને આજે શેઠે ધારણ કરેલું મૌન. અને તેમના મુખારવિંદ પર ફરી વળેલી દુઃખની ઘેરી છાયાઓ. સરલાબ્હેનને અકળાવી મૂકયાં હતાં, કલાકોના ચિંતન છતાં તેઓ તેનું કારણ શોધી શકયાં નહિ. લાંબો સમય થયો છતાં શાંતિલાલ શેઠ તેમના ઓરડામાંથી બહાર નીકળ્યા નહિ ચાનો સમય થયો એટલે સરલાબ્હેને પોતેજ વહીને તેમના હાથે ચા બનાવી તેઓ પોતેજ તેમના પતિને ચા આપવા માટે શેઠના ઓરડામાં ગયાં. પલંગની પાસેના ગોળ ટેબલ પર સરલાબ્હેને ચાનો કપ મૂકયો. શાંતિલાલશેઠ તો કોઇ ઉંડા મંથનમાં પડયા હોય તેમ આંખો ખુલ્લી રાખીને સૂતાં હતા સરલાબ્હેનના પગરવનો અવાજ કે તેમની હાજરી શેઠની એકાગ્રતામાં વિક્ષેપ પાડી શકયા નહી. થોડીપળો પસાર થયા પછી, સરલાબેને તેમના પતિને કહ્યું "ચા લાવી છું" પરંતુ શાંતિલાલ શેઠ તો કશું જ ના બોલ્યા. સરલાબેનની મૂંઝવણ તેમની આંખોમાં આંસુરૂપે બહાર આવી. પરંતુ તેમણે ધીરજ ન ગુમાવતાં ફરીથી કહ્યું 'ચા ઠંડી પડી જશે.'...... 'હં... ...' કલાકોનું મૌન તોડી શાંતિલાલ શેઠ પલંગ પર બેઠા થયા, અને ચાનો કપ હાથમાં લીધો. ચા પીતાં-પીતાં પણ કશું જ બોલ્યા નહિં અને સરલા બેને પુછયું 'તબીયતતો સારી છે ને?' પરંતુ જવાબમાં સરલાબેનના હાથમાં ચાનો ખાલી કપ મલ્યો અને શેઠ પાસુંવાળીને ફરીથી સૂઇ ગયા, વધુ વાતચિત કરવાની સરલાબેનની હિંમત ચાલી નહિ અને તરત તેઓ ઓરડામાંથી બહાર નીકળી ગયાં.

# પ શ્ચા તા પ... પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ

સંસારમાં આત્માએ ભૂતકાળે અનંતવેળા દ્રવ્યક્રિયા કરી છે પણ એમાં ભાવ નથી આવ્યો માટે એ નિરર્થક ગઈ છે. છતાં દ્રવ્યક્રિયાની ઉપયોગિતામાં સ્હેજે શંકા નજ હોઇ શકે. ગમે ત્યારે પણ ભાવનું કારણ દ્રવ્યજ છે, આ કથા એ વસ્તુ કહે છે. લેખક મુનિરાજશ્રી નૂતન સ્તવનો-પદોના રચયિતા છે, અને લેખનકાર્ય પણ તેઓશ્રી કરે છે, 'કલ્યાણ'માં અવાર-નવાર તેઓશ્રીના લેખો પ્રસિદ્ધ થાય છે.

**એક** શેઠે પોતાના વ્હાલસોયા એકનાએક પુત્રનું સ્વચ્છંદી જીવન જોયું, ત્યારે શેઠની આંતરડી કકળી ઉઠી. શું મારો પુત્ર ધર્મ-વિહોણું જીવન જીવી દુર્ગતિનો ભાગી બનશે? શેઠ વિચારે છે, કે સૌ કોઇ પોતાના પુત્રને ધન-માલનો વારસો આપે છે, પણ સાચો

"હજુ પણ સમજીને ઘરની બહાર નીકળો, નહીતર જેને તમે તમારાં માનો છો, તેઓજ તમને બાંધી બહાર કાઢશે." મુનિ મહારાજની આ વાણીએ શાંતિલાલ શેઠનાં હૃદય પર ઉંડી અસર કરી હતી. પરિણામે તેમના વિચારો અને વર્તનમાં પરિવર્તન થયું હતું. વાડી, મોટર, બંગલા, ધન, પુત્રો અને પત્ની ઉપરથી તેમનો મોહ, જેમ જેમ સમય પસાર થતો હતો, તેમ તેમ ઓસરતો જતો હતો. અને એમના મનમાં વિચારોની પરંપરા ચાલુ થઇ, " મૃત્યુજ આ જીંદગીનો અંત છે ત્યારે મોહ શા માટે? પત્ની, પુત્રો અને સ્વજનો જે મને હું મારા પોતાનાં જ સમજું છું. તેઓજ જો મારા મૃત્યુ બાદ મનેજ બાંધીને બહાર કાઢતાં હોય તો એ મારાં શાનાં? એ સગાઇ કેવી? રાત-દિવસ મહેનત કરી, પરસેવો પાડી, કરોડોનો વેપાર કરી, અનેક કાળાં-ધોળા કર્યાં, પત્ની અને પુત્રોને સુખ અને સાહ્યબીમાં રાખ્યા, અનેક સ્વજનોને પોષ્યાં, તેના બદલામાં તેઓજ મને બાંધીને મારા ઘરની બહાર કાઢતા હોય તો ધિક્કાર છે મને, એના કરતાં તો મારેજ હવે, બહુ મોડું થાય તે પહેલાં સમજીને ઘરની બહાર શા માટે ન નીકળી જવું?"

ખરેખર, એ સાચું છે કે મનુષ્ય માત્રની બુદ્ધિ તેના કર્મ અનુસાર જાગે છે. પૂર્વની પુણ્યાઇનો ઉદય થતાં શાંતિલાલ શેઠના વિચારો પણ વૈરાગ્યના રંગે રંગાયા અને તેમના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ રેલાયો.

પિતા તેજ કહેવાય કે, જે પોતાના પુત્રને ધર્મ-ધનનો વારસો આપે........પરિણામે એ જન્મજન્મમાં સુખી થાય. ધન તો કિસ્મતને આધીન છે, આજે છે ને કાલે ફાંફા મારવા પડે છે.

શેઠે પુત્રને ધર્મની લાઇનમાં લાવવા અનેકવિધ પ્રયત્નો આદર્યા, વિવિધ-ધાર્મિક પુસ્તકો વસાવ્યાં. ગુરૂદેવનાં વ્યાખ્યાનો શ્રવણ કરવા પ્રેરણા કરી-સન્મિત્રોની સંગતિ કરાવી અનેક ઉપાયો અજમાવી જોયા. યુકિત-પ્રયુકિતથી એને સમજાવ્યો. પણ તેને આની કશીજ અસર ન થઇ.

'બેટા! જૈનકુળ જેવું ઉત્તમ કુળ આપણુને મળ્યું છે, જૈનશાસન જેવું ઉત્તમ શાસન મહાપુણ્યે આપણે પામ્યા છીએ, દેવો ને દાનવો જે જીવનની ઝંખના કરી રહ્યા છે, એજ જીવનને શું આમ ધુળ-ધાણીમાં મેળવી દેવું છે?' પિતાએ પુત્રને સમજાવ્યું.

'વીતરાગ દેવનાં દર્શન કરવા એ આપણી ફરજ છે, એમ નહિ પણ એ પ્રભુનાં દર્શન કરી આપણે પણ વીતરાગ બનીએ, એ ભાવના ભાવવાની, અનાદિ કાળથી આત્મા રાગ-દ્વેષ રૂપ કારમા શત્રુઓથી હણાઈ રહ્યો છે, પરિણામે આત્માને નરક-નિગોદની અસહ્ય-યાતનાઓનો સામનો કરવો પડે છે. પિતાએ આમ પ્રભુના દર્શન કરવા માટે ઘણી ઘણી પ્રેરણા કરી પણ એ પ્રયત્ન સાવ નિષ્ફળ નિવડયો, છેવટે શેઠે પોતાના ઘરનું બારણું પાડી નાંખ્યું અને પેસવા-

નીકળવાનો દરવાજો સાવ નાનો બનાવડાવ્યો કે જેથી પેસતાં નીકળતાં સહુને સ્વાભાવિક નમવુંજ પડે. દરવાજો નાનો બનાવી તેની સામે એક સુંદર મૂર્તિ પધરાવી એટલે જતાં-આવતાં માણસોને આમ સ્હેજે દર્શન થઈ જાય.

આ પ્રમાણે હમેશાં-નીકળતાં ને પેસતાં એકવાર નહિ પણ અનેકવાર આ છોકરાને આ ભવ્યમુર્તિનાં દર્શન સ્હેજે થઇ જાય છે.

છોકરાને દર્શન કરવાની બુદ્ધિ નથી, બુદ્ધિ જો દર્શનની હોત તો આટ-આટલા પ્રયત્નો પણ શેઠને કરવા ન પડત.

પ્રતિદિન-સ્વાભાવિક રીતે મૂર્તિ આ પુત્રની નજરે ચડે છે. ભાવ-વગરની ક્રિયા પણ કેટકેટલી ફળદાયક નીવડે છે, એ આપણને આ દૃષ્ટાંતથી મળી આવશે.

કેટલાકો કહે છે, ભાવવિનાની ક્રિયા કરવી એ નકામી છે, કેવળ કાયકલેશ છે, એ એમનું કહેવું બરોબર નથી.

**अनेकजन्म संस्कारात् सिद्धि :**

અનેક જન્મના જ્યારે આત્માને સુ-સંસ્કારો પડે છે, ત્યારે તે સિદ્ધિને મેળવી શકે છે.

દ્રવ્યક્રિયા કરતાં-કરતાં ભાવ ઉત્પન્ન થાય છે. ભાવ ઉત્પન્ન તેનેજ થશે કે જે દ્રવ્યક્રિયામાં છે, પણ દ્રવ્યક્રિયા કરતો નથી તેને ભાવ કયાંથી વધવાના-ભાવ જાગશે તો દ્રવ્યક્રિયા કરનારનાજ જાગશે. જેમ દુકાન ઉઘાડી રાખવામાં આવે તો ગ્રાહક આવે છે પણ જે દુકાન બંધ કરીને બેઠો છે તેને ત્યાં ગ્રાહક કયાંથી આવવાના! નજ આવે એ સ્વાભાવિક છે. ગ્રાહક દુકાન ઉઘાડી હશે તોજ આવશે, તેવીજ રીતે દ્રવ્યક્રિયાઓ ચાલુ હશે તોજ ભાવ જાગશે, એ પણ સુનિશ્ચિત છે. દ્રવ્યક્રિયા કરતા ભાવ કેમ વધે, વીર્યોલ્લાસ કેમ જાગે-આત્મા તન્મય કેમ બને એ માટે ઉદ્યમશીલ રહેવાની ખાસ જરૂર છે.

બાપ દેવલોક સીધાવી ગયા. પુત્ર પણ ધર્મવિહીન જીવન જીવી જીંદગી પૂરી કરી, ત્યાંથી કાળ કરી અસંખ્યાત યોજન લાંબા સમુદ્રમાં મત્સ્ય -માછલો થાય છે. આ મત્સ્ય અનેક નાના-નાના મત્સ્યોને રોજ બરોજ હોઈયાં કરી આનંદ માને છે, આમ એના અનેક દિવસો ને મહિનાઓ વીતી ગયા. તેટલામાં એક મત્સ્ય-જિનેશ્વર દેવની મૂર્તિ આકારે તેના જોવામાં આવ્યો. મત્સ્યો વિવિધ આકારના હોય છે. શાસ્ત્રો કથે છે, કે નળીયા અને વલયાકાર આમ બે આકૃતિ સિવાય અનેકવિધ આકૃતિવાળા મત્સ્યો હોઇ શકે છે.

જિનેશ્વરદેવની મૂર્તિ જેવા આકારવાળા મત્સ્યને જોતાંજ આ મત્સ્ય (શેઠના પુત્રના જીવે) વિચાર ધમળમાં પડ્યો. ઉહાપોહ કર્યો, અરે આવી આકૃતિ તો મારા જોવામાં આવી છે, આમ ઉહાપોહ કરતાં તે મત્સ્યને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે, જેથી પોતાનો પૂર્વભવ જણાય છે. 'હું એક શેઠનો પુત્ર જૈનકુળમાં ઉત્પન્ન થયેલો, મારા પિતાએ મને ખૂબ ખૂબ સમજાવ્યો, ધર્મમાર્ગે દોરવા સતત પ્રયત્ન કર્યો, છતાં મોજશોખ ને એશઆરામમાં મસ્ત બની અકકડ ને ફકકડ થઈ, મેં મારા પિતાનું વચન ન માન્યું. દેવ-ગુરૂ અને ધર્મને હમ્બગ માન્યો, છેવટે મારા પિતાને મારા આવા ઉધ્ધતાઈ ભર્યા વર્તનને નિહાળતાં ભારે દુખ થયું. મારા માટે ઘરનો દરવાજો પડાવ્યો, દરવાજા સામે મૂર્તિની સ્થાપના કરી, જેથી અનાયાસે મને પ્રભુનાં દર્શન થાય, આ બધી પૂર્વની ઘટના પોતની નજર સામને તરવરી રહી હતી. એના પશ્ચાતાપનો પાર ન્હોતો.

# પણ તમારી તો આખીયે જીંદગી નકામી ગઈ.

## પૂ. મુનિરાજ શ્રી ચંદ્રોદયવિજયજી મહારાજ.

જેણે જીવનમાં કશીયે ધર્મની આરાધના કરી નથી, તેનું જીવન નિષ્ફળ છે એ હકીકત આ દૃષ્ટાંત દ્વારા અહિં રજૂ થઈ છે.

એક વખત મુંબઇગરા મોજીલા ધનાજી શેઠને બંદર ઉપર ફરતાં ફરતાં વિચાર થયો કે, આ ઉંડા સમુદ્રની સ્ટીમરમાં બેસી મુસાફરી તો કરી પણ નાનકડા હોડકામાં બેસી સાગરના મોજાની સાથે પોતાના હાથે સ્પર્શ કરવાનો કોડ જાગ્યો, પરંતુ તે તો ભરદરિયાના પહાડ સમ ઉછળતા મોજા દેખી ઘડીક થંભી ગયા. વિચાર કર્યો કે, આ મોજાની ધમાલમાં જો નાનકડા હોડકામાં બેસીએ અને ભાગ્યયોગે હોડકું ઉંધુ વળ્યું તો જીંદગીભર મહામહેનતે મેળવેલ લક્ષ્મીને મૂકી કોઇ દુરદુરના પન્થે સંચરવું પડે. આ ગંભીર અને ભીમકાન્ત સાગરમાં તો વજ્ર જેવી સ્ટીમરનું કામ, આમ વિચાર કરી પાછા ફર્યા પણ હૃદયમાં એક ઇચ્છાએ જોર કર્યું કે, જગતની તમામ મોજો કરી પણ આ એક બાકી રહી છે અને તે દરિયાઈ સફરની.

આમ મનના તરંગોમાં હિંચોળા ખાતા તે ધનાજી જે માળામાં રહેતા હતા ત્યાંજ કોઇ દમણ નિવાસી રહેતો હતો, અને તેને ધનાજીને કહ્યું, શેઠ કાલે હું મારે દેશ જવાનો છું, આ વાત સાંભળતાં પેલી કેટલાક વખતથી ઘર કરી બેઠેલ ઇચ્છા પ્રગટ થતા કહ્યું, ભાઇ તારી સાથે મારે પણ આવવું છે. તમારે ત્યાંની દરિયાની ખાડી નાની અને ફરતાં મજા પડે એવી છે, એમ નક્કી કરી શેઠ તો ચાલ્યા.

દમણના પાદરેજ ખાડીના નીર દેખાણાં. શેઠ તો બોલ્યા કે, જરૂર આજ મારી ઇચ્છા પૂર્ણ થશે. ઘેર જઇ ખાધું ન ખાધુંને પહોંચ્યા ખાડી ઉપર નાની દમણથી મોટી દમણ લઇ જવા માટે ઘણાએ હોડકાં કીનારે ખડા હતાં. આ કિનારેથી સામે કિનારે લઇ જવાના ફક્ત બે પૈસાજ લેતા.

શેઠતો સામે કિનારે રહેલ મોટી દમણના મહેલો દેખી ખૂબ ખુશ થયા પણ તેમને કાંઈ તે નગરને નીહાળવું ન હતું એને તો સાક્ષાત્ સાગરના નીરનો સ્પર્શ કરવાની ઇચ્છા હતી.

કીનારે ઉભા-ઉભા મનમાં વિચાર કરે છે કે, આ બધી હોડી તો સામે તીરે લઇ જાય તેમ છે, પણ આગળ આવે તેમ નથી. આમ જ્યાં વિચારે છે ત્યાં તો એક હોડીવાળા ખારવાએ બૂમ પાડી, કેમ શેઠ આવવું છે ? બે પૈસા લઇશ.

શેઠે તે ખારવાને પાસે બોલાવી કહ્યું કે, 'જો મારે તો આ ખાડીમાંથી દરીયાના મીલન સુધી જવું છે, બોલ શું લઇશ ?

ખારવો કહે, આપને જ યોગ્ય લાગે તે આપજો. આ ખારવો તો દરીયાનો ભોમીઓજ હતો. શેઠને બેસાડયા હોડીમાં અને લગાવ્યાં હલેસાં, પવનના જોરે જાય હોડી સરરર કરતી. શેઠતો હોડી બહાર હાથ કાઢી પાણી લે, અને પાછું નાંખે. તેના મોજાથી

---

પણ હવે શું થાય ? રાંધ્યા પછીનું ડહાપણ, શા કામનું. ભાવ વિના પણ સ્વાભાવિક જતાં-આવતાં મૂર્તિનાં દર્શન મને થતાં હતાં. ભાવ વગર કરેલી એ ક્રિયાએ પણ મને આજે જગાડી દીધો. જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું, સુ-સંસ્કારો આત્મા પર કેવી અસર કરે છે, એ એને સમજાયું. મત્સ્ય વિચારે છે કે, પિતાની આજ્ઞા મુજબ ધર્મની આરાધના કરી હોત-ભાવથી પરમાત્માનાં દર્શન કર્યાં હોત તો આજે મારી આ કરૂણદશા ન થાત. માનવ-ભવ જેવો ઉત્તમ જન્મ મેળવી મેં એળે ગુમાવ્યો, બસ હવે મારે આજથી માંસ-મચ્છી વગેરે આહારના પચ્ચક્ખાણ છે. પાપનો પશ્ચાતાપ કરે છે, તેજ સમયે તે માંછલાને સમકિતની પ્રાપ્તિ થાય છે, તરતજ અનશન વ્રત આદરી ત્યાંથી કાળ કરી સીધો દેવગતિમાં પહોંચી જાય છે.

દ્રવ્યક્રિયાઓ પણ પરિણામે કેવા ઉત્તમ ભાવને જગાડે છે, એનું આ સચોટ દૃષ્ટાંત છે.

હોડીમાં પાણી ભરાશે એ બીકે શેઠ પાણીના મોજાને હાથથી હડસેલે. આમ કરતાં કરતાં શેઠે ખારવાને પૂછ્યુ, ભાઈ ! તારૂં નામ શું ?

ખારવો બોલ્યો કે, મારૂં નામ પેમલો, થોડી વાર પછી શેઠે પૂછ્યું, અલ્યા પેમલા, કેટલો વખત થયો હશે ? પેમલો કહે, મને ખબર નથી. સુરજ સામું જોઈ અડસટે બોલ્યો કે, બાર વાગ્યા હશે ! ' આ ખારવાનું સ્વરૂપ દેખી ધનાજીએ પૂછ્યું, અલ્યા તને ઘડીઆળ જોતાં નથી આવડતી.' ખારવો શું કહે, જવાબ વાળ્યો કે, શેઠ કાળો અક્ષર મારે તો ભેંસ બરોબર છે. ત્યાં ઘડીઆલને શું કરૂં ? આ ઉત્તર સાંભળી શેઠ બોલ્યા, અરે મૂર્ખા ! જમાનો કેટલો આગળ વધ્યો જન્મીને આટલુંયે ન શીખ્યો, જા-જા તારી તો પા જીંદગી નકામી ગઇ. '

પેમલો આ ઉત્તર સાંભળી ચૂપજ થઈ ગયો. મનમાં તો કેટલીએ રીસ શેઠના ઉપર આવી પણ એ શું કરે ?

હોડી તો સડસડાટ ચાલે અને શેઠ મનમાં હસે. હાશ કેટલાયે વખતની ઇચ્છા આજ પૂર્ણ થઇ. આ મઝામાં પોતાના બજારની વાત યાદ આવી અને વિચારમાં પડયો કે હું અહીં મોજ કરૂં છું, પણ બજારમાં કેટલીએ વધ-ઘટ થઇ હશે. શું થશે ? પણ પાછું મન વાળી ખારવા તરફ નજર પડતા વિચાર આવ્યો કે મારે તો હજારોના ધંધાની પડી છે, પણ આ પેમલાને છે કંઇ ચિંતા, લાવ પુછું તો ખરો કે કેટલું ભેગું કર્યું છે ?

અલ્યા પેમલા ! આખી જીંદગી આ દરિયા સાથે બાથ ભીડી કેટલી મુડી ભેગી કરી છે ? પેમલો કહે, શેઠ રોજ આઠ-બાર આના કમાવું છું અને સાંજે રોટલા ભેગો થાવું છું પછી કયાંથી તમારા જેવો થાવું ?

આ સાંભળતાં તો શેઠ દીંમૂઢ થઇ ગયા. અરે બીચારો આટલું વૈતરૂં કરે અને જીવના જોખમે ઝંપલાવે તોએ અનિર્ધન. ખરેખર આને વ્યાપાર કરતાં જ ન આવડયો. હું તો બેઠા-બેઠા લાખો કમાવું છું. આમ વિચારી ખારવાને કહ્યું ભાઇ આટલી મહેનત છતાં કંઈ ભેગું ન કર્યું ? તો ખરેખર તારી 'અર્ધી જીંદગી નકામી ગઇ.' પેમલો કહે, સારૂં મા-બાપ ધનવાનને કયાં ખબર છે કે ગરીબાઇ કેવી ચીજ છે.

જ્યાં દુર-દુર મધ્યસાગરના તોફાની મોજા ઉપર નજર પડી ત્યાં શેઠને પોતાના વ્હાલસોયા પુત્રપત્ની યાદ આવ્યાં. વિચાર કર્યો કે જો બધાએ મારી સાથે હોત તો કેવી મઝા તેમને પડત. ખરેખર મારા કરતાં આ પેમલો સારો કે આ દરીયાની મોજ પોતાના દીકરા-દીકરી ને વહુને આ અપૂર્વ દરિયાઇ સહેલ કરાવતો હશે, આમ વિચાર કરતાં પૂછ્યું, અલ્યા પેમલા ! તારા બાયડી-છોકરાં સાથે કેટલી વખત આ સહેલ કરવા આવ્યો હતો, હું તો મારા બાયડી-છોકરા મૂકીનેજ આવ્યો છું. આ સાંભળતાં તો પેમલો મનમાં કકળી રહ્યો અને બોલ્યો, શેઠ ! હજુ તો પરણ્યો નથી તો છોકરા-છોકરીની કયાં માંડો છો ? અરે શું બોલે છે ? આટલો મોટો થયો, કાળા ગયા ને ધોળા આવ્યાં તોએ પરણ્યો નહિ. જા...જા...મૂર્ખા ! 'તારી તો પોણી જીંદગી નકામી ગઈ.'

આમ ધનાજી શેઠે પેમલાની દશા દેખી મનમાં હાસ્ય કરતા તો ઘડીકમાં એની અજ્ઞાનતા અને ગરીબાઇ સંભારી દુઃખ અનુભવતા. તે શેઠને તો એમજ લાગતું કે, ખરેખર જન્મીને તો હું જ જીવી જાણું છું. શું મારી પાસે કઇ વસ્તુનો તોટો છે. બસ, એને તો નાશવંત પદાર્થની મમતામાં જ મશગુલતા રાખેલી પણ તે અજ્ઞાની શેઠને ખબર કયાં હતી, કે મારો પણ એવો દિવસ આવશે, કે એ નાશવંત પદાર્થો મને દુર્ગતિના ગર્તામાં નાંખી દેશે.

એવામાં પ્રચંડ વાયુનું તોફાન ચાલ્યું. પહાડ જેવા પાણીના મોજાં પાસે આ હોડી ડૂબકા મારવા મંડી, પણ તે ધમાલમાં પેમલો મૂળ માર્ગ ભૂલ્યો. તોફાન શાન્ત થએ નાવિકે દિશાવલોકન કર્યું અને ગભરાયો. શેઠ તો પહેલેથીજ ગભરાતા હતા છતાં નાવિકની હિંમતથી બેફીકર બનેલા, પણ જ્યારે નાવિકનું મોઢું પડી ગએલું અને ચિંતાતુર દેખાયું કે તરત શેઠ બોલ્યા, કેમ પેમલા ? આમ ઠરી ગયો ? કાંઈ વાંધો તો નહિ આવે ને ? પેમલો શું બોલે, ઘડીક મૌન લઇ ચૂપચૂપા બેઠો રહ્યો. મન મક્કમ કરી બોલવા તો ઘણુંએ જાય છતાં બોલાતું નથી. છેવટે બોલવા મંડયો કે, શે...ઠ, કેમ ભાઇ ! બોલ જલ્દી શું કહેવું છે ? મારી તો સફર અવળી નીકળી ગઇ. બોલ જલ્દી શું છે ? પણ ..શે.. ઠ અરે બોલ,

શું છે? એ કહે આપણે પવનના તોફાનમાં માર્ગ ભૂલ્યા છીએ. આ હોડલું કોઇ જુદીજ દિશામાં ચાલે છે. અને તે એવી દિશામાં જાય છે,કે જ્યાં મોટામોટા વમળ આવે છે અને તે વમળમાં કેટલાએ મોટાં જહાજ ફસાયા અને સાગરના તળીએ પહોંચ્યાં, તો આ આપણી ટચુકડી હોડીની શી કિંમત ?

આ વચન સાંભળતાં શેઠ કહે, પેમલા ! હલેસાં મારી હોડી પાછી લઈ જઈએ તો ઠીક થાય. આમ વિચાર અને વાતો કરતાં તો વમળના નજીક જઇ પહોંચ્યા. દરીઆનું પાણી ગોળગોળ ફરે છે અને વચ્ચમાંથી એક મોટું મોજું ઉછળતાં પાછું શાંત થાય છે. આ વખતે વચમાં જે કોઇ આવે તો સીધા એ સાગરના ભોગ બને.

શેઠ કહે, ભાઈ! કાંઇ ઉપાય છે ? જોઇએ તો તને ધન આપું કે બીજી કોઇ પણ જરૂરીઆતવાળી વસ્તુ આપું. પણ મને કોઇ રીતે બચાવ. આમ બોલતાં તો પાણીનું કુંડાળુ હોડીના ચારે તરફ ફરી વળ્યું. શેઠ અકળાયા. છાતીફાટ રૂદન કરવા માંડયા. પેમલાએ કહ્યું, શેઠ ! હવે ભરદરિએ ઝંપલાવો નહિ તો સાગરના ભોગ થયા સમજજો, પણ ભાઇ મને...તો તરતાએ આવડતું નથી. શું કરૂં ? મને હાથ ઝાલી પાર ઉતાર !

આમ બોલતાં-બોલતાં હોડી નીચી વળી, પેમલો હોડીમાંથી કુદી પડયો. પાણીના મગરમચ્છ જેવો તરંગોની સામો પડયો. પાછળ શેઠ બૂમો પાડે છે કે, પેમલા ! બચાવ તરત પેમલાએ જવાબ વાળ્યો કે શેઠ, જ્ઞાન, પૈસા અને બૈરી વગર મારી તો પોણી જીંદગી નકામી ગઇ. પણ તમોને તરતા ન આવડતાં આખીએ જીંદગી નકામી ગઇ. આટલું બોલતાં શેઠને છેલ્લી સલામ ભરી પેમલો તો કીનારે પહોંચ્યો, ત્યારે શેઠ સાગરમાં ડુબકી ખાતાં મરણ પામ્યા.

આ કથાનકથી સાર એ લેવાનો કે, જન્મ, જરા અને મરણથી ખચિત ભવસમુદ્રમાં દુર્લભ મનુષ્યભવ રૂપ હોડી પામી જો ધર્મની આરાધના ન કરીએ તો જરૂર તે હોડી તોફાની દરિયાના તોફાનમાં ટીચાઇને સાગરતળીએ જઈ બેસશે. તો સજ્જનો ! તમારે પેલા વ્યવહારૂ જ્ઞાન વગરના પૈસા કે સ્ત્રી વગરના નાવિક જેવા થવું છે કે એક કળામાં અધુરા સમગ્ર સામગ્રીથી પૂર્ણ એવા શેઠીઆ જેવા થવું છે, તે જરૂર વિચારજો ! બધું મળે કે ન મળે પણ તરતાં ન આવડે તો થાય શું ? તો જરૂર ધર્મની આરાધના કરી હોડીને પેલે પાર પહોંચાડવા પ્રયત્ન કરશો.

## આજના અનિષ્ટોનું મૂળ

સદાચાર અને સંતોષ રૂપી સંપત્તિનો આપણે જેમ જેમ ત્યાગ કરતા જઇએ છીએ તેમ તેમ આપણા ખજાનામાં દુરાચાર અને અસંતોષના અગ્નિકણો ઉભરાતાં જાય છે.

ભારતીય જનતાના લોહીમાં સદાચાર અને સંતોષનાં તત્ત્વો એટલાં ઓતપ્રોત બની ગયેલાં હતાં કે એ તત્વોને ન વિધર્મી શાસન ઉખેડી શકયું કે ન વિદેશી શાસન નષ્ટ કરી શકયું. પરંતુ સ્વરાજ પ્રાપ્ત થયા પછી આપણાં આ બંને તત્ત્વો ધીરે ધીરે વિદાય લેવા માંડયાં છે !

યોગ્ય શિક્ષણનાં અભાવે અને ક્ષુદ્ર વિચારધારાઓના પરિણામે આજ આપણા બાળકોમાં પણ સદાચારનાં તત્વોનો વિકાસ થઇ શકતો નથી.

૨૬-૩-૫૨

—જયહિન્દ

# વગર વિચાર્યું કાર્ય............શ્રી કપૂરચંદ આર. વારૈયા

ઉતાવળમાં કોઇ પણ કાર્ય કરવામાં પરિણામે પશ્ચાત્તાપ, અતિશય ખેદ, અને કાર્યનાશ સિવાય અન્ય કશું જ મળતું નથી. આ કથા આ વસ્તુને કહી જાય છે. લેખક ધાર્મિક શિક્ષક છે. પ્રાચીન કથાઓમાંથી આવી ટૂંકી વાતો સરળ ભાષામાં રજૂ કરવાનો અભ્યાસ તેઓ ચાલુ રાખે તેમ આપણે ઇચ્છીએ.

**આ** ભરતક્ષેત્રને વિષે **રાજપુર** નામે નગર છે, ત્યાં સાર્થક નામવાળો **શત્રુદમન** નામે રાજા રાજ્ય કરે છે, તે રાજાને સ્નેહવડે યુકત **રત્નમાલા** નામે પટ્ટરાણી છે.

એક વખત રાજા સભા ભરીને બેઠા હતા, તે વખતે આજ્ઞા લઇને એક બટુક (છોકરો) સભામાં આવ્યો. રાજા રાજકાર્યમાંથી વ્યગ્ર હોવાથી એક બાજુ તે બેસી રહ્યો. યોગ્ય સમયે સભાને વિસર્જન કર્યા પછી સ્નાન કરી, રાજા દેવપૂજા કરવા જાય છે, તે અવસર જોઇને બટુકે રાજાના હાથમાં ફૂલો આપ્યાં.

રાજાએ બટુકને જોઇને પૂછયું, 'હે ભદ્ર ! તું કોણ છે ?'

'અરિષ્ટપુરમાં વસતા યજ્ઞદત્ત નામના બ્રાહ્મણનો **શુભંકર** નામે હું પુત્ર છું. જુદા જુદા દેશો જોવાની ઈચ્છાથી ફરતો-ફરતો તમારી પાસે આવ્યો છું.'

રાજાએ તેને વિનયવાન જાણી પોતાની પાસે રાખ્યો, શુભંકર પણ ત્યાં નિશ્ચિંતપણે રહેવા લાગ્યો. વિનય આદિ ગુણોથી તે રાજાનો પ્રીતિપાત્ર થયેલ હોવાથી અંતઃપુર વગેરે સર્વ સ્થળોએ પ્રતિબંધરહિત તે જતો-આવતો હતો.

એકદા તે નગરની સમીપ એક વિકરાળ સિંહ આવ્યો, શિકારીએ આવીને તે વાત રાજાને કહી. રાજા પણ તે સિંહનો વધ કરવા સારૂ ચતુરંગ સેના સહિત શુભંકર બટુકને સાથે લઇને નગરમાંથી બહાર નીકળ્યો. શિકારીએ કહેવાથી સિંહને વનના મધ્યભાગમાં રહેલો જાણી સૈન્યને વનની બહાર રાખી રાજા હાથી ઉપર ચડીને શુભંકર સહિત સિંહની પાસે ગયો.

રાજાને પોતાની સન્મુખ આવતો જાણી તે ભયાનક સિંહે પણ રાજાને મારવા તરાપ મારી એ સમયે "મારા સ્વામીને કાંઇ પણ પીડા ન થાઓ" આમ વિચારી શુભંકરે તરાપ મારતા સિંહના મુખમાં તિક્ષ્ણ અંકુશનો પ્રહાર કરી સિંહને મારી નાખ્યો.

આ જોઇ ક્રોધિત થયેલા રાજાએ તેને કહ્યું કે,

'શુભંકર ! તેં આ સારૂં ન કર્યું, કેમકે મેં હણવા ઇચ્છેલા સિંહને ચપળતાથી તેંજ મારી નાખ્યો, આથી ફક્ત તેં સિંહને હણ્યો નથી પણ સર્વ રાજાઓની વચમાં મારા યશને પણ હણ્યો છે.'

આ સાંભળી શુભંકરે કહ્યું,

'હે સ્વામી ! તમારા શરીર ઉપર વિપત્તિ જાણી મેં સિંહને હણ્યો છે, પણ મારા પરાક્રમને દેખાડવાની ઈચ્છાથી હણ્યો નથી, વળી મેં સિંહને માર્યો તે ફક્ત આપના પ્રભાવથીજ માર્યો છે, એમ ન હોય તો ફકત એક અંકુશવડે તેનો નાશ કેમ થાય ? હું સૈનિકોને કહીશ કે, 'સ્વામીએ પોતેજ સિંહને માર્યો છે' માટે હે દેવ ! મારા ઉપર અપ્રસન્ન ન થાઓ. કારણ કે, આ વાત આપણા બે સિવાય અન્ય કોઇ જાણતું નથી.'

આથી રાજા પ્રસન્ન થયો, પછી તે બન્ને સિંહને લઇ સૈન્યની પાસે આવ્યા. બટુકે તેઓની પાસે આવીને કહ્યું કે,

'મદોન્મત્ત હાથીઓ પણ જેનો શબ્દ સાંભળી મદને તજે છે, તે સિંહને સ્વામીએ રમતમાત્રમાં હણ્યો છે'

આ સાંભળી સૈનિકો અને સામંતો ઘણા હર્ષિત થયા અને મસ્તક ધૂણાવતા રાજાની પ્રશંસા કરવા લાગ્યા અને વાજિંત્રોના નાદ-પૂર્વક રાજાને નગરપ્રવેશ કરાવ્યો, આખો દિવસ મહોત્સવપૂર્વક પૂર્ણ થયો, મહોત્સવ પૂર્ણ થતાં સભાજનોને રજા આપી, રાજા રાણીના મહેલમાં ગયો.

રાણીએ પૂછ્યું કે, 'હે નાથ! આજે નગરમાં કાંઈ ઉત્સવ છે? કે જેથી આ વાજિંત્રોનો શબ્દ સંભળાય છે?'

રાજાએ કહ્યું, 'હે દેવી! આજે મેં સિંહને માર્યો એથી લોકોએ આ વધામણી મહોત્સવ કર્યો છે.'

આ સાંભળી રાણી બોલી કે, 'હે નાથ! ઉત્તમવંશમાં ઉત્પન્ન થયેલા તમારે અસત્ય પ્રશંસા કરવી શું યોગ્ય છે? કેમકે સિંહને તો શુભંકર બટુકે માર્યો છે, અને યશમાં લુબ્ધ થઈ વર્ધાપન મહોત્સવ તમે કરાવ્યો.'

તે સાંભળી ક્રોધ પામેલા રાજા વિચાર કરે છે કે,

'આ ગુપ્ત-વાત કોઇને કહેવાનો નથી' એમ મારી પાસે શુભંકરે કહેવા છતાં પોતાના ઉત્કર્ષમાં લુબ્ધ થઈને પોતે રાણીને આ વાત કહી છે, તેથી ગુપ્ત વાતને બોલનાર તેને મારે છાની રીતે મારી નંખાવવો જોઇએ, એમ વિચારી પોતાના એક વિશ્વાસુ માણસ-દ્વારા તેને મરાવી નંખાવ્યો.

કેટલાક દિવસ પછી રાણીએ પૂછયું કે, 'હે નાથ! હમણાં શુભંકર કેમ દેખાતો નથી?'

રાજાએ કહ્યું કે, 'હે દેવી! તેનું નામ પણ લેવું નહિ'. ત્યારે રાણીએ કહ્યું કે, 'તે બટુકે એવો શો અપરાધ કર્યો છે?'

પ્રત્યુત્તરમાં રાજાએ તેના વિષેનો પોતાનો અભિપ્રાય જણાવ્યો.

ત્યારે રાણીએ ખુલાસો કરતાં કહ્યું કે, 'તે બટુકે મને સિંહ મારવાની વાત કરી નથી, પરંતુ કૌતુકથી સાત માળવાળા પ્રાસાદ ઉપર ચઢીને મેં તે જોયું છે, તેમાં તેનો કાંઇ પણ દોષ નથી, માટે હે દેવ! તમે સત્ય કહો કે, તે શું જીવે છે કે મરી ગયો?'

પ્રત્યુત્તર આપતાં ખેદ સહિત રાજાએ કહ્યું કે, 'હે દેવી! મેં ઘણું દુષ્ટકાર્ય કર્યું છે, નિરપરાધી અને ગુણોના ભંડાર એવા તે બટુકનો મેં ઘાત કરાવ્યો છે, અવિચારી કામ કરનાર મારા જેવું કોઈ નથી, કે જેથી ઉપકાર કરનારને પણ હણનાર હું કૃતઘ્ની છું.'

આ સાંભળી રાણીએ કહ્યું કે, વગર વિચારે કરેલ કાર્યનું પરિણામ આખી જીંદગી શલ્યની જેમ હૃદયને દુઃખ આપનાર બને છે.'

આ અવિચારી કામ કરવાથી આખી જીંદગી સુધી તે રાજાને પશ્ચાત્તાપ થયો.

કથાનકનો સાર એ છે કે, ઉતાવળથી કોઇ પણ કામ કરવાથી અંતે પસ્તાવું પડે છે, માટે કોઇ પણ કામ કરતા પહેલાં તેના પરિણામનો વિચાર કરવો જરૂરી છે.

# વિશેષાંકના લેખકો



શ્રી કપુરચંદ આર. વારૈયા.



શ્રી રમણીકલાલ પી. દોશી



શ્રી એન. બી. શાહ



શ્રી ચંદ્ર



શ્રી શાંતિલાલ દોશી



શ્રી પન્નાલાલ જ. મસાલીઆ



શ્રી અમૃતલાલ છ. શાહ



શ્રી ચીમનલાલ ઝવેરી



શ્રી મનવંતરાય મ. શાહ

# જ્ઞાન ગોષ્ટિ નં ૪....પૂ. પંન્યાસજી પ્રવીણવિજયજી ગણિવર

આજે જડવાદના વર્તમાન જમાનામાં તો ધર્મ કે સમ્યગ્જ્ઞાનના પ્રચારની અતિ આવશ્યકતા છે. પૂ. પંન્યાસજી મહારાજ ઘણી સરળ ભાષામાં બાળજીવોને સમ્યગ્જ્ઞાન મળી રહે એ રીતે આ જ્ઞાનગોષ્ટિ રજુ કરે છે, પૂ. પંન્યાસજી મહારાજ મમતાભરી લાગણીથી નિયમીત લેખો મોકલે છે, 'કલ્યાણ' માસિક પ્રત્યે ખૂબજ મમતા ધરાવે છે. સં૦

**પહેલું શું ?**

આર્યદેશ ઉત્તમ કુળ, પાંચે ઇંદ્રિયોની પટુતા, દેવ-ગુરૂનો સુંદર સંયોગ, સત્તાનું સિંહાસન, ઈજ્જત, આબરૂ, ધન અને ધાન્ય આદિ તમામ વસ્તુ પૂર્વકૃત ધર્મના પ્રભાવે પ્રાપ્ત થાય છે, માટેજ ધર્મ પહેલો અને પછી બધું.

**માંગવાનું શું ?**

વીતરાગ કથીત ધાર્મિક અનુષ્ઠાનો કરી તેના બદલામાં અનંતી વખત પ્રાપ્ત થઇ ચુકેલા પૌદ્‌ગલિક પદાર્થોની માંગણી કરવી એ તો મુઠીભર ચણાના માટે સોનાનું કીંમતી આભૂષણ આપી દેવા જેવી નરી મૂર્ખતા ગણાય, માટે તે સુંદર ક્રિયાઓ કરી માત્ર મોક્ષનીજ માંગણી કરો.

**સાચી ક્રાન્તિ !**

અનંત કાળથી પાપનાજ પંથે પ્રયાણ કરી રહેલા આત્માને પુન્યના પવિત્ર પંથે પ્રયાણ કરાવવું એજ સાચી ક્રાન્તિ.

**સાચા ઉપકારી.**

અનંત કાળથી અનંત સંસાર સાગરમાં ભટકી રહેલી જીવન નૌકાને જ્ઞાન દીપક ધરી દીનારો બતાવનારાજ સાચા ઉપકારી.

**સાચી પ્રગતિ !**

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ ધર્મોનું પાલન કરી મોક્ષ માર્ગ તરફ કુચ કરવી એજ સાચી પ્રગતિ.

**સાચી પીછેહઠ**

અધ્યાત્મવાદને ભૂલી જઈ, સામ્યવાદ વિજ્ઞાનવાદ, નાસ્તિકવાદ આદિ વાદોની પાછળ આત્માની ખાનાખરાબી કરવી એજ સાચી પીછેહઠ.

**સાચું સ્વરાજ્ય !**

રાગ અને દ્વેષ નામના દુર્જય શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરી જન્મ અને મરણને હઠાવ્યા પછી આત્માએ પ્રાપ્ત કરેલી અવસ્થા એજ સાચું સ્વરાજ્ય.

**સાચી વિપત્તિ !**

વીતરાગ પ્રભુના નામનું વિસ્મરણ થવું એજ જીવનમાં સાચી વિપત્તિ છે.

**સાચી સંપત્તિ.**

વીતરાગ પ્રભુના નામનું રોજ સ્મરણ કરવું એજ સાચી સંપત્તિ છે.

**સાચો આદર્શ !**

જન્મ-મરણને દૂર કરી મોક્ષ પ્રાપ્ત કરવો એજ માનવજન્મનો આદર્શ છે.

**સાચો કોટવાળ !**

ક્રોધ, માન, માયા અને લોભ આદિ લુંટારાઓથી લુટાઇ રહેલા દર્શન, જ્ઞાન, અને ચારિત્ર જેવા અમૂલ્ય રત્નોનું રક્ષણ કરનારા એજ સાચા કોટવાળ.

**સાચાં ઔષધાલયો.**

જન્મ, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, શોક, સંતાપ, ચિન્તા આદિ તમામ રોગોને જડમૂળથી દુર કરનારી વીતરાગની વાણી જ્યાં કર્ણગોચર થતી હોય તેજ સ્થાનો સાચાં ઔષધાલયો છે.

**સાચું સગપણ !**

આવ્યા પછી કદી પણ પાછું જાય નહિ એવા શાશ્વત સુખને અર્પણ કરનારા સુદેવ,

# શ્રદ્ધાનો અપૂર્વ વિજય........શ્રી પન્નાલાલ જ. મસાલીયા

શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રભાવ અચિંત્ય છે. શ્રદ્ધા તથા સદ્‌ભાવપૂર્વક એનું સ્મરણ કરનાર અનેક આપત્તિઓમાંથી ઉગરી જાય છે. લેખકે આના અંગે બની ગયેલી સાચી હકીકત અહિં રજુ કરી છે. લેખકની શૈલી ખૂબજ સંસ્કારી તથા સચોટ છે. કથાને તે રજુ કરવાની તેમની ઢબ લાક્ષણિક છે. તેઓ કાવ્યો પણ રચે છે, નમસ્કાર મહામંત્રની હરિફાઇમાં સારા અક્ષરોના લેખક તરીકે તેઓ સર્વશ્રેષ્ટ નંબરે આવ્યા હતા. 'કલ્યાણ' પ્રત્યે તેઓને ખાસ અનુરાગ છે.

આઝાદી પહેલાંની આ વાત છે. મુંબઇના રળીયામણાં માર્ગો લાલ–સિંદુર જેવા રંગથી છંટાએ જતા હતા. વરૂ અને ચિત્તાની જેમ ભારતમાતાના એ પુત્રો જૂના દ્વાગમાં અંધ બની એકમેકનું રક્ત પીવા તરફડી રહ્યા હતા.

કોમી દાવાનલના એ દિવસો તો હતાજ, તેમાં બંગાલના રમખાણોએ ફરી ઘી નાંખ્યું. ગુંડાઓની છરીઓ સાવધ બની અને કૈંક નિર્દોષોને એ જાન બનાવી દેવામાં આવ્યા.

સાંજનો સમય હતો. મુંબઇની બજારો સુની હતી. ઘણી ખરી દુકાનો ભયના લીધે વહેલી બંધ થતી હતી. ભાગ્યેજ કોઇ બહાર દેખાતું હતું. ત્યારે બદમાશ ગુંડાઓ કોઇ સ્ત્રી કે પુરૂષને છેલ્લી વિદાય આપવાના કામે લાગી ગયા હતા. એક અંધ ભિખારીના હમણાંજ એ રીતે પ્રાણ લઇ લેવામાં આવ્યા હતા.

---

સુગુરૂ અને સુધર્મ સાથેનું સગપણ એજ સાચું સગપણ છે.

**સાચો દાનેશ્વરી.**

ત્રસ અને સ્થાવર દુનિયાના તમામ પ્રાણીઓને અભયદાન આપનારો એજ સાચો દાનવીર છે.

**સાચા શત્રુઓ.**

અનંત કાળથી આત્માને ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરાવી રહેલા રાગ અને દ્વેષ એજ આપણા સાચાશત્રુઓ છે.

**સાચો ધન્યદિન**

શ્રી જિનેશ્વર દેવના દર્શનથી નેત્રો, અને પૂજનથી હાથ જે દિવસે પવિત્ર બને, તેજ દિવસને પવિત્ર ધન્ય દિન સમજવો.

---

શી અધમતા! મનુષ્ય વધનો વ્યાપાર સોંઘું હોવાથી દફન અને દહનનાં સાધનો પણ મોંઘા થઇ ગયાં હતાં.

એ વેળા નગરના કોઇ પ્રખ્યાત માર્ગ ઉપર એક સુંદર મોટર કાર ભારે વેગથી ચાલી જતી હતી. આ ભયાનક માર્ગની જાણે એને ખબર હોય અને એટલા માટેજ એ ઝડપથી પસાર થઇ જવા માંગતી હોય એમ દેખાતું હતું; પણ કમભાગ્યે એ પહેલાંજ એને બદમાસોએ અટકાવી દીધી.

"મારો! મારો!" ના પોકારો થઇ રહ્યા. પચાસ–સો મુસલમાન યુવકોએ કારને ઘેરી લીધી હતી.

"કૌન હૈ! હા હા હા!" ના અવાજોથી આસપાસનો માર્ગ ધણધણી રહ્યો.

"કાફીર હૈ!" યુવકો પોકારી ઉઠયા.

"મૌકા તો અચ્છા મિલા હૈ!" એક લંગડા મુસલમાનનો અવાજ આવ્યો.

"માર ડાલો, જિન્દા મત રહના ચાહિયે! લાખો બેસહ હૈ! અલ્લાહતાલાને બહોત અચ્છા શિકાર દિયા હૈ!,' અવાજો વધવા લાગ્યા.

પિશાચોનું ટોળું કારની ચોગરદમ ફરી વળ્યું હતુ. લાલરંગની ટોપીઓ ઉભરાતી હતી. ટૂંકી ચોટલી જેવા એનાં કાળાં ફુમતાંઓ આમ તેમ ઉડતાં હતાં

દયાહિન રાક્ષસોનું ટોળું! કેવું ભયંકર!

અવાક્ અને મૂઢ બનાવી મૂકે એવો એ પ્રસંગ હતો.

પંદર–વીસ લાઠીઓ ઉંચકાઇ ગઈ, પચાસ–સો છરીઓ એક સાથે વીજળીના પ્રકાશમાં ચમકી ઉઠી.

કેવળ પશુતાનુંજ એક માત્ર પ્રદર્શન થવાઇ રહ્યું હતું.

મોટરમાં એક પુરૂષ બેઠો હતો. એની નિશ્ચલ દેહયષ્ટિ અને કાચનાં કણ સમાં પાણીદાર નયનો લોકો

ઉપર પ્રભાવ પાડતાં હતાં. જો કે, અત્યારે એના વિશાળ ભાલ ઉપર થોડી કરચલીઓ વળી હતી; છતાં ભય કે ચિંતાએ હજુ એને વિવશ બનાવ્યો ન હતો.

" ઇન શાલ્લા !" પચાસેક વર્ષના એક આધેડ મુસલમાને કુદકો ભરતાં કહ્યું," શુક્રે ખોદા ! ઇન્હોંકી પાસ આઇન્દા બહોત દૌલત હૈ !" શેઠની આંગળીઓ પર ચમકતા શ્વેત વર્ણના ઝવાહિરાત જોતાં એનું મોં ભીનું થયું.

સૌને લાગ્યું, આજ પોતાનો ભારે બુલંદ નસીબો ઉઘડી ગયો છે.

" અલ્લા હો અકબર" અને એક ગઠ્ઠાબાજ યુવાન મગરીબનાં ચળકતાં ખંજર સાથે કાર ઉપર ધસી આવ્યો; પરંતુ શેઠના વિશાળ ભાલ અને ચમકતી નિર્દોષ આંખો જોતાં એ બીજીજ ક્ષણે પાછળ હટી ગયો. એણે વળી બીજાઓને ઉદ્દેશીને કહ્યું," દેખતે હી ક્યા હો, કામ જલ્દીસેં ખત્મ કરો ! ઐસા મૌકા બારબાર મિલતા નહિ.'

શેઠને લાગ્યું, ભય સામે ખડો છે, બચવુ ઘણું મુશ્કેલ છે. પણ જિંદગીના ખરા સમયે ધર્મ સિવાય બીજો કોણ સાથી છે ? બદમાસોનાં ચરણે નમવા કરતાં ધર્મનુંજ શરણુ ઉત્તમ નથી શું ? એમણે વિચાર્યું. અને તરત અત્યંત શ્રધ્ધાથી નમસ્કાર મહામંત્રનું શરણુ લીધું.

ચિત્તની સ્થિરતા અને હૃદય શુધ્ધિથી મહામંત્રના એકએક પદ ગણાવા લાગ્યાં.

નમસ્કાર મહામંત્ર એ ચૌદ પૂર્વનો સાર છે. જૈન કુળનાં બચ્ચાંઓ એને જન્મ માત્રથીજ શીખી લે છે. સવાલ માત્ર એના ઉપરની શ્રધ્ધાનો છે.

આવી શ્રધ્ધા જીવનમાં એકવાર પણ આવી જાય તો ?—

સમ્યગ્દૃષ્ટિ જીવો આ શ્રધ્ધા અને વિવેકના બળવડેજ સાત્ત્વિક અને શાંતિમય જીવન પ્રાપ્ત કરે છે. ધર્મ જેણે સાચેસાચ ઓળખ્યો છે, તે ગમે તેવા વિપદ અને મુશ્કેલ સમયમાં પણ ધૈર્ય ગુમાવતો નથી કે વિવશ બની દીનતાનું સેવન કરતો નથી. જિનેશ્વર દેવના સેવકોની અહીંજ કસોટી છે.

"અલ્લાહો અકબર, અને દીન દીન" આ અવાજો ફરીથી ગુંજી ઉઠયા, શિકારને વીંધી નાખવા પાંચ દસ છરીઓ એક પડખે એકજ સાથે આગળ વધી, એક–બે મજબુત ગુંડાઓ મોટર ઉપર ચડી ગયા.

મોટરની બીજી બાજુ પણ આવીજ સ્થિતિ હતી. મોત સાક્ષાત નજરે દેખાતું હતું. શેઠથી પોતાની આંખો મીંચાઇ ગઈ; પણ ચિત્તની એવીજ સ્થિરતા-પૂર્વક નમસ્કાર મહામંત્રના એક એક પદ હજુ ગણાતા હતા. સમય બારીક હતો, પણ શ્રધ્ધા એટલીજ અટલ હતી.

એકજ મિનિટ બસ હતી.

આવા સમયે સાચા જૈનોએ શું કરવું જોઇએ ? તમામ લારા લપ્પાઓને ત્યજી એણે એક માત્ર ધર્મનીજ છત્રની નિગાહબાની સ્વીકારી, એના યશનોજ વિચાર કરવો જોઇએ ! ગુંડાઓની કદમબોસીનો વિચાર સરખોયે લાવવો નહિ.

" સબ્ર કરો ! " એક ઉચ્ચો, પડછંદ છતાં બુઝર્ગ મુસલમાન ટોળાંની પાછળના ભાગમાંથી આગળ ધસી આવ્યો. હવામાં લફતી એની હીમ જેવી શ્વેત દાઢી એની શોભામાં વૃધ્ધિ કરતી હતી. ખંજરના સ્થાને એનાં હાથમાં લાંબી માળા લટકતી હતી. જાણે હવા-માંથી જબ્રિલ ફિરસ્તો ઉતરી આવ્યો હતો.



" કૌન હૈ ? જીવાભાઇ પ્રતાપ ? " એણે ખૂબ આશ્ચર્યથી આંખો ફાડી બૂમ મારી. " મોટર યહાં ખડી રખનેકી ક્યાં જુરુરત હૈ ? "

ભય પ્રતિપળે વધી રહ્યો હતો. સો–સો રામપુરી ચાકાઓ સાથે ઉછળી રહ્યાં હતાં. મૃત્યુ સામેજ ધસી આવતું હોય એમ સ્પષ્ટ જણાતું હતું. લોહી થીજાવી

દે એવો પ્રસંગ હતો. છતાં કારમાં બેઠેલી વ્યક્તિ એજ સ્થૈર્યતા ધારણ કરી રહી હતી.

નિર્ભયતા એજ પુરુષ જીવનની સત્ય કળા છે.

"ગુંડા લોગને ઘેરા જમાયા હૈ, કયા કરૂં ? આજહી તો ઉન્હોંકા રાજ હૈ ન? બાબાજી!' શેઠે વૃદ્ધ ઈસ્લામીને જવાબ આપ્યો. એના મોંમાથી પોતાનું નામ સાંભળી તેઓ દિંગ્મૂઢ બની ગયા.

"અયસા હૈ ?"

"હા."

"હટો!" આ વૃદ્ધ ઇસ્લામી, ગુંડાઓની અને શેઠની વચમાં ગોઠવાઈ ગયો, અને ટોળાંને વીખરાઇ જવા કરડાકીથી આદેશ આપ્યો. જાણે એ કહેતો હતો.

સીનેમેં દિલ, ઔર દિલમેં, ખુદાકા ખિયાલ હય;
ઇન્જા દે મેરે લાલકો, કિસકી મજાલ હય !

આનું નામ પાક ઇસ્લામી, માણસાઇનો ઝગમગતો દીવડો !

વૃદ્ધના એ આદેશની ચોટ થતાંજ ટોળું વીખરાઇ જવા લાગ્યું, કારને સરતી મૂકી. જાણે આ ઝનૂની ટોળાં ઉપર કોઇની જાદૂઇ લાકડી ફરી વળી હતી.

જરા વારમાં અજબ શાંતિ પથરાઇ ગઇ.

"ખુદા હાફિજ ! જાઓ— આપકા રાસ્તા અબિ સાફ હય !" વૃદ્ધે કહ્યું, અને પછી દુવા દેતો હોય એ ઢબે જણાવ્યું, "ખુદાવંદ કરીમ આપકી ઉમ્ર દરાજ કરે !"

આનું નામજ ધર્મનો પ્રભાવ, નમસ્કાર મહામંત્રની અચિંત્ય શક્તિનો પ્રગટ પુરાવો.

ધર્મ અને આત્મશ્રદ્ધા શું નથી કરી શકતાં.

શેઠે ખુબ નમ્રતાથી આભાર માન્યો. એમના મુખ ઉપર કૃતજ્ઞતાનો ભાવ તરી આવ્યો; પણ તેઓ કાંઇ બોલે એ પહેલાં તો ધ...ર...ર...ર ગાડી બમણા વેગથી ઉપડી ચૂકી.

ઘેર તેમની કાગના ડોળે રાહ જોવાતી હતી.

જીવાભાઇ, શેઠ આજે પણ એ પાક મુસલમીનને યાદ કરે છે, પણ આ વૃદ્ધ ઇસ્લામી બુઝર્ગ ફરીને કયાંય જોવામાં આવ્યો નથી.

ધર્મ નિપુણ જે વિરલા, તેનું કોણ લે નામ,
તલવારો તૂટી પડે. રક્ષક છે ભગવાન.

ધર્મનુંજ એક શરણ હો ! અનન્ય શ્રદ્ધાનો વિજય હો ! *

* શેઠ જીવતલાલ પ્રતાપશીએ આ પછી શ્રી ગિરિરાજની પવિત્ર છાયામાં નવલાખ નવકાર ગણી આ મહામંત્રમાં પોતાની અખૂટ શ્રદ્ધા ફરીથી વ્યક્ત કરી છે.

---

## ઓળખી કાઢો !

વાચા વિણ બોલ્યા કરે, ચાલે છે વિણ પગ;
કાંટા પણ વાગે નહિ, જાણે આખું જગ.
ચાર ભાઈ ઉભા ને, ચાર ભાઇ બેઠા;
એક એકના અંગમાં, સર્વે પેઠા.
પથ્થર મટી થઈ પ્રેમદા, ભોજન કરતાં ગાય;
તેનું અર્ધું અંગ ફરે પુદડી, તેનું એઠું સૌ ખાય.
દરીઆ કીનારે નીપજે, કાંકણીઓ કણ થાય;
ઢરડીને કાઢે ચોકમાં, એને અઢારે આલમ ખાય.
રાયતાની તો રાણી, ને કચુંબરની મા;
શાકની છે સાસુ, એમાં ના કહેવાય ના.

૧ ઘડિઆળ; ૨ ખાટલો; ૩ ઘંટી; ૪ સીઠું; ૫ કાકડી;

—શ્રી શાંતિલાલ મ. દોશી

# નવું વાતાવરણ

**શ્રી ચીમનલાલ લલ્લુભાઈ ઝવેરી**

સમાજ સુધારણા માટે સહુ પહેલાં ઘરતાં વાતાવરણને સંસ્કારી બનાવવાંની જરૂર છે. આ વસ્તુને લક્ષ્યમાં રાખી લેખકે અહિં બાલિકાઓદ્વારા સંવાદાત્મક શૈલિયે સ્તુત્ય પ્રયત્ન કર્યો છે. લેખક જૈન સમાજમાં ઐતિહાસિક પુરાતત્વ તથા સંશોધન વિષે ખાસ રસ ધરાવે છે. તેઓ આ વિષયના વિદ્વાન લેખક છે. લેખ લાંબો હોવાથી ત્રણ હમામાં સંપૂર્ણ થશે. પહેલો હપ્તો અહિં રજુ થાય છે.

[ સમય પ્રાતઃકાલ માતા મધુર સ્વરે પરમાત્માનું સ્તવન ગાય છે. ]

રાગ—વનવગડામાં ભૂલી પડી ત્યાં અમૃત પ્યાલો પીધો.

**મધુબાળાઃ**—વીર તારૂં નામ જપવા,
મારૂં મન લલચાયું;
દેખી તારી શાંત મૂર્તિ,
મુજ મન શાંત સુહાયું. વીર૦
લેશ ન દેખું ક્રોધની પ્રભુ,
છાયા તુજ મુદ્રામાં;
અભિમાનની રેખાનં તો,
નામ નિશાન ન ભાળું; વીર૦

મીનાક્ષી —[ વહેલી વહેલી પથારીમાંથી ઉઠી આવી માતાને પગે લાગે છે. ]

**મધુબાળાઃ** અલી મીના? સુઈજા! સુઇજા. હજુ તો પરોઢીયું છે. અત્યારથી ઉઠી તે મને પજવવા? અને વળી ડમોઇથી પગે લાગવાનું ડહાપણ ક્યાંથી લાવી!

**મીનાક્ષી**—બા! એતો મારા ધર્મપાઠકે મને કહ્યું કે, તારી બાએ તને ખવરાવી-પીવરાવી, માંદે સાજે માવજત ને સારવાર કરી મોટી કરી પણ સવારમાં ઉઠી માને પગે લાગે છે? અને તેના કહ્યા પ્રમાણે ચાલે છે કે નહિં? ત્યારે મારી બેનપણી સરોજે ધર્મપાઠકજીને કહ્યું કે, એ કહ્યું તો નથી કરતી પણ ગાળો ભાંડે છે અને મારવાએ જાય છે.

**મધુબાળા**—પછી મહેતાજીએ શું કહ્યું?

**મીનાક્ષી**—હું તો શરમાઇ ગઇ ને કશું ન બોલી, પછી ધર્મપાઠકજીએ મને પુછ્યું કે, તું સવારમાં કેટલા વાગે ઉઠે છે? મેં કહ્યું સાત વાગે.

**મધુબાળા**—પછી મહેતાજી કશું બોલ્યા?

**મીનાક્ષી**—તેમણે કહ્યું, મીનાક્ષી જો તું એટલી બધી મોડી ઉઠીશ તે તું આળસુ થઇશ ને વાયુનો રોગ બહુ જોર કરશે ને દવાઓ કરીશ તોય નહીં મટે.

**મધુબાળા**—પછી?

**મીનાક્ષી**—પછી તેમણે મને કહ્યું કે, વહેલું ઉઠવાથી કદાચ તને હમણાં દુઃખ લાગશે પણ જો તું વહેલી ઉઠીશ અને તારી બા સાથે પ્રભુ સ્તવન ગાઇશ તો થોડા દિવસે તને સમજાશે કે વૈદ્યકશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર વહેલા ઉઠવાનું કહે છે, તે આપણાજ સુખને માટે છે પણ જો પ્રથમ તારે ઉઠીને તરત ઉત્તરદિશા તરફ મોઢું રાખી બે હાથ જોડી, શાન્ત મનથી નવકાર મંત્રનો સાતવાર જાપ હોઠ પણ હલાવ્યા વિના કરવો પછી માને પગે લાગજે અને તારી બા જોડે મધુર સ્વરે પ્રભુ સ્તવન ગાજે.

**મધુબાળા**—સારૂં બેન સારૂં. લાગ્યા હવે પગે. માંદા પડીએ ત્યારે પાણીનીયે ખબર પુછશો તોયે બહુ છે.

**મીનાક્ષી**—બા એતો બધું કરવુંજ જોઇએ પણ તેથી પહેલો જે વિવેક શિખવાનો છે તે ન શિખાય તો પછી પાણી પાવા જેટલી બુદ્ધિ ક્યાંથી આવે?

**મધુબાળા**—પણ હું કહું છું કે પગે લાગ્યા વગરજ કહ્યું કરજોને! એટલે બહુ છે.

**મીનાક્ષી**—પણ બા પહેલેથી નમ્રતાની રીત શિખાય તો નમ્રતા આવેને! મારા ધર્મપાઠકજીએ મને કહ્યું કે પગે લાગતા પુત્ર-પુત્રીને જે માતે આશીર્વાદ આપતાં નથી આવડતું તે પોતાના છોકરાંને અવિનયી બનાવે છે, અને હૃદયમાં પ્રેમ ભરેલો હોવા છતાં વાણીથી

મધુર શબ્દ વડે માથે હાથ ફેરવી ઘણું જીવો એમ નથી બોલતી તે માતા સુંદર રંગના કેસુડાના સુગંધ વિનાના ફુલ જેવી છે, પણ તારી બા તને જ્યાં સુધી માથે હાથ ફેરવી ઘણું જીવો કે શતં જીવ ન બોલે ત્યાં સુધી એના ખોળામાંથી માથું લઇશ નહી, એ ગુસ્સે થાય, ધક્કો મારે, તો પણ તું શાંત રહી પગે લાગજે. તમે ખબર છે, કે **વત્સદેશના રાજા શતાનીકની રાણી મૃગાવતી** જે **ત્રિશલાદેવી** માતાની ભત્રીજી થતી હતી, એ જયારે રાણી હતી ત્યારે નોકર–દાસીઓ હાજરાહજુર કામ કરનારી હતી. પણ તેણે દીક્ષા લીધી ત્યારે ચંદના ગુરૂણીજીએ અયોગ્ય શબ્દ કહ્યા તો પણ તેઓ પૂર્ણ ખુશ થયાં ત્યાં સુધી માફી માગવાનું ચાલુ રાખ્યું હતું. તો તેમને કેવળજ્ઞાન થયું હતું તો તારે પણ તેમજ કરતાં શીખવું.

**મધુમાળા :** મારા બાપ ? તમે નવતર ભણેલીઓ આ નવું નવું કયાંથી શીખી લાવો છો મા–દીકરીઓ છીએ તો તે મટવાનાં છીએ !

**મીનાક્ષી :** પણ બા ! ધર્મપાઠકજી તો કહેતા હતા કે, આ કાંઈ નવું નથી. રાજકુટુંબના છોકરા-છોકરીઓને તો રોજ એમજ કરવું પડે છે. આપણી જુની વાર્તાઓમાં પણ કહ્યું છે કે, **વિનય રાજ-પુત્રેભ્ય:** સારામાં સારો વિનય કરવાની રીત રાજપુત્રો પાસેથી શિખવી જોઇએ, એટલે ત્યાં આશીર્વાદ આપવાનું પણ હોય જ. રામાયણમાં કૌશલ્યાજીને પગે લાગતાં રામચંન્દ્રજીને શું આશીર્વાદ નહતો આપ્યો ? શું એ નવી વાત છે, થોડા વખતથી એ રીત આપણે ભૂલી ગયાં હોઇએ તો ફરીથી શરૂ કરીએ તો શું ખોટું ? હું મીન રાજી થઇને આશીર્વાદ આપ. મારે તારી જોડે સ્તવન ગાવું છે.

**મધુમાળા :** લે બેન લે પણ મને બોલતાં તો આવડતું નથી, ને બોલવાની સુઝ પણ પડતી નથી.

**મીનાક્ષી :** બા ! તમે મારા ધર્મપાઠકજીએ કહ્યું છે, એમ બોલો એટલે આવડશે.

**મધુમાળા :** શું કહું ઘણું જીવજે, ?

**મીનાક્ષી :** હા એમજ,

**મધુમાળા :** સારૂં બેન લ્યો, ઘણું જીવજે અને સુખ–દુઃખના સાથી થજે.

**મીનાક્ષી :** બસ, બસ હવે તમે બોલતાતાં તે સ્તવન બોલો.

વીર વીર તુજ નામ માળા,
રાત દિન હું ફેરવું,
વગડે વન કે ભરદરિયામાં,
ત્રાણ શરણ તું એક છું.
દીન દુઃખીના નાથ તારૂ,
શરણ મારે એક છે,
ત્રાણ તારક ધર્મ ધારક,
એક તુંહીજ વીર છે. વી૦

**મધુમાળા :** જો બેટા મીલા ? તું હવે મારી સાથે સ્તવન ન બોલીશ, તું બહુ ઉંચે સાદે બોલે છે. તેથી બીજા ઉંઘનારાઓ જાગી જાય અને હિંસક જંતુઓ ખાવા માટે હિંસા કરે.

**મીનાક્ષી :**—બા ! અમારા ધર્મપાઠકજીએ તો અમને એમજ કહ્યું છે કે, સવારમાં ઉઠીને પ્રભુસ્તવન ગાવાથી જે આળસુ માણસો હોય તે પણ પોતાની મેળે જાગી ઉઠે અને પ્રભુનું સ્તવન કરે એટલે જો એ પ્રમાણે દરેક ઘેર કરવામાં આવતું હોય તો આખા ગામને એથી લાભ જ થાય અને વાતાવરણ કેટલું મધુર બની જાય અને બધે મંગળજ મંગળ થઇ જાય આપણા ભારતમાં મૌર્ય રાજાઓ ચંદ્રગુપ્ત, બિંદુસાર, અશોક, સંપ્રતિ વગેરેએ ધર્મના પ્રચાર માટે અને આમ બધી પ્રજા ધર્મી બને તે માટે કેટલી સુંદર આજ્ઞાઓ પહાડો ખડકો ને પત્થરના થાંભલાઓ ઉપર લખાવી ગયા છે. સ્તવન કરે તો લાભજ થાય છે એટલે બધા ભણવાનાજ છે. વધારે વખત જરૂર વિના સુઈ રહેવાથી પણ રોગજ થાય, અને સ્તવન ન ગાઇએ તો પછી આપણા કવિઓ અનેક કવિતાઓ લોકોના લાભાર્થે લખી ગયા છે, તે શા કામમાં આવે ! જોને બા, આપણો આ મહોલ્લો જૈનજ છે પણ હું કહું છું તેવું સમજીને કોઇ ગાતુ સંભળાતું નથી. મારી બેનપણી થોડા દિવસ ઉપર રબારીના વગામાં પાંચ વાગે જરૂર પડી તેથી દુધ લેવા ગઈ હતી ત્યારે રબારણ દળતાં દળતાં સુંદર ગીત ગાતી હતી અને દુધ દોહવા ઉઠી તો પણ ગાયાજ કરતી હતી, એથી કેટલું સુંદર અને મધુર વાતાવરણ પેદા થાય કંકાસ તો કયાંય રહેજ નહીં.

**મધુબાલા:**—પણ તું તો ...ડી છું, પાપ થાય તે ?

**મીનાક્ષી:**—પણ બા પ્રભુનું નામ દેવાથી તે પાપ થતું હશે, ઉલટું આળસુ આળસ છોડે તો તેને રોગ ન થાય, અને બીજાનું જોઈ પ્રભુ સ્તવન કરે તો લાભજ થાય કે પાપ ?

**મધુબાળા:**—તું તો હઠીલી છું. આજે હું તારા મહેતાજીને કહીશ કે તમે છોડીને આવું કેમ શિખવો છો ? શું પાપ નથી થતું ?

**મીનાક્ષી:**—ના બા, અમારા મહેતીજીને તું કશું એ કહીશ નહિ. એમણે બધાંને સારૂંજ સમજાવ્યું છે, સારા કામમાં તે પાપ મનાતું હશે ?

**મધુબાળા:**—સારૂં ચાલ, નહિ કહું, હવે, સવાર થવા આવ્યું છે, તો હું ઘરનું કામ કરૂં તું સુઈજા.

**મીનાક્ષી**—ના બા ? હવે તો સુઈ રહું તો રોગ થાય, ચાલ હું તને કામ કરાવા લાગું.

**મધુબાલા:**—સારૂં બેન તું કામમાં શું સમજે હજુ, નાની છું, મોટી થાય ત્યારે કરજે.

**મીનાક્ષી**—મારાથી થાય તેવું કામ હું અત્યારથી ન કરૂં તો મોટી થયા પછી કામ કરવાનું મને મન થશે ? હું ગોદડાં ડામચીઆ ઉપર ન નાખી શકું પણ લુગડાં વાળતા તો શિખું. જો એ ગોઠવણ કરતાં મને અત્યારે નહિં આવડે તો મારાં લુગડાં ... ભિખારી જેવાં નહિ દેખાય ?

**મધુબાળા**—ઓહો બેન ? આટલું ... ડહાપણ તારૂં, મને તો ચાર દિવસના ... જેવું દેખાય છે. મને લાગે છે તું પાઠશાળામાં ભણ્યાં વધારે રહે છે, તેથી આ બધું ડહાપણ કરે છે, પણ એ તો ચાર જ દહાડા.

**મીનાક્ષી**—સારૂં ચાર દહાડા તો ચાર ... કેમ જાણ્યું કે વધારે દહાડા નહીં કરૂં કદાચ ... તો કોઈક દિવસ તો સાંભરશે. તો પણ શું નુકશાન થવાનું છે. પણ બા મારે મોઢું ધોવું છે ... ગરણું કયાં છે ?

**મધુબાળા**—તું ઉભી રહે ઘરમાંથી કચરો વાળીને પછી તને પાણી ગળી આપું છું.

**મીનાક્ષી**—ના, તું મને ગરણું બતાવ એટલે પાણી ગળીને મોઢું ધોઉં.

**મધુબાળા**—તારે બહુ ઉતાવળ છે, જા પાણીયારામાં ખીલા ઉપર ગરણું છે તેનાથી ગળજે.

(મીનાક્ષી જાય છે ગરણુંનો નાનો અને ઝીણો તથા મેલો ટુકડો જોઈ ... છે.)

... (અપૂર્ણ) ...


## દહેરાસર ઉપયોગી સાધનો

અમારે ત્યાં શુદ્ધ ચાંદીની આંગી, મુગટ, પાખર, ચૌદ સ્વપ્ન, તોરણ, કળશ, ચાંદીની તથા પંચ ધાતુની પ્રતિમાઓ વગેરે દહેરાસર ઉપયોગી દરેક ઉપકરણો બનાવી આપનાર તથા વેચનાર.

તા. કઃ—સોનાના વરખથી દરેક ઉપકરણો ઓર્ડરથી રસી આપવામાં આવે છે.

લુહાર ત્રિભોવનદાસ ધરમશી

પાલીતાણાવાળા.

ઠે. મદનગોપાળની હવેલી, અમદાવાદ.

## ભેટ મળશે.

| | |
|---|---|
| દેવદ્રવ્યાદિ સિદ્ધિ | ૦-૨-૦ |
| નૂતન સજઝાય સંગ્રહ | ૦-૨-૦ |
| સ્તવન સંગ્રહ | ૦-૨-૦ |

નીચેના સિરનામે ઉપર મુજબ ટીકીટો મોકલી મંગાવો !

વ્ય. શ્રી આત્મકમલ જૈન ગ્રંથમાળા.

ઠે. તપગચ્છ અમર જૈન શાળા, ટેકરી,

ખંભાત (વાયા, આણંદ)

# વિશેષાંકના લેખકો



પૂ૦ આચાર્યશ્રી વિજયભુવન-
તિલકસૂરિજી મહારાજ



પૂ૦ પંન્યાસ શ્રી કનકવિજયજી ગણિવર



પૂ૦ મુનિરાજ શ્રી ચન્દ્રપ્રભસાગરજી
મહારાજ



[ શ્રી જયકીર્તિ ]
પૂ. મુનિરાજ શ્રી કીર્તિપ્રભ-
વિજયજી મહારાજ

# નવનીત.......શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદી

નીતિ, વ્યવહાર, ધર્મ ઈત્યાદિને સ્પર્શતા અનેક પ્રાસંગિક વાણી પુષ્પો શાસ્ત્રોમાં સંકલાયેલાં છે, તેને વીણી વીણીને થોડાંક ભાઇ ત્રિવેદીએ રજુ કર્યાં છે. જન્મે જૈનેતર હોવા છતાં જૈન ધર્મ પ્રત્યે લેખકને દઢ અનુરાગ છે. જુદા-જુદા વિષયો પર વિચારપૂર્ણ લેખો લખવાનો લેખકને રસ છે. 'કલ્યાણ' ના તેઓ ખાસ લેખક છે.

**આ** સાત પુરૂષો સદ્‌ગતિગામી જાણવા.

(૧) **અવગુણ ઉપર ગુણ કરે**, (૨) બીજાને માટે પોતાના સુખનો ભોગ આપે, (૩) **અધમ** જાતિ છતાં અભક્ષ્ય ન ખાય, (૪) **પાપી** કુળમાં જન્મ્યા છતાં હિંસા ન કરે, (૫) **પરસ્ત્રીએ** પ્રાર્થના કર્યા છતાં ચલાયમાન ન થાય, (૬) **નિર્ધન** છતાં પારકું ભોજન ન લે, (૭) **પોતે** ભૂખ્યો રહીને પણ બીજાને ખવડાવે.

૨ **સાત** અદેખા કોને કહેવાય ?

પાડો, પંડિત, કુતરૂં, બાજુની દુકાનવાળો, મીંઢો માણસ, મલ્લ અને મણિ ખાનારા એ સાતમાં અદેખાઇનો ગુણ વધુ હોય.

૩ **આ** સાતને પારકી વેદનાની ફીકર નથી હોતી.

(૧) રાજા, (૨) બાળક, (૩) વિપ્ર, (૪) યમ, (૫) અગ્નિ, (૬) ચોર, (૭) પારધી.

૪ **સુવેષ** પહેરવાથી શું થાય ?

(૧) વેશથી વિરૂદ્ધ વર્તન કરતાં વિચાર કરવો પડે, (૨) કુમાર્ગે જતો પ્રાયઃ અટકી જાય, (૩) વેશ **વ**ડે ધર્મની આરાધના પણ થાય.

૫ **સંઘ** છ'રી પાળતો નીકળે ત્યારે કયા કયા ૬ રી' હોય છે તે બતાવે છે (૧) પદાચારી, (૨) સચિત્ત પરિહારી, (૩) બ્રહ્મચારી, (૪) ભૂમિ સંથારી, (૫) એકલ આહારી, અને (૬) સમકિત ધારી.

૬ **વાંઝીયા** શાથી કહેવાય તે જણાવે છે.

પશુ, પંખી અને મનુષ્યના બાળકની હત્યા કરનાર તથા સ્ત્રી-પુરૂષનો વિયોગ કરાવનાર પ્રાય : વાંઝીયા રહે છે. કદિ સંતતિ થાય તો લાંબો કાળ જીવે નહિ; ને જીવે તો શરીર નિરોગી ન રહે.

૭ સાત મૂર્ખાઃ

પહેલો મૂરખ પરધન હરે.
બીજો જે પરનિંદા કરે,
ત્રીજો કલહ લગાવે ઘણો,
ચોથો પરદ્વેષી અવગુણો,
પાંચમો વંચે મા ને બાપ,
વિશ્વાસઘાતનું મોટું પાપ,
"ઋષભ" કહે તે મૂરખ હવાં,
દઇ નોતરૂ નાવે તેડવા.

૮ આટલાનો વિશ્વાસ કરવો નહિ.

અગ્નિ, સાપ, જલ, સ્ત્રી, હથિયાર, ચોર અને દુશ્મનનો વિશ્વાસ કરવો નહિ.

૯ **અસદ્‌ગતિમાં જનારા કોણ ?**

જેને ક્રોધ બહુ હોય, નિદ્રા બહુ હોય, આહાર ઝાઝો હોય ને રાગ-દ્વેષ બહુ હોય.

૧૦ **આટલી વસ્તુઓ ઢાંકી રહેતી નથી.**

ઢાંકયુ ન રહે પાતીક કર્મ,
ઢાંકયો ન રહે વળી અધર્મ,
ઢાંકયો ન રહે ક્રોધ-કષાય,
લસણ ભખ્યું તે સહી ગંધાય. (૧)
ઢાંકયું ન રહે મદીરાપાન,
ઢાંકયું ન રહે વળી વિજ્ઞાન,
અતિસાર, વ્યસની ને લાડ,
ઢાંકયો ન રહે વળી લબાડ. (૨)
ઢાંકયો ન રહે ક્ષય અવસરે.
ખૂણે બેઠો ખું ખું કરે,
ઢાંકયુ ન રહે પાતિક મંદ,
વાત ગઇ જયાં કુમાર નરિંદ (૩)

# આજનું અમેરિકા

અનુવાદક : **શ્રી જયકીર્તિ**

**ભોગ વિલાસોમાં આંધળીયા કરતી અમેરિકાની પ્રજા વિનાશની ખાઇમાં જે રીતે ધકેલાઇ રહી છે; તે હકીકત જુદા જુદા સામયિકો પરથી અનુવાદિત કરી લેખકે અહિં રજૂ કરી છે. લેખકને સાહિત્ય વાંચનનો તેમજ લેખનનો સારો રસ છે. 'કલ્યાણ' ને માટે તેઓ આ રીતે સામગ્રી મોકલતા રહે છે. તેઓની લેખનશૈલી સુંદર તથા સચોટ છે.**

ઈતિહાસમાં રાજ અને સમાજની કેટલીયે અવસ્થા એવી થઇ છે, કે જે નષ્ટ થતાં પહેલાં અધઃપતનનું ભયંકર અને અવિસ્મરણીય દૃશ્ય ઉપસ્થિત કરતી ગઇ છે, પણ આટલું બધું ઊંડુ, આટલું બધું ભયંકર અભૂતપૂર્વ સામાજિક પતન ઈતિહાસમાં ભાગ્યેજ આલેખાયું હશે કે જેટલું ભોગ વૈભવની ટોચ ઉપર ધમાચકડી મચાવતા આજના અમેરિકામાં દૃષ્ટિગત થાય છે!

**અપરાધી ક્રિડાંગણ :**

અમેરિકન સરકારી આંકડા સૂચિત કરે છે, કે– અમેરિકા અપરાધીઓનું ક્રીડાંગણ બની ગયું છે.

સન ૧૯૪૮ માં જ્યાં પ્રત્યેક ૧૮,૭ સેંકડે એક સંગીન અપરાધનો પ્રસંગ બન્યો હતો.

પ્રતિદિન ૩૬ ખૂન થયા હતાં. તથા–

૨૫૫ સ્ત્રીઓના નિર્મળ શીલને બલથી કચડી નાંખવાના પ્રસંગો બન્યા હતા.

'આહ! વિશ્વના સર્વોચ્ચ ગણાતા પ્રદેશની આન્તરિક પરિસ્થિતિ આજ છે શું? તોય ભારતને એનું આંધળું અનુકરણ પ્રિય લાગે છે. હે પ્રભો, અન્તે ભારતવાસીઓને–આર્યોને આવાજ અધઃપતનમાં ફસાવવાનું છે?'

સન ૧૯૪૮ પછીના આંકડા અપ્રાપ્ત છે.

પરંતુ અપરાધિની દિશામાં આ દેશ જેટલી ઝડપે પ્રગતિ કરતો આવ્યો છે, તે ઉપરથી સ્પષ્ટ અનુમાની શકાય છે કે જ્યારે સન ૧૯૫૦–૫૧ની વિગતો બહાર આવશે ત્યારે વિશ્વ મોંમાં આંગળી નાંખી જશે.

"સન ૧૯૪૦ કરતાં સન ૧૯૪૯ માં બલાત્કારનું પ્રમાણ સેંકડે ૪૮ ટકા, ચોરી, લૂટફાટનું ૧૬ અને ખૂનનું ૧૪ ટકા વધી ગયું હતું."

અપરાધની દિશામાં અમેરિકાની અજોડ પ્રગતિનું આ સ્પષ્ટ પ્રમાણ છે.

સદાચાર જેવી વસ્તુ અમેરિકામાં શોધી જડે એમ નથી.

"લગભગ પન્દર કરોડની વસ્તીવાળા આ દેશમાં પ્રતિમાસ ૫૦૦૦૦૦૦૦ પાંચ કરોડ કિસ્સાઓ વ્યભિચારના બને છે."

[ કેનેડીયન લેખક 'ડાઇસન કાર્ટર ]

આજ અમેરિકાની સંપત્તિ છે ને? એનેજ ભારત અનુકરણીય સમજે છે ઓ ભારતો! પ્યારા ભારત!! આ વિદેશી અનુકરણથી ચેતી જા! સમજી જા!! એ તરફથી આંખો પાછી ખેંચી લે!!! નહીં તો?... નહીં તો.. તું પણ એક દિવસ તારી સદાચારની સંપત્તિને ગુમાવી, હતું ન હતું થઇ જઇશ.

**લગ્ન વિચ્છેદ:**

'લગ્ન અને લગ્ન વિચ્છેદની અધિકતાવાળા સર્વ દેશોમાં અમેરિકા અગ્રસ્થાન ભોગવે છે.

'પ્રતિદિન જ્યાં ૧૦૦ એક હજાર લગ્નવિચ્છેદ થાય છે, અને આ સંખ્યા નિયમિત રૂપે કુદકે ને ભૂસકે આગળ વધી રહી છે.

'સન ૧૯૪૬ માં અમેરિકા પ્રત્યેક ત્રણ લગ્નમાંથી એક લગ્ન-વિચ્છેદ પરિણમ્યું હતું.

'સન ૧૯૫૫માં પ્રત્યેક દશ લગ્ને ચારનું પરિણામ લગ્નવિચ્છેદ હશે!

'આજંથી આગલા વીસ-ત્રીસ વર્ષોમાં અમેરિકામાં એવી જથ્થાબંધ સ્ત્રીઓ હશે, કે જેની સાથે કોઇ લગ્ન કરવા તૈયાર નહિં હોય! ત્યારે સ્ત્રીઓ એક

બીજાના પતિદેવોને આકર્ષિત કરવાની ભયંકર ચેષ્ટાઓ આદરશે !' [ડૉ. કિલફર્ડ આર એડમ્સ]

'આજ પણ અમેરિકામાં એવી સંખ્યાબંધ વ્યકિતઓ છે, કે જેનાં લગ્ન કોઇ બીજાની પત્ની કે અન્યના પૂર્વકાલીન પતિ જોડે થયાં હોય !

(ડાઈસન કારી)

વિવાહ-વિચ્છેદનું આજ સોહામણું પરિણામ છે ને ! કે જેમાં અવ્યવસ્થા, દ્વેષ-ઇર્ષ્યા અને અધમ પાતક ચેષ્ટાઓનો ઉદ્દભવ છે ! એ હિન્દ, આ પ્રથાને અપનાવતા પહેલાં એની ભયંકરતાનો પૂરો ખ્યાલ કરી લેજે,

**કૌમાર્યની કરૂણકથા.**

અવિવાહિત યુવતિઓ, સુકુમાર બાળાઓ અમેરિકામાં કેવી દશા ભોગવે છે, એનું વિવરણ હૃદયના તારને હલાવી મૂકે એવું છે. સાંભળો, અમેરિકાનાજ એક વિદ્વાન સમાજશાસ્ત્રી ડૉ. લિઉસ્ટર્નરના શબ્દોમાં

'લગ્ન પહેલાં જેણે પુરુષ સમાગમ ન અનુભવ્યો હોય એવી વાસ્તવિક અવિવાહિત તરુણી કુમારિકાઓની સંખ્યા—

સન ૧૯૧૨માં ૧૦૦માંથી ૮૮ હતી, ઘટીને—
સન' ૨૨ સુધીમાં ૧૦૦માંથી ૭૪ અને
સન' ૩૨ સુધીમાં ૧૦૦માંથી ૫૧ અને
સન' ૪૨ સુધીમાં ૧૦૦માંથી માત્ર ૩૨ ટકાજ રહી ગઇ' એનો અર્થ ? એનો અર્થ માત્ર એટલોજ કે અમેરિકામાં લગભગ એક ચતુર્થાંશ કન્યાઓજ એવી મળી શકે કે જે પતિને ઘેર ગયા પહેલાં વિષય વિલાસને નમાણી ચૂકી હોય !

તેઓ આગળ જણાવતાં ભવિષ્ય ભાખે છે.

'સન ૧૯૬૦ સુધીમાં અમેરિકી અવિવાહિત તરુણી-કુમારિકાઓમાં કૌમાર્ય જેવી વસ્તુનું અસ્તિત્વ પણ નહીં હોય'.

હવે ત્યાંના કુમળા વિદ્યાર્થિઓમાં પણ કેટલો દુરાચાર ફેલાયો છે, તે અવલોકો.

'ત્યાંનાં સ્કુલે જવાવાળા છોકરાં-કે જેની ઉમ્મર ૧૬ વર્ષની નીચે છે- ૧૦૦માંથી ૮૦ ટકા વ્યભિચારી બની ચૂકયા છે'

(એક અમેરિકન સમાજશાસ્ત્રી)

'દશવર્ષમાં અમેરિકાનું નૈતિક થર એટલું નીચે આવશે કે જેટલું પહેલાં કદી નહિં આવ્યું હોય.

(ડૉ. એડમ્સ)

આજ અમેરિકાની અનુપમ પ્રગતિ છે ને ! એને જ મુબારક રહો ! ભારતને એ ન ખપે !

**દરવર્ષે સાતલાખ ગર્ભપાત ને બે લાખ શંકર**

જાતીય સ્વચ્છન્દતાનું ભયંકર પરિણામ કાળજું કમ્પાવી મૂકે એવું હોય છે.

પહેલું પરિણામઃ—

ગુપ્તરોગો અને ગરમીનો ભયંકર વિસ્તાર છે.

અમેરિકી સંસ્થાના સંબંધિત આંકડાઓ શું કહે છે ?

'યુદ્ધાન્ત પહેલાં સુધી અમેરિકામાં પ્રતિવર્ષ ૧૦,૦૦૦૦ દસ લાખ લોક ગરમીના ભોગ થતા હતા.

'પ્રતિવર્ષ ૩૦,૦૦૦ ત્રીસ હજાર બાળક એવા જન્મે છે, કે જે ગરમીનો રોગ સાથે લાવે છે.'

માતા-પિતાની કારમી સ્વચ્છન્દતાનું કપરૂં મૂલ્ય આ રીતે રિબાઈ રિબાઇને તે બાળકોને ચૂકવવું પડે છે.

બીજું પરિણામઃ—

ગર્ભમાંજ અથવા તો વિશ્વની હવા લેતાંની સાથેજ સંખ્યાબંધ કુમળા બાળોની ઘોર હત્યાનું છે.

આલ્સન, લેહમેન, મીટસ તથા બિચેલ આદિ કેટલાય અમેરિકી ડૉકટરોએ બહુજ સૂક્ષ્મ છણાવટ પછી પોતાનો ખાનગી રિપોર્ટ પ્રકાશિત કર્યો છે.

'માત્ર સન ૧૯૪૧ માંજ અમેરિકામાં ૬,૨૦,૦૦૦ ગર્ભ પાડી નાંખવામાં આવ્યા હતા.'

આ સંખ્યા પણ બીજી વસ્તુઓની માફક વધી રહી છે. શ્રી 'ડાઇસન કારી' પોતાના પ્રસિદ્ધ પુસ્તક [Sin And Scince] સીન એન્ડ સાયન્સ [પાપ અને વિજ્ઞાન] માં અસીમ વ્યથિત થઇને લખે છે.

'અમેરિકામાં પ્રતિવર્ષે ૬,૮૦,૦૦૦ શિશુઓની જન્મ લેતા પહેલાંજ એટલે ગર્ભમાંજ હત્યાં થઇ જાય છે...આ પુસ્તક વાંચવામાં લાગેલા આપની પ્રત્યેક મિનિટમાં આ મહાદ્વીપ [અમેરિકા] ઉપર કયાંય ને કયાંય એકને એક નહીં જન્મેલા ગર્ભસ્થિત શિશુનો નાશ કરાઈ રહ્યો છે.'

આનો અર્થ એ થયો કે અમેરિકામાં પ્રત્યેક પાંચ

ગર્ભે એક ગર્ભની ભ્રુણ હત્યા થઇ રહી છે.

ત્રીજું પરિણામ:—

આ હત્યામાં માત્ર તે અબોધ શિશુઓનોજ નાશ થાય છે એમ નથી, પરન્તુ ગર્ભપાતમાં નાશ પામનારા અભાગી બાળકોની ૮૦૦૦ માતાઓ પણ પોતાનો બલિ ચઢાવે છે, પ્રત્યેક વિજ્ઞાનના સાધન વિધમાન હોવા છતાં પણ ગર્ભપાતની ક્રિયામાં આ રીતે ૮૦૦૦ સ્ત્રીઓનો પ્રતિવર્ષ ભોગ લેવાય છે.

ચોથું પરિણામ:—

સર્વથા અસામાજિક અને અનીતિભ્રષ્ટ સ્વચ્છન્દતાથી સંખ્યાબંધ જીવિત રહેવાવાળા બાળકોનું જીવન પણ મૃત્યુતુલ્ય તેથીય ભૂંડું થઇ જાય છે.

'અમેરિકામાં જન્મેલા પ્રત્યેક બાર બાળકમાંથી એક બાળક વર્ણશંકર અર્થાત્ અવિધિસરનું હોય છે.'

[ડૉ. હાલ્વર્ટ એલ. ડન]

એટલે કે અમેરિકામાં પ્રતિવર્ષે ૧,૭૦,૦૦૦ બાળક એવા હોય છે, કે જે સ્કૂલમાં ભરતી થાય છે ત્યારે પોતાના બાપનું નામ નથી બતાવી શકતા અર્થાત્ કાયદેસર તેમનો કોઇ પિતા હોતો નથી, પરિવાર હોતો નથી.

પોતાનાં આખા જીવનમાં આ ન-બાપા બાળકોને હર કદમે લજ્જા, અપમાન અને તિરસ્કારનો સામનો કરવો પડે છે. વિચારો તો ભલા, પિતૃ સુખથી વંચિત; પારિવારિક આનન્દથી હીન અને જે સભ્ય સમાજનાં ગુપ્ત પ્રણયનું ગુપ્ત પાપનુ પોતે ફળ બન્યા છે. જે સમાજનાં રકતમું જ પોતે પરિણામ છે, તેજ સભ્ય સમાજદ્વારા કલંકિત અને તિરસ્કૃત થનારા આ ભોળા બાળકોના જીવનમાં શો આનન્દ હશે ?

અન્તે આ બદ કિસ્મત વર્ણસંકરોની સેના અમેરિકાના તે કેન્દ્રો અને સંગઠનોમાં ઉપયોગી નીવડે છે કે જે પોતાની ગુંડાગિરી માટે વિશ્વભરમાં મશહૂર છે.

યુદ્ધ સામગ્રી ઉપસ્થિત કરવી, ઉપનિવેશો તથા પરાધીન દેશોનું શોષણ કરવું આદિ પૈસા ઉપાર્જન કરવાની જેટલી અમેરિકી તરકીબો છે તેમાં આ લોકો —વર્ણશંકરોનું—અપરાધ કરવા માટે તથા અપરાધોનું સંગઠન કરવા માટે—એક વિશેષ સ્થાન છે.

જે અપરાધો કરવામાં તેમનું સ્થાન છે તે નીચે મુજબ છે,

દારૂ વેચવો, વેશ્યાવૃત્તિ કરવી, જુગારખાનું ચલાવવું, હબસીઓને ઘેરીને મારવા, વિરોધીયોની હત્યા કરી નાંખવી, હંગો મચાવવો, મજૂરોની હડતાલ તોડવી, અને લડાઇઓની આગ લગાડવા સુધીની કારવાહીઓમાં સમ્મિલત છે.

આવા તથા અન્ય અપરાધો કરવા માટે આવા વર્ણસંકર તથા અન્ય દલિતોનો ઉપયોગ કરવામાં આવેછે.

અમેરિકી ચિત્રપટ, અમેરિકી પુસ્તકો, અમેરિકી સમાચાર પત્રો, અમેરિકી, કલબો અને ગુપ્ત તમાશાઓ એમને નિત્ય નવે પ્રભાતે આવા ભયંકર કુકર્મોની શિક્ષા આપે છે. આટલા બિભિત્સ અને કામુકતાથી છલોછલ ભરેલા ચિત્રપટો અને આટલી કુત્સિત ભાવથી ભરેલી ચોપડીઓ અમેરિકાને બાદ કરતાં વિશ્વમાં અન્ય સ્થળે મળવી મુશ્કેલ તો શું પણ અસંભવ પ્રાય: છે.

---


# કીડીયાનગર [કચ્છ] પાંજરાપોળ

**આ** પાંજરાપોળમાં આજુબાજુથી ઘણા જીવો આવે છે, તેને નભાવવા માટે સ્થાયિ ભંડોળ નથી, આ સાલ પણ દુષ્કાળ છે, ભરવાડો પાસેથી સેંકડો ઘેટાં-બકરાં વર્ષ દહાડે આવે છે, તેને છોડાવવાં પડે છે. તો જીવોને અભયદાન આપી પુણ્યને ઉપાર્જન કરો !

ગામમાં વસ્તી જુજ છે, કામ મોટું છે તો સૌ કોઇ શક્તિ અનુસાર ફુલ નહિ તો ફુલની પાંખડી મોકલી આપવા મહેરબાની કરશો !

## મદદ મોકલવાનાં સ્થળો.

**વોરા નારણ ફુલચંદ**
પોષ્ટ ગાગોદર, **કીડીયાનગર** [કચ્છ-વાગડ]

**દોશી ભારમલ હંસરાજ**
શેઠ આ. ક. પેઢી **પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

**વોરા રાયશી હીરાચંદ**
*ઠે. ગંગા બજાર* **અંજાર** *[કચ્છ]*



શ્રી ભંવરલાલ જૈન



શ્રી બાબુભાઇ દોશી



શ્રી સુરજમલ જૈન



શ્રી કીશોરભાઇ ગાંધી



શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી



ડૉ. વલ્લભદાસભાઈ



શ્રી કુંદનમલ જૈન



શ્રી સેવંતીલાલ જૈન



શ્રી જવાનમલ જૈન

# બાલજગત



## આપણી વાતચીત.

**પ્રિય બાલમિત્રો !** 'બાલજગત' માટે તમારા બધાયની મમતા ન ભૂલી શકાય તેવી છે. આ વિશેષાંક માટે સંખ્યાબંધ લેખો અમને તમારા તરફથી મલ્યા છે. તે બધાયને તપાસી ઠીક-ઠાક કરી અમે અહિં તમારી સમક્ષ મૂકયા છે. એક લેખકના અનેક લેખો આવ્યા છે, તેમાંથી ઉપયોગી લેખ આ અંક માટે પસંદ કરી તેને સ્થાન આપ્યું છે. બાકી રહી જવા પામેલા લેખોને ક્રમશઃ 'બાલજગત' માં સ્થાન આપવા માટે શકય કરીશું.

**લેખક મિત્રોને !** આ પ્રસંગે અમારે કહેવાનુ એ છે કે, તમે 'બાલજગત' માટે જે કાળજી રાખીને મહેનત લઇને લખાણો મોકલી આપો છો, તે માટે તમને અમારાં અભિનંદન છે, પણ હવેથી તમારી શૈલીમાં થોડોક ફેરફાર કરો; સારી ન્હાની વાર્તા, પ્રવાસનાં સ્મરણો; તમારા જીવનમાં બનેલી કોઇ અદ્ભૂત હકીકત; ઇતિહાસ તથા ધર્મકથા અંગેનું લખાણ; વૈરાગ્ય, સંયમ, તપ, ત્યાગ, શૂરવીરતા, ઈત્યાદિ પ્રસંગોને સાંકળીને કોઈ જીવનચરિત્ર. આ બધું તમે સારી શૈલીયે શબ્દોની શુદ્ધિપૂર્વક, સુંદર અક્ષરોમાં અમને 'બાલજગત' માટે જરૂર લખી મોકલો. તમારાં લખાણને અમે પહેલું સ્થાન આપીશું.

**'બાલજગત' ના સાથી મિત્રો !** 'બાલજગત' માં હવેથી એક નવો વિભાગ "એ શું કરે ?' શરૂ કરીએ છીએ. આમાં અમુક પ્રસંગો રજુ કરી, તેમાં તમારી પાસેથી તમારાજ અભિપ્રાયો અમે મંગાવીશું. અને એમાંથી જેનો અભિપ્રાય અમને સૌથી સરસ લાગશે, તેમજ એમાં આપેલાં કારણો અમને વ્યાજબી લાગશે તો તે જવાબ આપનારને રૂા. પાંચનું પુસ્તક અમારા તરફથી અમે ભેટ મોકલીશુ. જો વધુ વ્યક્તિઓના જવાબો પસંદ પડશે, ને વ્યાજબી જણાશે તો તે બધાયને રૂા. ૧૦ સુધીનાં પુસ્તકો અમે મોકલાવીશું.

**આ અંકને સમૃદ્ધ** બનાવવા જે બાલબંધુઓએ અમને સહકાર આપ્યો છે, મમતા તથા લાગણી બતાવી છે, તે અમારા પ્રિય બાલમિત્રોનો અમે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

**અંક માટે** પ્રસંગચિત્રો, કાર્ટુનો ઇત્યાદિ અમારે તૈયાર કરાવીને પ્રગટ કરવાની પરિપૂર્ણ ઇચ્છા હતી પણ ચિત્રો સમયસર ન મળી

શકયા, તેથી તે મુલ્તવી રાખવું પડયું છે, પણ હવેથી દરેક અંકે 'કનુ અને મનુ'ની લાંબી ચિત્રવાર્તા રજૂ કરવાનો વિચાર રાખીએ છીએ.

**બાલમિત્રો!** 'કલ્યાણ' માટે જે રીતે તમે મમતા રાખો છો, તે રીતે રાખશો, અને 'કલ્યાણ'ના ગ્રાહકો જેમ વધુ બનશે તેમ 'કલ્યાણ'નો 'બાલ વિભાગ' વધુ સમૃદ્ધ બનશે, માટે તમે તમારાથી શકય પ્રયત્ન અવશ્ય કરશો. 'બાલજગત'ના પ્રશંસક જે જે બાલમિત્રો છે તેઓએ હવેથી 'કલ્યાણ'ના ગ્રાહકો, વાંચકો તથા પ્રશંસકો વધારવા પ્રયત્ન કરવો. આના અંગેની એક યોજના અમે વિચારી રહ્યા છીએ, જે આગામી અંકે રજૂ થશે.

દોસ્તો! લ્યો ત્યારે જય જય.



શોધી કાઢો! 'બાલજગત' છૂપાયેલું છે.

## પત્ર-મિત્ર વિભાગ.

**નામ;** શા પ્રવીણચંદ્ર માણેકલાલ C/o માસ્તર શાંતિલાલ ગુલાબચંદ ઠે૦ દેરાસર પાસે, ગામઃ વેજલપુર સ્ટે૦ ખરસાલીયા. વય ૧૬ વર્ષ, અભ્યાસ ધો. ૭, ધાર્મિક અભ્યાસ પંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, જીવવિચાર, બે પ્રતિક્રમણ અર્થ સહિત.

**નામ;** મોહનલાલ પુનમચંદ શાહ. ઠે. હાલારી વીશાઓશવાલ જૈન બોર્ડિંગ. દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર) વય ૧૬. ભાષા ગુજરાતી, શોખ ટીકિટ સંગ્રહ, અંગ કસરત.

**નામ;** ચુનીલાલ એમ. દોઢિયા. C/o. હાલારી વીશા ઓશવાલ જૈન બોર્ડિંગ, દિગ્વિજય પ્લોટ. જામનગર વય; ૧૭ વર્ષ. શોખ વાંચન, લેખન, ભાષા ગુજરાતી. ઈંગ્લીશ, હિંદી.

**નામ;** હેમચંદ્ર ન્યાલચંદ્ર વ્હોરા; ઠે. વર્ધમાન જૈન બોર્ડિંગ વલ્લભીપુર (કટારીયા) વય; ૧૫ વર્ષ, શોખ ગુજરાતી સાહિત્ય વાંચન, ડ્રોઈંગ, કસરત, રીડીંગ.

**નામ;** ગુણવંતકુમાર ચીમનલાલ શાહ C/o. ચીમનલાલ મોહનલાલ. ઠે. ૫૭૮ જામેજમશેદ રોડ પહેલે માળે. માટુંગા (જી. આઇ પી.) મુંબઈ ૧૯; વય ૧૧; શોખ ગુજરાતી સારા સાહિત્યનું વાંચન, લેખન, અભ્યાસ; ગુજરાતી ૭મું ધોરણ.

**નામ;** કુંદનમલ સાકરચંદ્ર નવા જોગાપૂરાવાળા ઠે. બજારમાં, કલ્યાણ (જિ. થાણા) વય ૧૫ વર્ષ, શોખ; સમાજ સેવા, અભ્યાસ; ધાર્મિક પંચ પ્રતિક્રમણ વ્યવહારિક ધોરણ ૮મું, ભાષા સંસ્કૃત, હિંદી, ગુજરાતી, મરાઠી.

★

## એ શું કરે?

**પ્રિય** બાલમિત્રો! આજના અંકથી આ શિર્ષક હેઠળ જે જે લખાણ પ્રગટ થશે તે તે લખાણને મનનપૂર્વક વાંચી, આ પ્રસંગે શું કરવું જોઇએ? તે તમારી ભાષામાં તમને સૂઝે તે વિચારો અવશ્ય અમને લખી મોકલશો. જે જે લેખકોના વિચારો તથા તેની પાછળનાં કારણો અમને વ્યાજબી-ઉચિત જણાશે, તે તે લેખકોને અમારા તરફથી પુરસ્કાર મળશે. (વાનચિત વિભાગમાં જણાવ્યું તે મુજબ છે.) પણ આ જવાબ, તથા તેનાં કારણો પોતાની સ્વતંત્ર બુદ્ધિ કે સમજણનાં છે, તેની અમને પૂરેપૂરી ખાતરી લેખક તરફથી મળવી જોઇશે. જવાબો લખતી વેળા તમારો અભ્યાસ, વય, ઈત્યાદિ લખી મોકલવાં તેમજ તમને પણ આવા પ્રસંગો સૂઝે તો તમે અમને લખી જણાવશો-સં૦

## પ્રસંગ ૧ લો.

(૧) રમણ અને શાંતિ બન્ને જીગરજાન દોસ્તો છે. બન્ને એક જ કલાસમાં ભણે છે. માસ્તર પણ બન્નેને ઘેર સાથેજ ટયુશન આપે છે, પણ બન્નેના અભ્યાસમાં ફેર છે. શાંતિ મહેનતુ છે, જ્ઞાનનો ક્ષયોપશમ તેનો તેજ છે. જયારે રમણ ગણિત અને ભૂગોળમાં કાચો છે. અત્યાર સુધી જેમ તેમ કરીને તેને ઉપર ચઢાવવામાં આવ્યો. પણ આ કલાસના પરીક્ષક ખૂબજ કડક છે. રમણને પરીક્ષાના દિવસોમાં મૂંઝવણ વધી છે. તેણે શાંતિને કહયું : 'દોસ્ત ! આ વખતે પરીક્ષામાં તુ જોડે જ રહેજે, તું મને સહાય કરજે.' કલાસ માસ્તર જે બન્નેને ઘેર ટયુશન આપે છે, ને જેને રમણના બાપ ફી આપે છે, તેમણે પણ શાંતિને કહયું કે, 'તારે રમણને ગણિત તથા ભૂગોળમાં જવાબો કહી દેવા.' રમણનો બાપ પૈસાદાર છે. શાંતિ તથા તેના કુટુંબમાં એનું જ ચલણ છે. એટલે શાંતિના બાપે પણ શાંતિને કહયું : 'જો રમણને બરાબર મદદ કરજે !'

આ પરિસ્થિતિમાં શાંતિએ શું કરવું જોઇએ ? તમે આ સ્થિતિમાં મૂકાયા હો તો તમે શુ કરો ? શાંતિએ સાચા પ્રમાણિક છોકરા તરીકે શું કરવું ?

## પ્રસંગ ૨ જો.

(૨) મનુ એક શ્રીમંત ગૃહસ્થનો દીકરો છે, તેની પ્રકૃતિમાં દયાભાવ વિશેષ છે. ખાવા-પીવાના શોખ કરતાંયે તેને ગરીબોની માવજત, દુખી કે પીડિતોને સહાય કરવી વધારે ગમે છે. એક વખતે તેના પીતા બહાર ગામ ગયા છે. નોકર રજા પર ગયો છે, તે સ્કુલમાંથી ઘેર આવ્યો. ઘેર અચાનક તેની નાની બ્હેન ઇન્દિરા તાવમાં પટકાઇ પડી છે. બા તેની સારવારમાં પડી છે. બાએ મનુને કહ્યું; ભાઇ ! જલ્દી બજારમાં જઇ ૦।। ડઝન મોસંબી લઇ આવ, અને થોડો બરફ લાવી આપ, બેબીના માટે તાત્કાલિક સારવારને સારૂ જોઇએ છે. બા પાસે છૂટા રૂ. નહિ હોવાથી તેણે મનુને દશની નોટ આપી, મનુ જલ્દી મોસંબી લેવા બજારમાં ગયો. તરતજ મોસંબી તથા બરફ લઇ તે પાછો ઘર ભણી જઇ રહ્યો છે. રસ્તામાં લોકોનું ટોળું ઉભું છે, એક ગરીબ અનાથ માણસ અશકિતના કારણે લથડીયાં ખાતો તમ્મર આવતાં પટકાયો છે, તેને મૂઢમાર પડયો છે, ઉપચાર માટે બરફ અને તેને શુધ્ધિમાં લાવવા મોસંબીના રસની જરૂર છે, ત્યાં ઉભેલા કોઇની પાસે હાલ તુર્ત તે નથી. મનુની પાસે તે છે. આ વખતે મનુનું દયાળુ હૃદય ઉભરાઇ આવ્યું, પણ ઘેર પોતાની વ્હાલસોયી બ્હેનનું તાવમાં શેકાતું મોઢું યાદ આવ્યું. આ અવસરે તેણે શું કરવું જોઇએ ? તમે હોતો એક દયાળુ સ્નેહાર્દ્ર માનવી તરીકે આ પ્રસંગે તમે શું કરો ?



**એક રેખાથી બનતું ચિત્ર—**

ઉંટની પુંછડીથી એક રેખા ચાલુ કરીને ફરી પાછી બીજી પુંછડીના છેડે આવી જાય છે.

## કલકત્તા.

કલકત્તા નામ શાથી પડયું તે તમો જાણો છો ? ન જાણતા હોય તો તેના વિષે એક દંતકથા કહું છું.

જયારે અંગ્રેજો હિંદમાં આવ્યા ત્યારે તેઓ ગામડે-ગામડે ફરવા નીકળ્યા. હાલમાં જયાં કલકત્તા છે ત્યાં પહેલાં ગામડું હતું. અંગ્રેજો જ્યારે આ ગામમાં આવ્યા ત્યારે તેઓએ એક ખેડૂતને અંગ્રેજીમાં આ ગામનું નામ પૂછયું. ખેડૂત બિચારો અજાણ હતો. તે સમજયો કે આ ઘાસ કયારે કાપ્યું છે, એમ આ લોકો પૂછે છે. તેથી તેણે હિંદીમાં **कल कत्ता** એમ જવાબ આપ્યો, ત્યારથી તે ગામનું નામ **કલકત્તા** પડયું.

કેવી રસીક છે આ દંતકથા !

**શ્રી રમેશચંદ્ર ઝવેરી; મલાડ.**

## રાંધ્યા પછીનું ડહાપણ.

મુંબઇમાં ચંદુલાલ નામે શેઠ રહેતા હતા, તે ખૂબ પૈસાદાર હતા. તે કોઇ દિવસ ગરીબને દાન દેતા નહિ અને કોઇ દિવસ દહેરાસર પણ જતા નહિ. તેમણે અતિ અનીતિ કરી ખૂબ પૈસા મેળવ્યા હતા, અને ગરીબોને લૂંટી ગરીબ પાસેથી પણ ધન લઇ લેતા.

ચંદુલાલ શેઠને એવો વિચાર કોઇ દિવસ નહોતો આવ્યો, કે હું ગરીબ લોકોને લૂટી ધન લઇ લઉં છું, તેથી હું ઘણો પાપી છું, હું મરી જઇશ ત્યારે સાથે ધન નહીં આવે પણ સાથે પાપ આવશે.

થોડા વખત પછી ચંદુલાલ શેઠને કોલેરા લાગુ પડયો. તેમણે કોલેરા મટાડવા ખૂબ ઉપચાર કર્યા પણ કાંઈ ફાયદો થયો નહિ. ધીમે ધીમે રોગ વધવા માંડયો અને તે મરવાની અણી પર પડ્યા, ત્યારે તેમને વિચાર આવ્યો, કે હું મરી જઇશ પછી સાથે ધન તો નથી લઇ જવાનો પણ મેં ગરીબોને લૂંટી પાપનું જે પોટલું બાંધ્યું છે, તે લઇ જઇ નરકમાં પડીશ, આ રીતે શેઠને ખૂબ પસ્તાવો થયો, પણ આ તો રાંધ્યા પછીના ડહાપણ જેવું થયું. પાપ કર્યા પછી પસ્તાવો કર્યો પણ થાય શું ? આવા વિચાર કરતાં ચંદુલાલ શેઠ મરણ પામ્યા.

માટે હે મારા મિત્રો! તમે પણ પાપ કરતા પહેલાં વિચારજો અને પહેલેથીજ ધ્યાન રાખી પુણ્ય ઉપાર્જન કરી સદ્‌ગતિગામી બનજો !

શ્રી ગુણવંતકુમાર; માટુંગા.
ઉં. વર્ષ; ૧૧.

★

## માનવભવને સફલ કરો !

એક માણસ હંમેશા રાજાની સેવા કરતો હતો, તેથી તેની સેવાથી ખુશી થઇને રાજાએ કહ્યું:— જો મારા મહેલમાં ચાર ઓરડા છે. એક ઝવેરાતનો, બીજો ઝવેરાતથી જડેલા દાગીનાનો, ત્રીજો સોનાનો અને ચોથો રૂપાથી ભરેલો છે. હવે તારે એકલા હાથે એક પહોર સુધી જેટલું લેવાય તેટલું લેવું. નહીંતો મારા સીપાઇઓ તને કાઢી મૂકશે. પેલાએ કહ્યું, સારૂ. તે વિચારવા લાગ્યો કે રાજાના ઓરડા જ ખાલી કરી નાંખીશ.

બીજી પ્રભાતે તે વહેલો-વહેલો જાય છે, ત્યાં પેસતાંજ રમકડાંની દુકાન છે, તે જોવામાં પડયો ને પહોર પૂરો થઇ ગયો. આગળ જાય છે ત્યાં સિપાઇ કહે છે, હવે જુતીયા પડશે, અહીંથી નીકળી જાવ. પછી ત્યાંથી આગળ દાગીનાનો ઓરડો છે ત્યાં જાય છે, ત્યાં સુંદર સ્ત્રી બેઠી છે, હાવભાવ કરે છે ને ગાયન સંભળાવે છે, તેના મોહમાં પડયો ને બીજો પહોર ગુમાવ્યો. હવે ત્રીજા ઓરડે જાય છે. ત્યાં વેપારીઓ મળે છે. લીયા-દીયા ચાલે છે, આને લોભ લાગ્યો કે સોનામહોર હું લઇ-લઇને કેટલી લઇશ, લાવને ધંધામાં લાખો કમાઈ લઉં. હવે ટાઇમ પૂરો થતાં વેપાર બંધ થયો અને ભાઇશાબ સોનામહોર લૂંટવા જાય છે ત્યાં સિપાઇઓ કાન પકડે છે. હવે ચોથા ઓરડામાં ચાંદીની પાટો લૂંટવા જાય છે. ત્યાં જેવો જાય છે, એવી સુંદર શય્યા જૂવે છે. સેવક ઉભો છે અરે કહે છે કે આવોરે આવો ! તમે થાકી ગયા હશો, સુઇ જાવ. અમે તમારી સેવા કરીએ. પછી તમે લૂંટીને લાવશો તો અમને પણ થોડુંક મળશે.'

પેલો પણ થાકી ગયો હતો માટે સૂતો, સેવકોએ એવી સેવા કરી કે તેને ઉંઘ આવી ગઇ. હવે પહોર પુરો થયો એટલે સિપાઇઓએ તેને ઉઠાડીને રાતો-રાત કાઢી મૂકયો, રાજાએ તેને ઘણું આપ્યું પણ તે શું લઇને ગયો ? તેમ આ કથાનો ઉપનય એ છે, કે જીવ એ કર્મરાજાનો સેવક છે, તે તેની નોકરી ઉઠાવે છે. તે દેવલોકમાં હોય પણ તેમાં ગાફેલ બને, પછી મરવાનો ટાઇમ આવે ત્યારે એક હીરો લઇને જાઉં તેમ થાય તો લઇ જઇ શકે ખરો ? તેમજ મનુષ્ય જન્મમાં ગમે તેટલી શાલિભદ્ર જેવી ઋદ્ધિ મળી હોય છતાં એક મણી પણ લઇ જઇ શકે નહિ તેમજ તિર્યંચ ભવમાં પણ ગમે તેટલું ખાઇ-પીઇને હુષ્ટ પુષ્ટ બનેલો આત્મા પોતાનું શરીર પણ સાથે લઇ જઇ શકતો નથી.

ત્યારે મનુષ્ય જન્મમાં કર્મ રાજાએ ચાર ઓરડા ખુલ્લા રાખ્યા છે. બાલવય રમકડા રમવામાં ગુમાવી, જ્ઞાનનું જે ઝવેરાત મેળવવાનું હતું તે રમકડાં રમવામાં

ગુમાવ્યું. બીજી વય સ્ત્રીના મોહપાશમાં ગુમાવી. જેમાં પહેલા કરતાં ઓછું પણ જ્ઞાન મેળવી શકે, બીજાને પણ આપી શકે તે પણ ગુમાવી, ત્રીજી વય વેપારના લોભમાં ગુમાવી, ચોથી વયમાં શરીર કામ આપે નહિં માટે તે જ્ઞાન મેળવે શું ને બીજાને આપી પણ શું શકે ? હવે પોતે ધારે કે, હું ચારિત્ર લઉં ને આત્મ-કલ્યાણ સાધી અન્યો પર ઉપકાર કરું, પણ એ કયાંથી બને ?

મહા મુશીબતે મળેલો માનવ ભવ પેલા સેવકની માફક રમત-ગમત, અર્થ-કામાદિમાં ગુમાવીએ તો પેલા સેવકની માફક પાછળથી પસ્તાવાનું રહે, માટે વ્હેલી તકે ચેતીને કલ્યાણ સાધી લેવું જરૂરી છે.

**શ્રી નવીનચંદ્ર. આર. પરીખ.**



બાળકો તમને 'કલ્યાણ' માસિક ગમે છે કે ? જો હા' તો જુઓ, આ ચિત્રની વચ્ચે 'કલ્યાણ'નો અંક પડેલો છે, તે તમારે લેવા જવાનું છે. કોઇપણ લાઇન ઓળંગવાની નથી. એકજ રસ્તે ચાલવાનું છે. ચાલો ત્યારે કોણ પહેલું લઇને આવે છે !

★

## આટલું કરશો કે ?

હંમેશા નવકારમંત્રનું સ્મરણ.
હંમેશા જિનેશ્વર પ્રભુની પૂજા.
હંમેશા મા-બાપની સેવા.
સમ્યગ્જ્ઞાનનું આરાધન.
આપણાથી બનતું પચ્ચક્ખાણ.
ધાર્મિક પુસ્તકોનું પઠન-પાઠન.
ધાર્મિક પાઠશાળામાં અભ્યાસ.
પ્યારા દોસ્તો ! આટલું કરશોને ?

**શ્રી જવાનમલ ફુલચંદજી.**

★

## આજે આવા ન્યાયાધીશો જોઇએ છે !

રામપુર ગામ નાનું હતું પણ દેખાવમાં સુંદર હતું. તે ગામના લોકો ઘણા સુખી હતા. પણ તાડી દારૂનો માંડવો જ્યારથી ગામમાં આવ્યો ત્યારથી લોકો ઘણા દુઃખી થયા. વ્યાજે પૈસા આપવાવાલા શેઠ પણ ગામમાં રહેવા આવ્યા. ગામનાં લોકો ગરીબ થયાં અને શેઠે મોટી હવેલી બંધાવી.

શેઠના ઘર પાસે એક સુખી કુટુંબ રહેતું હતું. ધીમેધીમે તે ઘરમાં તાડી-દારૂ અને આળસે પણ ઘર ઘાલ્યું. પૈસાની આવક ઓછી થઇ અને ખરચ વધ્યુ. આથી શેઠની પાસે પૈસા વ્યાજે લેવા પડયાં. ધીરેધીરે દેવું ૪૦૦ રૂપીયાનું થઇ ગયું. શેઠની દાનત પણ બગડી ગઇ.

શેઠે મનમાં વિચાર કર્યો કે, આની જમીન પડાવી લેવાય તો એકવળી મોટી હવેલી બંધાય. શેઠે ખોટો દસ્તાવેજ લખ્યો, તેમાં લખ્યું કે મારાથી જો ચાર હજાર રૂપીયા નહી અપાય તો મારી જમીન આપી દેવી. શેઠે ખેડુતને બોલાવી કહ્યું કે જો મેં તને ૪,૦૦૦ રૂપીયા આપ્યા છે, તે તારાથી અપાય એમ નથી, માટે તું મને જમીન આપીદે ! ખેડુત બોલ્યો, મેં તો ફકત ૪૦૦ રૂપીયાજ લીધા છે, ચાર હજાર કયાં લીધા છે, શેઠે ખોટો દસ્તાવેજ બતાવ્યો. આમ બન્ને વચ્ચે તકરાર થઇ, શેઠે કોરટમાં ફરીયાદ નોંધાવી.

સાંજે શેઠ ન્યાયાધીશને ઘેર ગયા, શાંતિથી બેઠા અને ૫૦૦ની થેલી લાંચ તરીકે આપી, પછી શેઠ બોલ્યા, સાહેબ એ ખેડુત બહુ લુચ્ચો છે, મારા કેટલાય રૂપીયા ખાઇ ગયો અને લીધેલા છે તે પણ આપવાની ના પાડે છે, ન્યાયાધીશે કોથલી લઈ લીધી પણ કંઇ બોલ્યા નહી.

શેઠ મનમાં ને મનમાં હર્ષ પામતા ઘેર ગયા; અને બોલ્યા સાહેબ હવે તો જમીન અપાવી દેશે. રૂપીયા કોને ન ગમે! સાહેબને આપ્યા પણ કેટલા ? રોકડા રૂા. ૫૦૦.

બીજે દિવસે શેઠ ખોટો દસ્તાવેજ અને સાક્ષીઓને લઇને કોર્ટમાં ગયા. ન્યાયાધીશ ખુરશીપર બેઠા હતા. શેઠે દસ્તાવેજ બતાવ્યો. ન્યાયાધીશે શેઠને પૂછ્યું, કેમ આ દસ્તાવેજ સાચો છે ને ? કોઇ સાક્ષી છે ?

શેઠે કહ્યું, સાહેબ આ રહ્યા મારા સાક્ષીઓ આ દસ્તાવેજ લખાયો ત્યારે એ હાજર હતા. જુઠ્ઠા સાક્ષીઓએ કહ્યું, સાહેબ! આ શેઠ ખેડુતને રૂપીયા આપ્યા ત્યારે અમે હાજર હતા. ખેડુત તો આ જોઇને રડવા લાગ્યો. ન્યાયાધીશે ખેડુતને કહયું; અલ્યા તારો કોઇ સાક્ષી છે ?

ખેડુત ડુસકાં ખાતો બોલ્યો સાહેબ, મારો ઈશ્વર સિવાય બીજો કોઇ સાક્ષી નથી.

ન્યાયાધીશ બોલ્યા, એમ ગભરાય છે શા માટે ? શેઠના તો બે સાક્ષી છે, પણ તારાતો પાંચસો સાક્ષી છે, ખેડુતે મનમાં વિચાર્યું કે, સાહેબ મશ્કરી કરે છે. તે શાંત ઉભો રહ્યો.

શેઠ બોલ્યો, સાહેબ ! શું કહો છો' ખેડુતના પાંચસો સાક્ષીઓ છે. સાહેબે એક ખાનામાંથી થેલી કાઢી તેને ઉંધી વાળી, તેમાંથી ખડંગ ખડંગ કરતા ૫૦૦ રૂપીયા નીકળ્યા. સાહેબે કહ્યુ, જો તારી જમીન પડાવી લેવા શેઠેજ મને આપ્યા છે, એ તારા નહી તો બીજા કોના સાક્ષીઓ ?

સાહેબે ખેડુતને છોડી મુકયો અને શેઠને શિક્ષા કીધી.

**શ્રી સુરજમલ એસ. જૈન-કલ્યાણ**

★

## લગ્નની ભેટ

એક માણસ દુનિયામાં કહેવાતાં દરેક જાતનાં દુર્વ્યસનોથી ભરપૂર હતો. પોતાના ખર્ચ કરતાં કેટલીયે ગણી આવક કરવાની તેની બુદ્ધિશક્તિ હતી, અને કમાણી કરતો પણ ખરો, પરંતુ તેનાં વ્યસનો એવાં હતાં, કે તે બધી કમાણીને હોઇઆં કરી જતાં હતાં, જેથી અણહિસાબ કમાણી હોવા છતાં તેના ઉપર સહાય દેવા માટેનો લેણદારોનો તગાદો ચાલ્યાજ કરતો, આથી તે વ્યસનો તેને અત્યંત પીડારૂપ થઇ પડયાં છતાં તે વ્યસનો એવાં કુટેવરૂપ બની ગયાં હતાં કે તેને છોડવા તે અસમર્થ નીવડયો.

અપરિણીત અવસ્થાવાળા તેને એક વખત સદ્‌ગુણી, સુલક્ષણા, સ્વરૂપવતી સુંદર સ્ત્રીનો ભેટો થયો. આ સુંદર સ્ત્રીને જોઇ તેના ઉપર આસક્તિ થવાથી તે સ્ત્રી પાસે લગ્નગ્રંથિથી જોડાવાની તેણે માગણી કરી.




**ચોરસમાં ચિત્રો ઓળખી શબ્દો પુરો !**

અહિં આપેલાં ચોરસનાં ખાલી ખાનાઓ બાજુમાં આપેલી ઉભી અને આડી ચાવીઓ પ્રમાણે ચિત્રો ઓળખીને પુરો, પછી ઉભી-આડી ચાવીઓ પ્રમાણે બરાબર મેળવી જુઓ.

સ્ત્રીએ જવાબમાં જણાવ્યું કે- હું તમારૂં વચન જરૂર સ્વીકારૂં પણ તેના બદલામાં તમારે પણ મારૂં વચન સ્વીકારવાની ફરજમાં મૂકાવું પડશે.'

જવાબમાં વ્યસનીએ કહ્યું કે- 'તારા દિદાર જોઇને મને ચોક્કસ ખાત્રી છે કે-તું જે કહીશ તે મારૂં હિતકરજ હશે, કદાચ મારૂં દેખીતું અહિત હશે તો પણ હું તારૂં વચન સ્વીકારવા તૈયારજ છું.'

વળતો સ્ત્રીનો જવાબ મળ્યો કે- હું તમારી સાથે લગ્નગ્રંથિથી જોડાવા ખુશી છું પણ તમારી પાસે એક **લગ્નની ભેટ** માગું છું.

ભેટ માત્ર એજ છે કે-" આજથી તમારે સર્વ દુર્વ્યસનોનો ત્યાગ કરવો."

વ્યસનીએ આંખો બંધ કરી વિચાર કર્યો-વાહ ! આ સદ્‌ગુણી સ્ત્રીએ તો મારાજ હિતની વાત કરી; ખરેખર ! હું વ્યસનોમાં ઘેરાઇનેજ આટલો દુઃખી થઈ રહ્યો છું.

આમ વિચાર કરી તેણે દેવો અને માનવોની સાક્ષીએ ભયંકર વ્યસનોનો ત્યાગ કરવાની કબૂલાત તે સ્ત્રીને આપી.

લગ્નનો દિવસ આવી પહોંચ્યો, ત્યારે '**બધાં દુર્વ્યસનોનો ત્યાગ**' એ મથાળાવાળું 'પ્રતિજ્ઞાપત્ર' લખી સોનેરી ફ્રેમમાં મઢાવી તે સદ્‌ગુણી સ્ત્રીને અર્પણ કર્યું. લોકો તો આવી નવીન પ્રકારની ભેટ જોઇ દિગ્‌ થઇ ગયા અને સેંકડો મુખે બોલવા લાગ્યા કે-

દરેક લગ્નોમાં સુગુણને લગતી જે જે ખામી દેખાતી હોય તેવી ભેટો પરસ્પર નવદંપતી તથા સ્નેહીઓ તરફથી અપાતી રહેતી હોય તો દાંપત્યજીવન સુખરૂપ નીવડવા સાથે ધર્મમય બની જાય.

**— શ્રીમતી લીલાવતી સી. શાહ ખંભાત**

★

## રમેશ અને સુરેશ

**રમેશ**-કેમ ભાઈ ! તમે રોજ દેવદર્શન કરો છો ?
**સુરેશ**-હા.
**રમેશ**-તમે કાંદા-બટાટા ખાવ છો ?
**સુરેશ**-ના.
**રમેશ**-તમને પંચપ્રતિક્રમણ આવડે છે ?
**સુરેશ** હા.
**રમેશ**-તમને લેખ લખતાં આવડે છે ?
**સુરેશ**-ના.
**રમેશ**-તમે 'કલ્યાણ' માસિક વાંચ્યું છે ?
**સુરેશ**-ના.
**રમેશ**-તમને લેખ લખતા નથી આવડતું, તેનું કારણ એજ કે, તમે **કલ્યાણ** માસિક વાંચ્યું નથી.
**સુરેશ**-તે માસિક કયાં મળે છે ?
**રમેશ**-સંપાદકઃ સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે, પાલીતાણા. આ ઠેકાણેથી મળશે. મારૂં કહ્યું માનીને તમે આજેજ મંગાવો ! તેનું વાર્ષિક લવાજમ ૫-૯-૦ છે.

મારા પ્યારા બાળમિત્રો ! તમે બાળજગતમાં જરૂર લેખ મોકલજો અને કલ્યાણ પેપર જરૂર મંગાવજો.

**—શ્રી સુરજમલ શેષમલજી** વર્ષ : ૧૪ : કલ્યાણ



ભાઈ પ્રવિણકુમાર રતિલાલ પૂજા કરવા જાય છે. તમે પણ ત્રણલોકના નાથ શ્રી જિનેશ્વરદેવની **પૂજા કરો !**

## "માન" આપવાની રીતો

આફ્રિકાના ઝુલુ લોકો કમર વાળી માન આપે છે.

પાપુઅન લોકો પરસ્પર માથે ઝાડની છાલ મૂકે છે.

ન્યુઝીલેન્ડના માઓરી લોકો બંને પગ પહોળા કરે છે.

ફિઝીના કુહાન લોકો એક બીજાના ખભે માથું નાંખે છે.

કોંગો પ્રદેશના સોબઓ લોકો એક બીજાની પ્રદક્ષિણા કરે છે.

લદ્દાખીઓ એક બીજાના પગની આંટી લે છે.

રેડઇંડિયનો માથામાંના પીછાની અદલા-બદલી કરે છે.

કંધ લોકો એક બીજાને મળે છે ત્યારે તાળીઓ પાડે છે.

આફ્રિકાના હોટેન્ટોટ લોકો રેતી ઉડાળીને માન આપે છે.

બ્રહ્મી લોકો એક બીજાને મળે છે ત્યારે માત્ર સ્મિત કરે છે.

તિબેટના લોકો ડાબા પગનો અંગુઠો કપાળે અડકાડે છે.

ચીના લોકો વડિલના ઝબ્બાનો છેડો ઉંચો કરે છે.

જાપાનિઝ લોકો માથું નમાવી નમન કરે છે.

એસ્કિમો લોકો પરસ્પર માથાના વાળ ખેંચે છે.

ઓરિસ્સાના સંથાલ લોકો એક બીજાને નાક અડકાડે છે.

કોંગોના પહાડી લોકો માથું નમાવી નમન કરે છે

આરબ લોકો અરસપરસ ગાલનો સ્પર્શ કરી હાથ વાળે છે.

કુંદ પ્રજા પગના અંગુઠા પર ઉભા થઇ આવકાર આપે છે.

મલાયા દ્વીપકલ્પની જંગલી પ્રજા ખૂબ જોરથી રાડો પાડે છે, અને ગુલાબ ખાય છે.

આર્મીનિયન પ્રજા ચરણ રજ લઈ માથે ચડાવે છે.

રશિયન લોકો જમણો હાથ ઉંચો કરી નામ આપે છે.

હિન્દુસ્તાનમાં બે હાથ જોડી નમન કરવાનો રિવાજ છે,

ઇંગ્લાંડમાં હસ્તધુનન કરી સ્મિત કરે છે.

જર્મનો માથા પરથી ટોપી ઉતારી માન આપે છે.

તુર્કસ્તાનનાં લોકો ગરદન ફરતો હાથ વીંટાળી દે છે,

**સં. શ્રી કિશોરચંદ્ર અમુલખ શાહ કોસકી;**

★



ભૂપતભાઇ સામાયિક કરે છે તમે પણ વહેલા ઉઠી સામાયિક કરવાની ટેવ પાડો.

★

## શ્રી નવકાર મહામંત્રનો પ્રભાવ.

પહેલાનાં વખતમાં સુદર્શન નામે મોટું શહેર હતું, ત્યાં મણિરથ નામે એક રાજા રાજ્ય કરતો હતો. તેને યુગબાહુ નામનો નાનો ભાઇ હતો, તેની પત્નીનું નામ મદનરેખા હતું.

મણિરથ રાજાને મદનરેખા પર મોહ જાગ્યો પણ યુગબાહુ તેના માર્ગમાં કંટક સમાન હતો. આથી મણિરથે યુગબાહુને મારી નાંખવાનો વિચાર કર્યો.

આમ કરતાં વસંતોત્સવ આવ્યો, આ સમયે મદનરેખા અને યુગબાહુ એક ઉદ્યાનમાં ગયાં. યુગ-

યુગબાહુને મારી નાંખવાનો આ લાગ જોઇ મણિરથ એક રાત્રિએ તે યુગલ જ્યાં હતું ત્યાં ઉઘાડી તલવારે ગયો અને જેવો યુગબાહુ મોટાભાઇને પગે પડયો તેજ સમયે મણિરથે તલવારથી યુગબાહુનું મસ્તક કાપી નાંખ્યું, પછી તરતજ તે ત્યાંથી પલાયન થઇ ગયો.

યુગબાહુમાં થોડો જીવ રહી ગયો હતો, આથી મદનરેખાએ યુગબાહુના કાનમાં નમસ્કાર મંત્ર સંભળાવ્યો. માત્ર આ મંત્ર સાંભળવાથીજ યુગબાહુ દેવલોકમાં ગયો.

આ નવકાર મંત્રનો એક અક્ષર ગણવાથી સાત સાગરોપમનું પાપ દૂર થાય છે. એક પદ ગણવાથી પચાસ સાગરોપમનાં પાપ દૂર થાય છે. આખો મંત્ર ગણવાથી પાંચસો સાગરોપમનું પાપ દુર થાય છે અને આ મંત્રને એક લાખવાર જાપ કરવાથી અને વિધિથી પુજા કરવાથી મોક્ષસુખ મેળવી શકીએ છીએ. આ જાપ ધ્યાનપૂર્વક થાય તોજ ઉપર લખ્યા મુજબ ફળપ્રાપ્તિ થાય છે.

**શાહ વિનોદચંદ નગીનદાસ; વેજલપુર.**

★

## મધુ સંચય.

લક્ષ્મી અન્યનો આશ્રય કરે છે, તેમજ પૃથ્વી પણ બીજાનો આશ્રય કરે છે, પણ માત્ર કીર્તિજ પતિવ્રતા છે કે, જે બીજા પુરૂષનો આશ્રય કરતી નથી.

ધર્મ સિવાય બીજો મિત્ર નથી અને જુઠુ બોલવાના જેવું બીજું કોઇ પાપ નથી.

હાથીથી હજાર હાથ છેટે રહેવું, ઘોડાથી સો હાથ છેટે રહેવું, શિંગડાવાળા પશુથી દશ હાથ છેટા રહેવું અને દુર્જન માણસ વસતા હોય તે સ્થાન છોડીને ચાલ્યા જવું.

કલમ, પુસ્તક અને પત્ની એ પારકા માણસોને સોંપવા નહિં.

જ્યાંસુધી આ શરીર સ્વસ્થ છે અને જ્યાંસુધી ઘડપણ આવ્યું નથી ત્યાંસુધી આત્માનું કલ્યાણ કરી લેવું નહિતો પ્રાણ ગયા પછી તમે શું કરી શકશો ?

વિષમ વૃક્ષ ઉપર ચડવું નહિ, જુની હોડીમાં બેસવું નહિ, કુવામાં ડોકીયું કરીને પાણી જોવું નહિ. અને આપત્તિથી કંટાળીને કદી આપઘાત કરવો નહિ.

**શ્રી મુલચંદ સોમચંદ; ખંભાત.**

★

## ખીલેલાં ફુલો :

૧ ભક્તિ કરો તો પ્રભુનીજ ભક્તિ કરજો !

૨ પૂજા કરો તો પ્રભુનીજ પૂજા કરજો !

૩ સ્તુતિ કરો તો પ્રભુનીજ સ્તુતિ કરજો !

૪ ગ્રહણ કરે તો પ્રભુનાજ ઉપદેશને ગ્રહણ કરજો !

૫ તપ કરો તો ગુપ્ત રીતેજ કરજો !

૬ વિચાર કરો તો કોઇનું અહિત નહિ કરવાનો જ વિચાર કરજો !

૭ દુર કરો તો પ્રમાદનેજ દૂર કરજો !

૮ સમભાવ રાખો તો સર્વ પ્રાણી ઉપરજ સમભાવ રાખજો !

૯ સન્માન કરો તો ગુરૂનુંજ સન્માન કરજો !

૧૦ ભાવ રાખો તો મિત્રતા બાંધવાનોજ ભાવ રાખજો.

૧૧ સહન કરો તો વિપત્તિઓને પ્રસન્નતાથી સહન કરજો,

૧૨ કથા સાંભળો તો ધર્મકથાજ સાંભળજો.

૧૩ વૃધ્ધિ કરો તો જ્ઞાનની વૃદ્ધિજ કરજો.

૧૪ મૌન રહો તો કલેશ સમયે મૌન રહેજો.

૧૫ શુદ્ધ રાખો તો સમકિતનેજ શુદ્ધ રાખજો.

૧૬ નિમગ્ન રહો તો વૈરાગ્ય ભાવનામાંજ નિમગ્ન રહેજો.

૧૭ રોકો તો પાપનેજ રોકજો.

૧૮ પાળો તો જીવદયાજ પાળજો.

૧૯ કાયોત્સર્ગ કરો તો ઉત્સાહપૂર્વકજ કરજો.

૨૦ શુધ્ધિ કરો તો પાપનીજ શુદ્ધિ કરજો,

**શ્રી રસિકબાળા લાલજી શાહ**

★

## રાજા ઉપર ઉપકાર.

**એક** વિદ્વાન પંડિત હતા. તેની સ્થિતિ ઘણીજ ગરીબ હતી. તેને ઘરમાં ખાવા માટે દાણા કે નાણાં ન હતાં. તેની પત્ની કહે છે કે, 'હવે તમે ગમે ત્યાંથી પણ નાણાં કે દાણા લાવો'. ચોરી કરવી તે મહાપાપ છે, છતાં આ પંડિત સંયોગને આધીન બની જાય છે. રાત્રે દશ વાગે તે એક ઘરમાં જાય છે, તે ઘરમાં તે પોતાના જેવી સ્થિતિ જુએ છે, એટલે તે બીજે ઠેકાણે જાય છે.

એક શેઠ ને શેઠાણી પૈસાનો હિસાબ મેળવતાં હતાં, તેમાં એક આનો ઘટે છે, તે ઘણીવાર સુધી મથે છે, પણ એક આનો મલતો નથી. એક આના માટે આ શેઠ આટલું કરે છે તો હું ચોરી કેમ કરી શકું? આમ વિચારી તે પંડિત બીજે ઠેકાણે જાય છે.

પંડિત ભોજ રાજાના મહેલમાં જાય છે, તે જાય છે ત્યાં રાજાની શય્યા સામે ત્રણ પદો લખેલાં હતાં.

રાજાશ્લોકના ત્રણ પદ બનાવી તે દરરોજ જોતો હતો. હવે પંડિત ચોથું પદ લખીને પોતાના ઘેર જાય છે. રાજા સવારે જાગે છે, ત્યારે તે જૂએ છે, તો પોતાના બનાવેલા શ્લોકની કડીમાં ચોથી લીટી કોઈએ લખી હતી. હવે રાજા આખા ગામમાં ઢંઢેરો પીટાવે છે. પંડિત આ ઢંઢેરો સાંભળીને મહેલમાં જાય છે, તેમાં જણાવ્યું હતું, કે આ બધાં વૈભવો આંખો મીંચાયા પછી નકામા છે.

મહેલમાં જાય છે ને રાજાને બધી વાત કહે છે, તેથી તેનું બહુમાન કરે છે, ને તેને રાજ્ય પુરોહિત તરિકે સ્થાપે છે, અને તેને જીંદગીભર ચાલે તેટલું ધન આપે છે. રાજા પંડિતને કહે છે, તમે મારી ઉપર બહુજ ઉપકાર કર્યો છે. કારણ કે, તમે મને ખરી વસ્તુનું ભાન કરાવ્યું છે, સાચી વસ્તુનું જ્ઞાન આપ્યું છે.

**શ્રી ચંદ્રકળા મોહનલાલ પારેખ.**

★

## સુવાસિત કુસુમો.

**ત્યાગ** તપ કરીને બંધનને તોડવા માટે આ મનુષ્યભવ છે. ખાઇ-પીને બંધનમાં ફસાવા માટે નહિં.

**જાગેલી** પાપવૃત્તિ ને પ્રવૃત્તિમાં ન આવવા દેનારો ધર્માત્મા અને પાપવૃત્તિ ને પ્રવૃત્તિમાં આવવા દેનારો કર્માત્મા.

પરાધીનપણે અસંખ્ય વર્ષોની ભૂખ વેઠવા કરતાં સ્વાધીનપણે ત્યાગ, તપ કેમ ન કરવો?

જૈન જન્મ્યો શા માટે? ઉન્માદી બનવા માટે નહિ, પણ શાંત બનવા માટે, અને વિષય, કષાયોને જાગ્રત કરવા માટે નહિ, પણ તેને ભસ્મિભૂત કરવા માટે.

જે કર્મથી પરાધીન બન્યો છે, તેને માટે કર્મ-કાંડી નાટકમાં ભમાડે છે.

સ્વાદપૂર્વક જમવા બેઠેલો જમવા નથી બેઠો, તે તો કર્મના હાથમાં રમવા બેઠો છે.

**આજ્ઞાપાલનમાં** મનુષ્યભવમાંથી મોક્ષે પહોંચાડ-વાનું સામર્થ્ય છે.

**કર્મ** કહે છે કે, સંયોગ–સામગ્રી આપવામાં હું બળવાન, આત્મા કહે છે કે, તેમાંથી મારું સાચું કામ કાઢવામાં હું બળવાન.

**કાયા** કચડાય ત્યારેજ આત્માનાં કર્મો કચડાય.

**અશુભ** ભાવનામાંથી અધિકાર જમાવવાનો પ્રયાસ એનું નામ ચેતનમાંથી જડ બનવાનો પ્રયાસ.

**આશ્રવ** તરફ ઘૃણા અને સંવર તરફ આદર જાગવો એજ આજ્ઞાપાલનનું પ્રાથમિક પગથીયું છે.

**કષાયો** અને ઇંદ્રિયોથી જિતાઇ જવું–પરવશ થાવુ એજ આત્માનો સંસાર છે, અને કષાયો ઇંદ્રિઓથી મૂકાવું એજ આત્માનો મોક્ષ છે.

**જીવને** માટે સાચામાં સાચું જો કોઇ ઇષ્ટ હોય તો તે પ્રભુનું નિર્ગ્રંથ પ્રવચન.

**કાયા** જેવી કેદખાનાની કોટડી બીજી કોઇ નથી, તેના જેવી નાલેશી જગતના કેદખાનાં પણ નથી. (નાલેશી–સંસાર વધારવાની)

**વીતરાગની** આજ્ઞા રૂપી ચીઠ્ઠી જેને મળે તેને મોક્ષ પર્યંત સુધીની સ્થિતિ મળે.

**જગતમાં** ભવ ઘણા મળે છે, પણ પ્રભુ આજ્ઞાના પાલન માટેનો ઉચ્ચ કોટનો ભવ અતિ દુષ્કર છે.

સંસારની કારવાઈ એટલે આત્માની સ્વતંત્રતાને વેચવાની કારવાઇ અને ધર્મની કારવાઇ એટલે આત્માના બંધનો તોડવાની કારવાઈ.

— શ્રીમતી અરૂણા આર. શાહ
: વર્ષ ૧૩ : નિપાણી

★

## કુતરીને જાતિસ્મરણ

પૃથ્વીપુરી નામે નગરીમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો, તેને કુંતલા રાણી નામે પટ્ટરાણી હતી તે જૈનધર્મમાં દૃઢ હતી, અને બીજી રાણીઓને પણ વારંવાર ધર્મના કામમાં યોજનારી હતી. તેના ઉપદેશથી તેની સર્વ શોકયો પણ ધર્મી થઇને તેનું બહુમાન કરતી હતી.

એક વખતે રાણીઓએ પોત-પોતામાં નામનાં દેરાં-દેરીઓ, પ્રતિમાઓ ભરાવીને તેની પ્રતિષ્ઠાના મહોત્સવ કરવા શરૂ કર્યા. તેમાં દરરોજ ગીત ગાયન, પ્રભાવના, સ્વામીવાત્સલ્ય ઘણી ઘણી અધિકતાથી થવા લાગ્યાં. તે દેખી પટરાણી શોકય ભાવથી પોતાના મનમાં ઘણી અદેખાઇ કરવા લાગી. પોતે પણ નવીન દેરાસર સર્વથી સુંદર અને અધિક રચનાવંત કરાવેલ હોવાથી તેનો સર્વથી અધિક ઠાઠ-માઠ કરાવે છે, પણ જ્યારે કોઇ પણ શોકયોનાં દેરાં, દેરીઓનાં બહુમાન કે પ્રશંસા કરે, ત્યારે તે ઘણી અદેખાઈ કરે છે, પોતાના દહેરાંની કોઈ પ્રશંસા કરે તે સાંભળી પ્રમોદ પામે છે પણ શોકયોના દેરાંની કે મહોત્સવની કોઇ પણ પ્રશંસા કરે તો તેથી તે ઇર્ષારૂપી અગ્નિથી બળી મરે છે. અહો હો ! મત્સરની દુરંતતા ! ધર્મ ઉપર પણ આટલો દ્વેષ ! આવા દ્વેષનો પાર પણ પામવો અતિ દુ:સહ છે, એટલાજ માટે કહ્યું છે કે :

'ઇર્ષા રૂપી સમુદ્રમાં વહાણુ પણ ડૂબી જાય છે'. ત્યારે તેમાં બીજા પાષાણુ જેવા ડૂબે તેમાં શું નવાઈ છે ! વિદ્યામાં, વ્યાપારમાં, જ્ઞાનની વૃદ્ધિમાં, સંપદામાં, રૂપાદિક ગુણોમાં, જાતિમાં, પ્રખ્યાતિમાં, ઉન્નતિમાં, મોટાઈમાં, એટલામાં માણસોને મત્સર હોય છે, પણ ધિક્કાર છે કે ધર્મના કાર્યમાં પણ મત્સર છે !

બીજી રાણીઓ તો બિચારી સરળ સ્વભાવની હોવાથી પટરાણીના કૃત્યની વારંવાર અનુમોદના કરે છે, પણ આના મનમાંથી ઇર્ષા સ્વભાવ જતો નથી. ઇર્ષામાં ને ઇર્ષામાં રહેતા તેને એવો કોઇ દુર્નિવાર રોગ ઉત્પન્ન થયો કે જેથી તે સર્વદા જીવવાની આશાથી નિરાશ થઇ, છેવટે રાજા તરફથી પણ તેનું માન ઓછું થયું, અંતે શોકયો ઉપરના દ્વેષ ભાવથી અત્યંત દુર્ધ્યાનમાં મરણ પામીને શોકયોનાં દેરાં, પ્રતિમા, મહોત્સવ, ગીતાદિકની ઇર્ષા કરવાથી પોતાના બનાવેલા દેરાસરના બારણા આગળ કુતરાં તરીકે તે ઉત્પન્ન થઇ, તે પૂર્વના અભ્યાસથી દેરાના દરવાજા આગળ બેસી રહે છે, તેના દેરાંના નોકરો મારે-કૂટે તો પણ દેરાસર મૂકે નહિં. પાછી ફરી ફરીને ત્યાં ને ત્યાં જ આવી બેસે, આમ કેટલોક વખત વીત્યા પછી ત્યાં કોઇક કેવળજ્ઞાની આવ્યા ત્યારે તેમને તે રાણીઓએ મળીને પૂછ્યું કે : " કુંતલા મહારાણી મરણ પામી કયાં ઉત્પન્ન થયાં ! ત્યારે કેવળી મહારાજે યથાસ્થિત સ્વરૂપ કહ્યું, તે સાંભળી સર્વ રાણીઓ વૈરાગ્યને પામીને તે કુતરીને દરરોજ ખાવાનું નાંખી. પરમ સ્નેહથી કહેવા લાગી કે, ' હે ! મહાભાગ્યા ! તું પૂર્વભવે અમારી ધર્મદાત્રી, મહાધર્માત્મા હતી, હા હા ! તેં ફોકટ અમારી કરણી ઉપર ઇર્ષા કરી, તેથી તું અહીં કુતરી તરીકે ઉત્પન્ન થઇ છે. તે સાંભળીને દેરાસર દેખવાથી તેને જાતિસ્મરણ જ્ઞાન થવાથી તે કુતરી વૈરાગ્ય પામી, સિદ્ધાદિકની સમક્ષ પોતે પોતાના ઇર્ષા ભાવનાના કર્મને ખપાવીને, અણસણ આદરી છેવટે શુભધ્યાનથી મરણ પામીને સદ્‌ગતિને પામી.

શ્રી હેમચન્દ્ર ન્યાલચંદ વહોરા ઉં. વ. ૧૫.

★

## અમરકુમાર

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તે સમયની આ વાત છે. એક વેળાએ શ્રેણિક રાજાએ ચિત્રશાળા બંધાવી. રાજા અનેક પ્રકારે હરખાતો, પરંતુ દરવાજો ટકતો ન હતો, તેથી રાજા દીલગીર થાય છે,' તેણે પંડિતોને બોલાવી પૂછ્યું કે, ' આમ કેમ થાય છે ?' ત્યારે તેઓ કહે છે. કે 'બત્રીસ લક્ષણો મનુષ્ય હોમવાથી કદીયે મહેલ નહિ પડે. રાજાએ ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે, 'જે માણસ

બત્રીસ લક્ષણો માણુસ આપે તેને તે માણુસના ભારોભાર સોનું તોલી આપીશું.

તેજ નગરીમાં ઋષભદત્ત નામે એક બ્રાહ્મણ રહેતો હતો, તેને ચાર પુત્રો, એક પુત્રી અને ભદ્રા નામે સ્ત્રી હતી. માતા-પિતાને બધા કુંવરમાંથી અમરકુમાર નામનો કુંવર અણગમો અને અળખામણો હતો. ઋષભદત્તે તેની નારીને કહ્યું, કે 'અમરકુમાર રાજાને આપશું તો ધનના ઢગલા થશે.' ભદ્રાએ કહ્યું કે, મારે મન તો તે અણભાવતો છે, તેને આંખથી અળગો કરો

તેઓએ રાજાને વાત જણાવી. રાજા મનમાં ખૂબ હરખ્યો. તેણે એક સેવકને બોલાવી કહ્યું કે, જે માગે તે આપીને કુંવરને હાજર કરો.

સેવક મોં'માગ્યું ધન આપી અમરકુમારને લાવવા લાગ્યો. કુમાર આજીજી કરવા લાગ્યો, તેણે માતાને કહ્યું, 'મને રાખો' ત્યારે માતાએ કહ્યું 'તને શું કરૂં ? મારે મનતું મૂઓ છે. કંઇ કામ નથી કરતો અને સારૂંસારૂં ખાવા જોઇ છે. કુમારે પિતાને કહ્યું. 'પિતાજી તમે તો મને રાખી લ્યો ! 'ત્યારે બાપ કહે છે, 'તું મને ખૂબ વહાલો છે પણ તારી બા તને વેચે છે.' કુંવરે કહ્યું ' આ ધન તમને અનર્થ કરશે, રસ્તામાં ચોર પડવી લેશે. પૈસાનો લોભીયો ચોરી કરે છે, અને તે બધા મરીને દુર્ગતિએ જાય છે. કુંવર ખૂબ રડે છે, મને રાજા હોમશે એમ વિચારી ઝુરે છે.

સેવક બાળકને લઈ ભરબજારે આવે છે. કુમાર કહે છે, 'મને કોઇ પણ રાખી લ્યો જે રાખશે, તેનો ગુલામ થઇને રહીશ.' એટલામાં એક શેઠે કહ્યું ,'તારાં માતા-પિતાને મોં'માગ્યું ધન આપી રાજાએ તને ખરીધો છે. હવે અમે તને શી રીતે લઇ શકીયે ?'

સેવક બાળકને રાજા પસે લઇ જાય છે. ભટ્ટજી પણ ત્યાંજ બેઠા'તા. જાણે સર્વ શાસ્ત્રના પંડિત. રાજા ભટ્ટને કહે છે કે, 'જુઓ, આ કુંવારો બાળક'. ભટ્ટે કહ્યું, બાળકને શું જુઓ છે. ? કામથી કામ કરી નાખો.

હવે કુમાર રાજાને વિનવે છે 'સાંભળો મહારાજ ! તમે તો પ્રજાના પ્રિય છો. તમે મને શા માટે હોમો

રાજાએ કહ્યું, 'તારા માતા-પિતાએ તને વેચ્યો છે, મેં તેઓને મોં'માંગ્યું ધન આપ્યું છે, તો પછી મારો શો અન્યાય ?

અમરકુમારને ગંગાજળે નવરાવી એક પાટલે બેસાડે છે, એક તરફ રાજા અને બીજી બાજુ ભટજી વેદો ભણે છે.

કુમાર એમ ચિંતવે છે 'કે મને એક સાધુએ શ્રી નવકાર મહામંત્ર ભણાવ્યો છે અને કહ્યું'તું કે સંકટમાં આવે ત્યારે આ મંત્રનું સ્મરણ કરજે.

તે શ્રી નવકારમંત્રનું ધ્યાન કરે છે. મંત્રના પ્રભાવથી ઈન્દ્રનું સિંહાસન કંપે છે. તે ઉતાવળો કુંવારો બાલક જ્યાં હતો ત્યાં આવ્યો.

આવતાની સાથે યજ્ઞ શાન્ત કરે છે. રાજા શ્રેણિકને સિંહાસન પરથી નીચે ફેંકી અમરકુમારને ત્યાં બેસાડે છે. રાજાના મુખમાંથી લોહીની ધારા વહે છે. બ્રાહ્મણો પણ દેવના પ્રભાવથી સુકા લાકડાની જેમ આડા અને બેભાન થઇ પડે છે.

આખી રાજ્યસભા અચરજ પામી. તેઓએ કહ્યું ' જરૂર આ બાળક કોઇ મહાન બાળ જણાય છે.'

બાલકે રાજાપર પાણી છાંટયું શ્રેણિક રાજા ઉભો થયો તે પણ આ બધું જોઇ આશ્ચર્યમુગ્ધ થયો. બધા લોકો કહે છે કે, બાળહત્યા એ મહાપાપ છે.' બ્રાહ્મણોએ પણ આ કૌતુક જોયું સોનાના સિંહાસન પર અમરકુમાર બેઠો હતો.

રાજાએ અમરને કહ્યું, ' આ બધો રાજ્યવૈભવ તારોજ છે. આજથી તું એનો માલિક છે.'

ત્યાં તો કુમારે કહ્યું, ' મારે તો કશું ન જોઈએ. હવે તો હું દીક્ષા લઇશ '. લોકો કુમારને ધન્યવાદ આપે છે.

અમરકુમારે દીક્ષા અંગીકાર કરી. કાઉસગ્ગ ધ્યાને વનમાં શ્રી નવકારમંત્રનું રટણ કરે છે.

અમરકુમારના માતા-પિતાને આ વાતની જાણ થાય છે. તેઓએ અમુક ધન વહેંચી લીધું અને બાકીનું દાટયું. પણ આ વાત સાંભળી તેમને એમ થાય છે, કે હવે રાજા આ ધન ઝુંટવી લેશે જેમતેમ કરી દિવસ પસાર કર્યો પણ રાત્રે ભદ્રાને ઉંઘ ન આવી. તે કટાર લઇને અમરકુમાર પાસે ગઇ અને તેની હત્યા કરી, તે અમરકુમાર સુભધ્યાનમાં મરીને બારમે સ્વર્ગે સિધાવ્યા.

ભદ્રા અમરકુમારની હત્યા-ખુન કરીને પાછી ફરે છે. ત્યારે રસ્તામાં તેને વાઘણ મળે છે, અને તે તેને ખાઇ જાય છે, તે મરીને છઠ્ઠી નારકીમાં જાય છે.

શ્રી રજનીકાંત ફતેચંદ વોરા-પુના

★

## શ્રી અરિહંતનું શરણું શું કરે ?

અરિહંતનું શરણું...જન્મ—મરણના રોગોને મટાડે.
અરિહંતનું શરણું...ઘોર મિથ્યાત્વનો નાશ કરે.
અરિહંતનું શરણું...અજ્ઞાનતાનો નાશ કરે.
અરિહંતનું શરણું...શુદ્ધ દર્શન જ્ઞાન, ચારિત્ર આપે
અરિહંતનું શરણું...સંસારની અસારતા સમજાવે.
અરિહંતનું શરણું...આત્માના અનંતા ગુણો ખીલવે.
અરિહંતનું શરણું...સંયમનાં મહા સુખોને અપાવે.
અરિહંતનું શરણું...આત્માના શત્રુને હંફાવે.
અરિહંતનું શરણું...ક્રોધ રૂપી ઝેરી સાપને ડરાવે.
અરિહંતનું શરણું...છેવટે મોક્ષ સુખ અપાવે.

શ્રી બાબુભાઈ રતિલાલ દોશી

★

## ત્રિપુટી

વીજળી જેવું ચપલ શું ? ધન-જુવાની-આયુષ્ય.
સુખેથી સુવે કોણ ? સત્યવાન-સંતોષી-સુકર્મી.
મિત્રના માટે નાલાયક કોણ ? કુડો-કપટી-કુલક્ષણી.
દુનિયામાં અનર્થ કોણ કરાવે ? તૃષ્ણા-ગુમાન-લુચ્ચાઇ
જગતમાં લાયક કોણ ? વિવેકી વિનયી-વિનમ્ર
કોની સાથે મસ્તી ન કરવી ? સાપ-કેફ-જળની રેલ
જીવનમાં શું ગ્રહણ કરશો ? સત્ય અહિંસા-શાંતિ
ધનના લાલચુ કોણ ? વકીલ-વૈદ-વેશ્યા.
લજ્જા વિનાના કોણ ? બેવકુફ-બેઈમાન-બેશર્મી.

શ્રી રમણલાલ કે. શાહ

★

## વચનામૃતો.

૧ જ્યાં સુધી વૃદ્ધાવસ્થાથી પીડિત થયા નથી, રોગો વધ્યા નથી અને ઇંદ્રિયોની શક્તિ કાયમ છે, ત્યાં સુધી ધર્મનું આચરણ કરવાનો પ્રયત્ન કરવો.

૨ ક્રોધથી પ્રીતિ નાશ પામે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો નાશ કરે છે અને લોભ સર્વનો નાશ કરે છે.

૩ દુર્જય સંગ્રામમાં લાખો યોદ્ધાઓને જીતે. તેના કરતાં એકલો પોતાને જીતે તો તે જય ઉત્તમ છે.

૪ વિવિધ પદાર્થોથી ભરેલું આખું વિશ્વ કોઇ એક મનુષ્યનેજ આપી દેવામાં આવે. તો પણ તેનાથી તેને તૃપ્તિ થાય નહિ, એવી મનુષ્યની તૃષ્ણાઓ દુષ્પૂર છે.

૫ જ્યાં પોતાને હંમેશ રહેવાનું નથી, એવા રસ્તામાં જે ઘર કરે છે તે મૂર્ખ છે. માણસે તો જ્યાં પોતાને જવાનું છે. ત્યાં ઘર કરવું જોઇએ.

૬ માણસ ભલેને બહુ શાસ્ત્રો ભણેલો હોય, પરંતુ જો તેનાં કર્મો સારાં ન હોય તો તે દુઃખી થવાનો.

૭ કેટલાક જાણે છે પરંતુ આચરણમાં મૂકી શકયા નથી, ત્યારે કેટલાક આચરવા સમર્થ હોય છે તે જાણતા નથી. તત્ત્વને જાણીને આચરવામાં તત્પર આ જગતમાં કોઇક વિરલાજ હોય છે.

શ્રી સુરેશચંદ્ર ઝવેરી.

★

## તેની કાંઈ સમજ પડતી નથી.

આત્માને સંસારમાં રખડાવનાર આજની જડવાદની કેળવણી પોતાના બાળકોને અપાવવા હજારો રૂપીઆ ખર્ચનાર આજના આપણા વડિલો. બાળકને આત્મ ઉન્નતિનું શિક્ષણ આપે તેવી પાઠશાળામાં મોકલવા કેમ આંખ આડા કાન કરતા હશે ? **તેની કાંઇ સમજ પડતી નથી.**

બહારની દુનિયાને દેખાડવા પોતાના ગુમાન માટે કે કીર્તિ માટે હજારો રૂપિઆ ખર્ચી નાંખનારા ગુપ્ત રીતે માંગતા એક રૂપીઓ આપવાની પણ ના ના પાડે છે, ત્યારે આવાઓને કીર્તિપ્રેમી કહેવા કે ધનવીર કહેવા ? **તેની કાંઈ સમજ પડતી નથી.**

હળદર-કંકુનો ચાંલ્લો કરવામાં પોતાની જાતને સુશોભીત માનનાર આજની બ્હેનોને પ્રભુઆજ્ઞાનો કેશરનો ચાંલ્લો કરવામાં કેમ **શરમ આવતી હશે ? તેની કાંઇ સમજ પડતી નથી.**

**પોતાની** સાડી કે બ્લાઉઝ, ખમીશ કે ડગલો ચીવટપૂર્વક વાળીને પેટીમાં મુકનારાઓ, દેરાસર કે-ઉપાશ્રયના ધોતીયાં, ચરવળા કે કટાસણાં પેટી તરફ છુટા કેમ ફેંકતા હશે ? **તેની કાંઈ સમજ પડતી નથી.**

**લગ્નના** વરઘોડાઓમાં, સરઘસોમાં તથા સાંસારિક વ્યવહારોના કામકાજમાં ટાંટીયાના ઘસનારાઓને શાસનશોભાના વરઘોડાઓમાં ચાલતા તેમના પગને કેમ થાક લાગતો હશે ? **તેની કાંઈ સમજ પડતી નથી.**

**શ્રી સેવંતીલાલ જૈન.**

★

## પણ.

**ભગવાન** કરે નહિ **પણ** કર્મ કરે.
**ભગવાન** કરે તે સારા માટે નહિ **પણ** જે થાય તે સારા માટે.
ખુદાકી મરજી નહિ **પણ** કર્મની ગતિ.
દુનિયા સુધરતી નથી **પણ** બગડતી જાય છે.
હોદ્દેદાર ન્યાયી નથી **પણ** સ્વાર્થી છે.
વક્તાઓ કરતા નથી **પણ** કહે છે.
ડોકટર જીવાડતા નથી **પણ** આયુષ્ય જીવાડે છે.
આજે સંસ્કાર વધતા નથી **પણ** સ્વચ્છંદતા વધી રહી છે.
સંસ્કારી વાંચન વધ્યું નથી **પણ** અસંસ્કારી વાંચન વધ્યું છે.
જીવની પ્રગતિ થઈ નથી **પણ** પીછેહઠ ઘણી થઇ રહી છે.

**શ્રી ભંવરલાલ જૈન;**
ઉં. વર્ષ; ૧૮.

★

## તમે જાણી લ્યો કે,

**બા**લ્યાવસ્થા સર્વ અવસ્થામાં અતિ શ્રેષ્ઠ છે. માટે વિદ્યાધન મેળવાય તેટલું મેળવો, નહિતર પાછળથી પસ્તાશો.

**લ**ડશો નહિ ! નહિત્તર ભવોભવના સંબંધ બંધાઈ વૈરનું જોર વધી ગયા પછી, તેમાંથી છુટવું અતિ મુશ્કેલ પડશે.

**જ**ગત રૂપી અટવીમાં અનંત કાલથી પરિભ્રમણ કરતા આપણે આજે તીર્થંકર ભગવંતનું શરણ સ્વીકારી તેમની આજ્ઞા પ્રમાણે ચાલવું અતિ શ્રેષ્ઠ છે.

**ગ**મ્મત કરતાં જે કર્મો બંધાય છે, તે અશ્રુ ની નદી વહેવાથી છૂટતા નથી.

**ત**પશ્ચર્યાથી અનેક કર્મો છૂટી આત્મા ઉપરનો બોજો ઓછો થાય છે. **શ્રી કુંદનમલ જૈન**

# ૧૦૦નો ઉપયોગ : શ્રી પ્રવિણચન્દ્ર માણેકલાલ-વેજલપુર.

તમે ૧૦૦પારી ખાઓ છો ?
૧૦૦મનાથનું મંદિર બહુજ જુનું છે.
મારી પાસે ૧૦૦નાની ઘડિયાળ છે.
આ૧૦૦ માસમાં દિવાળી આવે છે.
હું ૧૦૦ગઠા-બાજી રમતો નથી.
૧૦૦દાગર ઘોડા વેચે છે.
૧૦૦ની ૧૦૦નું ઘડે છે
અઠવાડિયામાં પહેલો ૧૦૦મવાર છે.
૧૦૦બાઇ પાસે ૧૦૦નાની બંગડીઓ છે.
૧૦૦લાપુરમાં ઘણી મીલો છે.
૧૦૦રઠ દેશમાં શ્રી શત્રુંજય તથા શ્રી ગિરનાર આ બન્ને તીર્થો આવેલા છે.
મહાવીર પ્રભુએ ૧૦૦લ પહોર દેશના આપી હતી.
૧૦૦મ સચીવ એ સિદ્ધરાજના સમયનો મહામંત્રી હતો.
લુહારવાડે ૧૦૦ય વેચવા જવી અને ચીનમાં ચહા મોકલવી, એમા આગળ મોસાળના ગાણું ગાવા બરાબર છે.
૧૦૦માં શૂરો એકેયમાં નહિ પુરો.
૧૦૦ દહાડાના સાસુના તો એક દહાડાનો વહુનો
૧૦૦બત તેવી અસર
૧૦૦ટી વાગે ચમચમ અને વિદ્યા આવડે ધમધમ
૧૦૦ના કરતાં ઘડામણ મોંઘું

★



પૂ૦ આચાર્યદેવ શ્રી
વિજયલબ્ધિસૂરિજી મહારાજ.



પૂ૦ આચાર્યદેવ શ્રી
વિજયામૃતસૂરિજી મહારાજ.



પૂ૦ પંન્યાસ શ્રી પ્રવીણવિજયજી ગણિવર.



પૂ૦ મુનિરાજ શ્રી
કીર્તિવિજયજી મહારાજ.



# ઝેરનો કટોરો

શ્રી ફુલચંદભાઈ દોશી
મહુવાકર

'માનવી ધારે છે શું અને સંયોગો પલટાતાં થાય છે શું ?' એ દરેક કાલમાં બનતું આવ્યું છે. સમયે મૂંઝાતા પોતાના મિત્રને જે ધીરજ આપી, પોતાના સાધર્મીભાઇને સહાય કરવા જે તૈયાર થાય છે, તેજ સાચો ધર્માત્મા કહેવાય છે. આ વાર્તા આ પ્રસંગને કહી જાય છે. લેખક, જૈન સમાજમાં સારા લેખક તરીકે પ્રસિધ્ધ છે. જૈન શિક્ષણ સંસ્થાઓમાં વર્ષોથી કાર્ય કરી રહ્યા છે. હાલ તેઓ શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળના નિયામક છે.

પોપટભાઇ અને કરમશીભાઇએ કોચીનની ધરતી પર પગ મૂકયો, ત્યારે નોકરીની ચિંતા હતી. કરમશીભાઇ તો કચ્છની ધરતી ને વહાલાં માતા–પિતાને છોડીને આવ્યા હતા. પોપટભાઇ સૌરાષ્ટ્રમાંથી મામાની સાથે કોચીન આવ્યા હતા.

બન્ને ઉંમરમાં તો નાનકડા લાગતા, પણ મહેનતુ અને મીઠાબોલા હતા. બન્નેને કામ મળી ગયું. સવારના ૪ વાગે તો ઉઠી જવું, પ્રાતઃક્રિયાથી નિવૃત્ત થઈ દુકાન વાળીચોળી સાફ કરવી, ગદી તકીયા બીછાવવા અને ટપાલ લાવવી, એ કામથી પરવારી ગોદામે માલ તોલવા રહેવાનું ને બારેક વાગે જમતાં જમતાં બન્ને મિત્રો સુખ–દુખની વાતો કરે ને એક વાગે તો દુકાને હાજર. રાતના ૧૧ વાગે હિસાબો મલી રહે એટલે દુકાન વધાવાય અને ૧૨–૧૨ાા વાગે સુવાનું દુકાનમાં.

કોચીનના બાસામાં (વીશી) કચ્છની છાશ ને ખીચડી મળે નહિ. સૌરાષ્ટ્રની બાજરીના રોટલા ને તાજાં શેડકઢા દુધ મળે નહિ, પણ અહીં તો જે કાંઇ મળતું તેમાંથી પેટ ભરીને સંતોષ માનવો પડતો, બે વર્ષ તો એવી કસોટી થઈ કે, કયાં આ કાળી મજુરી અને કયાં મા–બાપ! પણ ધીંગી ધરતીના બન્ને જુવાનો ડગે તેવા ન હોતા. બજારોના ભાવ–તાલ જાણવા લાગ્યા અને નોકરીને તિલાંજલી આપી નાની દુકાનો શરૂ કરી. નસીબે યારી આપી. ૧૪ની લડાઇ સળગી અને ભાવ કુદકે ને ભુસકે વધવા લાગ્યા. સાહસ કર્યું અને વેપાર વધારી મૂકયો. પાંચ વર્ષમાં તો ધીકતી પેઢીઓ માંડી દીધી. બન્ને દેશમાં જઇ આવ્યા, બન્નેનાં લગ્ન થયાં, બાંઇઓને કોચીન બોલાવ્યા. કામ જામતુ ગયું. બજારોની રૂખજોઇને કામકાજ વધારી મુકયું. એક તરફ પોપટલાલ પુંજાભાઇ અને બીજી તરફ કરમશી દેવશી બન્ને મોટા વેપારી બની ગયા, બન્નેની પ્રતિષ્ઠા વધવા લાગી. જૈન સમાજના બંને અગ્રણીઓ ગણાતા. દેશ–પરદેશમાં વેપાર વધતો ચાલ્યો, લક્ષ્મીની રેલમછેલ થઇ રહી.

બીજું યુદ્ધ પુરૂં થયું. બજારોમાં મંદીના વાયરા વાયા. નવો વેપાર તો બાજુએ રહ્યો પણ જે લાખોનો માલ ગોદામમાં ભર્યો હતો, તેના ભાવ બગડી ગયા. કોઇ ખરીદીજ મળે નહિ, મુંબઇ, મદ્રાસ અને ભાવનગરના વેપારીઓ પણ મંદીમાં કોઇપણ માલ સંઘરવા તૈયાર નહોતા. પોપટભાઇ તો ભાગ્યશાળી કે ત્રણ મહિનાથી દેશમાં ગયેલા એટલે કોઇપણ માલનો સંગ્રહજ નહિ કરેલો. ચાલુ કામકાજથી સંતોષ માનેલો, સો'ના સાઠ ને લાખના બાર હજાર કરવા નવો કોઇપણ સોદો કરવાની મુનીમોને મનાઇ હતી, તેથી પોપટભાઇની પેઢી તો નુકશાનમાંથી બચી ગઇ, પણ બજારોની ઉથલપાથલ જોઇને પોપટભાઇ દેશમાંથી કોચીન આવી પહોંચ્યા.

પોપટભાઇ તો કોચીનની પરિસ્થિતિ જોઇને સમસમી ગયા. ભલભલી પેઢીઓ કાચી પડી હતી. કેટલાએ લખપતિઓ નાદારી લેવાની તૈયારીમાં હતા. બજારોનો

ધડો નહોતો. કોઇની પાસે નાણું નહોતું. સૌ સંકેલો કરવા મંડ્યા હતા, લાખોની ઉઘરાણી ચોપડામાં જ ગણાતી. બેંકો પણ તૂટવા માંડી હતી. માલનું કોઇ ધણી નહોતું. પરદેશથી કોઇ પણ વસ્તુની માંગ નહોતી. છેલ્લા ૪૦ વર્ષમાં આવી બેહાલ પરિસ્થિતિ જોઇ ન હતી. કલ્પનામાંએ ન આવે એવા ગપગોળા ચાલ્યા આવતા હતા.

પોપટભાઇએ પોતાના સ્નેહીમિત્ર કરમશીભાઇના સમાચાર પૂછ્યા અને તે તો ડઘાઈ ગયા. મુનિમે કહ્યું કે, તમારા જવા પછી કરમશીભાઇ આપણી પેઢીએ આવેલા. તેમણે માલનો ખૂબ સંઘરો કર્યો હતો. માલ વેચાતો નહોતો. મંદી દિવસે-દિવસે વધતી જતી હતી. પાંચેકલાખની જરૂર હતી. આપનો અને તેમનો સ્નેહભાવ અમે જાણીએ પણ પાંચ-દસ હજારની વાત હોય તો તો જરૂર તેમની મુશ્કેલીનો ઉકેલ લાવી શકાય પણ પાંચ લાખ તમને પૂછ્યા વિના આપવા સાહસ ન કરી શકયા. બીજીવાર માત્ર એક લાખ અઠવાડીઆ માટે લેવા આવ્યા, ત્યારે આપણા મોટા મુનીમે આપ્યા. બીજે અઠવાડીયે હું જ તેમની પેઢીએ ગયો અને ત્રણેક દિવસ પછી જોગ કરી આપવા કહ્યું. ફરી મારેજ જવું પડ્યું અને પચાસ હજારનો જોગ કરી આપ્યો, બાકીના પચાસ બીજે અઠવાડીયે આવ્યા.

'હવે પરિસ્થિતિ કેવી છે!' પોપટભાઇએ પૂછ્યું, સાંભળ્યું છે કે, કરમશીભાઇએ જબરો વેપાર કર્યો છે. માલનો સંઘરો પણ ખૂબ છે. એક બેંક તૂટી તેમાં પણ તેમના રૂપીઆ રહી ગયા. બે મોટા વેપારીએ

## શ્રી સામાન્ય જિન સ્તવન.

[ રાગ–છોડ બાબુકે ઘર. ફિલ્મ–બાબુલ ]

છોડ દાદાકે ઘર, મોહે મેરે વતન;
આજ જાના પડા, ઓ.............
ખૂબ ભક્તિકા રંગ જમાતા થા મૈં; (૨)
દિન ધર્મિકે સાથ બતાતા થા મૈં. છોડ. ૨
દેખ નવનવી અંગીયાં રીઝાતા થા મૈં; (૨)
ગીત ગાકર ખુશીયા મનાતા થા મૈં. છોડ. ૨
પ્રભુ જાપ જપી પાક હોતા થા મૈં; (૨)
પાપ ધોકર આનંદ પાતા થા મૈં. છોડ. ૩
પ્રભુદર્શન ગંગમેં નાહતા થા મૈં; (૨)
ઔર કર્મકા મેલ મિટાતા થા મૈં. છોડ. ૪
આત્મકમલ **લબ્ધિ** સુહાતા થા મૈં; (૨)
શિવવધૂકે નિકટ જાતા થા મૈં. છોડ. ૫

**પૂ. આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.**

સોદા કર્યાં ને તેઓ ભાંગ્યા. મોટું સાહસ કરી નાંખ્યું. હવે મોટી મૂંઝવણમાં છે.

પોપટભાઇને આજે ઉંઘજ ન આવી. વિચારધારાઓ ચાલી. ભૂતકાળ યાદ આવ્યો. બન્ને દિલોજાન મિત્રો. સાથે નોકરી કરેલી. વીશામાં જમેલા. કાળી મજૂરી કરેલી, નસીબિયારી આપી. દુકાનો પણ સાથેજ શરૂ કરી. લાખ્ખો કમાયા અને આજ આ પરિસ્થિતિ? કરમશીભાઈ કેવા ઉદાર, કેવા ભોળા, કેવા ધર્મીષ્ઠ, કેવા સરળ અને કેવા પરોપકારી, કેટ-કેટલા જુવાનોને તેમણે ઠેકાણે પાડયા. જે જાય તેની મુશ્કેલીનો ઉકેલ કરવો ને ફુલ નહિ ને ફુલની પાંખડી આપવી એજ તેમનો નિયમ.

સવાર થયું ને કરમશીભાઇના એક મુનીમને બોલાવ્યો. પોપટભાઇએ જાણી લીધું કે કરમશીભાઇ સાચનો કટકો છે. જેવા સાહસિક છે તેવાજ નિષ્ઠાવાન છે. શાખા-પ્રતિષ્ઠા પાસે જીવનને પણ હોડમાં મૂકી દેવા તૈયાર છે. છેલ્લી પાઇ આપી દીધી. પત્નીનાં ઝવેરાત અને ઘરેણાં પણ કાઢી નાખ્યાં, બંગલો વેચી દીધો અને પોતાનો વીમો પણ આપી દેવા તૈયાર છે, પણ મૂંજવણ મોટી છે. ભાંગ્યાના ભેરૂ કોણ! છેલ્લા બે દિવસથી ઉંઘ્યા નથી. આકાશ-પાતાળ એક કરીને પણ પાઇએ પાઇ ચૂકવવાની તમન્ના છે. દીકરાના સસરા પોતાના વેવાઇને ત્યાં પણ જઇ આવ્યા, પોતાના ભાણેજને મુંબઇ તાર કર્યો છે. દેશમાંથી પણ જે મળી શકે તે લાવવા મોટા મુનીમને મોકલ્યો છે, પણ હવે હિમ્મત ખૂટી છે. શું થશે એમ ઘર આખું અને અમે નોકરો પણ

ભારે ચિંતામાં પડયા છીએ. આજે તો શેઠ કહેતા હતા, કે પોતાને ઉપવાસ છે અને દહેરાસરમાં ત્રણેક કલાક થશે.

મુનીમ પાસે રજેરજની બાતમી મેળવી લીધી અને પોપટભાઇ ચેતી ગયા. પ્રાતઃક્રિયાથી પરવારી પોતે દહેરાસરજી ગયા અને કરમશીભાઇને પ્રભુ-ભકિતમાં તલ્લીન જોઇને ભાવીના ભણકારા કળી શકયા. પોપટભાઈનો આત્મા જાગી ઉઠયો. હૃદય હલી ઉઠયું, સ્નેહની સરવાણી ફૂટીને અશ્રુબિંદુઓ સરી પડયા. ઘેર આવ્યા. જમવા બેઠા પણ જમ્યા ન જમ્યા ને ઉપર ચાલ્યા ગયા. તેમનાં પત્ની શાન્તા-બહેને ચિંતાનું કારણ પૂછ્યું. પણ આજ તબીયત બરાબર નથી, ભૂખ નથી, એમ બહાનું બતાવી દુકાને ચાલ્યા ગયા. મુનીમો પણ પોપટભાઇની વેદના સમજી શકયા નહિ.

સાંજ પડી ને પોપટભાઇ દહેરાસર દર્શન કરી કરમશીભાઇને બંગલે પહોંચ્યા. આજ ઉપવાસ છે એટલે પૂજાની ઓરડીમાંજ બેઠા છે, તેમ તેમના મોટા પુત્રે જણાવ્યું. પોપટભાઇએ જોઇ લીધું કે, વાતા-વરણ ગંભીર હતું-ગમગીન હતું. પોતે હિંમત કરીને પૂજાની ઓરડીના બાજુના હોલમાં ગયા. ત્યાં હીંડોળે બેઠા અને કરમશીભાઇના પત્ની લક્ષ્મીબહેનને બોલાવ્યાં. લક્ષ્મીબહેન ચિંતાતુર વદને આવ્યાં તો ખરાં પણ આંખો અશ્રુભીની હતી.

ભભી તમે પણ હિંમત હારી જશો ! તમારે તો મારા ભાઇને હિમ્મત આપવી જોઈએ આપણે શું લઇને આવ્યા હતા ! દુઃખના દિવસો તો કાલ ચાલ્યા જશે ! ચાલો હવે પૂજાની ઓરડીમાંથી મારા ભાઈ કયારે નીકળશે ! પોપટભાઇએ સહૃદયતાથી પૂછ્યું.

ભાઇ ! આજસુધી તો હિંમત રાખી-તમે કહેશો કે મારી વાલની વીંટી સુદ્ધાં મેં આપી દીધી. તમારા ભાઇનો વીમો પણ મેં આપી દીધો, પણ આભ ફાટયું ત્યાં થીગડું શે દેવાય ! એતો ઉપવાસ હોવાથી ૪ વાગ્યાના પૂજાની ઓરડીમાંજ બેઠા છે. નવસ્મરણ ગણવાં છે, તેમ કહેતા હતા લક્ષ્મીબહેને જવાબ આપ્યો.

'પણ હવે ઘણો સમય થઇ ગયો. તમે બોલાવો નહિતો પછી હું બોલાવું. પૂજાની ઓરડી તો અંદરથી બંધ હતી, લક્ષ્મી બહેને યુકિત બતાવી પોતે તો ઉઘાડશે નહિ પણ અમારી પૂજાની ઓરડી એવી છે, કે બાજુની બારીની આંકડી ઢીલી છે તેને જરા ખખડાવાથી ઉઘડી જશે. બારી પોપટભાઇએ ઉઘાડી અને અંદરના દશ્યથી કમકમા આવી ગયાં.

પૂજાની ઓરડીમાં ભગવાન શ્રી ઋષભદેવ, શ્રી ગૌતમસ્વામી તથા શત્રુંજય ગિરિરાજના ફોટાઓ હતા. ઘીનો દીવો જળહળી રહ્યો હતો, ધૂપ સુવાસ ફેલાવી રહ્યો હતો. કરમશીભાઈ પૂજાનાં રેશમી કપડાં પહેરી બેઠા હતા પણ આ શું હાથમાં ચાંદીનો કટોરો અને તેમાંતો કાંઇક ઝેર જેવું લાગ્યું. બારીના ઉઘડવા સાથે કરમશીભાઇ પણ ગભરાઇ ગયા પાછળ જુએ તો પોપટભાઇ ઉભેલા.

કરમશીભાઇ ! બારણું ઉઘાડો ! નવસ્મરણ તો કયારના પૂરાં થઈ ગયા, હવે બહાર આવો, નહિતો બારણું તોડવું પડશે.

પોપટભાઇને જોઇ કરમશીભાઇ ડઘાઇ ગયા. બીજો ઉપાય નહોતો, ઉભા થઈ બારણું ઉઘાડયું, પોપટભાઇ અને લક્ષ્મીબહેન પૂજાની ઓરડીમાં પહોંચી ગયાં,

કરમશીભાઇ ! હું તો તમારો પરમમિત્ર છું. હું દેશમાં હતો પણ મને બે અક્ષરે લખ્યાં નહિ. મરદ જેવા મરદ થઇને આમ શું મુંઝાઇ ગયા ! તમારા જેવા સાહસિક, નિષ્ઠાવાન અને ધર્મનિષ્ઠ આમ છેલ્લે પાટલે બેસી જીવનને ઝેર કરી મૂકો તે બરાબર છે ને ! તમારી ધર્મ ભાવના કયાં ચાલી ગઇ !"

તમે મારા પરમ સ્નેહી છો-સ્વામીભાઇ છો, પ્રમાણિક વ્યાપારી છો, ધર્મબંધુ છો તેમજ આત્મ-જન જેવા છો. આપણે તો હાથે-પગે આવ્યા હતાને નસીબે યારી આપી. તમે જરા વિશેષ સાહસ ખેડયું ને ઝડપાઇ ગયા. એમાં ડાહ્યાનું ડહાપણ નથી રહેતું.

ચાલો ઉઠો-પેલો ઝેરનો કટોરો કે એ જોઇનેજ મને તો કમકમા આવી ગયાં, હું જરા મોડો પડયો હોત તો શું નું શું થાત. આ આખું કુટુંબ પાય-માલ થઈ જાત.

લક્ષ્મી બહેન તમો લાવો એ કટોરો, એ વિષને ગટરમાં ફેંકી દયો ને લ્યો આ એક ચેક બુક ! મારી સહીઓ છે, તમારે જે રકમ જોઇએ તે તમારીજ છે અને મૂંઝાશો નહિ. જ્યારે બે-પાંચ વર્ષે તમને ભાગ્ય

# ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ

યોગકદમ પાપબુદ્ધિ પ્રસરી રહી છે. પાપબુદ્ધિનું પરિણામ આભવ અને પરભવ માટે માઠું છે, એ આ કથાનક સ્પષ્ટ કરે છે. પૂ. આચાર્યદેવ સાદી અને સરળ ભાષામાં સૌ કોઇ સમજી શકે એ રીતે લેખો અવારનવાર 'કલ્યાણ' માટે મોકલાવે છે.

બે મિત્રો હતા, જાતે વણિક હતા. એકનું નામ ધર્મબુદ્ધિ, અને બીજાનું નામ પાપબુદ્ધિ હતું. શ્રીપુર-નગરના રહેવાસી હતા. ધર્મબુદ્ધિ ધર્મબુદ્ધિવાળો, ભાગ્યવાન, ધનવાન, રાજ્યનો માનીતો અને ધનકમાવામાં કુશળ હતો. જ્યારે પાપબુદ્ધિ તેનાથી ઉલ્ટો હતો. ધર્મ-બુદ્ધિને અલ્પ પ્રયાસે ધન પ્રાપ્ત થતું હતું, પાપબુદ્ધિને ઘણા પ્રયાસે પણ ધન પ્રાપ્ત થતું નહિ. આથી પાપબુદ્ધિએ વિચાર કર્યો કે, ધર્મબુદ્ધિને આગળ કરીને દેશાવર જઇ ધન કમાઇને પછી તેને ઠગી લેઇને બધુંય ધન હું મેળવું, આવા પાપ વિચારથી ધન કમાવા જવા માટે પાપ-બુદ્ધિએ ધર્મબુદ્ધિને પ્રેરણા કરી, હે મિત્ર ? ધન હોય તો સૌએ સગું થાય છે, માનપાન મલે છે, ટુંકમાં કહીયે તો ધન હોય તો સઘળુંય છે, માટે આપણે દેશાવર જઇને ધન કમાઇએ.

મહાનુભાવો વિચારજો, એક તો ધનની મૂર્છા એ એક પાપ છે, વળી મિત્રને ઠગીને લેઇ લેવાની બુદ્ધિ એ બીજું પાપ છે ખરેખર ધનની મૂર્ચ્છા જીવનમાં અનેક પાપો લઇ આવે છે. આવા પાપ વિચારોથી સજ્જનોએ સદાને માટે દુર રહેવું જોઇએ. પણ આતો દુર્જન છે એટલે આવા પાપોથી એ દુર કેમ રહી શકે ? ખેર, પાપબુદ્ધિના વિચારો સાંભળીને સરલ ધર્મબુદ્ધિ ધનકમાવા જવા માટે સમ્મત્ત થયો. બેઉ જણા દેશાવર જઇને ધન ખુબ કમાયા, બાદ પોતાના દેશ તરફ પાછા ફર્યા. માર્ગમાં મહામાયાવી પાપબુદ્ધિએ ધર્મબુદ્ધિને કહ્યું કે,

હે મિત્ર ! ધનવાનને સૌએ ફોલી ખાય છે, માટે બધુંય ધન ઘેર લેઈ જવું નહિ. થોડુંક લેઇ જવું અને બાકીનું બધું અહિં દાટીને જઇએ, પછી જ્યારે જરૂર પડશે ત્યારે લેઇ જવાશે. ધર્મબુદ્ધિ પાપબુદ્ધિના વિચારમાં સમ્મત થયો કારણ કે તે સરલ સ્વભાવી હતો એટલે તેના કપટ વિચારને જાણી શકયો નહિ. માર્ગમાં ઘણું ધન દાટીને થોડુંક લઇને બેઉ જણા પોતાના શ્રીપુર નામના નગરમાં ગયા. થોડા દિવસબાદ મહાકપટી પાપબુદ્ધિ રાત્રીમાં સઘળું ધન લઇ આવ્યો. પછી પાપબુધ્ધિએ ધર્મબુધ્ધિને કહ્યું, 'હે મિત્ર ! લાવેલું ધન ગયું, માટે ધન વિના કુટુંબ સીદાય છે તો તે દાટેલું ધન આપણે લેઇ આવીએ.

બહુસારૂં, ધર્મબુધ્ધિએ કહ્યું, કારણ કે તેના હૃદયમાં કોઇ જાતનું કપટ નહિ હતું. બેઉજણા ત્યાં ગયા. ખાડો ખોદ્યો હાંડલું ખાલી નીકળ્યું. ખાલીજ નીકળેને ? કારણ કે પાપબુદ્ધિ પહેલેથીજ લેઇ ગયો હતો. મહા માયાવી પાપબુદ્ધિએતો માથું કુટવા માંડયું. છાતીયો કુટવા માંડી. બસ મારૂં ધન તેં લીધું છે, તું મ્હને આપ નહિ તો હું રાજદરબારમાં જઇને ફરીયાદ કરૂં છું, ત્હારા વિના કોણ લેઈ જાય, બીજું કોઇ જાણતું નથી, જેવો ખાડો પુર્યો હતો. તેવો ને તેવોજ પુરેલો છે, માટે તેંજ લીધું છે. આ રીતે પાપબુદ્ધિએ ધર્મબુદ્ધિને કહ્યું. જોયું ? ચોર કોટવાળને દંડે એ કહેવત પાપબુદ્ધિએ ચરિતાર્થ કરી.

'પરધનમાં નજર નાખનારા એ બીજા, ધર્મબુદ્ધિ સામુ પણ જુવે નહિ ધર્મબુદ્ધિને મન પરધન માટી સમાન છે.' ધર્મબુદ્ધિએ કહ્યું. એમ વિવાદ થતાં મામલો ગયો રાજ દરબારમાં. બેઉજણાએ પોત-પોતાની

---

યારી આપે ત્યારે પાછી આપજે, પણ આજ તો એ તમારીજ છે, કરમશીભાઈ અને લક્ષ્મી બહેનની આંખમાંથી આભારનાં અશ્રૂઓ સરી પડયાં ! મારૂં સૌભાગ્ય તમે અખંડ રાખ્યું, લક્ષ્મીબહેન બોલી ઉઠયાં, મારી શાખ આ સમુદ્રપારના પરદેશમાં મારા એક સ્નેહીજને રાખી મારૂં જીવતર ઉજાળ્યું ! 'કરમશીભાઇ પોપટભાઇને ભેટી પડ્યા, ભાઈ ! મારી ફરજ અદા કરવા તક મલી, મારા સ્વામીભાઇની આ રીતે હુ ભકિત કરી શકયો મારી લક્ષ્મી ધન્ય બની ગઇ. પોપટભાઈએ આત્મ સંતોષ વ્યકત કર્યો. પૂજાનો દીપ ત્રણેના જીવન ઉપર પ્રકાશ પાથરી રહ્યો. ધૂપની સુવાસ ત્રણેના હૃદયમાં મઘમઘી ઉઠી.

ધન્ય સ્વામીભકિત ! ધન્ય મિત્રતા ! ધન્ય ધર્મ-ભાવના ! ધન્ય એ લક્ષ્મી !